તારનું સરનામું—'હિંદસંઘ'-'HINDSANGHA'

REGD. NO. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

卐

# THE JAIN YUGA.

[શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી- જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીયા બે. છુટક નકલ: દોઢ આનો.

વર્ષ: જુનું ૯ મું, નવું ૪ થું | તારીખ ૧ લી જાન્યુઆરી ૧૯૩૬. | અંક ૧૭

# દેશની સાચી જરૂરીઆત.

આગળ ધપવાની ઝંખના વગર વિકાસ શકય નથી અને પ્રાપ્ત કરેલી વસ્તુની બરાબર જમાવટ કર્યા સિવાય વિશેષ વિકાસ અશકય છે. એટલે કોઇપણ પ્રજા જો આમ જમાવટ કરવાનું ચૂકે તો તેનો વિકાસ પણ અટકે એ સ્વાભાવિક છે. છેલ્લી પચીસીમાં આપણા દેશમાં આ કાર્ય કેવું ને કેટલું થયું છે તેનો સહેજ તરસાળો કાઢીએ.

પ્રજાની ઉન્નતિ કે અવનતિ તેને મળતા શિક્ષણપર અવલંબિત હોવાથી દેશભરમાં અનુકુળ આવે તેવી શિક્ષણની નીતિની બરાબર જમાવટ થાય એ સૌથી વધારે મહત્ત્વનું છે. હિંદમાં માણસો અને પૈસાનો તોટો છે એમ કહેવું એ અર્ધસત્ય છે. માણસોની ખોટ છે એમ સાબીત કરવા માટે યુનીવર્સીટીની પરિક્ષાઓ પસાર કરીને બહાર પડનારા વિદ્યાર્થીઓની દુર્દશા તરફ લક્ષ ખેંચવામાં આવશે, પણ તેમનુંજ એક સુંદર શિક્ષકદળ ઉભું કરવા માટે શા શા ડહાપણભર્યા ઉપાયો યોજવામાં આવ્યા છે! પ્રતિવર્ષે હજારોની સંખ્યામાં યુનીવર્સીટીની પરીક્ષાઓ આપીને બહાર પડનારા વિદ્યાર્થીઓને તેમનું સમગ્ર જીવન અથવા તો તેનો થોડો ભાગ પોતાનાંજ ભાઇબ્હેનોની કેળવણી અર્થે વ્યતીત કરવાનો વિચાર સરખો પણ તેમની સમક્ષ કોઇએ કદી મુકયો છે ખરો? તેમને માટે કાર્યક્ષેત્રો ઉભાં કરવાનો કદી પ્રયત્ન થયો છે? આપણા શિક્ષકો, અધ્યાપકો, આપણી શાળા, પાઠશાળા અને યુનીવર્સીટીના અધિકારીઓ આપણી તાલુકા અને જીલ્લા લોકલ બોર્ડો અને મ્યુનીસીપાલીટીઓએ આ દિશામાં શું કર્યું છે? કેટલીક મ્યુનીસીપાલીટીઓ અને લોકલ બોર્ડોએ હમણાં હમણાંમાં કંઇક કર્યું છે, એ કબૂલ કરવું પડશે, પણ એમ પેલા વિદ્યાર્થીઓને સાચા શિક્ષકની વ્યવસ્થિત શાસ્ત્રીય તાલીમ આપીને તેમનું એક લશ્કર બનાવી તેમને ઘટતે સ્થાને ગોઠવી આપવાની દિશામાં તો નહિજ. આ સ્થાનિક સંસ્થાઓએ થોડીક નવી નિશાળો ઉઘાડી છે અથવા તો કેટલીક જૂની શાળાઓને આર્થિક સહાય આપી છે, એથી વધારે કંઇજ કર્યું નથી, એટલે એ તો ત્યાંની ત્યાંજ રહેવા પામી છે. નિશાળોની સંખ્યાની એવી બધી જરૂર નથી; પણ જરૂર તો છે શાસ્ત્રીય તાલીમની. તાલીમ (training)નું કામ સુધાર્યા સિવાય સંખ્યા વધાર્યે જવાથી થોડાં વર્ષ પછી તરતજ સમજાશે કે આપણે તો જ્યાં હતા ત્યાંનાં ત્યાંજ હજુ (સડીએ) છીએ, સંખ્યા ન જોઇએ એમ અમારૂં કહેવું નથી: પણ એથીય વધારે જરૂર તો બરાબર વિચારપૂર્વક નિશ્ચિત કરેલા ધ્યેયને પહોંચી વળાય તેવા પ્રકારની તાલીમની પદ્ધતિની છે. જૂની વિચારસરણીવાળા અને જર્જરિત આદર્શોવાળા તથા કેળવણી, training (અમે ઇરાદાપૂર્વક શિક્ષણ teaching શબ્દ નથી વાપરતા) ની એક પણ પદ્ધતિના સશાસ્ત્ર વિનાના જૂના શિક્ષકો નજ ચાલી શકે. એજ કેળવણી આપી શકે કે જેણે પોતે એ પ્રકારની કેળવણી—તાલીમ લીધી છે. ઉછરતા, ઉમંગી, પ્રાણવાન અને બરાબર કસાએલા યુવકો ને યુવતીઓ—આ કાર્ય હાથ ધરવાને યોગ્ય ગણાય. તાલીમ લેવાનો અને પછીથી દેશના હિતની ખાતર પોતાનું જીવન વ્યતીત કરવાનો ઉમદા આદર્શ છેક પહેલા ધોરણથી માંડીને તે છેક છેવટે કામ કરવા તૈયાર થઇને બહાર આવે ત્યાં સુધી તેમનામાં સતત રેડાયાજ કરવો જોઇએ; જ્યાં સુધી આટલું ન કરી શકીએ ત્યાં સુધી આપણી પાસે પૂરતાં માણસો નથી એમ ફરિયાદ કરવાનો આપણને જરાય અધિકાર નથી.

उद्‌धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्वोदधिः ॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દષ્ટિઓ સમાય છે, પણ જેમ પૃથક પૃથક સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક પૃથક દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

श्री सिद्धसेन दिवाकर.

જૈન યુગ.

તા. ૧-૧-૩૬ બુધવાર.

# મુનિ સંમેલન અને દીક્ષાનો ઠરાવ.

મુનિ સંમેલન અમદાવાદમાં ભરાયાને આજે દોઢ વરસ ઉપરાંત સમય પસાર થયો છે. ઠરાવો ઘણા કરવામાં આવ્યા હતા. મુખ્ય ઠરાવ દીક્ષા સંબંધીનો હતો. સંમેલન ભરાયું તે પછી તેના ઠરાવોની અપૂર્ણતાને માટે ટીકાઓ થઈ હતી. સમાજનો ચોકસ વર્ગ સંમેલનના ઠરાવોને અંગે કાંઇ પણ ટીકા થાય તે પસંદ કરતો નહોતો, ને બધું સારૂ થયું છે હવે કાંઇ ફરીયાદ કરવાની જરૂર નથી એમ કહેવામાં આવતું હતું. કોન્ફરન્સ તરફથી મુનિ સંમેલનને અંગે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. કેટલીક સુચનાઓ તે ઠરાવમાં કરવામાં આવી છે. તે ઉપરાંત ઘણાખરા વર્તમાન પત્રોએ પણ ઠરાવની ત્રુટિ સંબંધી લેખો લખ્યા હતા. આજે દોઢ વરસ પસાર થયું છે. દીક્ષા સંબંધી જે સ્થિતિ આગળ હતી તેમાં કાંઇ ફેર પડયો છે ખરો! મુનિ સંમેલનના આ ઠરાવોના ભંગ સંબંધી તપાસ રાખવાની કોઇની ફરજ હોય એમ જણાતું નથી. દીક્ષાના જુદા જુદા બનાવો બને છે જે સંમેલનના પણ ઠરાવથી વિરૂદ્ધ હોય છતાં કોઈ તેને પુછનાર કહેનાર નથી. ગમે તેવી રીતે દિક્ષા અપાય તો પણ કોઇપણ પ્રકારે બચાવ કરનાર પત્રકાર તેવા બનાવોમાં ખુલાસા આપી આત્મ સંતોષ માને છે. પણ સમાજના મોટા ભાગને તેથી સંતોષ થતો નથી. નવ આચાર્યોની કમીટી આ બાબતમાં ઉચિત વ્યવસ્થાઓજ કરશે તેવી કેટલાક બંધુઓની માન્યતા હોવાનો સંભવ ખરો પણ હાલ દોઢ વરસમાં અપાયલી દીક્ષા વિષે જે ફરીયાદો થઇ છે તે સંબંધમાં નવ જણની કમીટીમાના કોઇ આચાર્ય મહારાજે કોઈપણ વિચારો આપ્યા નથી એટલે દિક્ષા દેનારાઓ એમ સમજે છે કે અમે ગમે તે કરીયે તો પણ અમોને કોઇ પુછનાર નથી. હાલમા ભાવનગરમાંજ સગીર દિક્ષાને અંગે ચળવળ થયેલી છે. ભાવનગર શહેરમાં મુનિ ભકિત વિજયજીએ કેટલીક દિક્ષા આપવાનો વિચાર કરેલો. ભાવનગર સંઘના ઠરાવને લીધે ત્યાં દિક્ષા આપી શકાય તેમ થયું નથી. જો કે તેમણે તો ઠરાવનો ભંગ કરવા પ્રયાસ કરેલો. છોકરાના વડીલની રજા હતી નહિ. ભાવનગરમાં દીક્ષા આપવામાં ન ફાવ્યા એટલે તેઓ કોળીઆક બીજા પ્રસંગ ઉપર ગયેલા તો ત્યાં દીક્ષા આપવા માટે વિચાર રાખેલો. ભાવનગરના યુવાનો જાગૃત હતા તેમણે ભાવનગરની કાઉન્સીલના પ્રેસીડંટને બધી વિગતથી માહીતગાર કર્યા. અત્રે એક પ્રશ્નનો વિચાર કરવાનો છે. સોસાયટી પક્ષ રાજ્ય આશ્રય લેવાની ના પાડે છે. આ બનાવમાં રાજ્યસત્તાનો આશ્રય લેવાની ફરજ કોણે પાડી? મુનિ સંમેલનના ઠરાવને વળગી રહી છોકરાના વડીલોની સંમતિ મળવા સુધી મુનિ ભકિત વિજયજીએ રાહ જોઇ હોત તો રાજ્યસ-તાનો આશ્રય લેવાની ફરજ ન પડત. કાઉન્સીલે મનાઇ હુકમ આપ્યો ને પોલીસ પાર્ટી કોળીઆક ગઇ ને છોકરાનો કબજો મહારાજશ્રીએ પોલીસને સોંપ્યો.

મુનિ સંમેલનનો ઠરાવ નીચે મુજબ છે. આઠથી સોળ વરસ સુધી માતપિતાની અથવા.જે સમયે જે વાલી હોય તેની રજા સિવાય દીક્ષા આપી શકાય નહિં. આ ઉપરાંત સંમતિ મળ્યા પછી પણ યોગ્યતાની પરિક્ષા પોતે કર્યા પછી અન્ય સંઘાડાના આચાર્યો અગર વડીલ સાધુઓ પાસે યોગ્યતાની પરિક્ષા કરાવી સંમતિ મેળવી દિક્ષા આપવી. આ કિસ્સામાં તો છોકરાના વડીલ કાકાની સંમતિં લેવામાં આવી નથી તે તો ખુલ્લું દેખાય છે જો તેમણે સંમતિ આપી હોત તો છોકરાના કાકા સ્ટેટ કાઉન્સીલના વડાને તાર કરતજ નહિ. સમાજ આવા બનાવો કયાં સુધી ચલાવી લેવા માંગે છે. ભાઇબંધ 'સમયધર્મ' તપાસ સમિતિ નીમવાની જરૂરીયાત સુચવે છે. પણ નિરકુંશ દિક્ષા પ્રેમીઓ કોઇને પણ ગણકારે તેમ નથી. જ્યાં સુધી જૈન બંધુઓની વ્યવસ્થિત સંસ્થા આ બાબત હાથમાં ન લે ને વ્યાજબી અંકુશ સાધુ વર્ગ ઉપર નહિ રાખે ત્યાં સુધી પરિસ્થિતિ સુધરવાનો સંભવ નથી. કોન્ફરન્સની સ્ટે. કમીટીએ આ બાબત હાથ ધરવી જોઇએ. આ બાબતમાં સ્થાનકવાસી કોન્ફરન્સની કાર્ય પદ્ધતિનું અનુકરણ કરવાની જરૂર છે. વર્કિંગ કમીટીએ દરેક કાર્ય માટે રસલેનારા બંધુઓની પેટા સમિતિઓ નીમવી જોઇએ તેમ આ વિભાગ માટે પેટા સમિતિ નીમવી જોઇએ. જરૂર પ્રસંગે આવા બનાવો બને ત્યારે બધી માહિતી મેળવીને પોતાનો રીપોર્ટ વર્કીંગ કમીટી પાસે રજુ કરે. વર્કીંગ કમીટી તે રીપોર્ટ ઉપર સંપુર્ણ વિચાર ચલાવી સમાજને પોતાનો નિર્ણય જાહેર કરે. કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટી આ પ્રશ્ન ઉપર વિચાર ચલાવશે એવી આશા રાખીશું.

# નોંધ અને ચર્ચા.

## રાજ્યની દરમ્યાનગીરી.

એ તો સાચુંજ છે કે જો આપણો કારભાર આપણે જાતે સંભાળી લેતા હોઇએ તો એમાં બહારનાની ડખલગીરી જરાપણ ઘટ નથી. પછી તે કારભાર ધર્મ વિષયક હોય કિંવા સમાજ સંબંધી હોય. સ્વરાજ્યને ઇચ્છતી પ્રજાનો એજ મુદ્રાલેખ હોઇ શકે. આજે પણ આપણે એવા સુર સાંભળીએ છીએ કે શા સારૂં આણંદજી કલ્યાણજી. ધર્માદા ટ્રસ્ટોને લગતા કાયદાને વધાવે છે? હજુ પણ એવા માણસો છે કે જે વડોદરા સરકારે દીક્ષા સંબંધી કરેલા કાયદાને અન્યાયી ગણે છે! એ માન્યતામાં જરૂર સત્યાંશ છે પણ તે પૂર્વે એટલો અંગુલી નિર્દેશ આવશ્યક છે કે જૈન સમાજને એ બાબતોમાં કોઇપણ જાતના નિયમનની જરૂર ખરી કે નહીં? આ પ્રશ્નનો ઉત્તર વિચારપૂર્વક આપવાની જરૂર છે. ઘણા મનુષ્યોનો એવો સ્વભાવ હોય છે કે જ્યાં ધર્મનું નામ આવ્યુ કે ત્યાં સત્યાસત્ય જોયા વગર એકદમ ફફડાટ કરી મૂકે છે! પણ એટલુ, યાદ રાખવાનું છે કે 'ધર્મ' કંઇ અંધેર પ્રવર્તાવવામાં નથી સમાઇ જતો. જે કાયદાઓ આપણે બહારની સત્તાદ્વારા ઇષ્ટ નથી ગણતા તે વસ્તુતાએ જૈન સમાજ માટે જરૂરના તો છે એ માટે ભાગ્યે બેમત હોય. પ્રાચીન ઇતિહાસ તપાસતાં કે કારભાર સંબંધી નિયમો વાંચતાં એ સહજ સમજાય તેવું છે. દીક્ષાની વાત જોઇશું તો સાથે એ અધિકાર હશેજ કે તે કેવી રીતે, કેવા પ્રકારના મનુષ્યને કેવી વિધિથી આપવી. ધર્માદાના નાણાંના રક્ષણનો અધિકાર આવશે તો ત્યાં ખુલ્લી સુચનાઓ દ્રષ્ટિગોચર થશે કે, એકે હિસાબ રાખવો, બીજાએ ભંડારની ચાવી રાખવી અને ઓછામાં ઓછા ત્રણ અને વધુ ચાર-પાંચ અગર જરૂર જણતાં તેથી પણ વધારે વહીવટકર્તા નિમવા.

અફસોસ એટલોજ કે આવા દીવા જેવા વિધાનો હોવા છતાં પૂર્વકાળે એ પ્રકારે વહીવટો ચાલ્યાના પુરાવા પ્રાપ્ત થતાં પણ છેલ્લા કેટલાં વર્ષોમાં સાધુ સમાજની એક ટોળકીએ વિના વિચાર્યે એ નિયમાવળીને અભરાઇએ ચઢાવી પવિત્ર દીક્ષામાં એવો તો અનિષ્ટ સડો દાખલ કરી દીધો કે સર્વત્ર હાહાકાર મચી રહ્યો. સંઘોમાં ધર્મના નામે પક્ષો પડ્યા કે જેથી એકત્રિત અવાજ એ સામે ઉઠીજ ન શકે. આ સ્થિતિ સુધારવા-દીક્ષાની પવિત્રતા કાયમ રાખવા કેટલાક સ્થાનિક સંઘોએ ઉચિત ઠરાવ કર્યા તો એમાં પણ પેલી ટોળકીને અધર્મની ગંધ આવી. એ સામે માથું ઉચક્યું પણ ત્યાં હાથ હેઠા પડ્યા-નામોશી વહોરવી પડી, આમ છતાં ક્લેશ તો દાખલ કર્યોજ! જૈનસમાજની અગ્રગણ્ય સંસ્થા 'કોન્ફરન્સે' આ સ્થિતિ સુધારણા અર્થે જુન્નર મુકામે દીક્ષા સંબંધમાં સ્થાનિક સંઘોની સમંતિપૂર્વક દીક્ષા અપાય એવો સામાન્ય કોઇપણ જાતની આડખીલી વગરનો ઠરાવ કર્યો, સૌકોઈ આજે પણ સંઘનું ગૌરવ કબુલે છે, એની મહત્તાનાં યશોગાન ગાય છે. એવો સંઘ તો ભાગ્યેજ હોય કે જે પોતાના હાથે પોતાના ધર્મને હલકો પડે કિંવા નાબુદ કરે!! આમ છતાં કેવળ પેલી ટોળકીના ચઢાવ્યાથી, ઉજળા ભાવિ સામે જેમણે નેત્રો મીચી દીધાં છે એવા કેટલાક બંધુઓએ એ સામે પણ વિરોધ આદર્યો! પોતાના બંધવોની દરમ્યાનગીરી એમને પસંદ ન પડી! આજે પણ એવા ભદ્રભદ્રો હજુ અસ્તિત્વ ધરાવે છે કે જે જુન્નરના દીક્ષા સંબંધી ઠરાવને અગમચેતી રૂપ માનવાને બદલે અધર્મ રૂપ માને છે અને ત્યારથી કોન્ફરન્સ 'અધર્મી' બની એમ કહે છે. એવાં કૂળકુપ ભેજાંઓને કેવા ધન્યવાદ ઘટે?

એ વિરોધથી સમાજમાં ભાગલા પડ્યા. પેલી ટોળકીએ દીક્ષાના નામે જે જાતની નસાડવા-ભગાડવા ને સંતાડવાની પ્રવૃત્તિ આદરી એથી વડોદરા સ્ટેટને કાયદો ઘડવાની જરૂર પડી. ખંભાત સ્ટેટને કામચલાઉ ઢંઢેરો પ્રગટ કરવો પડ્યો ને ભાવનગર સ્ટેટને ફરમાન બહાર મુકવું પડ્યું. આવીજ સ્થિતિ ધર્માદાના નાણાંની થઇ. કોન્ફરન્સે એ હિસાબો ચોકખા રાખવા સારૂ અને ઓછા ખરચમાં સારાયે જૈન આલમ એથી માહિતગાર રહી શકે એ ખાતર એક ખાતું સ્થાપ્યું. દરેક સ્થળે તે જાય ને દેરાસરો આદિના હિસાબો તપાસી, જરૂરી નોંધ કરી પ્રમાણપત્ર આપતું. કોઇ કહેશે કે આ અધર્મ હતો? પણ કેટલાં ખડેખાંઓને આવી સુંદર યોજના પણ ન રૂચી. પોતાની એકહથ્થુ સત્તામાં આ જાતની આડખીલી તેમને આંખે વળગી; અને કેટલાંક વર્ષો ચલાવ્યા બાદ આ સુંદર પ્રથાને પડતી મૂકવી પડી? પણ એથી તો ઘોટાળા ને પોલાણ વધી પડ્યાં. રકમો ઉચાપત થવા માંડી અને આખરે કાયદાની જરૂર સૌ કોઇને લાગી. એટલાં સમાજનાં અહોભાગ્ય કે આજે સમાજ એ માટે એક મત છે.

વિચારવાનું તો એજ છે કે બહારની સત્તા જાતે આવી કે એને આમંત્રણ કરવા સારૂ આપણાજ ભાઇઓ સામા ગયા? એમાં જેઓએ બુદ્ધિને જરા પણ વાપરી નથી અને માત્ર દ્રષ્ટિરાગથી દોરવાવું છે એવા કેટલાક હજુ પણ કોન્ફરન્સને નિમિતભૂત ગણે છે પણ શાસ્ત્રકારની દ્રષ્ટિયે તેઓ શ્વાનવૃત્તિને સેવે છે કેમકે કુતરૂં પથરો મારનાર તરફ નથી જોતું પણ પથરાને જુએ છે. જ્યારે સિંહ તો બાણને નહિ જોતાં એના ફેંકનારને પકડે છે તેમ સાચું જોનારા તો સહજ સમજે છે કે દીક્ષાના કાયદામાં સાધુ સમાજની એક ટોળકી અને એની પીઠ થાપડનારજ જવાબદાર છે. ત્યારે ચાલુ કાયદા માટે પેલો ચલાવનાર ખડેખાંઓના ઉભય કાર્ય વેળાએ કોન્ફરન્સે તો સદ્બુદ્ધિથી અને અગમ દ્રષ્ટિથી કામ લીધુ છે.

એ સામે ધુળ ઉરાડનારાઓ રાધનપુર ને ભાવનગરના બનાવોથી હજી પણ આંખ ઉંઘાડે. બાકી પારકી મા કાન વીંધે એ ઉક્તિ આપણે માટે તો ખરી પડી છે.

## ધર્મપ્રાણ માટે આવી ધમાલ?

આજે સ્થાનકવાસી સંપ્રદાયના "સંત બાલ" તખલ્લુસ-ધારી સાધુ જે રીતે લોંકાશાહનું ચરિત્ર આલેખી રહ્યા છે અને એદ્વારા શ્રીમદ્ હરિભદ્રસૂરિ–હેમચંદ્રસૂરિ આદિ પૂર્વાચાર્યોપર જે જાતના કટાક્ષ ફેંકી રહ્યા છે તે કોઇપણ શ્વેતાંબર મૂર્તિપૂજકને ઉકળાવે તેવા છે. લોંકાશાહ મારફતેજ જેમના ફિરકાની શરૂઆત થઇ છે તે તેમણે માત્ર 'ધર્મપ્રાણ'જ નહિં પણ ખુદ પરમાત્મા માને અને રંગબેરંગી કલ્પનાઓથી ચરિત્ર ગુંથણી કરે એ સામે કલમ ચલાવવાનું પ્રયોજન નથી, પણ લેખક જ્યારે ભક્તિના ઘેનમાં કે સંપ્રદાયિકતાના વ્યામોહમાં, સુત્ર અર્થોમાં લોચા વાળે, ભળતે ભળતી બાબતો ગોઠવી દઇ જનતાને ઉંધા પાટા બંધાવે. જેમના ગ્રંથો આજે પણ વિદ્વાનો વડે પ્રશંસા પામે છે એવા પ્રભાવિક મહાત્માઓ પ્રત્યે પ્રારંભમાં થોડીક લીટીઓ સુંદર શબ્દોમાં લખી પાછળથી તેમનામાં કાયરતા નિહાળે કે સત્ય જોવાની અશક્તિ નિહાળે અને પોતે જેમને ક્રાન્તિકાર માને છે તેમને સાહિત્ય સાવ મુગું છમાં ઇતિહાસ જેમની વિરૂદ્ધમાં કોઇ જુદીજ વાત દર્શાવતાં છતાં, અને જેમને માટે કોઇ વિશ્વસનીય ચરિત્ર અલભ્ય છતાં, અને ખુદ પોતાના સંપ્રદાયમાં એ માટે ભિન્ન ભિન્ન માન્યતાઓ મોજુદ છતાં. માત્ર કલ્પનાના તરંગોપર નૃત્ય કરી સામાન્ય સમજશક્તિને નેવે મૂકી કોઇ પણ જાતના સંબંધના અંકોડા મેળવ્યા વગર સ્વછંદતાથી લખ્યા રાખે ત્યારે એ સામે એટલી લાલ બત્તી ધરવીજ પડે કે—સાધુજી દેશકાળ વિચારો ઐક્યતામાં માનતાં છતાં એજ ઐક્યતામાં વિક્ષેપ ન ખડો કરો. સત્ય જોવાનો ડોળ કરવા કરતાં જૈન જ્યોતિમાં જે રીતે દલીલપૂર્વક આગમ અને ઇતિહાસના હવાલા આપી, મુનિશ્રી ન્યાયવિજયજી લખી રહ્યા છે તેના તેવાજ પુરાવા ટાંકી ઉત્તર આપો. અને જૈન જ્યોતિનો અંક ૩, હપ્તો ૨૩ મો જુઓ અને રાગદશામાં તણાયા વિના હૃદયપર હાથ મૂકી સત્ય ઉચ્ચારો.

બાકી મ્હોંડેથી સંપનાં વખાણ કરતા રહેવું અને કલમને છુટથી વિચરવા દઇ, સાચી બિનાનો અપલાપ કરી. અઘટિતને ઘટાવવા પ્રયત્ન જારી રાખવો એ 'મધુતિષ્ઠ તિજિહ્વાગ્રે, હૃદયે તું હલાહલમ્' જેવું છે!! એથી ઐક્ય આઘું ઠેલાય છે. સુજ્ઞેષુ કિં બહુના।

## મુનિશ્રી મિશ્રીલાલજીના ઉપવાસ.

સ્થાનકવાસી સાધુ મિશ્રીલાલજીના ઉપવાસથી ભાગ્યેજ કોઇ અજાણ હશે, માત્ર જૈનોજ નહિ પણ જૈનેતરો પણ એ વાતથી પરિચિત છે. અમુક શરતોના પાલનથી મુનિશ્રીએ પારણું કર્યું છે એ આનંદની વાત છે અને આશા રાખીએ કે મુનિશ્રીની જે ભાવના છે તે બર આવે, સંઘાડાનું ઐક્ય સાધી એકગચ્છ બનાવવા રૂપ મુનિશ્રીની ભાવના માટે બહુ માન હોવા છતાં એટલું કહેવું વ્યાજબી જણાય છે કે ઉપવાસ જેવા પ્રયોગ પુષ્કળ વિચારણા માગે છે. વાત વાતમાં એનો પ્રયોગ કરવા જતાં એ પવિત્ર વસ્તુનું ગૌરવ ઘટે છે એટલુંજ નહિં પણ એ એક જાતનાં લંઘનરૂપ નિવડે છે. એ રીતે સધાતું કાર્ય કાચા પાયાપર કરાતાં ચણતર જેવું હોય. અમારૂં કહેવું એમ તો નથીજ કે આત્મ કલ્યાણના અમોઘ સાધનરૂપ તપનો બીજી રીતે ઉપયોગ નજ થાય. પણ એટલું તો ભાર મૂકીને જણાવવું જોઇએ કે લાગણીના આવેશમાં તણાઇને એ પગલું વારેકવારે ન ભરાવું ઘટે. એ અંતિમ પ્રયોગ તરીકે, અન્ય કોઇ ઉપાયોના અભાવે અણ-ચાલે વાપરવાનાં શસ્ત્ર તરીકે ઉપવાસ અનામત રહેવો ઘટે. એ વાપરતાં પૂર્વે અધિકાર પ્રાપ્તિ જરૂરની છે અને ભુમિકા શુદ્ધ કરવાની પણ તેટલીજ અગત્ય છે- એ ઉપરાંત વાપરનાર અને જેના સામે વપરાવાનું છે તેઓ વચ્ચે પુષ્કળ વિચારણા અને પરામર્શ થઇ ચુકયા હોવા જોઇએ. વળી એનો ઉપયોગ સમષ્ટિ સામે કરતાં પહેલાં અમાપ ધિરજ ધરવી જોઇએ. આત્મશુદ્ધિ કર્યા પછીજ પગ ભરવા તૈયાર થવું ઘટે. વાત-વાતમાં વાપરી દેવા જેવું કે ગમે તેવી વ્યક્તિ વાપરી શકે એવું આ હથિઆર નથી એમ સૌ કોઇ સમજી રાખે.

## કલમના કટાક્ષોથી વિતંડાવાદ વધે છે!

'સાંજ'માં વીસમી સદીના તખલ્લુસ હેઠળ જે જાતની ચર્ચા આવે છે એ મુંબઇ સમાચારની 'જૈત ચર્ચા'ને યાદ કરાવે છે! 'જૈન યુગ' સંબંધી હનુમાનના પુંછડા જેવું લંબાણ કર્યું છે એ માટે એટલુંજ કહેવું કાફી થશે કે અનિયમિતતા ટાળવા પ્રયાસ ચાલુ છે છતાં કેટલીક અનિવાર્ય મુશીબતો ઉપસ્થિત થાય તે અનુભવીઓજ જાણે. બાકી લેખકો ને તંત્રી સંબંધી જે પ્રકારની ભાવનાઓ ભાવી છે એ પરત્વે કંઇ લખવું એ કરતાં મૌન રહેવુંજ શ્રેયસ્કર છે. એ તો સ્પષ્ટ છે કે વર્તમાન કાર્યકરો કરતાં વધુ સેવા-ભાવી ને કાર્ય ધપાવનાર સભ્યો આગળ આવે તો એમને માટે સ્થાન કરતાં વિલંબ નહીંજ લાગે.

વિશેષમાં જણાવીએ કે કાર્યવાહક સમિતિનો હેવાલ 'વીસમી સદી'એ જે રીતે આલેખ્યો છે એ જોતાં સહજ સમજાય છે કે એ લખાણ કોઇ સમિતિના સભ્યનું કિંવા એની પ્રેરણાથી લખાયેલું હોવુ જોઇએ; એ લખાણમાં કાયદાને નામે, રૂલીંગના નામે જે વાણી વિલાસ કરવામાં આવ્યો છે અને તદુપરાંત મંત્રીશ્રીના વર્તનની જે રીતે ઠેકડી કરવામાં આવી છે તે જોતાં કહેવું જોઇએ કે માત્ર ઢાલની એક બાજુજ જોવાઇ છે. એથી વસ્તુસ્થિતિનો ઇરાદાપૂર્વક અપલાપ કરાયો છે-

જો કાયદોજ વિચારવો હોય તો આવી ચર્ચાઓ છાપે ચડવીજ ન જોઇએ. કાર્યવાહક સમિતિની ચર્ચાઓ છાપે ચઢતી જોઇ નથી. એ માટે 'જૈન ચર્ચા'ના કોલમ ખરડાતાં ત્યારે પૂર્વે કેટલીયેવાર ઉહાપોહ થયેલો. આજે એ ઉહાપોહ કરનારાના હાથો ખરડાયેલા જોઇ સહજ દિલગીરી જન્મે છે. પણ કહેવત છે કે ભણેલા ભૂલે ત્યારે ભીંતની ભીંતજ ભૂલે!

ગમે તેમ હો એટલું તો સાચુંજ છે કે કાયદાની કલમો સાથે માનવીની પ્રજ્ઞા અને અનુભવ પણ જરૂરી છે. નહિં તો એ જડ લીંટીઓ કેવળ જડતાજ આણે છે. વળી જો કે એ પણ ખ્યાલમાં રાખવું ઘટે છે કે સામાજીક સંસ્થાની કાર્ય-વાહક સમિતિઓમાં બધા કંઇ કાયદાના જાણકારોજ નથી હોતા. તેમ એ સંસ્થાઓ કંઇ ધારાસભા નથી કે જ્યાં દરેક વાતમાં કાયદો લાગુ પડે. તંત્ર વ્યવસ્થિત ચાલે અને એમાં કોઈ જાતની ગેરવ્યવસ્થા ન જન્મે એટલા પુરતી કાળજી રાખી, સામાજીક સંસ્થાઓએ પોતાનાં કાર્ય ચલાવવાનાં હોય છે. ત્યાં ઝાઝી શબ્દ બાજીઓનું પ્રયોજનજ નથી. સમાજના પ્રશ્નો જ્યાં અટપટા હોય છે, અને એનું માનસ જ્યાં કોઇ વિચિત્ર રીતે ઘડાયેલું હોય છે ત્યાં વારે કવારે કલોઝર પોકારનાર કે વાત વાતમાં પોઇન્ટ ઓફ ઓર્ડરની બુમરાણ કરનાર કયું ફળ મેળવી શકે? સંસ્થાને તાળાં વાસવાનુંજ, બીજું કંઈ? સમાજની બાબતોમાં બાંધછોડ કરવીજ પડે. કોઇકવાર બહુમત ને અળગો પણ કરવો પડે, અગત્યની વાત હોય તો એજન્ડા વગર પણ વિચારવી પડે. પૂર્વે આવું બન્યું છે અને એ એક પ્રકારની બુદ્ધિમત્તા છે. ખુદ મહાત્માજીએ બહુમતિ પોતાની હોવા છતાં દાસ-નહેરૂજી જેવા પ્રખર નેતાનો વિરોધ જોઈ પસાર થઇ શકે તેવો ઠરાવ પડતો મેલ્યાના દ્રષ્ટાન્ત મોજુદ છે. આથી સાર એટલોજ કહાડવાનો કે કાયદો જરૂરી છે પણ એ સાથે પ્રજ્ઞાનો ઉપયોગ ને વહેવારૂ બુદ્ધિ પણ એટલાંજ જરૂરનાં છે. તોજ સામાજીક સંસ્થાનાં કાર્ય નભવાનાં. 'વીસમી સદી, અને 'જૈન'ને એટલુંજ કહીએ કે આ જાતની કટાક્ષ શૈલી ત્યજી દઈ, સહકાર આપવા કમર કસો તોજ સમાજ કંઈ પ્રગતિને માર્ગે ધપશે. માત્ર શંકાના વમળો જન્માવવાથી તો આછો પાતળો રસ દ્રષ્ટિગોચર થાય છે તે પણ સૂકાઇ જશે. અને વિતંડાવાદ વૃદ્ધિ પામશે. કદાચ એમાં આપને પ્રગતિ જણાતી હોય તો એ નોંધી રાખજો કે માત્ર છાપાના કોલમો પરનીજ!! અમલી કાર્યમાં મીંડુંજ!!!

## શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિ.

જૈન સમાજમાં શતાબ્દિની ઉજવણી નવિન હોવા છતાં દેશકાળ જોતાં એમાં કંઈ ઝાઝી નવિનતા નથી; આત્મારામજી મહારાજનું નામ મુલ્કમશહૂર હોઇ, એ પ્રત્યે હિંદના ચારે ખૂણામાં એક સરખું બહુમાન દ્રષ્ટિગોચર થાય છે. એવા પુણ્ય શ્લોક પુરૂષની સો વર્ષની જન્મ ગાંઠે જૈન ધર્મને અને જૈન સમાજને અતિ જરૂરનાં કાર્યના શ્રીગણેશ મંડાય તો સોનુ ને સુગંધ મળ્યા જેવું ગણાય. આજે જેટલો દેવાલય ને મુર્તિઓનો વિસ્તાર જણાય છે તેટલો આગમો અને સાહિત્ય-ગ્રંથનો નથી દેખાતો. આ દુષમકાળમાં ધર્મપ્રાપ્તિનાં સાધનોમાં 'મૂર્તિ અને આગમ' એ બે ગણાય છે. વળી આજે મૂર્તિપૂજન સામે એક તરફથી વંટોળનો વાયરો વાઇ રહ્યા છે અને બીજી બાજુથી પૂજનનું સાચું રહસ્ય વિસરાતું જાય છે ત્યારે એ સંબંધી તેમજ પ્રભુ શ્રી મહાવીર દેવનાં વચનો સંબંધી જ્ઞાન વધુ પ્રમાણમાં, સરલ ગીરામાં, સાદી શૈલીમાં, વિના મૂલ્યે કે નહિ જેવી કિંમતે માત્ર જૈનોનાજ નહિ પણ પણ જૈનોતરોનાં ઘરોમાં પહોંચે તેવા ઉપાયો યોજવાની, એ પાછળ દ્રવ્ય વ્યય કરવાની ખાસ આવશ્યકતા છે. શતાબ્દિ ફંડ પાછળ પણ ઉપરોકત વર્ણનને અનુરૂપ આશય રહેલો છે. એનો આધાર ફંડની વિશાળતાપર છે. એ સંબંધી અત્યાર સુધીમાં જે સાહિત્ય પ્રગટ થયું છે અને જે જાતની જાહેરાત થઈ ચુકી છે એ જોતાં પ્રત્યેક જૈને યથાશક્તિ એમાં પોતાનો હાથ લંબાવવો જોઇએ, એ સ્તુત્ય પ્રયાસને વધાવી લેવા જેવો છે.

## તીર્થ કલેશના કાંઠે.

પાવાપુરી કેસનો ચુકાદો પ્રીવી કૌંસીલ તરફથી આવી ગયો છે, અને શ્વેતાંબર સંપ્રદાયનો જળ મંદિરમાં મૂર્તિ લાવી પૂજન કરવાનો હક્ક સ્વીકૃત થયો છે. આપણે શ્વેતાંબર હોવાથી આ વાતથી આનંદ થાયજ પણ જ્યારે આ જાતના કલહમાં ડોકીયું કરીએ છીએ ત્યારે કેવળ નાનકડી બાબતોમાં આપણા તેમજ દિગંબર બંધુઓના સમયનો અને દ્રવ્યનો ભોગ નજરે આવે છે; ત્રીજી વ્યક્તિદ્વારા શુદ્ધ બુદ્ધિથી ન્યાય મેળવવો હોય તો આ જાતની વિડંબનાને દ્રવ્ય હાનિ વગર મેળવી શકાય તેમ હોવા છતાં પણ આપણી આંખ ઉઘડતી નથી. અમો શ્વેતાંબર છીએ તેટલા ખાતર નહિં પણ આજે લાંબા અનુભવથી જે સત્ય બહાર આવ્યું છે તે જોતાં એટલું કહીએ કે ઘણીખરી બાબતોમાં દિગંબર બંધુઓ તરફથી ઇરાદાપુર્વક આડખીલીઓ ઉભી કરવામાં આવી છે અને એકજ પિતાના પુત્રો તરિકેનો બંધુભાવ પ્રગટ કરવા જતાં નિમાજ પડતાં મસીદ કોટે વળગ્યા જેવું થયું છે. 'ગતંન શોચામિ' એ ન્યાયે દેશકાળ પ્રતિ દ્રષ્ટિ રાખી વિચારીએ તો આજે આપણે કાંઠે આવી ઉભા છીએ. સમેત શિખરજીની માલિકી અને એવીજ રીતે પાવાપુરીજીની આપણી કાયમ રહી છે. રાજગ્રહી સંબંધી જે સમાધાન થયું છે એ પણ સામાન્ય રીતે ઠીકજ છે. જો કે હજુ નાના ફણગાઓ મોજુદ છે છતાં એકંદર રીતે ઉભય ફિરકાને બોધ પાઠ ગ્રહણ કરવા જેવા ઘણા પાઠો છેલ્લા કોર્ટ ઝઘડાએથી પ્રાપ્ત થયા છે. એ ઉપરથી શ્વેતાંબર તરિકે આપણે તીર્થના વહીવટદારો તેમજ તીર્થે જનારા યાત્રાળુઓ ખાસ ધ્યાનમાં રાખીએ કે જે જાતની ક્રિયાઓથી દિગંબરભાઇઓનાં મન દુઃખાય તેવી કરણી ના આચરીએ પ્રતિમાનાં પુજન જરૂર કરીએ પણ સામગ્રીમાં વિવેક રાખીને નકામા કલહને પ્રેરણા મળે તેવું હરગીજ ન કરીએ.

એ સાથે દિગંબર બંધુઓને પણ કહીએ કે જ્યારે મૂર્તિને તમો પણ માનો છો તો શા માટે અમુક આભૂષણ અંગપર હોય એટલા ખાતર વિરોધ કરો છો. સાધન ધર્મો માટે ઝગડા નજ હોય. જો તમોને પોતાના માર્ગ માટે માન હોય તો સામાને તેના માર્ગે જવા દેવા એજ વ્યાજબી લેખાય. ટુંકમા કહીએ તો એટલુંજ કે કંકાશનું મ્હોડું પણ કાળું કરીએ. સમાજનું ઘણું ધન વેડફી નાંખ્યું. હવે એ સમજી અને એ દ્રવ્ય સમાજનાં કલ્યાણ માટેજ ખરચાય તેવો રસ્તો લઇએ.

# કલમ, એક અજબ નર્તિકા.

અખિલ વિશ્વના સપાટી ઉપર હરેક માનવ કુદરતી રીતેજ સુંદરતા, સુઘડતા અને વિવેકપૂરસ્સરતાનો પૂજારી બનતો આવ્યો છે, કોઇપણ મનુષ્ય વિવેકશુન્યતા અનિયમિતતા કે વિકૃતિને કદાપિ પસંદ કરતો તથી. મનુષ્ય સ્વભાવ એ રીતિએ ટેવાયેલો હોય છે. રંગભૂમિ ઉપર કોઇ સુંદર નર્તિકા અભિનયપૂર્વક દિલરંજન થાય એવો ઉત્તમ નાચ કરતી હોય છે ત્યારે પ્રેક્ષક વર્ગ તેમાં તલ્લીન થઇ જાય છે, અને વાહવાહ પોકારે છે. પરંતુ પ્રેક્ષકવર્ગ જો કોઇ ઢંગધડા વિનાની ભવાઇ કરતી જુએ છે ત્યારે તેનાથી કંટાળો પામે છે એટલુંજ નહિ પણ તેનો અને તેના શ્રૂત્રધારનો તિરસ્કાર કર્યા વગર પણ રહેતો નથી. પરંતુ એમાં જેટલો વાંક એ નર્તિકાનો કાઢવામાં આવે તેના કરતા વિશેષ દોષપાત્ર તેનો કર્ણધાર યાતો સુત્રધાર હોય છે કારણ કે જેવો અભિનય જેવી કળા એ નર્તિકાને આપવામાં આવી હોય તેવી તે પ્રેક્ષકવર્ગ પાસે રજુ કરી શકે છે.

આજ રીતિએ કલમ યાને લેખિની પણ એક નર્નિકાજ છે, જે કાગળો અને પાત્રો રૂપી રંગભૂમિ ઉપર અહોનિશ નવનવા નૃત્યો કરી અનેક પ્રકારના ભાવો ઉત્પન્ન કરે છે. આજે કલમનું સામ્રાજ્ય જગત્ ઉપર એટલું બધું પ્રસરી રહ્યું છે કે એક નાનામાં નાનું ગામ પણ એવું નહિ રહ્યું હોય કે જ્યાં એ નર્તિકાના અભિનયના દર્શન થતાં નહિ હોય. આ કલમ નિર્જીવ નર્તિકા હોવા છતાં જો તેને કુશળ સૂત્રધારોને હાથે ઘડાઇ રંગભૂમિ ઉપર ઉતારવામાં આવે તો એટલાં મહત્વનાં કાર્યો એના દ્વારા થઇ શકે છે કે જે કાર્યો જીવંત વ્યક્તિઓ પણ કરી શકવા અસમર્થ હોય છે. માનવી નર્તિકાઓ સજીવ હોવાથી કેટલેક અંશે કર્ણધારની બુદ્ધિ સાથે પોતાની બુદ્ધિનો પણ ઉપયોગ કરી શકે છે. જ્યારે કલમ નિર્જીવ હોઇ તેની ખ્યાતિ અગર માનહાનીનો આધાર તેના સૂત્રધાર એટલે કે તેને ગતિ આપનાર માનવી ઉપરજ અવલંબેલો હોય છે.

એજ કલમ અનેક અભિનયો કરી શકે છે, તે જનતાને રીઝવી પણ શકે છે, અને રડાવી પણ શકે છે. એકાદ કલમ કોઇ નવોઢાને હાથે લખાતા પોતાના પ્રાણપતિ ઉપરના સ્નેહભર્યાં પત્ર ઉપર સુકોમળ નૃત્ય કરે છે ત્યારે એ બન્ને આત્માઓને તે પ્રણય–રસમાં તરબોળ કરી શકે છે, જ્યારે એજ કલમ કોઈ નિર્ભાગી પુત્રવધૂ સાસરામાં સહન કરવાં પડતાં અપાર દુઃખપરંપરાની હારમાળા એ કલમદ્વારા પોતાના પિતૃવર્ગને પહોંચાડે છે, ત્યારે ઉભયાત્ર આંસુની ધારાઓ પણ એજ વહાવી શકે છે, કોર્ટના ન્યાયાધીશ એજ કલમની એકજ ઝટકે ગુન્હેગારના જીવનનો અંત લાવી શકે છે, તો એજ કલમ મહાપુરૂષોની હૃદયોર્મિઓ જનતા સમક્ષ મૂકી જનતાને સન્માર્ગે દોરી શકે છે. ટુંકામાં એ કલમરૂપી નર્તિકા જેવા સૂત્રધારના હાથથી ગતિ પામે છે તેવા પ્રકારનું તે વલણ ધારણ કરી શકે છે.

આપણે ઉપર એક ઠેકાણે કહી ગયા તેમ કલમ આજે જગતની સપાટી ઉપર અતિ મહત્વનું સ્થાન ભોગવે છે. અનેક લેખકો એનાદ્વારા પોતાના વિચારોનું પ્રતિપાદન કરે છે, અનેક લેખકો એનાથી પોતાની આજીવિકા ચલાવે છે, જ્યારે અનેક મહારથીઓ એ અમોઘ શસ્ત્રદ્વારા રાજરમતના શેત્રંજો ખેલે છે, ઘણાક રાજાઓને એ કલમદેવીએ ગાદી ઉપરથી ઉતારી નાંખ્યા છે, જ્યારે ઘણાક રખડતા માણસો એ મહામાયાના પ્રતાપે રાજ્યાધિરૂઢ થયેલા જોવામાં આવ્યા છે.

વિશ્વભરના ખબરો, જાહેર જીવન, રાજ્યદ્વારી રમતો, યુદ્ધના આહવાનો, ધર્મોપદેષ્ટાઓના ધર્માખ્યાનો આ કલમદ્વારા પ્રચાર પામી રહ્યા છે, તેવીજ રીતે કેટલાંક વિવેકશૂન્ય સુત્રધારો એ કલમનો દુરૂપયોગ કરી કલહના વાદળાંઓ પણ જમાવી રહેલા માલુમ પડે છે.

આપણે બહુ દૂર નજર નહિ નાંખતાં આપણી જૈન કોમ તરફ દૃષ્ટિ ફેંકીશું તો આપણે આ સ્થિતિનું ચોક્સ ભાન થયા વગર નહિં રહે. આપણા ઘણા પત્રોમાં કલમો નિરંકુશપણે કલહપ્રિય સૂત્રધારોના હાથે ચાલતી નજરે પડે છે અને એ દ્વારા આખું જૈન કોમનું શાન્તિનું વાતાવરણ ખળભળાવી નાંખી કલેશના દાવાનળમાં ઘસડાવી માર્યું છે.

આજે આપણાં ઘણાં પત્રોને અમુક રાજ્યોની યુદ્ધ ભૂમિનીજ ઉપમા આપવી અયોગ્ય કહેવાશે નહિ. જેમ એક બીજાનાં હરિફ રાજ્યો નવનવાં યોદ્ધાઓ અને :સાધનોદ્વારા પોતાનો પક્ષ સબળ કરી અન્યને ઉતારી પાડવાના પ્રયાસો કરે છે, તેવીજ રીતે આજે આપણા ઘણા શિષ્ટ લેખકો પણ વિતંડાવાદમાં અને કલહમાં ઉતરી પોતાના પક્ષની સબળતા પૂરવાર કરવા માટે કલમને કલુષિત બનાવી રહ્યા છે. આપણી શિષ્ટ ગણાતી જૈન કોમમાં જે કોઇપણ ગણ્યાં ગાંઠ્યાં સામયિકો અને પત્રો નીકળે છે, તેમાં મોટે ભાગે પક્ષાપક્ષીઓ, પરસ્પર દોષારોપણ, અને યેનકેન પ્રકારેણ અમુક પક્ષ સબળ કરવા એટલા બધા પ્રયાસો કરે છે કે એ પ્રયાસોમાં વિવેક અને નીતિનો પણ ભ્રંશ થતાં સુધી એને છોડતા નથી, પરંતુ ઉલટા વધુને વધુ એ કલેશના કાદવમાં ખુંચતા જાય છે.

આ વસ્તુસ્થિતિ વધારે દુઃખદ તો એટલા માટે છે કે આવાં કલુષિત લખાણો અને વિતંડાવાદોમાં સમર્થ લેખકોનો કિંમતી સમય અને મનનીય વિચાર પ્રવાહ સુકા રેતીનાં

(વધુ માટે જુઓ પાનું ૮ મું)

# અહિંસા અને સ્વાધીનતા.

લેખક: **શ્રી૦ શંકરરાવ દેવ.**

ખરેખર માનવજાતની પાંચમા ભાગની વીરાટ જનતા માટે સ્વતંત્રતા મેળવવી એ આદર્શ તરીકે ઉમદા છે, પરંતુ એ સ્વતંત્રતા અહિંસાને માર્ગે મેળવવા યત્ન કરવો તે જેટલો સ્તુત્ય પ્રયત્ન છે તેટલોજ અતિ ઉદાર અને આદરણીય છે. મહાત્મા ગાંધીજી આજે ભારતવર્ષની મુકિત અહિંસાના સાધનથી મેળવવા મથે છે અને અહિંસા માટેનું તેમનું મમત્વ કે પક્ષપાતજ તેમને તેમ કરવા પ્રેરે છે એમ નથી. તેમના અહિંસાના આગ્રહ પાછળ તેમની દરીદ્રનારાયણની પુજાની પ્રગતી કોઇને પણ થયા વગર નહીં રહે. ગાંધીજી આમપ્રજા માટે સ્વરાજ્ય માંગે છે માટે તે શુદ્ધ અને શાંતીમય માર્ગ માટે આગ્રહ ધરાવે છે. તેઓની તો સ્પષ્ટ માન્યતા છે કે જે સ્વતંત્રતા શુદ્ધ શાંતીમય અને અહીંસક માર્ગે મેળવી હશે તેજ શાશ્વત રહેશે, તેજ પ્રજા જીરવી શકશે. અને તેનુંજ રક્ષણ કરવાની પ્રજામાં તાકાત રહેશે. કેમકે જ્યાં સુધી સ્વતંત્રતાનાં રક્ષણનાં સાધન તરીકે હીંસક સાધનોનો ઉપયોગ થશે ત્યાં સુધી સદરહુ સાધનો સામે સમાજના સુખી અને ધનીક એવા ઉપલા વર્ગના વ્યવસ્થીત વિરોધ સામે આમવર્ગનો કંઇ પણ તરણોપાય નહીં રહે. કારણ કે આધુનીક વીજ્ઞાને આ સાધનો એટલાં તો ભયંકર અને તેની સાથેજ કીંમતી અને મોંઘા કર્યાં છે કે તે સામાન્ય માણસને સહજ ઉપલબ્ધ નથી હોતા એ તો કોઇ સત્તાના શસ્ત્રાગારમાંજ જડી શકશે.

એ શીવાય પણ સમાજમાં હીંસાનું અસ્તીત્વજ બતાવી આપે છે કે તે સમાજમાં બે વર્ગો હસ્તી ધરાવે છે. એક શોષક અને બીજો શોષાતો ગુલામ વર્ગ; અને જ્યાં સુધી સમાજનો એક પણ માણસ શોષાય છે ત્યાંસુધી સાચી સ્વતંત્રતાની વાતજ આકાશકુસુમવત છે. જગતમાં સાચી સ્વતંત્રતા તો તોજ શક્ય છે કે જ્યારે જગત હીંસાને વીસરી જશે અને અહીંસા દ્વારા પોતાની મુકતી સાધશે. અહીંસાજ સમાજની પ્રત્યેક વ્યકિત માટે ખરી સ્વતંત્રતા મેળવી શકશે. આ હકીકતની સત્યતા જોવી હોય તો આજે સ્વતંત્ર ગણાતા પરદેશી રાજ્યો જોઇ વળીએ. સ્વતંત્ર દેશોનો આમવર્ગ પણ ગુલામીના બંધનમાં જકડાયેલો તો છેજ. અને તે ગુલામીનું બંધન તેમનાંજ ઉપલા વર્ગના ખાસ હક્કો ધરાવતા બાંધવોએજ ઉભું કરેલું હોય છે. આ પરીસ્થીતીમાં માર્મીક કારણોમાં ઉતરશું તો જણાશે કે પરદેશી પ્રજાઓએ પોતાની મુકિત હીંસક સાધન દ્વારા સાધી છે અને એજ ભયંકર સાધનથી તેઓ પોતાનું રક્ષણ કરી રહ્યા છે અને કરે છે. આ જાતની તેમની સ્વતંત્રતાની મીથ્યા કલ્પનાજ તેમની ગુલામીનું કારણ થઇ પડી છે.

મહાત્માજી પોતાના દેશબાંધવો માટે આજે સાચી સ્વતંત્રતા વાંછે છે અને તેથીજ તેઓ અહીંસા અને પ્રેમના સીદ્ધાંતોનો પ્રચાર કરે છે અને આગ્રહ ધરાવે છે. તેમની તો માન્યતા છે કે જ્યારે પણ આમવર્ગમાં પોતાનામાં સુષુપ્ત રહેલી આ અમોઘ આત્મશકિતની અમાપ સત્તાનો ખ્યાલ પુરેપુરો આવશે ત્યારે આ જગતમાં એવી કોઇ પણ સત્તા નહી રહે કે જે તેમની ઉપર અમલ બજાવી શકે. બાકી આજે તો સામાન્ય જનતા પોતાને નીર્વીર્સ્ય, નીવીર્ય અને નીર્બળ સમજી બેઠી છે તેથીજ તેઓ જેમની પાસે આવા ભયંકર હીંસક સાધનો પડયાં છે તેમના હાથ નીચે દબાએલી રહે છે. આ જાતની માની લીધેલી નબળાઇમાંજ તેમની ગુલામી અને વીનાશનાં સાધનો સર્જાયાં છે. જ્યારે આ અહીંસાનો સિદ્ધાંત આમપ્રજામાં નવી અસ્મિતા, નવી શકિત ઉપજાવે છે અને તેમનામાં સુષુપ્ત રહેલી આત્મીક શકિતને જાગ્રત કરી તેમને પડકાર કરે છે કે, આ જગતમાં પાશવી અને આત્મીક શકિતની સરસાઇમાં આત્મશકિત અજેય નીવડે છે. જગતમાં કોઇપણ વ્યકિતએ પોતાને નિર્બળ માનવાની જરૂર નથી જે મનુષ્ય પોતાના આદર્શ માટે મરી ફીટવા તઇયાર છે તે અવસ્ય તેનું રક્ષણ કરવા સમર્થ થશેજ, માત્ર હીંસાનાંજ સાધનોથી સ્વતંત્રતાનું સંરક્ષણ શક્ય નથી.

જગતમા આજે અશાંતિ અને અસુખ પ્રવર્તે છે તેનું કારણ એજ છે કે માનવજાતનાં બહુજન સમાજને હિંસામાંજ વિશ્વાસ છે. જગતમાં જો એ સુખ અને શાન્તિ પ્રસ્થાપીત કરવાં હોય તો હિંસાનો સદંતર ત્યાગ. કરવો પડશે. મહાત્મા ગાંધીજી જગતમાં ખરી શાંતિ અને આર્થીક સ્વતંત્રતા સ્થાપવા માંગે છે. એટલેજ તેમણે અહિંસા અને પ્રેમને માર્ગે તે મેળવવા નિશ્ચય કર્યો છે. અને "પરોપદેશે પાંડિત્ય" નું દોષારોપણ ન થાય તે માટે પ્રથમ આ અહિંસાનો અખતરો તેમણે હિંદમાં શરૂ કર્યો છે. હીન્દને અહિંસાને માર્ગે સ્વતંત્રતા મેળવી આપી તેઓ જગતને પુરવાર કરી આપવા માંગે છે કે આ સાધનો દ્વારા મુકિત મેળવવી શક્ય છે. તેમના આ સ્તુત્ય અખતરામાં પ્રત્યેક હીંદીઓએ તેમને પુરેપુરો સહકાર આપવો જોઇએ. મહાસભાના આ પરવણી પ્રસંગે મ્હારી તો મ્હારા પ્રત્યેક દેશબાંધવોને એ વિનંતી છે કે મહાત્માજીનો આ પ્રયોગ સફળ કરવા માટે કોઇપણ જાતનો આત્મભોગ આપવા તત્પર રહેવું જોઇએ કેમકે માત્ર હીન્દનીજ નહીં પણ સારાયે જગતની સાચી સ્વતંત્રતાનો આધાર આ પ્રયોગની સફળતા ઉપર અવલંબે છે.

('જન્મભૂમિ' સુ. મ. અંકમાંથી).

# સમાચાર—સાર.

## લેડી કીકાભાઇ પ્રેમચંદ પાઠશાળા.

પુનાની પાઠશાળા લાંબા વખતથી પુનાના શ્રી સંઘ તરફથી ચલાવવામાં આવતી હતી. તેના વિકાસ માટે સર કીકાભાઇ પ્રેમચંદે પંદર હજાર રૂપીયાની મદદ કરી છે. સંસ્થાનું નામ જૈન શિક્ષણ પ્રચારક મંડળ રાખવામાં આવ્યું છે. પાઠશાળાનું નામ લેડી કીકાભાઈ પ્રેમચંદ પાઠશાળા આપવામાં આવ્યું છે.

## છબી ખુલ્લી મુકી

પુનામાં શ્રી. આત્માનંદ જૈન લાયબ્રેરીના સંસ્થાપક આચાર્ય શ્રી. વિજયવલ્લભસૂરિજીની છબી તા. ૮ મીએ. ખુલ્લી મુકવામાં આવી હતી. તે પ્રસંગે શ્રી પોપટલાલ શાહ વગેરેએ સમયોચિત વિવેચનો કર્યાં હતા.

## સેવાના સન્માન

કરાંચી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક પાઠશાળા તરફથી રા. રા. મણીલાલ મગનલાલ શાહને માનપત્ર આપવા માટે એક મેળાવડો શેઠ વાઘજી ગુલાબચંદના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. તે પ્રસંગે રા. મણીલાલે પાઠશાળાની ઘણા વર્ષોથી કરેલ નિષ્કામ સેવાનાં વખાણ કરવામાં આવ્યાં હતાં.

## સખાવતો.

સર કીકાભાઇની વધુ સખાવત સુરતની સાર્વજનિક એજ્યુકેશન હસ્તકના સાયન્સ ઈન્સ્ટીટ્યુટ ખુલ્લુ મુકવાની ક્રિયા પ્રસંગે કોલેજની લાયબ્રેરીના મકાન માટે રૂા. ૫૦૦૦૦) ની સર કીકાભાઇએ આપવા જાહેર કરી હતી. તે લાયબ્રેરીને લેડી પ્રેમચંદનું નામ આપવામાં આવશે. પાટણમાં વિદ્યાદાન મર્હુમ શેઠ પુનમચંદ કપુરચંદ કોટાવાળાનાં પત્નિ શ્રીમતી હીરાલક્ષ્મીએ કોમર્સ કોલેજ માટે સારી રકમ વાપરવાની ઇચ્છા દર્શાવી છે.

## શેઠ કલ્યાણભાઇ લાલભાઇની નિમણુક.

નગર શેઠ કુટુંબના શેઠ કલ્યાણભાઈ લાલભાઈ જેઓ અમદાવાદ મ્યુનીસીપાલટીમાં પાંચ વરસ સુધી આસી; ઈજનેરનો હોદો ભોગવતા હતા તેઓની કાનપુર ઇમ્પ્રુવમેંટ ટ્રસ્ટમાં ઇજનેર તરીકે નીમણુંક થઇ છે, કાનપુર વિદાય થતી વખતે અમદાવાદ જૈન યુવક સંઘ તરફથી હારતોરા આપવામાં આવ્યાં હતા.

## એજ્યુકેશન બોર્ડ ધાર્મિક પરિક્ષા.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હસ્તક ચાલતાં આ બોર્ડની ૨૮ મી ધાર્મિક હરીફાઈની ૨૮ મી ઇનામી પરીક્ષા તા૦ ૨૯-૧૨-૩૫ ના રોજ હિંદભરનાં જૂદાં જૂદાં સેંટરોમાં બોર્ડના સ્થાપિત ધોરણો અનુસાર લેવાઇ છે. આ વર્ષ એકંદર ઉમેદવારો ૧૦૪૯ ની સંખ્યામાં હતા. મુંબઇમાં મજકુર પરીક્ષા શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના હૉલમાં લેવામાં આવી હતી.

## ફેડરેશન ઑફ ઇન્ટરનેશનલ ફેલોશિપ્સ.

આ મંડળની કાઉન્સીલની એક બેઠક પ્રથમના અંકમાં જણાવવામાં આવ્યા મુજબ વર્ધા ખાતે તા૦ ૨૭ મીએ મળેલ હતી જેમાં શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સના પ્રતિનિધિ તરિકે મહારાષ્ટ્ર વિભાગના પ્રાંતીય મંત્રી શ્રી. બાલચંદ હીરાચંદ માંગરોળવાળાનીમજકુર બેઠકમાં હાજરી આપવા માટે નિયુક્તિ કરવામાં આવી હતી.

## સભાસદોને વિજ્ઞપ્તિ.

આ કૉન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટીના સભાસદોને વિનંતિ કરવામાં આવે છે કે ચાલુ એટલે ૧૯૯૨ ના વર્ષનો પોતાનો સુકૃત ભંડાર ફંડનો ફાળો સત્વરે સંસ્થાની ઑફિસમાં મોકલી આપવા પ્રબંધ કરવો. આ બાબત જૂદા પત્રો લખાયા છે અને આથી તે બાબત યાદ આપવામાં આવે છે.

(અનુસંધાન માટે પાનું ૫ મું જુઓ)

## મહાસભાનો સુવર્ણ મહોત્સવ

તા૦ ૨૮ મી ડિસેંબર ૧૮૮૫ એ હિંદી રાષ્ટ્રીય મહાસભાના જન્મદિનને પચાશ વર્ષનાં વહાણાં વાયા બાદ સુવર્ણ મહોત્સવનો પ્રસંગ ગત તા૦ ૨૮ મી ડિસેંબર ૧૯૩૫ ના રોજ હિંદભરમાં ઠેરઠેર ઘણા ઉત્સાહભેર ઉજવાયો છે. તે મહાસભાની જવલંત કારકીર્દિનો એક અનેખો પ્રસંગ હિંદને પ્રાપ્ત થયો એ ગૌરવના પ્રસંગે જૈન જનતા પણ પોતાનો ફાળો આપવામાં પછાત રહે નહિં એ સ્વાભાવિક છે. જૈનોએ યથાશક્ય દરેક સ્થળે આ પ્રસંગમાં સામેલગીરી દાખવી મહાસભાનાં કાર્યને પોતાનો હાર્દિક ટેકો આપી પોતાની ફરજ બજાવી છે. અમો પણ આ પ્રસંગે ઇચ્છીએ છીએ કે મહાસભા એ હિંદી જનતાની પ્રાણસમી અને પ્રાણવાન્ સંસ્થા છે તે હિંદની દિન પરદીન પ્રગતિ સાધવામાં સફળ નિવડે. આ પ્રસંગે હિંદી નેતાઓ અને સૈનિકો જેઓએ મહાસભાને કીર્તિના ઉન્નત ધોરણે સ્થાપવા તનતોડ શ્રમ સેવ્યો છે તેમને પણ અમારા અભિનંદન આપતાં દેશની એકની એક પ્રાણવાન મહાસંસ્થાની વિશેષ સેવા કરવા ભાગ્યશાળી નિવડે એમ ઇચ્છીએ.

(છઠ્ઠા પાનાનું ચાલુ)

રણમાં જઈ સુકાઇ જતાં જળની માફક કોઇને પણ ઉપયોગમાં નહિ આવતાં નિરર્થક વ્યતીત થઈ જાય છે. આ સ્થળે ઘણા દાખલાઓ આપી શકાય તેમ છે, પણ તે નહિ આપતાં એટલું કહેવું બસ છે કે આવા લેખકો જો એવા મિથ્યા પ્રલાપોમાં અને પરસ્પરના ઘર્ષણમાં પોતાની અમોઘ લેખિનીનો દુરૂપયોગ ન કરતાં જનસમાજના કલ્યાણના માર્ગે, ભાવિ જનતાની પ્રગતિના પંથે એ વિચારોનો સુધાસીત પ્રવાહ વાળે તો અનેક તૃષાતુર વ્યક્તિઓ એનો લાભ ઉઠાવી શકે, અને જૈનજનતા જે કલુષિત વાતાવરણમાં ગરક થતી રહી છે, તેનો ઉદ્ધાર થઇ શકે એ નિસંશય છે, માટે ટુંકામાં કલમ જે એક નિર્જીવ પણ પ્રબળ પ્રતિભાશાળી વસ્તુ છે, તેને કલુષિત માર્ગે નહિ વાળતાં જો તેના બાહોશ સૂત્રધારો પ્રગતિના પંથ તરફ વાળે તો અવશ્ય જૈન સમાજને જેની જરૂર છે તે સહેજે પ્રાપ્ત કરી શકે. **મ. હી. લાલન.**

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ ધી કિશોર પ્રિન્ટરી, ૧૩૦ મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ માટે ૧૪૯, શરાફ બજાર મુંબઇ, ૨ માંથી પ્રગટ કર્યું છે. તા૦ ૩-૧-૩૬.

તારનું સરનામું—'હિંદસંઘ'–'HINDSANGHA' REGD. NO. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

卐

# THE JAIN YUGA.

[શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી—જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીયા બે. છુટક નકલ: દોઢ આનો.

| | | |
|---|---|---|
| વર્ષ: જુનું ૯ મું / નવું ૪ થું | તારીખ ૧૫ મી જાન્યુઆરી ૧૯૩૬. | અંક ૧૮ |


## સંયમ.......માં.......સંસ્કૃતિ,

સંયમ એ સંસ્કૃતિનું મૂળ છે. નબળાઇ, વિલાસિતા અથવા અનુકરણના વાતાવરણમાં કોઈ કાળે સંસ્કૃતિનો ઉદ્ભવ થતો નથી, અને વિકાસ પણ થતો નથી. પચીસ વર્ષ સુધી દૃઢ બ્રહ્મચર્ય રાખનારની પ્રજા જેમ સુદૃઢ હોય છે, તેમ સંયમને અંગે નિર્માણ થયેલી સંસ્કૃતિ પ્રભાવશાળી અને દીર્ઘજીવી હોય છે.

ઋષિઓએ તપ અને બ્રહ્મચર્યદ્વારા મૃત્યુ ઉપર વિજય મેળવી એક અમર સંસ્કૃતિને જન્મ આપ્યો, બુદ્ધકાલિન ભિક્ષુઓની યોજનાઓની તપશ્ચર્યાને પરિણામે અશોકના સામ્રાજ્યનો અને આર્ય સંસ્કૃતિનો વિસ્તાર થવા પામ્યો. શંકરાચાર્યની તપશ્ચર્યાથી હિન્દુ ધર્મનું સંસ્કરણ થયું. શ્રી મહાવીરસ્વામીના તપ વડેજ અહિંસા ધર્મ ફેલાયો સાદું અને સયમી જીવન ગાળીનેજ શીખ ગુરૂઓએ પંજાબમાં જાગૃતિ આણી. ત્યાગના નિશાન–નીચેજ સાદા મરાઠાઓએ સ્વરાજ્ય સ્થાપ્યું. બંગાળાના ચૈતન્ય મહાપ્રભુ મુખશુદ્ધિને માટે વધારાની હરડે પણ રાખતા નહિ, તેમાંથીજ બંગાળાની વૈષ્ણવ સંસ્કૃતિ વિકાસ પામી. સંયમમાંજ નવી સંસ્કૃતિઓ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય છે. સાહિત્ય, સ્થાપત્ય, સંગીત, કળા અને વિવિધ ધર્મવિધિઓ સંયમની પાછળ આવે છે. સંયમ પ્રથમ તો કર્કશ અને નીરસ લાગે છે. પણ તેમાંથીજ સંસ્કૃતિનાં મધુર ફળો આપણને મળે છે.

જેઓ કળા તરફ પક્ષપાત બતાવી સંયમને ઉતારી પાડવા માગે છે તેઓ સંસ્કૃતિના જડ ઉપરજ કુહાડી મારે છે.

—['નવજીવન' ૭-૧-૨૩ માંથી ઉધ્ધૃત.]

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે, પણ જેમ પૃથક પૃથક સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક પૃથક દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.
તા. ૧૫-૧-૩૬ બુધવાર.

# કૉન્ફરન્સનું ગૌરવ ક્યારે?

મુંબઇ શહેરના માધવબાગમાં ભરાયેલાં કોન્ફરન્સના ૧૪ માં અધિવેશન પછી આજે લગભગ બે વર્ષનાં વહાણાં વાઇ ગયાં છે. એ યાદગાર દિવસો દરમ્યાન વાતાવરણ એટલું બધું ઉત્સાહિત લાગતું હતું કે જરૂર હવે પછીના સમયમાં કોન્ફરન્સ અધિવેશનાદિમાં નિયમિતતા જાળવશે. અને ઘડવામાં આવેલા નવા બંધારણને અને પસાર કરવામાં આવેલા ઠરાવોને અંગે એમ પણ માલુમ પડતું હતું કે ઘણાજ ટુંકા સમયમાં કોન્ફરન્સ અનેકવિધ કાર્યો કરવાના હાથ ધરશે અને તેના સુકાનીઓ અને કમિટિના મેમ્બરો તેને ગતિ આપવા પોતાનો ત્રિવિધ ભોગ આપ્યા કરશે. પરંતુ આજે એ વર્ષોના ગાળા વિત્યા પછી સ્પષ્ટ દેખાવા લાગ્યું છે કે જે ઉત્સાહથી જે જે આશાઓ મંડપની વ્યાસપીઠ ઉપરથી વ્યક્ત કરવામાં આવી હતી, તે ઉત્સાહ અને તે આશાઓ જોઇએ તેના કરતાં બહુજ ઓછા પ્રમાણમાં ફળીભૂત થયાં હોય એમ માલુમ પડે છે. આ વસ્તુસ્થિતિ ઉત્પન્ન થવામાં મુખ્યત્વે બે કારણો દેખાય છે, એકતો કંઇક પ્રસંગની પ્રતિકૂળતા. અને બીજું કાર્યવાહકોની ઉપેક્ષાવૃત્તિ. શ્રીયુત રણછોડભાઇ જેવા બાહોશ અને ઉત્સાહી સેક્રેટરીને રાજીનામું આપવાની અનિવાર્ય ફરજ પડતાં બીજા સેક્રેટરી શ્રીયુત અમરતલાલભાઇના હાથ લગભગ ઢીલા પડી ગયા, અને જે ધીમી પણ સમયોચિત કંઇક પ્રગતિ કોન્ફરન્સ કરી રહી હતી તેમાં મોટું વિઘ્ન પડયું. અને એ આઘાતની અસર કાર્યવાહી ઉપર સ્પષ્ટ જણાવા લાગી. પરંતુ આ ઘટનાને જેટલો દોષ આપી શકાય તેના કરતાં તેનાં કાર્યવાહકો કોમના ઉત્સાહી અને કોમની દૃષ્ટિએ ગણાતા આગેવાનો વધારે દોષપાત્ર ગણી શકાય. કારણકે માધવબાગની વ્યાસપીઠ ઉપરથી મોટે સાદે ભાષણ કરનારાઓ કોન્ફરન્સ ઉપર વાણીદ્વારા વારી જનારાઓ, અને ઠરાવોની ગુંચવણીભરી ભાષાઓની ભૂલોમાં ભમનારાઓ ઘણાએ અધિવેશનના સમાપ્તિના બીજા દિવસથીજ ઘરને ખુણે ભરાઇ ગયેલા યાતો પોતાના ધંધાની ઠેકાણોમાં રોકાઇ ગયેલા હોય, કોન્ફરન્સ તરફ મીટ માંડવાની પણ પુરસદ ન ધરાવતા હોય તેવા નજર સમક્ષ તરી આવે છે. એટલુંજ નહિ પણ કાર્યવાહક સમિતિમાં ચુંટાવા માટે ધમપછાડા કરતા અને લાગવગે નામ લખાવી દેનારાઓમાંના કેટલાક તો એકાદ પણ મીટીંગમાં હાજર રહયા હોય કે નહિ તે શંકાસ્પદ છે. આ ઉપરથી અમો કોઇ ઉપર અંગત આક્ષેપ કરવા માગતા નથી પણ કોન્ફરન્સની ધીમી પ્રગતિને માટે જે અંગ વધુ જવાબદાર છે અને જે વહેલામાં વહેલી તકે સુધારણા માગે છે તે વસ્તુસ્થિતિનો નિર્દેશ કરવામાં આવે છે.

આ પરિસ્થિતિ હજુ અધુરી હોય તેમ કેટલાક કોન્ફરન્સના મુખ્ય સ્થંભ જેવા ગણાતા અને ભૂતકાળમાં માનવંતા હોદ્દાઓ ધરાવી ગયેલા આગેવાનોમાંના કોઇ કોઇ પોતાના અંગત વ્યવસાયને અંગે યાતો શારીરીક સ્થિતિને અંગે રાજીનામાઓ આપી છુટા થયા કરે છે, અને એ પણ કોન્ફરન્સની પ્રગતિમાં અંતરાયરૂપ છે.

આ સિવાય કોન્ફરન્સની પ્રગતિ ઉપર સતત પ્રહાર કરનાર અને તેની ઉન્નતિના માર્ગમાં હમેશાં કાંટા વેરનાર એક પક્ષ જે પોતાને શાસન પક્ષ તરીકે ઓળખાવે છે, તે તો હંમેશાં તેની પ્રગતિમાં સંપૂર્ણ વિઘ્ન નાખવા અને તેનો વિનાશ કરવા અહોનિશ ખડે પગે તૈયાર છે. એ બીના કોઇ પણ કાર્યવાહી–સમિતિ–સભ્ય ન જાણતો હોય એવું છેજ નહિ. આવા પક્ષ સામે કોન્ફરન્સ અત્યાર સુધી બહાદુરીપૂર્વક અને નિડરતાથી સામનો કરતી આવી છે, અને ખરી વસ્તુસ્થિતિને કાયમ જૈન જનતા સમક્ષ મૂકતી આવી છે. પરંતુ એ સ્થિતિમાં પણ જો આપણી કાર્યવાહી સુસ્ત પડી જાય અને ઉપેક્ષાવૃત્તિ જેવું માનસ ધારણ કરે તો જરૂર સામો પક્ષ સમય મળ્યે કુહાડી લઇ ઉભો થયા વિના રહે નહિ.

આ પ્રકારની અનેક પ્રતિકૂળતામાં હમણાં હમણાં 'સાંજ વર્તમાન'ના 'વીસમી સદી'એ અને 'મુંબઇ સમાચાર'ના 'જૈન ચર્ચા'ના લેખક 'જૈન' પણ એ રીતે પોતાની કલમોનો ઉપયોગ કરવા માંડયો છે કે જે કોન્ફરન્સનું હિત કરતાં નુકશાન વધુ કરી નાંખે એ સંભવિત છે.

ટુંકામાં આ બધાં પ્રતિકૂળ સંજોગોનો સામના કરવા માટે કોન્ફરન્સે કમર કસવી જોઇએ, અને જે જે જગ્યાઓ ખાલી પડેલી હોય તે ઉત્સાહી અને ખંતીલા કાર્ય કરનારાઓથી તાબડતોબ ભરી દઇ મજબુત કાર્યવાહી સમિતિ વહેલામાં વહેલી તકે તૈયાર કરવાની અનિવાર્ય જરૂરીઆત છે કે જેથી હરેક પ્રસંગે કોન્ફરન્સ પોતાનું ગૌરવ સાચવી આગળ વધી શકે.

# નોંધ અને ચર્ચા

## ઐતિહાસિક પુરુષોને અન્યાય !

દિવસાનુદિવસ જૈનેતર લેખકો મારફતે આપણા જૈનોના મહાન્ અને સુપ્રસિદ્ધ ગણાતા તેમજ જેમના માટે ઈતિહાસ પણ શાખ પૂરે છે તેવા પ્રતાપી આત્માઓ માટે ગમે તેમ લખવાનો વાયુ વૃદ્ધિ પામતો ગયો છે, અને કેટલીક વાર તો એ વંટોળમાં ચક્રાવો લેતાં લેખકો જૈન દર્શનના જ્ઞાન વગર—જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્તો સમજ્યા વગર એ સંબંધમાં ઉલ્લેખ કરતાં એવો છબરડો વાળી દેતા દૃષ્ટિ-ગોચર થાય છે કે જેથી તેમની મૂર્ખાઇપર સહજ હસવું આવે છે!

આપણે એમ નજ કહી શકીએ કે લેખક બધીયે સાંપ્રદાયિક બાબતો સાચીજ માની લેવી જોઇએ. આપણે નજ કબુલાવી શકીએ કે પ્રત્યેક વ્યક્તિના સંબંધમાં મળી આવતાં રાસા—પ્રબંધ કે ચરિત્રોમાં જે કંઇ વર્ણન આલેખાયેલા છે એ બધા સો ટચના સુવર્ણ સમ ટંકશાળી છે. જરૂર કેટલાકમાં કવી કે લેખકની કલ્પનાના રંગોની પૂરવણીથી અતિશયતા આવી હશે. અવશ્ય થોડામાં, સાપ્રદાવિકતા નાંછાંટણા છંટાયા હશે. આમ છતાં એટલું તો છાતી ઠોકી જાહેર કરીએ કે મોટા ભાગના લેખકો વા કવીઓ સંસારના વિલાસોને ઠોકરે મારી ત્યાગ જીવનના મનોરમ પ્રદેશમાં વિચરનાર પથિક હોવાથી તેમને કેવળ કલ્પનાના તરંગોપર વિહરવાનું કે ગમે તેવા મરીમસાલા ભરવાનું પ્રયોજન નહોતુંજ. તેમનો ઉદ્દેશ તો જન કલ્યાણનો હતોજ. તેથી સહજ અનુમાની શકાય કે દેશકાળની પરિસ્થિતિને અનુલક્ષી જનતાને રૂચે તેવી શૈલીમાં સ્વકૃતિઓને સાજ સજાવ્યો હોય એ સંભવિત છે, પણ તે સત્યનું ખૂન કરીને તો નહિંજ. અસત્ય સામે જેમણે મોરચો માર્યો છે, એવા તેઓ શા કારણે જુઠા ચિતાર રજુ કરે? તેમને કોઇ જાતનો અંગત સ્વાર્થ પણ નહોતો કે જેથી તેમના પ્રતિ શંકા ધરી શકાય?

આમ છતાં સાક્ષરી સૃષ્ટિમાં જેઓ આગળ પડતું સ્થાન ધરાવે છે એવા જ્યારે ઉકત પ્રકારના પુરુષોદ્ધારા આલેખાયલા બનાવો માટે ઉલ્ટાસુલ્ટુ ચીતરે કિંવા તેમના માટે મનગમતીરીતે પોતાની કલમને નાચ નચાવે ત્યારે સખેદ કહેવું પડે કે કેવળ તેઓ અસૂયાથી પ્રેરાઇ તેમ કરી રહ્યા છે! એથી ઇતિહાસનું ખૂન થાય છે એ જોવા જેટલા પણ તેમના ચક્ષુઓ સમર્થ નથી. અર્થાત્ ઘેનપુરિત છે! એ તો પ્રચલીત કાનુન છે કે જે દર્શન કિંવા તેના તત્વોપર લખવું હોય તેનો અભ્યાસ તે પૂર્વે જરૂરી છે. એ વિના થતું આલેખન હાસ્યાસ્પદ બનાવે છે. એટલુંજ નહિં પણ લખનારને મૂર્ખતાનો ચંદ્રક પ્રાપ્ત કરાવે છે!

આમ છતાં બધા કાંઇ અભ્યાસ વગર લખે છે એમ ન કહેવાય! કેટલાક સાક્ષરો એ સાચી વસ્તુ જાણ્યા છતાં માત્ર જૈનો સામે ઇરાદાપૂર્વક, ઇર્ષારૂપી ડાકિનીની પ્રેરણાથી પ્રેરિત થઇ સ્વચ્છંદતાથી થુંક ઉરાડે છે;અને કલમને છુટી મૂકી દે છે! જો કે અમો માનીએ છીએ કે આ પ્રકારના બાલિશ પ્રયાસોથી સાચને આંચ આવતી નથીજ. આમ છતાં ઉગતી પ્રજામાં જે જાતના માઠા સંસ્કારના બીજારોપણ થાય છે તથા એ રીતે જે કોમી ભાવ જન્મે છે અને પરસ્પરના છિદ્ર નિરીક્ષણની વૃત્તિ ઉદ્ભવે છે એ કોઇ રીતે ચલાવી લેવા જેવી નથી. એથી એ સામે યોગ્ય ઉપાયો લેવા જોઇએ. જે સમાજ પોતાના પૂર્વજોપર થતા ખોટા આક્ષેપો સામે કમર નથી કસી શકતો તે સમાજ જીવવા યોગ્ય નથી. માટે જૈનોએ જાગ્રત થવાની જરૂર છે. અભ્યાસીઓને—લેખકોને આ સંબંધમાં પ્રયત્નશીલ થવા આગ્રહભરી વિનંતી છે. જો કે જૈનેતર લેખકોના મનગમતા પ્રલાપો સામે—સ્વછંદી લખાણો સામે પૂર્વે છુટાછવાયા પ્રયાસો સામા લેખો લખી કરવામાં આવ્યા છે પણ હવે તેને સુવ્યવસ્થિત કરવાની જરૂર છે. એ માટે કોન્ફરન્સે એક અલગ સમિતિ નિમવી ઘટે છે- એ સમિતિનું મુખ્ય કાર્ય જૈનેતરો તરફથી થતાં ખોટા લખાણો સામે સત્ય પરિસ્થિતિ રજુ કરવાનું હોય. એ માટે જરૂર પડયે કાયદાનું શરણ લેવું પડે તો તે લેવાની તૈયારી પણ હોવી ઘટેજ. વિશેષમાં એ જાતના સર્જન પરત્વે જૈન સમાજનો રોષ કેવો પ્રબળ છે એ અમદાવાદમાં હવે પછી ભરાનાર સાંહિત્ય પરિષદ્માં પહોંચાડવાની જરૂર છે. જ્યાંલગી આપણે જાગ્રત નહીં થઇએ ત્યાંલગી ઉપર વર્ણવેલી સ્થિતિ ચાલુ રહેવાનીજ. એ તો કહેવત છે કે 'બળિયાના બે ભાગ અથવા તો ગરિબકી જોરૂ સબકી ભાભી' માટે પ્રત્યેક જનનું આ તરફ લક્ષ ખેંચવામાં આવે છે કે યથા શકિત આ કાર્યમાં ફાળો આપે. પોતાના વાંચવામાં આવેલ હકીકતો કોન્ફરન્સની ઓફિસે લખી મોકલે; અને લેખ લખવાની શક્તિ હોય તો એ માટે અભ્યાસપૂર્ણ લેખો તૈયાર કરી મોકલે. લખાણમાં અંગત ટીકાને જરાપણ સ્પર્શ ન કરે.

## વાદવિવાદ કે માન્યતાની ખેંચતાણ?

પૂર્વકાળે વાદવિવાદ થતા અને એમાંથી યથાર્થ સાર પણ નિકળતો એ કાળે મધ્યસ્થ પુરુષો હતા. સત્યાસત્યનું તોલન કરનાર શ્રોતાગણ હતો અને વાદી—પ્રતિવાદીમાં પ્રમાણ પુરસ્સર ન્યાયને અનુસરી વાદ કરવાની જેમ શક્તિ હતી તેમ એનો આખરી નિર્ણય પાલન કરવાની વૃત્તિ પણ હતી. આજના જેવી મ્હારા ત્હારાની ખેંચતાણ ન હતી તેમ આજના જેવો દ્રષ્ટિરાગી ગાડરીયા વૃત્તિનો અનુયાયી વર્ગ પણ ન હતો. એ કાળે પરિક્ષક વૃત્તિ સતેજ હતી. આજે તો વાદવિવાદને સ્થાને હું કહુ તે સાચું એ જાતની ભાવના પ્રવર્તે છે તેથી પોતાનો કક્કો ખરો કરવા આગળ પાડો ને

(વધુ માટે જુઓ પાનું છઠું)

# ☆ પત્ર - પેટી. ☆

આ કોલમ નીચે પ્રકટ થતા પત્રો સાથે તંત્રી સહમત છે એમ માનવા કોઇએ ભૂલ ન કરવી—**તંત્રી**

## કૉન્ફરન્સની વ્યવસ્થાપક સમિતિને એક સૂચના.

——:•:——

આપણી કોન્ફરન્સમાં બે રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓ નીમવાની પ્રથા છે અને તેમાંથી એક જગ્યા હાલ ખાલી પડેલ હોઇ. આપણે અત્યારે કેવા રે. જ. ની જરૂર છે તે માટેનું મારૂ મંતવ્ય અત્રે રજુ કરું છું, અને વ્યવસ્થાપક સમિતિના સભાસદો આ બીના લક્ષમાં રાખશેજ તેવી આશા રાખું છું.

મારૂ સૂચન પૂર્ણ નિઃસ્વાર્થ ભાવથી પ્રેરાએલ હોઇ. કોઇ અમુક વ્યક્તિ માટે કશું કહેવાનું નથીજ, પરંતુ કોન્ફરન્સ જૈન સમાજમાં જે અગ્રસ્થાન ભોગવે છે તે જોતાં, તેમની પ્રવૃત્તિઓમાં જે જોમ અને માર્ગદર્શકપણું જોઇએ, અને જે નેતૃત્વની સમાજ તેની પાસે આશા રાખી શકે તે લક્ષમાં રાખતાં આપણી પાસે એક ઉત્સાહી સેક્રેટરી છે, તેવીજ વ્યવસ્થા શક્તિ અને જોમ (Driving force) વાળા રે. જ. સેક્રેટરીની જરૂર છે. આપણે પશ્ચિમનો ઇતિહાસ વાંચી તે દેશોના નેતાઓના જીવન જોઇએ તો તેઓ શ્રીમંતાઇથી આગળ આવી શકયા છે તેમ નથી, પરંતુ વિદ્વતા અને કાર્ય-શક્તિએ તેમને પ્રેરણાના ઝરા બનાવ્યા છે. શ્રીમંતાઇ એ અમુક જરૂરી વસ્તુ છે, પરંતુ સમાજે ગુણપારખુ બની શ્રીમંત ન હોવા છતાં કાર્યશકિત અને ઉત્સાહી તેમજ સમયનો ભોગ આપી શકે તેવા, સમાજના સર્વમાન્ય વ્યક્તિને તે સ્થાને મૂકવાની આવશ્યકતા છે.

**માણેકલાલ એ. ભટેવરા**, બી. એ.

## જિન પ્રતિમા પ્રકરણ અને શ્રી સંતબાલજી.

——:•:——

વર્તમાનમાં ઘણા વખત થયા બન્ને સમાજમાં—દેરાવાસી અને સ્થાનકવાસીઓ એમ બન્નેમાં ઠીક પ્રમાણમાં શાન્તિ ચાલતી હતી. પરંતુ શ્રીમાન સંતબાલજીને તેવી સ્મશાન શાન્તિ ઠીક ન જણાવાથી લોંકાશાહના ચરિત્ર લેખનના નિમિત્તે પ્રતિમા પ્રકરણને ઉપાડયું જેના પરિણામે બન્ને સમાજમાં કાગળ કલમ અને શાહીનો છુટથી ઉપયોગ થઇ રહ્યા છે. આ નૂતન ક્રાન્તિનું માન શ્રી સંતબાલજીને ફાળે જાય છે. હમણાં હમણાં તો સામસામી ચેલેંજો અને પ્રતિ ચેલેંજોનો પણ રાફડો ફાટયો છે, અને પોતાની માની લીધેલી—સાચી કે ખોટી માન્યતાને—સ્વમંતવ્યને સિદ્ધ કરવા લાખ પ્રયત્નો થઇ રહ્યા છે. વાસ્તવિક સત્યની જો ઝંખના હોત તો કદાચ આ પરિસ્થિતિ ઉપસ્થિત ન થઇ હોત—ખેર.

શ્રી સંતબાલજી એક વસ્તુ વારંવાર કહી રહ્યા છે કે—"ધર્મના અંગ તરીકે મૂળ આગમોમાં મૂર્તિપૂજાનું વિધાન નથી." મારે અને તેમને આ વિષે લગભગ ત્રણ કલાક સુધી ચર્ચા થયેલી. દુર્ભાગ્યે તે અહેવાલ તેઓશ્રીની નામરજી હોવાથી પ્રસિદ્ધ થઇ શકતો નથી. પરંતુ તેમના કહેવાનો ભાવાર્થ તો એજ છે કે—"પ્રતિમા પૂજવીજ જોઇએ તેવું ફરમાન નથી, માટે જિન પ્રતિમા પૂજન જરૂરી નથી." પરંતુ આ સ્થાને જો તેઓશ્રી મધ્યસ્થ દૃષ્ટિથી કહેવાઇ ગયેલ બિનાઓ દ્રોપદી મહાસતિની કરેલી પૂજા, દેવતાઓની કરેલી પૂજા, અનેકોએ કરેલ જિન પ્રતિમા વંદન તેઓ જોઇ શકતે, પરંતુ પક્ષપાતના ચશ્મા જ્યાંસુધી હોય ત્યાંસુધી સત્યની વાસ્તવિક તમન્ના જાગતી નથીજ—સત્ય દર્શન થતું નથી. જો કે જિનાગમોના અભ્યાસીને સ્થાને સ્થાને જિનપૂજન વંદનના અધિકારો જોવા મળશે. તેમ છતાં વિધાનને—ફરમાનનો આગ્રહ રાખનાર શ્રીમાન સંતબાલજીને હું પુછું છું કે—મહાત્મન! આપ જે મુહપત્તિને સતત મુખપર બાંધી રાખો છો. તેનું વિધાન કૃપા કરીને બતાવશો ખરા કે? આપ વીશ વિહરમાન જિનને માનો છો તે વિહરમાન તિર્થંકરોનું વર્ણન કે નામ પણ તમારી માન્ય ગણાતી આગમ બત્રીશીમાં છે ખરૂં કે? આવી તો એક નહીં પણ અનેક બાબતો વગર વિધાને કરી રહ્યા છો અને જેના દૃષ્ટાંતો મોજુદ છે, જેના વિધાન છે તેવી અનેક બાબતોને અવગણી રહ્યા છો. આમાં સાચા મહાવીર શાસનની સંભાવના હોય ખરી કે?

ધર્મસ્થંભ પૂર્વાંચાર્યોની સાથે લોંકાશાહનો મુકાબલો કરવો તેજ અયુક્ત છે. ત્યાં પછી તમો સર્વથી શ્રેષ્ટ લોંકાશાહ હતા એમ મનાવવા પ્રયત્ન કરો તેને સુજ્ઞ અને વિવેકી જનો કેમ કરીને કબુલે? જેણે અનેકાંત દર્શનને એકાંત બનાવ્યું, જેણે જ્ઞાનની સામે કીલ્લેબંદી કરી એવા તો અનેક અનર્થો ઉપજાવનાર ગૃહસ્થ આપનાજ ગુરૂ, ધર્મપ્રાણ અને કદાચ સર્વ કાંઈ હોઇ શકે. સમજુ જનોના નહીં. આપના ધર્મપ્રાણની પ્રશંસા કરીનેજ જો આપ અટકયા હોત તો તે વિષે લખવાની કોઇને નહોતી પડી. પરંતું આપે તો આગળ વધીને કલમદ્વારા કહેવાતી ક્રાંતીની ચીનગારીઓ ફેલાવી. પછી કદાચ આઘાત—પ્રત્યાઘાતના નિયમાનુસાર કોઇ કડવા સત્યનો પ્રત્યૂત્તર વાળે તો એમાં તે અયોગ્ય તો નથીજ કરતા.

હજુ પણ આપ સમજો અને થયેલ ભૂલને સુધારો એમ ઇચ્છું છું. **રાજપાલ મ. વ્હોરાનું** વંદન.

( પાંચમાં પાનાનું ચાલુ )

આપણો ધન પ્રવાહ આ દિશામાં વાળવાની વિશેષ જરૂર છે. સમયના વ્હેણને પારખવું શાણા લોકનો ગુણ છે. આજે જે બીન ફળદાયી ક્ષેત્રોમાં ધનનો વિશેષ ઉપયોગ કરીએ છીએ તેથી સામાજીક ઉન્નતિ અમને દૂર જતી લાગે છે. આપણા વિશ્વ વિદ્યાલયો, આપણી અન્ય શિક્ષણ સંસ્થાઓ અને તેના સંચાલકો, તાજેતરમાં ઇંગ્લાંડના બોર્ડ ઓફ એજ્યુકેશને આ પરત્વે આવકારદાયક પગલું લીધું છે તે લક્ષમાં લઇ અર્વાચીન શિક્ષણ દિશા બદલવા કટીબંધ થવું જોઇએ તે આવસ્યક છે એટલુંજ નહિ પણ જો તેઓ વખતસર જાગૃત નહિ થશે તો આપણા સામાજીક પશ્નો વધારે ગંભીર બનશે. (ક્રોનિકલ પરથી સુચિત) **માણેકલાલ એ. ભટેવરા.**

# જૈન સમાજની સંસ્થાઓ.

—:૦:—

આપણે આપણી જૈન સમાજ તરફ દષ્ટિ કરીશું તો જણાશે કે અગાઉ થોડા ટાઇમ પૂર્વે નાની નાની વીમા કુાં૦ ઓ (સોસાયટી) નીકળી પડી હતી, અને જેને પરપોટા કુાં૦ તરીકે આપણા એક દેશનેતાએ ઓળખાવી હતી. તેવીજ રીતે આપણા સમાજની સંસ્થાઓની સ્થિતિ છે. કારણ કે આજે એટલી બધી નવીન સંસ્થાઓ ઉભી થઇ છે અને થાય છે. આનું કારણ જોશો તો કુસંપજ છે. સંસ્થાઓ સ્થાપીને ઘણા હા હો કરે છે, અને મોટે ભાગે તે સંસ્થાદ્વારા દુરૂપયોગ કરે છે. કદાચ નવીન સ્થાપવાનો ટાઇમ આવે પણ તેનો ઉદ્દેશ ઉત્તમ હોવો જોઇએ અને જુની મહાન સંસ્થાઓ જે હોય તેની સાથે રહીને કામ કરવું જોઇએ. કદાચ અમુક બાબતોમાં મતભેદ હોય પરંતુ બીજા દરેક કાર્યો તે સંસ્થાથી અલગ કરવાં તે યોગ્ય નથી. આપણી જુદી સંસ્થાઓ તરફ નજર નાંખીશું તો જણાશે કે, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, તેમજ જૈન એસોસીએશન ઑફ ઇન્ડીયા આ ત્રણ સંસ્થાઓ ખાસ નજરે પડે છે. કદાચ કોઇ બીજી જુજ સંસ્થા હશે તો ઠીક—નહીં તો મારા ધ્યાન મુજબ ચાલુ દશ વરસની અંદર તો એટલી બધી સંસ્થાઓ જૈન સમાજમાં વધી પડી છે કે કોઈ ટાઇમે આપણા જૈન સમાજ ઉપર બીજી સમાજવાળાને કામ હોય છે તો તે કઇ સંસ્થાને પુછાવવું તે વિચાર થઇ પડે છે, પરંતુ જે ખાસ જાણે છે તે તો ઉપરની જણાવેલી ત્રણે સંસ્થાઓને પુછે છે. હવે નવી સંસ્થાઓમાં શ્રી યંગમેન્સ જૈન સોસાયટી, શ્રી દેશવીરતિ ધર્મ આરાધક સમાજ તેમજ શ્રી જૈન યુવક સંઘ આદિ બીજી પણ સંસ્થાઓ ઉભી થઇ છે. કદાચ માનો કે તેનું ધ્યેય જુદું હશે અને તે અંગે સંસ્થાની સ્થાપના કરી હશે, પરંતુ મારા ધારવા મુજબ તો તેમાંથી ઘણાં ઘણાં કલેશો ઉત્પન્ન થાય છે. કોન્ફરન્સ કાંઇ કાર્ય કરે, પછી ભલે તે સારૂ હોય પણ જેને તેની સામેજ પડવું છે તે કાંઇ ને કાંઇ છીંદ્રો કાઢશે. પણ કહેવત છે કે **"જુનું તે સોનું"** કોન્ફરન્સ આટલા વરસોથી સુંદર કાર્ય કરતી હતી. પણ હમણાંજ દશજ વર્ષમાં ફેરફાર થઇ ગયો? પણ આ તો પોતાને મનગમતી વાત ના આવે અને કહે તેમ કોન્ફરન્સ ના કરે એટલે એકદમ તેનાથી છુટા થઇ જવું એ કોના ઘરની વાત? નવી સંસ્થાઓ સ્થાપન થવા બાદ જૈનોમાં કલેશ નથી વધ્યો? આજે જોશો તો એકજ ઘરમાં બે જુદા મત. એક સોસાયટીને માને તો બીજો સંઘને માને. આ જોશો તો એમજ ચોક્કસ સમજાશે કે આપણી અધોગતીનું ચિન્હ છે. તો સમાજને મારી નમ્ર વિનંતી છે કે એકત્ર થઇને કામ કરો અને જૈન સમાજનો ડંકો આખી દુનીયામાં બજાવો. વળી આપણા પુણ્યોદયે—પુજ્યપાદ આત્મારામજી મહારાજશ્રીની શતાબ્દિ ઉજવવાનો પ્રસંગ આવે છે તેને આપ સર્વ વધાવી લેજો. આપણો સમાજનો પુરેપુરો સાથ એ પાછળ આપો. પુજ્યપાદ દરેક ગુરૂદેવો તેમજ જૈન સંઘોને મારી છેલ્લી વિનંતી કે આપ દરેક શતાબ્દિને તન, મન, ધનથી સાથ આપો. શાસનદેવ—સરવેને સદ્બુદ્ધિ આપે.

સંઘ સેવક,
**વાડીલાલ જેઠાલાલ.**

# અર્વાચીન શિક્ષણ પદ્ધતિ બદલો.

—:૦:—

આપણા શિક્ષણ વિશારદોએ તાજેતરમાં જુદી જુદી યુનિવર્સિટીઓમાં કરેલ ભાષણો ગંભીર વિચારણા માગે છે. આજે શિક્ષણશાસ્ત્રીઓમાં શિક્ષણના ઉદ્દેશ પરત્વે મતભિન્નતા છે. એક પક્ષ કહે છે કે શિક્ષણનું કાર્ય ફક્ત સંસ્કૃતિ સિંચનજ હોઇ શકે. બીજો પક્ષ કહે છે કે ફક્ત સંસ્કૃતિ (Culture) પેટનો ખાડો નહિ પુરી શકે. હરિફાઇના જમાનામાં પ્રત્યેક વ્યકિતને ગુજરાનનો પ્રશ્ન કઠીન છે અને શિક્ષણ તે ન આપી શકે તો ઉગતી જનતાને તે પાછળ સમય અને ધનનો વ્યય કરવા દેવો તે સામાજીક અસંતોષની જવાળામાં ઘી હોમવા જેવું છે. શિક્ષણ જીવનમાં અર્થ પ્રાપ્તિ માટે ઉપયોગી નીવડવું જોઇએ, તેમ માનનાર પક્ષ આજે સબળ છે.

ઇંગ્લાંડ, અમેરીકા અને બીજા ન્હાના મોટા દેશોના શાસકોએ બેકારીના પ્રશ્નને તેમની શાસન પદ્ધતિમાં આટલું અગ્રસ્થાન આપ્યું છે તેનાં કારણો વિવિધ છે. પ્રત્યેક દેશ પોતાની પ્રજાને યોગ્ય પોષણ આપવા બંધાએલ છે. તે માનતાએ આજે કેટલાંયે વર્ષના પ્રયત્નો બાદ મૂર્ત સ્વરૂપ લીધું છે. રાજકીય અસ્થિરતા અને સામાજીક ક્રાંતિના ભયથી આજે પ્રત્યેક દેશ આ પ્રશ્ન પ્રત્યે પૂરી જવાબદારી સમજી, નવી નવી યોજનાઓ હાથ ધરી, અને નવા રાહ યોજી, રાજ્યની સંપતિનો સદુપયોગ કરી રહ્યા છે.

હિંદને માટે આ પ્રશ્ન તેટલોજ અગત્યનો છે, પરંતુ જનતાની અજ્ઞાનતા અને જાહેર મતને પુરતું વજન ન આપવાની શાસન પદ્ધતિ. આ બે કારણોને લઇ આ દિશામાં જે કાર્ય થવું જોઇએ તે થયું નથી. આ શિથિલતાના કારણે આજે આપણા યુવકોને ઘણીજ શોચનીય સ્થિતિમાં મુકાએલ દેખીએ છીએ. શિક્ષણ પાછળ ખરચાએલ બુદ્ધિ, ધન અને સમયના યોગ્ય બદલાની બીના બાજુએ મૂકતાં તેમને જીવનના આરંભમાં જે પ્રોત્સાહન મળવું જોઇએ તે નથી મળતું અને તે કારણે તેમનાં જીવનને એટલાં ખારાં બનાવી દે છે કે તેમની પાસે આપણે (સમાજ) જુદા જુદા ક્ષેત્રોમાં જે સેવાની આશા રાખીએ તે સેવા અર્પવાની તેઓ તક લઇ શકતા નથી.

એટલે ફરી ફરી આ પ્રશ્ન છણવાની આવશ્યકતા ઉભી થઇ છે. આપણી સામાજીક સંસ્થાઓ, આપણાં જાહેર ખાતાંઓ, આપણા શ્રીમંત વેપારી ભાઇઓ આ દિશામાં શું ફાળો આપી શકે તે જણાવવાની અમે ફરજ સમજીએ છીએ. સંસ્થાઓ વિદ્યાર્થીઓને વ્યવહારૂ વ્યાપારી શિક્ષણ લેવામાં વિશેષ ઉત્તેજન આપે અને વ્યાપારીઓ તેમને યોગ્ય રીતે માર્ગદર્શક બને તો આ પ્રશ્નનું કંઇક નિરાકરણ શક્ય છે. આજે

( વધુ માટે જુઓ પાનું ૪ થું )

( ત્રીજા પાનાનું ચાલુ )

મચડી નાંખતાં પણ વિલંબ નથી કરાતો. આહ્વાન ને ચેલેન્જો દિ ઉગ્યે છાપાના પાનાપર ફુટી નિકળે છે કિંવા હેંડબીલમાં જણાય છે પણ એમાં નથી તો યોગ્ય પદ્ધતિના આચરણ જણાતા કે નથી તો ઉભય પક્ષની શુદ્ધ બુદ્ધિના દર્શન થતાં! અલબત ચાર આની બાર આની જેવું તો ખરૂંજ! અને માત્ર સામાન્ય કક્ષાના સાધુઓમાંજ આવું બને છે એમ નથી. ધુરંધર ગણાતા અને આગમના પ્રખર અભ્યાસી મનાતા! અરે સકળ આગમ રહસ્યવેદીના બિરૂદ લઇને ફરનારા પણ આ જાતનુંજ વર્તણ કરતાં નજરે પડે છે!

વાદના વિષય તરફ જોતાં એની સૂક્ષ્મતા અને અગત્ય વિચારતાં કહેવું પડે કે આ ચર્ચાથી નથી તો જૈન શાસનને મોટો લાભ થવાનો કે નથી તો એ દ્વારા કોઇ મોટા સિદ્ધાંતમાં પરિવર્તન થવાનું! જૈન સમાજની દૃષ્ટિયે જેનું બહુ મહત્વ નથી અથવા તો જે વિષય અનેકવાર પૂર્વકાળે ચર્ચાઇ ચુકયો છે છતાં પક્ષ મોહ નથી મૂકાયો એના પુનઃ પુનઃ ચર્વીત ચર્વણથી શું લાભ થવાનો! એ કરતાં આજે ઘણી બીજી શમસ્યાઓ અણ–ઉકેલી પડી છે. દેશકાળ એનો ઉકેલ માંગે છે. જૈનેતર વર્ગને એમાં રસ જન્મ્યો છે. તો પછી આગમના અઠંગ અભ્યાસીઓ શ્રુત સાગરના પાર પામ્યાનો દાવો કરનારાઓ–અરે પદવીઓની રંગબેરંગી હારમાળાથી સ્વજીવન ધન્ય માનનારાઓ શા કારણે એ પ્રતિ દૃષ્ટિપાત નથી કરતા?

મુહપત્તિ બાંધવી કે ન બાંધવી? પ્રથમ કરેમિભંતે કહેવી કે વચમાં કહેવી? સંવત્સરી ચોથની કરવી કે પાંચમની? ત્રણ થોય કહેવી કે ચાર? અથવા તો નવસારનો ભવ, આગમમાં મૂર્તિ વિષે વિધાન, અધિક માસ નિર્ણય આદિ કેટલીયે બાબતો છે કે જે વિષે પૂર્વે ઘણું ઘણું લખાયેલું છે અને જેમાંથી ઉઘાડી આંખે જોનાર અને પક્ષાંધતાના વમળમાં ન ફસનાર, સાચો નિચોડ કહાડી શકે તેમ છે. એ સંબંધી હવે વધુ ઉહાપોહ અર્થ વગરના છે. જનતાને એનો આજે રસ પણ નથી રહયો. જ્યારે અહિંસા જેવા સિદ્ધાંતનો પ્રતિ દિનના જીવન સાથે મેળ કેવી રીતે મળે અર્થાત એ જીવનમાં કેમ ઉતારાય? અનેકાંત માર્ગના જ્ઞાનદ્વારા વર્તમાન ભિન્નતા કેમ દુર થાય? છુટા પડેલા અંકોડાને સાંધી, જૈન ધર્મના અખંગ ઇતિહાસ કેવી રીતે તૈયાર કરી શકાય? અને આજના સુસ્ત–શિથિલને અકર્મણ્ય સમાજમાં પુનઃ ચેતનના સિંચન-દ્વારા. ઉત્સાહ–ઉમંગ અને પૂર્વકાલિન તેજસ્વિતાના કિરણો કેવી રીતે પ્રસારી શકાય અને એ રીતે એક નવિન સમાજ દેશકાળને અનુરૂપ સર્જી શકાય એજ વિચારણીય પ્રશ્ન છે અને મહત્વના વિષયો છે. શક્તિનો વ્યય ત્યાં વિસ્તારવાની જરૂર છે બાકી હાલ છાપામાં જે જાતનો વાણી વિલાસ ને શક્તિનો હ્રાસ દૃષ્ટિગોચર થાય છે એથી હાથ ઉઠાવવાની જરૂર છે, કેમકે એનુ ફળ લાભને બદલે હાનિકર્તા અતિ ઘણું છે.

## લેખકો અને છાપાઓ.

ચાલુ કાળની દૃષ્ટિએ નિરખીએ તો સમાજ ઘડતરમાં જુદા જુદા દૃષ્ટિબિન્દુએ લખાતા લેખો અને એને પ્રગટ કરતાં છાપાઓ સારો ફાળો આપે છે. ઉગતી પ્રજાની જીજ્ઞાસા દિવસાનુદિવસ જાગ્રતને સતેજ બનવા લાગી છે અને એ જાતની ભૂખ ભાંગવાનું કાર્ય પત્રો સુંદર રીતે કરી શકે છે. તેથી એ સંબંધમાં એટલી વાત ભાર મૂકીને કહેવી પડે છે કે મત ભિન્નતા તો જરૂર રહેવાની, તેમ સમાજ ઘડતરના માર્ગોમાં ઉદ્દામતા–મધ્યમતાકે સામાન્યતા આદિ ભાવો પણ રહેવાના. એથી પરસ્પર એનાજ ખંડન–મંડન ચાલુ રહે તો જે જાતની રસજ્ઞતા જન્મી છે તે નષ્ટ થશે અને એક એવો સમય આવશે કે જે વેળા છાપા એટલે 'લડાવી મારનારા અને દ્વેષવૃદ્ધિ કરનારા સાધનો' એવી વ્યાખ્યા બંધાશે. આમ ન થવા દેવું હોય તો આજથીજ લેખક–પ્રકાશકોએ પોતાના દૃષ્ટિબિન્દુઓને અક્ષવલ પહોંચાડયા વગર ભાષાપર કાબુ રાખી રોચક શૈલીમાં સ્વમાન્યતાના દર્શન કરાવી એનું તોલન કરવાનો ભાર વાંચક વર્ગપર મેલી પરસ્પરના કટાક્ષોમાંથી કે પોતાની લખી વાત મારી મચડીને સાચી ઠરાવવાના બાલિશ પ્રયત્નોમાંથી હાથ ઉઠાવી લેવા જરૂરી છે. સ્વમાન્યતાના પુરાવામાં આગમ–ઇતિહાસના ઉલ્લેખ ટાંકવામાં કોઇ ના નજ પાડી શકે. પણ જ્યારે સીધી, સરળ વાતને કલ્પનાના તરંગોમાં વિંટાળી દઇ, સ્વછંદતાના સ્વાંગ સજાવી રજુ કરવામાં આવે અને સુજ્ઞ સમાજને જે વાંચતાં-ગ્લાનિ ઉપજે એવી ભાષાનો ભંડોળ ઠાલવવામાં આવે એ સામે આટલી લાલ બત્તી ધરવાની જરૂર છે. એટલું યાદ રાખવું કે તમતમતી વાણીથી કે સ્વછંદી કલ્પનાઓથી જેમ સમાજનો ઉદ્ધાર નથી થવાનો તેમ માત્ર ભૂતકાળની ભડકામણીઓથી કે વારેકવારે આમ થઇજ ન શકે–પૂર્વે આમ બન્યુંજ નહોતું એવા અવરોધો ઉભા કરવાથી પણ સમાજ એક ડગલું આગળ નથી વધવાનો. લાભાલાભની નજરે જોવાથી ને ગુણદોષના તોલન કરી માર્ગ ચીંધવાથીજ સમાજનું નાવ હંકારાય તો કંઇક માર્ગ કપાય. એમાં છાપા અને લેખો સારી મદદ દઇ શકે પણ તે ત્યારેજ કે આજની પ્રથાને સુધારી પ્રારંભમાં સુચવ્યો તેવો ભાવ સ્વીકારી ખંડન–મંડનને તિલાંજલી દઇ પોતપોતાના ધ્યેયપર રહી કુચકદમ ચાલુ રાખે.

## શુદ્ધ હૃદયનો એકરાર.

આર્ય સમાજના સુપ્રસિદ્ધ પંડીત શ્રી કર્માનંદજીએ જૈન ધર્મ સંબંધી વાંચનથી, એની પોતાપર પડેલી સચોટ છાપ અને એમાં રહેલ આત્મ સાક્ષાત્કાર સંબંધી એક નિવેદન શુદ્ધ હૃદયે પ્રગટ કરી જે નિડરતાપૂર્વક જૈન ધર્મની સેવા બજાવી છે તે સ્તુત્ય અને પ્રશંસનીય છે. તેમજ પોતે જૈન ધર્મનો ઇચ્છાપૂર્વક સ્વીકાર કર્યો તે માટે ધન્યવાદ ઘટે છે. એટલું સ્પષ્ટ છે કે જે જાતની ધર્મ પરિવર્તન કરાવવા માટેની કે જાત જાતના પ્રલોભનો દેખાડી અન્ય ધર્મીઓને

પોતાના ધર્મમાં આકર્ષવાની પદ્ધતિ વર્તમાનમાં કેટલાંક તરફથી ચાલુ છે એને અભિનંદવાપણું નજ હોય. બાકી સાચું સ્વરૂપ સમજતા, કોઇ પણ પ્રકારના દુન્યવી ફાયદાની આશા કિંવા લિપ્સા વગર કેવળ અંતરના નાદથી જે કોઇ વ્યક્તિ જૈન ધર્મનો સ્વીકાર કરે તેને જરૂર અભિનંદન ઘટે છે અને સમાજે એ પ્રતિ પોતાનો હાર્દિક સત્કાર દાખવી, તેવી વ્યક્તિઓને પોતાનામાં અપનાવી લેવાની, અને એ માટે ઉચિત પ્રબંધ કરવાની ખાસ આવશ્યકતા છે.

'સવી જીવ કરૂં શાસન રસી' એ ઉદાર ભાવના માત્ર વાવટાપર ન શોભાવતાં કે મુખેથી ન ઉચ્ચારતાં આચરણમાં ઉતારવાની અને સ્વયંપ્રેરણાથી જૈન ધર્મનો સ્વીકાર કરનાર વ્યક્તિઓને અપનાવી લેવાને તત્પર બનવાની જરૂર છે.

શ્રીયુત કર્માનંદજીને જૈન દર્શનનાં મૌલિક ગ્રંથોનો ઉંડો અભ્યાસ કરવાની તેમજ એદ્વારા શ્વેતાંબર દિગંબર સંપ્રદાયમાં જે કેટલીક ભિન્નતા પ્રવર્તે છે એનો સમન્વય કરી ઉભયને એક બીજાની નજીક લાવવાની વાંછા છે તો એ માટે જૈન સમાજને અને પૂજ્ય સાધુ ગણને અમારી વિનંતી છે કે જ્યારે પંડીતજીને સલાહ–સુચના કે અવલોકન અર્થે કોઇ ગ્રંથની જરૂર પડે ત્યારે તે સત્વર પહોંચાડવામાં આવે. એ ઉપરાંત જૈન સમાજનું એ વાત તરફ લક્ષ ખેંચીએ કે જો જૈન દર્શનના ઉદાર તત્વોનો–પરમાત્મા મહાવીરદેવના રહસ્ય-પૂર્ણ સંદેશને સરળ વાણીમાં–લોકભોગ્ય ભાષાઓમાં છુટથી પ્રચાર કરવામાં આવે તો પંડીતજી જેવા માત્ર ગણ્યાંગાંઠ્યાજ નહિ પણ સંખ્યાબંધ આત્માઓ જૈન ધર્મના સાચા સ્વરૂપથી માહિતગાર બને અને એમનાં હૃદય આપોઆપ એ પ્રતિ વળે. એ કંઇ જેવી તેવી પ્રભાવના નથીજ. એ તરફ ધનિકોએ અને વિદ્વાનોએ દૃષ્ટિ દોડાવવાની પળ આવી લાગી છે. જગતની વાંચન જીજ્ઞાસા વૃદ્ધિ પામતી જાય છે તો એ તકનો ઉપયોગ કરવો એ દીર્ઘદર્શિતાનું લક્ષણ છે.

## રાષ્ટ્રિય મહાસભા અને કોન્ફરન્સ.

ગત ડિસેમ્બર માસમાં આપણી કોંગ્રેસ યાને રાષ્ટ્રિય મહાસભાને પચાસ વર્ષ પુરા થયા એ નિમિત્તે એનો કનક મહોત્સવ ઉજવાયો. સારાયે ભારત વર્ષમાં–ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી વર્તમાન રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુનો સંદેશ વંચાયો અને ઠેર ઠેર સભાઓ–સરઘસો–રાષ્ટ્ર ધ્વજ-વંદન–પ્રદર્શન આદિ ક્રિયાઓથી જનસમાજમાં કોઇ અનેરી જાગ્રતિના પૂર ફરીવળ્યાં. કોંગ્રેસનો ઇતિહાસ કે જે માત્ર અંગ્રેજીમાંજ નહિં પણ, એ ઉપરાંત બંગાળી, હીંદી, મરાઠી અને ગુજરાતી લિપિમાં પણ પ્રગટ કરવામાં આવ્યો હતો. તેની નકલોનો એવો તો ઉપાડ થઇ ચુકયો કે આજે બીજી આવૃત્તિ કહાડવાની જરૂર પડે છે.

આ શું સુચવે છે? એથી એજ ફલિતાર્થ તારવી શકાય છે કે દેશ આજે કોંગ્રેસ પ્રત્યે અતિ માનથી જુવે છે અને રાષ્ટ્રિય આગેવાનોની હાકલને ઝીલવાને તૈયાર છે. પ્રજાનો આમવર્ગ રાષ્ટ્રિય મહાસભાની કાર્યવાહીથી સંપૂર્ણ-પણે માહિતગાર છે એમાં એને વિશ્વાસ છે એટલુંજ નહિં પણ એ સાથે એટલી પ્રતિતી પણ છે કે દેશનો ઉદ્ધાર એ સંસ્થાદ્વારાજ થશે. એ એકજ સંસ્થા છે કે જે પ્રજાના કલ્યાણ અર્થે સદા તત્પર રહે છે અને પ્રસંગ પ્રાપ્ત થતાં વિના વિલંબે પ્રજાનો અવાજ દર્શાવે છે.

પચાસ વર્ષ પૂર્વે જેના સ્થાપન કાળે મુંબઇના એકાદ ખૂણે આવેલ નાનકડા મકાનમાં હિંદના પુરા સો પુત્રો પણ ભેગા નહોતા મળ્યા: તે નાનકડી સંસ્થા આજના વિરાટ સ્વરૂપમાં કેવી રીતે પરિણમી! માત્ર સેંકડોજ નહિં પણ હજારો ને લાખોના સહકાર કેવી રીતે પામી! એ જાણવા સારૂં એના લાંબા ઇતિહાસમાં ઉતરવું રહ્યું. એને કંઇ અસ્તોદયના વાયરા ઓછા નથી વાયા! ભરતી–ઓટના વહેણમાં એ સંસ્થા કેટલીયે વાર અટવાઇ છે! આમ છતાં ધ્યેયની નિશ્ચિતતાથી અને એ પાછળ સતત મંડ્યા રહેનાર ભારત-માતાના પુત્રોથી ક્રમશ: એનો વિકાસ થતોજ રહ્યો છે. પ્રતિકુળતાના પ્રચંડ ઝંઝાવાતોમાં પણ તે પોતાનું સુકાન અચળ રાખી શકી છે અને એ માટેનો યશ–કુશળ,–દીર્ઘ-દર્શી અને ધ્યેયસિદ્ધિ પાછળ સર્વસ્વ ન્યોછાવર કરનાર સુકાનીઓના ફાળે જાય છે.

આટલા લંબાણથી એ માનિતી સંસ્થાનો ઇતિહાસ જોવાનું અત્રે પ્રયોજન એજ છે કે એને ઉદાહરણરૂપ રાખીને આપણી જૈન મહાસભા યાને કોન્ફરન્સનો ભૂતકાળ અવલોકીએ. એ પણ એક સંસ્થાજ છેને! કોંગ્રેસ અખિલ ભારત વર્ષની તેમ આ સારાયે શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજની. ઉભયના ઉદ્દેશમાં જો કે ભિન્નતા છે અને એ કારણે કાર્ય-ક્ષેત્ર પણ નિરાળાજ સંભવે. આમ છતાં ઘણી બાબતોમાં સામ્ય છે. માટેજ સરખામણીનો કાંટો હાથમાં પકડ્યો છે. એક વસ્તુ ઉભયમાં સરખી નયનપથમાં આવે છે તે એજ કે જન સમાજનું કે જૈન સમાજનું–કલ્યાણ કરવું અને એ નિમિત્તે યથાશક્ય સેવાનું સમર્પણ સમાજના ચરણે ધરવું. માટેજ આજે પ્રગતિના મધ્યાન્હે વિરાજતી, એ સંસ્થાનું અવલંબન ગ્રહી, એની પછી થોડા કાળે જેના પાયા નંખાયા છે અને એની માફક જેના બંધારણના અક્ષરો આલેખાયા છે એવી આપણી કોન્ફરન્સનો વિચાર કરીએ.

કોન્ફરન્સનો ઉષા કાળ જરૂર પ્રેરણાદાયી છે. એ પછીનો અરૂણોદય તંદ્રાને દૂર હડસેલી પ્રાંતઃકાળની તાજગીને પાથર-નાર છે. જો એ જાતનો ઉત્સાહ કાયમ રહ્યો હોત અને દક્ષ નાયકોના હાથમાં સુકાન જળવાયું હોત તો સુવર્ણ મહોત્સવ તો નહિં પણ રજત મહોત્સવ તો આજે આપણે જરૂર ઉજવ્યો હોત!

પણ એમ નથી બન્યું એટલે કોઇની પણ ભૂલ જોવા કરતાં એટલું સહજ અવધારી શકાય કે આપણું નાવ એક કરતાં વધુ પ્રસંગોમાં ઠોકરાયું હશે અને ખરાબે લાગી ગયું પણ હશે કે જેથી એમાંથી છુટવામાંજ તેનું ઘણું ખરૂં બળ ખર્ચાઇ જવાથી, અન્ય પ્રગતિ તો દૂર રહી પણ માંડ તે કાંઠે આવી શક્યું છે. કિનારો પ્રાપ્ત થયો એ કંઇ ઓછા હર્ષની વાત નથી. 'શીર સલામત તો પઘડીયા બહોત' એ ઉક્તિ અનુસાર ભુલ્યા ત્યાંથી ફરીથી ગણી આપણે નવી સફરના નકશા બરાબર ગણત્રીથી દોરીએ અને લગામ, કુશળ ને દીર્ઘદર્શી નાવિકોને સોંપીએ તો હજુ પણ બાજી હાથમાંજ

# ભારતવર્ષીય ઈન્ટરનેશનલ ફેલો-શીપનું ફેડરેશન, વર્ધા.

——:૦:——

આ સંમેલનની બેઠક વર્ધા ખાતે તા. ૨૭ મી ડીસેમ્બરથી ભરવામાં આવી હતી. તેમાં જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી પ્રતિનિધિ તરીકે હું ગયો હતો. ત્યાં કેવી જાતનું કામકાજ ચાલ્યું હતું તેનો અહેવાલ ટુંકામાં નીચે મુજબ છે.

આ ફેલોશીપ સંસ્થાનો મુળ ઉદ્દેશ એવો છે કે જગતના બધા માણસોએ બંધુભાવથી રહેવું. અને આ ઉદ્દેશને અનુસરી તેનું કામકાજ ચાલે છે. હિંદુસ્થાનમાં તેની ૨૦–૨૨ શાખાઓ છે. જનરલ સેક્રેટરી મી૦ એ. એ. પાલ મદ્રાસમાં રહે છે. આ સંસ્થાને જાહેર છાપાઓમાં વિશેષ પ્રસિદ્ધી આપવામાં આવતી નથી એવું સેક્રેટરીના ભાષણમાં કહેવામાં આવ્યું હતું. દરેક શાખામાંથી પ્રતિનિધીઓ આવ્યા હતા પણ તેમાં વિશેષ પ્રમાણ મદ્રાસ તરફના પ્રતિનિધીઓનું હતું અને તેમાં પણ ખ્રીસ્તી ધર્મના પ્રતિનિધીઓ વિશેષ હતા. રામકૃષ્ણ મિશનના એક સ્વામી અને હું જૈન કોન્ફરન્સ તરફથી એવા બેજ જણ બહારના પરોણાઓ હતા. મહાત્મા ગાંધીજી હાજર રહી શકે તેવા હેતુથી વર્ધામાં આ બેઠક બોલાવવામાં આવી હતી. પણ નાદુરસ્ત તબીયતને લીધે તેઓ હાજર થઇ શક્યા ન હતા.

મુંબઇવાળા પ્રો. વાડીઆ પ્રમુખ તરીકે બીરાજ્યા હતા. આ બેઠકમાં જે જે કામો હાથ ધરવામાં આવ્યા હતા અને જે ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા તેમાં મુખ્યત્વે કરી જુદા જુદા ધર્મની દ્રષ્ટિથી લડાઇથી કેવા પરિણામ આવે છે અને દરેક ધર્મની લડાઇ વિષે માન્યતા શું છે તે વિષય ચર્ચાયો હતો, અને તેમાં દરેક ધર્મવાળાએ ભાગ લીધો હતો, અને લડાઇની ભયંકરતાનું વર્ણન કરવામાં આવ્યું હતું. તેમજ કેટલાએક સારા પરિણામો પણ વર્ણવવામાં આવ્યા હતા. હિંદી એ રાષ્ટ્ર ભાષા ગણીને તેની ઉર્દુમાં પરશીયન શબ્દોની વિપુલતા અને હિંદીમાં સંસ્કૃત શબ્દોની વિપુલતા કરી હિંદની બે મોટી કોમો વચ્ચે ભેદ કરવામાં આવે છે અને હિંદુ મુસલમાનોમાં અથડામણ થાય છે તે વિષે સારી ચર્ચા ચાલી હતી. પીસ આર્મી એટલે શાંતિસેના સ્થાપન કરવાથી લાભ થાય કે કેમ અને આવી સેનાએ કેવા કાર્યો હાથ ધરવા અને ચાલુ યુદ્ધમાં આવી સેનાનો કાંઇ ઉપયોગ થઇ શકે કે કેમ તે બાબત મનોરંજક ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં ધાર્મિક ભાવના પેદા કરવામાં આવે તે વિષે ચર્ચા થઇ હતી. તેમાં ધર્મના આચારોને વ્યક્તિગત ગૌણતા આપી સામાન્ય ઉંચીભાવના ને ધર્મવૃત્તિને મુખ્યતા આપી હતી. ડો. આંબેડકરની ધર્માંતરની ઉદ્‌ઘોષણાથી ધર્માંતર ઇષ્ટ છે કે કેમ એ વિષય ઉપર ખુબ ખેંચતાણ થઇ હતી પણ ઠરાવ-નિર્ણય ઉપર આવ્યા ન હતા. હિંદુસ્થાન વિષે પરદેશમાં જે ગેરસમજુતીઓ ફેલાઇ છે તે દૂર કરવા પ્રયત્ન કરવામાં આવે વિગેરે વિષયો ચર્ચાયા હતા. રાષ્ટ્રિય ઐક્ય સાધવામા આવે એવા હેતુથી અનેક ઉપયોગી ચર્ચા કરવામાં આવી હતી. તેમજ જુદા જુદા ધર્મમાં એકતા શી રીતે સાંધવામાં આવે તેવા પ્રયત્ન કરવા માટે નિર્ણય થયો હતો. પ્રસંગાનુસાર બીજા પણ અનેક વિષયો ચર્ચાયા હતા.

બધા કામકાજમાં શાંતિ, વિષયની ગંભીરતા, સમજી કાળજીપૂર્વક કરેલા ભાષણો, મતભેદોમાં રાખવામાં આવતી ધીરજ અને શાંતિ જોતાં ખરેખર ઘણું સમાધાન થતું હતું. પણ કામકાજનો વેગ ઘણો ધીમો હતો, અને થોડા કામને પણ ઘણો વખત લાગતો હતો. પ્રતિનિધીઓ બધા મળી ૪૦–૪૨ હતા તેથી બધાઓ સાથેજ રહે, સાથેજ જમે અને બધા કામકાજમાં સાથેજ અને એકી વખતે ભાગ લે, સાથેજ પ્રાર્થના કરે અને સાથેજ ફરવા પણ જાય એવી ઐક્યતા ઘણીજ મનોરંજક અને સ્નેહ સંવર્ધક લાગતી.

આ સંસ્થાના જુદા જુદા રિપોર્ટો જોતા અનેક વિદ્વાનો તરફથી જુદા જુદા વિષયો ઉપર કરવામાં આવેલ ભાષણો, મેળાવડાઓ, ચાપાર્ટીઓ વિગેરેને મહત્વ હતું. પ્રત્યક્ષ સ્થાઇ કામકાજ થોડાજ રિપોર્ટોમાં જોવામાં આવતું હતું. અંગ્રેજ સ્ત્રી પુરૂષો પણ ગાદી તકીયાની બેઠકપર સુખેથી બેઠક લેતા હતા. તેમજ ભોજન પણ હિંદુ પદ્ધતીનું એટલે રોટલી, દાળ, ભાત, શાકનું ખુશીથી લેતા હતા એ જોઇ તેમની વૃત્તિનું ભાન થતું હતું. ઘણાએક બંધુઓ કેટલીએક કેળવણીની સંસ્થાઓમાં અને ગ્રામોદ્ધારની સંસ્થાઓમાં પ્રશંસનીય કામો કેવળ ત્યાગવૃત્તીથી કરે છે એવું જાણવામાં આવ્યું હતું.

**બાલચંદ હીરાચંદ ચાંદવડકર.**

---

છે. સંસ્થાનું ભવિષ્ય ઉજવળજ છે એટલા સારૂં આજે ઉદાહરણ માટે એક ધરખમ સંસ્થા દ્રષ્ટિ સન્મુખ રાખી છે. કોંગ્રેસનો—જ્યારથી મહાત્માજી એમાં પ્રવેશ્યા ત્યાર પછીનો—ઇતિહાસ અવલોકીએ તો એમાંથી ઠીક દિશા સૂચન થઇ પડે તેમ છે. એ ઇતિહાસ પણ નાનોસુનો નથી છતાં આજે આપણે સંસ્થાનું કાર્ય ચાલુ રાખે તેવા સેવાભાવીઓની સેના તૈયાર કરવારૂપ મોટા શહેરોમાં તેમજ જુદા જુદા પેટા વિભાગોમાં સંસ્થાની શાખાઓ ખડી કરવારૂપ, 'ઇચ્છા થાય ત્યારે' ને બદલે પ્રતિ વર્ષ નિયમિત અધિવેશન ભરવારૂપ, તે પણ અમુક સ્થળોનો મોહ છોડી પ્રાંતોની વહેંચણી પ્રમાણે ક્રમવાર સ્થળોમાં ભરવારૂપ—પૂર્વની ખર્ચાલ પદ્ધતિને—આડંબરી વૃત્તિને—ખુરશીઓની બેઠકના મોહને તિલાંજલી દેવારૂપ—વળી બેઠકની પ્રથામાં ઉઘાડો મંડપ ને રાત્રિનો સમય આમેજ કરવારૂપ. તેમજ ઠરાવોની હારમાળાને સ્થાને વર્ષભરમાં અમલ કરી શકાય તેવા ખાસ અગત્યના અને તે પણ ખંડનાત્મક કે સમાજને વંટોળે ચઢાવે તેવા નહિં પણ સમાજની નાડ પારખીને ઘડાયલ ગણત્રીના ઠરાવો કરવારૂપના મુદ્દાઓપર વિચાર કરીશું અને કોંગ્રેસની પદ્ધતિ પ્રમાણે કરીશું તો પ્રવર્તિ રહેલ સુષુપ્તિ સત્વરે નષ્ટ થશે. આમવર્ગમાં પુનઃ ચેતનાનો પાવક પ્રજ્વલિત થશે ત્યારેજ સંસ્થા પાછળના સાચા પીઠબળનો ખ્યાલ આવશે.

---

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ ધી કિશોર પ્રિન્ટરી, ૧૩૦ મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ માટે ૧૯૯, શરાફ બજાર મુંબઇ, ૨ માંથી પ્રગટ કર્યું છે. તા૦ ૧૬–૧–૩૬.

તારનું સરનામું:—'હિંદસંઘ'–'HINDSANGHA' REGD. NO. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

卐

# THE JAIN YUGA.

[શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી—જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીયા બે. છુટક નકલ: દોઢ આનો.

વર્ષ: જુનું ૯ મું, નવું ૪ થું | તારીખ ૧ લી ફેબ્રુઆરી ૧૯૩૬. | અંક ૧૯

## ☆ તર્ક અને ભાવના. ☆

તર્ક અને ભાવના બન્ને મનુષ્યત્વનાં આવશ્યક અંગ છે. તર્કશૂન્ય ભાવના જેટલી દોષરૂપ છે તેટલો જ ભાવનાશૂન્ય તર્ક પણ દુષ્ટ છે. બુદ્ધિ અને હૃદય ઉભયનો જ્યારે મેળ હોય છે ત્યારે જ મનુષ્યની સાચી ઉન્નતિ થાય છે. એ બેમાં પ્રધાનપદ કોનું ને ગૌણપદ કોનું એ કહેવું મુશ્કેલ છે. છતાં એટલી વાત તો શાસ્ત્રશુદ્ધ અને અનુભવસિદ્ધ છે કે મનુષ્યત્વ વિશેષ કરીને ભાવના પર જ આધાર રાખે છે. 'આ પુરુષ શ્રદ્ધામય છે,' 'જેવી જેની શ્રદ્ધા તેવું તેનું જીવન,' એ પરમાત્માનાં વચનો છે. તર્કમાં પ્રેરણા નથી, તર્કમાં જીવનરસ નથી. તર્ક પ્રેરણાનો ચોકીદાર છે. જેમ કોઇ મુગ્ધ રાજકન્યા તેજસ્વિની ન હોય ત્યાંસુધી તેના રક્ષણને માટે ચોકીદાર રાખવા પડે છે તેમ જ્યાં સુધી પ્રેરણા એના શુદ્ધ સ્વરૂપમાં પ્રકટ થઇ નથી ત્યાં સુધી તર્કની પ્રતિષ્ઠા છે. વસ્તુતઃ તો તર્ક અપ્રતિષ્ઠિત છે.

તર્કમાં શૌર્ય નથી, તર્કમાં વીર્ય નથી. તર્કમાં કાર્યપ્રેરક સાહસ નથી, તર્કમાં ત્યાગ નથી. તર્ક નિરન્તર જાગ્રત રહે છે, તેથી તેની આંખો તર રહે છે, તર્ક અતિ સાવધાન હોય છે, તેથી તે નિર્દય હોય છે. એકલો તર્ક મનુષ્યને સ્વહિતવાદી બનાવી અધોગતિની ખાડમાં નાખે છે. તર્કના હાથમાં વૈશ્ય-ધર્મનાં ત્રાજવાં હોય છે.

ભાવનામાં વીરવૃત્તિ છે. ભાવનામાં દિવ્ય દૃષ્ટિ છે. પોતાના ભોળાપણથી જ ભાવના હંમેશાં સુરક્ષિત રહે છે. ભાવનાના અતિરેકથી થનારૂં નુકશાન ક્ષણિક અને તુચ્છ હોય છે. તર્કના અતિરેકથી થતી હાનિ તો આત્માને જ ક્ષીણ કરી નાખે છે.

દુનિયામાં એક પણ મનુષ્ય એવો નથી જેનામાં તર્ક અને ભાવનાનું મીલન ન હોય. છતાં આ બેમાંથી રાજપદ કોને મળે છે એના પર બધો આધાર છે. જો તર્ક રાજા બની જાય અને ભાવનાને પોતાની દાસી બનાવે તો મનુષ્ય ધૂર્ત અને વિદ્વાન પશુ બની જાય છે. ભાવનાના ઢોંગ કરીને તે દુનિયાને ઘણા વખત સુધી ઠગી શકે છે અને પોતાને પણ કંઇ ઓછો નથી ઠગાતો.

એથી ઉલટું જો આપણે ભાવનાને હૃદયેશ્વરી અને તર્કને એનો વિશ્વાસુ સેવક બનાવીયે તો ઐહિક અને પારલૌકિક ઉભય ઉન્નતિ સાધી શકીયે. આપણા મનુષ્યત્વનો સંપૂર્ણ વિકાસ થઇ શકે, અને દરેક વ્યક્તિ સમાજનું સાચું સ્વરૂપ ઓળખીને સમાજની સાચી સેવા કરી શકે.

(વસન્ત, કાર્તિક, ૧૯૭૯).

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.
તા. ૧-૨-૩૬ શનિવાર.

# સાત ક્ષેત્રની વિષમ દશા!

પરમાત્મા મહાવીર દેવના આગમમાં જ્યાં જ્યાં ધન વ્યય કરવાનો અધિકાર ચાલતો હશે ત્યાં સ્પષ્ટ વિધાન કરાયેલું જણાશે કે એ વ્યય માટે તેઓશ્રી તરફથી સાત સ્થાન નિયત્ત કરાયેલાં છે. જેમ ખેતરમાં વાવેલું ધાન વાવ્યા કરતાં બેગણું, ચારગણું કે તેથી વધારે પણ અતિગણું પેદા થાય છે તેમ આ સાત સ્થાને ખરચેલ દ્રવ્ય પણ ભાવનારૂપી વર્ષાના સંયોગથી ઘણા પ્રકારે વૃદ્ધિગત થાય છે. તેથી એ સ્થાનકો સાત ક્ષેત્ર તરિકે સુપ્રસિદ્ધ છે. આમાં ૧ જિન પ્રતિમા, ૨ ચૈત્ય, ૩ જ્ઞાન, ૪ સાધુ, ૫ સાધ્વી અને ૬ શ્રાવક, ૭ શ્રાવિકાનો સમાવેશ થાય છે. પ્રભુશ્રીએ સન્માર્ગે લક્ષ્મી વાપરવા સારૂ ઉપરોક્ત સાત માર્ગો દર્શાવ્યા છે અને સાથે ભાર મૂકી કહ્યું છે કે છેલ્લા બેમાં ખરચાય તેટલું ખરચો કેમકે એમાંનો વધારો આગલના પાંચમાં કામે આવી શકે છે. એના ઉપરજ બાકીના પાંચનો આધાર છે. પાછળની રકમ આગમમાં વાપરી શકાય પણ આગળના અર્થાત્ પહેલાની પાછળ યાને બીજા, ત્રીજામાં કામ આવી શકતી નથી. આમાં દીર્ઘદર્શિતાના દર્શન થાય છે આટલુંજ નહિં પણ એ ઉપરાંત વધુ ભાર કયા ક્ષેત્રો પર મૂકવામાં આવે છે તેનો પણ ખ્યાલ આવે તેમ છે. જેટલા પ્રમાણમાં શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર વિપુલ-વિકસિત અને સમૃદ્ધિવંત હશે તેટલા પ્રમાણમાં તેનાપર નિર્ભર રહેનારા બાકીના પાંચ ક્ષેત્રોની વિકસ્વરતા-સમૃદ્ધિ આદિનો આધાર રહેવાનો. વળી એ પણ પ્રભુનુંજ વચન છે કે 'જે કાળે જે ક્ષેત્ર સીદાતું હોય, તેને મજબૂત બનાવવું.' આજે સાત ક્ષેત્રો પ્રતિ દૃષ્ટિપાત કરતાં સામાન્ય પ્રજ્ઞાવંતને પણ જણાશે કે શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રની સ્થિતિ અતિ વિષમ પ્રકારની છે. એ ક્ષેત્રને હદ ઉપરાંતનો લૂણો લાગ્યો છે! દિનપરદિન એ પર ક્ષયના જબરા પ્રહારો પડતા જાય છે! અને તેથીજ સંખ્યાબળમાં એ ઘટતું આવે છે. સાથોસાથ સંપત્તિ, બુદ્ધિ, વૈભવ, વેપાર, વાણિજ્ય અને કળા કૌશલ્યમાં પણ એ ઇતર સમાજથી પાછળ પડતું જાય છે તેથીજ આજે બૂમ પડે છે કે—

પ્રતિમાઓની વિપુળ સંખ્યા છતાં પૂજનારા કયાં છે?

ચૈત્યો હાજર છતાં એનો જીર્ણોધાર કરાવનારા કે સંભાળ લેનારા કયાં છે?

ભંડારોમાં જ્ઞાનનો રાશિ છતાં એને, ઉદ્ધારનારા કે એનો લાભ લેનારા કયાં છે?

સાધુ-સાધ્વી મોજુદ છે છતાં પહેલાની માફક તેમનો આદર સત્કાર કરનારા કે તેમને માટે વિહાર સ્થાનોની અનુકુળતા કરી આપનારા કયાં છે?

આજની સ્થિતિ તો અશ્રુ ઉત્પાદક છે? આત્મ કલ્યાણના અમોઘ સાધનરૂપ જીનમૂર્તિના પૂજન ભાવપૂર્વક જાતે કરવાને બદલે આજે આપણે જૈનેતર ગોઠીઓ રાખી કરાવવા પડે છે! મરૂભૂમિ, બંગાળ આદિ સ્થળોમાં સંખ્યાબંધ દેવાલયો દિનપ્રતિદિન ધરાશાયી થતાં જાય છે. શિલ્પ અને કળાના આ ધામો માટીમાં મળી જઇ, નામ શૂન્ય બનતા જાય છે! અણમૂલો જ્ઞાન વારસો કીડા અને ઉધઇનો આહાર બની રહ્યો છે. આજે પણ એવા ભંડારો મોજુદ છે કે જે વર્ષભરમાં એક દહાડો પણ સૂર્યનો તાપ જોવા પામતા નથી. સાધુ-સાધ્વીઓ તો છે પણ પૂર્વના પ્રભાવિક સંતો સામે એમના તેજ નહિં જેવા! પૂર્વજોએ સ્વસામર્થ્ય બળે જૈન ધર્મનો જે વિજય વાવટો ફરકાવેલ અને પોતાનામાં જે જ્ઞાન સમૃદ્ધિ એકત્રિત કરેલ તે આગળ અત્યારની સ્થિતિનું માપ સાગરમાં બિંદુ જેવુંજ! જ્ઞાનરશ્મિના પ્રતાપ તો ઓસરી ગયા છે પણ સાથોસાથ ચારિત્ર દિપ્તી પણ ઝાંખી પડવા માંડી છે. આમ પાંચ ક્ષેત્રની પરિસ્થિતિ છે! અને એ કરતાં અતિ ખરાબ છેલ્લા બેની અર્થાત્ આપણી એટલે જૈન સમાજની છે.

શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રોમાં નજર નાંખનાર સહજ જોઇ શકશે કે ધન, જ્ઞાન કે તંદુરસ્તીની દષ્ટિયે આ ક્ષેત્રોની સ્થિતિ ઘસાતી આવી છે. બેકારીનો ભડકામણો ભૂત આજે પોતાનો અડ્ડો જમાવતો જાય છે! આંગળીના ટેરવે ગણાય તેટલા ધનિકોના ઉપરછલ્લા આડંબરોમાં કદાચ પેલા ભૂતના કરતુતો નજરે ના આવે તેથી ભીતરની સ્થિતિની ભયાનકતા ઓછી નથી થતી. ઉંડુ અવલોકન કરનાર સ્હેજે સાચી પરિસ્થિતિ કળી શકે છે.

માટેજ આજે જોરશોરથી પોકાર કરવો પડે છે કે બાકીના પાંચના આધારભૂત અને જેનાપર સારાયે ધર્મરૂપ પ્રાસાદનો આધાર છે એવા આ પાયા સમાન શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર પ્રતિ ખાસ ધ્યાન દેવાની અગત્ય છે. લક્ષ્મીવાનોનું ધન આજે પણ ખરચાઇ તો રહ્યુંજ છે છતાં એ કયાં અને કેવા પ્રકારે ખરચવાથી વધુ લાભદાયી

# જૈનો માટે સસ્તી જગ્યા અને ગોડીજીની ચાલ.

મુંબઇ શહેરમાં રહેનાર સામાન્ય વર્ગમાં એવો કોઇપણ ભાગ્યેજ મળી આવશે કે જેણે મુંબઇનાં મોંઘાં ભાડાંઓ માટે એક યા બીજી રીતે પોતાનો સંતાપ વ્યક્ત કર્યો ન હોય. જૈન અથવા જૈનેતર ગમે તે હો સઘળાઓને આ વિષયમાં ઘણુંજ સહન કરવું પડે છે, કારણકે તેઓને પોતાની આવકનો એક તૃતીયાંશ ભાગ ઘરનાં ભાડાં ખરચવામાં આપી દેવો પડે છે, અને એટલું ભાડું આપતાં પણ નથી મળતું તેમને રહેવાનું સુખ કે નથી મળતી કોઇપણ જાતની સગવડ; એટલુંજ નહિ પણ નાની આવકવાળાઓ જે અંધારી અને આરોગ્યને સદાય નુકશાન કરનારી ચાલીમાં રહે છે, કહો કે તેમને પરાણે રહેવું પડે છે, તેમની કેટલી કફોડી દશા હશે તેનો ખ્યાલ જેઓ તેવી જગ્યાઓમાં રહે છે તેમનેજ આવી શકે.

આ સંકડામણમાં બીજી કોમ કરતાં પણ જૈન કોમ વધુ પડતી આવેલી હોય એમ સ્પષ્ટ દેખાઇ આવે છે. કારણકે જૈનો મુખ્યત્વે વેપારી અથવા તો વ્યાપારીને ત્યાં નોકરી કરનારા હોય છે, અને વેપારનું ધામ મુંબઇની ગીચ વસ્તીવાળા મધ્ય વિભાગમાં હોવાથી જૈનોનો મોટો ભાગ તે લત્તાની આસપાસ રહેવાનું હંમેશાં સગવડભર્યું માને છે, અને જો નજીક રહેવાની લાલસામાં સાંકડી અંધારી અને હવા ઉજાશ વિનાની ખોલીઓમાં પણ નભાવી લીએ છે, તેઓમાંના ઘણાખરા જો કે જાણે છે કે આવી જગ્યામાં રહેવાથી જીંદગી ભયમાં મૂકવા જેવું બને છે, છતાં પણ ન છુટકે તેઓ તેમાં રહે છે, કારણ કે શહેરના મધ્ય વિભાગમાં ટુંકી આવકવાળાઓ સારી જગ્યા મેળવી શકતા નથી, અને દૂર રહેવા જવું તેમને પાલવી શકતું નથી.

આવી કોટડીઓએ અનેક સ્ત્રીઓ અને બચ્ચાંઓના અકાલે પ્રાણ લીધા છે, અને લીએ છે, કારણકે પુરૂષોને તો મોટે ભાગે બહાર ફરવાનું રહે છે પરંતુ સ્ત્રીવર્ગ કે જે દિવસનો મોટો ભાગ ઘરમાંજ રહે છે, તેમને પૂરતાં હવા ઉજાસ મળતાં નથી તેથી તેઓ વિવિધ પ્રકારના રોગોમાં વધારે પ્રમાણમાં સપડાય છે અને બચ્ચાંઓ તો જેમ ઉગતા છોડને સૂર્યના કિરણો નહિ મળતાં તે કરમાઇ નાશ પામે છે, તેમ બાલ્યપણામાં સૂર્યના તેજસ્વી કિરણોનો સ્પર્શ સુદ્ધાં નહિ થતાં ઘણાંકો મૃત્યુને વશ થાય છે, અને આને અંગેજ બાલમૃત્યુ બહુ મોટા પ્રમાણમાં જૈનોમાં થતાં જાણવામાં આવ્યા છે.

આ વસ્તુસ્થિતિમાંથી જૈનોને ઉગારી લેવાની ઘણીજ આવશ્યકતા છે, આપણાં દહેરાસરો અને મોટી મોટી સંસ્થાઓમાં લાખોના ફંડો માત્ર નામનાં વ્યાજની ઉપજમાં પડેલાં છે, તે ફંડો જે ટ્રસ્ટીઓના હાથમાં હોય, તેઓ જો ખરેખરા ગરીબોની અને કોમની દાઝ ધરાવતા હોય તો બેંકોમાં અને લોનોમાં અને સોના ચાંદીમા પૈસાને નહિં ખડકી મૂકતાં સસ્તાં ભાડાંની ચાલીઓ અને મકાનો બાંધવામાં તેમનો ઉપયોગ કરે તો તેઓ વાજબી વ્યાજ મેળવીને પણ સસ્તામાં જૈન કોમને સારી જગ્યા પૂરી પાડી શકે, આમ કરવાથી ન તો તેમને વ્યાજની ખોટ પડે યા ન તો તેઓને કોઇપણ પ્રકારનો દોષ સમાજ આપી શકે. અત્યારે બાંધકામ એટલું બધું સસ્તું થાય છે કે આજથી ચાર વર્ષ પૂર્વે જે ખર્ચ મકાન બાંધતાં લાગતો હતો તેનાથી અર્ધો ભાગ પણ ભાગ્યેજ લાગે છે, તો આવી સોંઘારતનો લાભ જો સંસ્થાના ટ્રસ્ટીઓ લીએ તો તેઓ સંસ્થાના લાભની સાથે સાથેજ કોમને પણ લાભ કરી આપે.

આ ઉપરાંત આપણી કોમમાં એવાં ટ્રસ્ટો પણ પડેલાં છે કે જે ટ્રસ્ટો આવી ચાલીઓ બાંધવા માટેજ યોજાયેલાં છે, પરંતુ ગોકળ ગાયની ગતિથી ચાલતી ટ્રસ્ટોની વ્યવસ્થા ક્યારે પરિણામ લાવી શકે તે કહી શકાતું નથી.

હમણાં તાજેતરમાં ઘણા કપોળ નિવાસો હસ્તી ધરાવતાં છતાં માટુંગા ખાતે એક મોટું કપોળનિવાસ કપોળ ભાઇઓ સસ્તામાં રહી શકે એટલા માટે બાંધી ખુલ્લું મૂકવામાં આવ્યું છે, તે સહુ કોઇ જાણતું હશે. જૈનોના પ્રમાણમાં કપોળોની વસ્તી મુંબઇ શહેરમાં કાંઇ બહુ મોટી કહી શકાય નહિ, તેમજ જેમ તે કોમમાં શ્રીમંત વર્ગ છે, તેમ આપણી કોમમાં પણ શ્રીમંતો છે, અને સાથે સાથે આપણી અનેક ધનાઢ્ય સંસ્થાઓ પણ છે કે જેમાંથી ઉપર કહ્યા પ્રમાણે વિશાળ ચાલીઓ સહેલાઇથી બાંધી શકાય, માત્ર ટ્રસ્ટીઓ ઉદાર દિલ રાખી પોતાના ટ્રસ્ટની સાથે કોમનું ભલું કરવાની પણ કાળજી ધરાવે તો ઉપર મુજબની વ્યવસ્થા અશક્ય નથી.

---

કલશ એ જૈનોનું પવિત્ર ચિન્હ છે, આવા કલશ છાપના શિક્કા કેશમીર રાજ્યમાંથી મળી આવેલ છે.

અહિનાં ખોદકામમાંથી સરકારી ખાતાને જૈન શ્વેતામ્બર મૂર્તિઓ અને શિલાલેખો મળી આવેલ તે લખનૌ મ્યુઝીયમ માં રાખવામાં આવેલ છે, જે જૈનોના પુરાતન ઇતિહાસ માટે ઉપયોગી છે.

## પુરાતન શિલા લેખો

કૌશામ્બિ (પભોસા) જીલ્લા અલ્હાબાદમાંથી ઇ. સ. પૂર્વે (બે હજાર વર્ષો પહેલાં)ના બે શિલાલેખો ડા. ફુહરર સાહેબે શોધી કાઢેલા છે તે બ્રાહ્મિ લિપીમાં કોતરાએલ છે. તેમાં મહારાજા અસાદસેન અને તેમના રાજકુમાર અધિચ્છત્રાના નામો મળી આવે છે. આ રાજ્યકર્તા જૈન ધર્મી હતા જે શિલાલેખ ઉપરથી સ્પષ્ટરીતે જાણી શકાય છે. તેમના રાજ્યકાળમાં અહિચ્છત્રા તેમના તાબામાં હતું. અહિચ્છત્રાના નામ પરથી મહારાજાએ તેમના કુમારનું નામ અધિચ્છત્રા આપેલ તેમ માની શકાય છે. †

† A. Fuhrer E. I. 2 XIX. P. 242–43.
S. J. Cockburn. J.A.S.B. LVI V. P. 34.
R. Hoernle. Pr. A.S.B. 1887 P. 104.

## શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળનો પંદરમો વાર્ષિકોત્સવ.

વિકટોરીયા થીએટરમાં તા૦ ૨૩-૧-૩૬ ના રોજ રાત્રે જાણીતા દેશનેતા શ્રી. ભુલાભાઇ દેશાઇના પ્રમુખપદે ઉજવવામાં આવ્યો હતો. જે વખતે મંડળ તરફથી ચાલતી વ્યાયામશાળાના વિદ્યાર્થીઓએ અંગકસરતના પ્રયોગો કરી બતાવ્યા હતા.

મેળાવડાની શરૂઆત થતાં શેઠ અમરતલાલ કાલીદાસની દરખાસ્ત અને શેઠ મગનલાલ મુળચંદના ટેકાથી શ્રી. ભુલાભાઇ દેશાઇએ પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું,

ત્યારબાદ મુખ્ય મંત્રી શ્રી. મોહનલાલ ચોકસીએ મંડળનો રિપોર્ટ વાંચી સંભળાવ્યો હતો. જે રિપોર્ટ મુજબ મુખ્ય મંડળની સ્થાપના ૧૯૭૭ માં આચાર્યશ્રી વિજયધર્મસુરીશ્વરજીએ કરી હતી, તેને આજે પંદર વરસ થયાં છે. મંડળને રાષ્ટ્રીય કાર્ય પ્રસંગે તેમજ જૈન કોમના સારા કાર્ય પ્રસંગે સેવા બજાવવા માટે સ્વયંસેવકો મોકલવામાં આવે છે, તેમજ બેન્ડ પણ મોકલવામાં આવે છે.

ત્યારબાદ શ્રી. મોતીચંદ કાપડીઆ. મોહનલાલ દલીચંદ દેશાઇ, નગીનદાસ માસ્તર, એસ. કે. પાટીલ, (શ્રી. પાટીલે મું. પ્રા. મ. સ. મંત્રી તરીકે મંડળને સેવા બદલ ધન્યવાદ આપ્યો હતો) અમરતલાલ કાળીદાસ અને શ્રીમતી લીલાવતી મુનશીએ અનુક્રમે વિવેચનો કર્યાં હતા. ત્યારબાદ પ્રમુખસ્થાનેથી શ્રી. ભુલાભાઇ દેશાઇએ જણાવ્યું કે મંડળના રિપોર્ટની ચોપડી વાંચી તેમજ મંત્રીશ્રીએ જણાવ્યું તે સાંભળીને જણાય છે કે મંડળના કાર્યો ઘણાંજ સુંદર થયેલા છે અને આ સેવાના કાર્યો મંડળે કરેલા છે તેને માટે તેમના કાર્યવાહકોને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપું છું, અને ભવિષ્યમાં આ મંડળમાં જૈનોને તેમજ બીજી કોમના દરેકને દાખલ કરી મંડળની શાખા ગલીએ, ગલીએ ખોલો તેવી આશા રાખું છું.

ત્યારબાદ મણીલાલ મોકમચંદ તરફથી વ્યાયામમાં સારા કામ કરનારને ચાંદ આપવામાં આવ્યા હતા તેમજ મંડળ તરફથી બેન્ડ વર્ગના સભ્યોને ચાંદ આપવામાં આવ્યા હતા. શેઠ કાંતીલાલ ઇશ્વરલાલ શાહ તેમજ શેઠ ચંદુલાલ ટી. શાહ આ બન્ને ગ્રહસ્થો પેટ્રન તરીકે તેમજ શેઠ કાંતીલાલ વાડીલાલ લાઇફ મેમ્બર તરીકે જોડાયા છે તે બદલઆભાર માન્યો હતો.

---

જૈનોને જગ્યાની કેટલી તંગી છે અને સારી જગા મેળવવા જૈનો કેટલા બધા આતુર છે, એ જાણવું હોય તો શ્રી ગોડીજી મહારાજની દહેરાસરની જે ચાલ પાયધુની ઉપર બંધાય છે, તેનાં ભાડાં માટે કેટલી બધી પુછપરછ અને જગ્યા મેળવવા માટે કેટલી પડાપડી અને લાગવગ ચાલી રહી છે એ જેઓ જાણતા હશે તેઓનેજ જગ્યાની તંગીનો સંપૂર્ણ ખ્યાલ આવી શકશે.

ઉપરના દહેરાસરના ટ્રસ્ટીઓને અમો ભલામણ કરીએ છીએ કે ટ્રસ્ટના હિતની સાથે કોમનું હિત પણ ધ્યાનમાં લઇ સામાન્ય વર્ગ આ અને હવે પછી બંધાનારી બીજી જગ્યાઓનો લાભ લઇ શકે એવી વ્યવસ્થા કરી સામાન્ય વર્ગ તરફ વિશેષ ઉદાર લક્ષ રાખી ન્યાય પુરસ્સર જગ્યા ભાડેથી આપવા ચૂકે નહિ, **મ. હી. લાલન.**

# સમાચાર..............સાર

——:o:——

### જામનગરની ઓસવાલની ન્યાતનું શુભ પગલું.

મુંબઇમાં વસતી જામનગરની ઓશવાલ ભાઇઓની ન્યાત શ્રી નેમિનાથજી મહારાજના દહેરાસરમાં રવિવાર તા૦ ૨૬-૧-૩૬ ના રોજ મળી હતી, જ્યાં નીચે પ્રમાણે કામકાજ થયું હતું.

૧ સ્વ. વોરા ટોકરશી દેવશી હસ્તકનો ન્યાતનો હીસાબ મંજુર કરવામાં આવ્યો, અને હવે પછી પણ હીસાબ તેમનીજ પેઢીએ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

૨ નાતની રકમની વ્યાજની ઉપજમાંથી સંઘજમણના ફાળાની રકમ જે વધે તે જ્ઞાતિના ઉંચી કેળવણી લેતા વિદ્યાર્થીઓની સહાયતા માટે વાપરવાનું ઠરાવવામાં આવ્યું

૩ અનાજ ખાતાની પડેલી રકમ તેજ ખાતામાં અથવા જ્ઞાતિબંધુની સહાયતા અંગે વાપરવી.

### શ્રી નેમિનાથજીના દહેરાસરનો વહીવટ.

મુંબઇ ભીંડી બજારમાં આવેલાં શ્રી નેમિનાથજીના દહેરાસરના વહીવટનો ઝગડો જે આજ બે વર્ષથી લગભગ ચાલુ છે તે સંકેલાવાના બદલે વધુને વધુ ઉગ્ર સ્વરૂપ પકડતો જાય છે. દહેરાસરના જુના ટ્રસ્ટીઓમાંના ૪ ઉપર એક ભાઇએ ફોજદારી દાવો માંડયો છે જેની સુનાવણી તા. ૧૧-૨-૩૬ ની છે.

### પહેલી યુવક પરિષદનું ફંડ.

શ્રી. મણીલાલ કોઠારીના પ્રમુખપણા નીચે મુંબઇમાં મળેલી યુવક પરિષદનું ફંડ કઇ પણ ઉપયોગ વિના બેંકમાં યાતો કયાંય બીજે હવા ખાય છે એમ લાગે છે. નથી પડી તેના પ્રમુખને ચિંતા કે નથી પડી તેના આગેવાન ગણાતા મંત્રીઓને ચિંતા. બીજાઓના હિસાબની ચોખવટ માટે માંગણી કરતા યુવાન આગેવાનોની પોતાના પગ નીચેનું બલતું તપાસવાની ખાસ જરૂર છે.

### મારવાડમાં અતિ કુર કન્યાવિક્રય.

હાલમાં તાજેતરમાં મારવાડમાં દેલદર ગામમાં રહેતા એક વૃદ્ધ ગૃહસ્થે જેની મુંબઇમાં પેઢી છે તેઓ ૫૬ વર્ષની ઉમરે ઘરભંગ થતાં બીજી વખત વરરાજા થવાના કોડમાં કન્યા મેળવવા ખુબ પ્રયાસ કરતા હતા. અંતે ધાંધા ગામના એક ઘાતકી નરપશુએ પોતાની કન્યા ૩૦ હજાર રૂપીઆ લઇ તેને આપી છે એમ સંભળાય છે. વરરાજા ફાગણ વદ ૮ ના ઘોડે ચડવાના છે એમ સંભળાય છે.

યુવાનો અથવા મારવાડના આગેવાનો-પંચો આ બાળાને બચાવવા મહેનત ન કરે?

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ ધી કિશોર પ્રિન્ટરી, ૧૩૦ મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ માટે ૧૪૯, શરાફ બજાર મુંબઇ, ૨ માંથી પ્રગટ કર્યું છે. તા૦ ૩-૨-૩૬

તારનું સરનામું—'હિંદસંઘ'-'HINDSANGHA'

REGD. NO. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# THE JAIN YUGA.

[શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી—જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીયા બે.

છુટક [illegible] આનો.

વર્ષ: જુનું ૯ મું
નવું ૪ થું

તારીખ ૧૫ મી ફેબ્રુઆરી ૧૯૩૬.

અંક ૨[illegible]

# પ્રજાનું માનસ

દુનિયાની કોઇ પણ પ્રજા બીજા લોકથી કેવળ નિરાળી રહી શકતી નથી. રાજકીય ફેરફાર, લડાઇઓ, વેપાર-રોજગાર તથા વસાહતને લઇને બીજી પ્રજાના આચાર વિચારની તેના ઉપર અસર થાય છે. જ્યારે સમાજમાં કોઇ નવીન વિચારનો પ્રચાર થાય છે, ત્યારે પ્રથમ તો જુના રૂઢ થએલા વિચારની સાથે દ્વંદ્વ યુદ્ધ થાય છે. જો નવીન વિચાર વધારે પ્રબળ હોય છે, તો જુના વિચાર ઉપર તેને વિજય મળે છે; પણ બંને વિચારના સંસર્ગથી જે મંથન થાય છે. તેના પરિણામરૂપે થોડાક ફેરફાર સાથે તે વિચારને સ્વીકારવામાં આવે છે. પ્રથમ તો સમાજનો શિષ્ટ બુદ્ધિમાન વર્ગ તે વિચાર ગ્રહણ કરે છે અને પછી ધીમે ધીમે બીજા નીચેના વર્ગના લોકો કંઇ વિરોધ ઉપજાવ્યા સિવાય તેનો સ્વીકાર કરે છે. સમાજમાં લાંબા વખત સુધી તે વિચાર પ્રચલિત થવાથી લોકોના હૃદયના ઉંડા ભાગમાં જામી જાય છે; એટલે તે દૃઢ થએલા વિચારો પ્રકૃતિનું સ્વરૂપ ધારણ કરે છે. જ્યારે અમુક સામાન્ય વિચાર, માન્યતા અને લાભની લાગણી ઘણા લાંબા વખત સુધી પ્રજામાં સ્થિર થાય છે, ત્યારે તે મુજબનું તેનું માનસ ઘડાય છે. તે માનસમાં બે જાતના ગુણ જોવામાં આવે છે. એક સ્થાયી અને બીજા વિકારી. વિકારી ગુણ છે તે બાહ્ય અસરને લીધે બદલાય છે, પણ સ્થાયી ગુણમાં સહેજસાજ અસરને લઇને કંઇ ફેરફાર પડતો નથી; કારણ કે સેંકડો વરસની વંશપરંપરાગત અસરને લઇને તેનું માનસ ઘડાયું હોય છે. દરેક પ્રજામાં જે વ્યક્તિત્વ જોવામાં આવે છે, તે તેના માનસનું પરિણામ છે; એટલે તેની વિચાર દૃષ્ટિ અમુક જાતની થએલી હોય છે. તેની પ્રકૃતિની અસર તેના તત્ત્વજ્ઞાન, ધર્મ, સાહિત્ય, કળા વિગેરે જ્ઞાન અને ક્રિયાની પ્રવૃત્તિમાં જણાઇ આવે છે. જ્યારે કોઇ પ્રજાના સ્થાયી વિચારમાં ક્રાંતિ થાય છે, ત્યારે તેની પ્રકૃતિ બદલાય છે અને તેથી તેની સંસ્કૃતિમાં સડો ઉત્પન્ન થાય છે. કોઇ પણ પ્રજાની સંસ્કૃતિનું અવલોકન કરતાં માલમ પડે છે, કે તેના આધારભૂત થોડાકજ વિચાર હોય છે અને તેની અસર તે પ્રજાના જીવનની જુદી જુદી પ્રવૃત્તિમાં સ્પષ્ટ જણાઇ આવે છે. તેની વિચારશૈલી તેના માનસ મુજબ રચાય છે અને તેને લઇને તેની ક્રિયાશક્તિ અમુક સ્વરૂપની માલમ પડે છે. જો કોઇ પ્રજાની સંસ્કૃતિમાં ફેરફાર કરવો હોય, તો તેના મૂળભૂત વિચારોમાં પ્રથમ પરિવર્તન ઉપજાવવું જોઇએ. જ્યાંસુધી તેની મૂળ પ્રકૃતિ કાયમ રહે છે, ત્યાંસુધી તેની વિચાર સૃષ્ટિ તેમજ ક્રિયાત્મક પ્રવૃત્તિમાં બહુ ફેર પડતો નથી. બીજી સંસ્કૃતિના સંસર્ગને લીધે જે કંઇ ફેરફાર તેના જીવનમાં થએલો જોવામાં આવે છે, તે તલસ્પર્શી હોતો નથી. ખરી રીતે તો તેનું માનસ બદલવામાં આવે તોજ તે બીજી પ્રજાની સંસ્કૃતિ તેના યોગ્ય સ્વરૂપમાં સ્વીકારી શકે છે. જે સંસ્કૃતિ ઘણી જુની છે તેના ઉપર નવીન વિચારની નહિ જેવી અસર થાય છે. જે ઉછરતી પ્રજાઓ છે, તેમના ઉપર પરિસ્થિતિ કેળવણી, કાયદા વગેરે સમાજની નવીન પ્રવૃત્તિની ઝટ અસર થાય છે. ઘણી વખત જુની સંસ્કૃતિની પ્રજા કાળને અનુસરી યોગ્ય ફેરફાર કરી શકતી નથી; તેથી તેનો નાશ થાય છે. જ્યારે કોઇ એક પ્રજા બીજી પ્રજા ઉપર તેનું વર્ચસ્વ સ્થાપી શકે છે અને તેનું સર્વોપરિપણું ટકાવી રાખે છે તે કંઇ વિશેષ બુદ્ધિબળને લીધે હોતું નથી; પણ તે વિજેતા પ્રજામાં ચારિત્રના ઉંચા ગુણ હોવાથી તે બીજા લોકપર તેનું સ્વામીત્વ સ્થાપી શકે છે. ઉંચા ચારિત્રમાં મુખ્યત્વે ઇચ્છા શક્તિના ગુણનો સમાવેશ થાય છે.

[રા. મૂળજીભાઇ હી. ચોકસી: 'વસન્ત'-ભાદ્રપદ ૧૯૯૧]

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

श्री सिद्धसेन दिवाकर.

જૈન યુગ.
તા. ૧૫-૨-૩૬ શનિવાર.

# શ્રાવક-શ્રાવિકારૂપી બે ક્ષેત્રો તરફ પ્રથમ ધ્યાન આપો.

આગળ જોઇ ગયા તેમ, સાત ક્ષેત્રમાં આધારભૂત ક્ષેત્રો આ બેજ છે જેનાપર બાકીના પાંચ અવલંબી રહ્યાં છે. જેટલા પ્રમાણમાં શ્રાવક-શ્રાવિકારૂપ ક્ષેત્રોની સ્થિતિ સારી હશે તેટલા પ્રમાણમાં બાકીના પાંચમાં સુસ્થિતિ જન્મશે. કહેવત છે કે 'કુવામાં હોય તો હવાડામાં આવે.'

આજે શ્રાવક સમાજની સ્થિતિ હાલી ઉઠી છે. સંપત્તિમાં , વ્યવસાયમાં, વેપાર વાણિજ્યમાં કે આગેવાનીમાં એનું સ્થાન પૂર્વકાળની માફક અગ્રપદે નથી. એક કાળે જે શરાફી તેના હાથમાં હતી તે આજે લગભગ સરી જવા માંડી છે. એક સમયે જે જાતના ધંધામાં એનું સ્થાન ગૌરવભર્યું હતું ત્યાં આજે ગણુત્રીના વેપારી દૃષ્ટિગોચર થાય છે. એક કાળે પ્રતિભા સંપન્ન લક્ષ્મીવંતો સંખ્યાબંધ નજરે આવતા ત્યાં આજે લાખોની વાત વીસરાવા માંડી છે અને જે આંક નયનપથમાં આવે છે તે પણ ઇતર સમાજની સરખામણીમાં ઘણો ઓછો છે. આ તો આર્થિક દૃષ્ટિયે વાત થઇ.

શારીરિક દશામાં જોઇએ કે મરણ પ્રમાણ તપાસીએ અથવા તો સંખ્યાના માપે માપીએ તો એમાં પણ જૈન સમાજ પીછેહઠ કરતો જણાશે. બીજી કોમોના બાળકો જે પ્રમાણમાં વ્યાયામ આદિ શરીર સંરક્ષણનાં સાધનોમાં જે જાતનો રસ લે છે અને ખડતલ શરીરી બને છે એના પ્રમાણમાં જૈનોનાં સંતાનોનો ફાળો અતિ અલ્પ છે. અરે જૈનોનાં સાધનો હોવા છતાં એનો લાભ લેનાર જૈનેતરોની સંખ્યા વિશાળ હોય છે એમ કહેવામાં અતિશયોક્તિ જેવું નથી. વસ્તીપત્રકના આંકડા અને મરણની ટીપ પરથીજ આપણી ઘટ કેવી મોટી છે અને ક્ષય કેવો ભારી છે એ દીવા જેવું ચોકખું દેખાય તેમ છે. આમ છતાં આપણી આંખો નથી ઉઘડતી એ કંઇ ઓછા આશ્ચર્યનો વિષય નથી!

ધાર્મિકતામાં કદાચ બાહ્ય આંડબરોથી આપણી પ્રગતિ જેવું જણાશે પણ એ એક જાતનો ઉભરોજ. તત્વતઃ એમાં પણ સંગીનતા નથી.

ઉત્સવો ભલે વધ્યા જાય પણ એ પાછળ જે હૃદયના ઉમળકા જોઇએ, સાચી સમજની અસ્મિતા જોઇએ, તે કયાં છે? ક્રિયા જરૂરની છે પણ તે જ્ઞાનપૂર્વકની હોય તોજ. સમજણ વગરની કરણી એ તો આત્મા વિહૂણા ખોલીયા જેવી છે!

ભલે આજે પોસહ-પડિક્કમણાં કે ઉપધાન કરનારાની સંખ્યામાં વધારો જણાય પણ એ કરણીઓ પાછળ રહેલ રહસ્ય સમજનાર કેટલા? જૈન સિદ્ધાંતની ચાવી સમાન નવતત્વ, જીવવિચારના જ્ઞાનની પ્રભા આજે કેટલાના હૃદયોને ઉજાળે છે!

જ્ઞાનની વૃદ્ધિ એટલે કષાયની ક્ષીણતા.
સમજની વિપુળતા એટલે સમભાવના આગમન,
ધાર્મિકતાનો વધારો એટલે વર્તનમાં સરળતા-નમ્રતા.

આ લક્ષણોની કસોટીપર અત્યારના જૈનોને કસી જોઇએ તો સહજ જણાશે કે જે પ્રગતિ જણાય છે એ ઉપરછલ્લીજ છે. ભાવના સ્થાને ધમાલ અને ગ્રહણને બદલે દેખાવ વધી પડયો છે! એકજ ધર્મના અનુયાયી એવા આપણે ત્રણ ફિરકાની વાત બાજુપર રાખીએ અને નર્યા શ્વેતાંબર મૂર્તિપૂજકનીજ વાત કરીએ તો જણાશે કે આપણે નાના નાના કેટલા પેટા વિભાગોમાં વહેંચાયા છીએ અને જાણે અજાણે-કયાં તો ચડવણીથી કે અજ્ઞાના ઉભરાથી પરસ્પર કેવા વાકયુદ્ધ આદરી રહ્યા છીએ? એમાંજ ધર્મનો ઉદ્યોત કિંવા શાસન પ્રભાવના માની બેઠા છીએ! શું આ શોચનીય નથી? આ જાતનું જીવન જીવનાર આપણે કયા મુખે ધર્મ ઉદ્યોતની વાત કરીએ? કઇ રીતે ઉન્નતિ સાધ્યાના ઢોલ પીટી શકીએ? ધનનો વ્યય છતાં જૈન ધર્મની જે પ્રકારે યોગ્ય પ્રભાવના થવી જોઇએ એ નથી થતી એટલે માનવું રહ્યું કે આપણી કરણીમાં અપૂર્ણતા છેજ. જે જાતની વાત કરીએ છીએ તે સંબંધમાં જોતાં આપણે ભૂતકાળ જરૂર ગૌરવવંતો હતોજ.

શ્રાવક ક્ષેત્રની સ્થિતિ વધુ સંગીન હતી. કેટલાક રાજવીઓ ધર્મના ઉપાસક હતા. સામૈયામાં અમુક તો કોટાધિપતિઓ હતા અને સંઘમાં અમુક સંખ્યાના ઘર દેરાસરો સુવર્ણ કે રજતના હતા. એ જાતના વર્ણનો પરથીજ જૈનોના ઘરમાં લક્ષ્મીની કેવી રેલંછેલ હતી તેનો તાગ કહાડી શકાય. અરે મંડપ દુર્ગમાં જનાર રંક અલ્પ કાળમાંજ એકેક સોનામહોર ને એકેક ઇંટ મળવા માત્રથીજ શ્રીમાન્ ને મહેલાતમાં વસનાર બની જતો! આ ઉપરથી રિદ્ધિ, સિદ્ધિનો સહજ ખ્યાલ આવી શકે

છે. વ્યાપારે વસતી લક્ષ્મી એ ઉકિત મુજબ જ્યાં આટલી ધન વિપુળતા ત્યાં વેપાર-વણજ મોટા હતો એ સમજાય તેવી વસ્તુ છે. સાહસિક વેપારીઓ કે જેમની એક કરતાં વધુ દુકાનો જૂદા જૂદા શહેરોમાં હતી તેનાં નામો આજે પણ ઇતિહાસના પાને મોજુદ છે એ ઉપરથી ફળિતાર્થ એ નિકળે છે કે શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રની સ્થિતિ પૂર્ણ રીતે સંગીન હોવાથી એનાપર જેનો આધાર છે એવા અન્ય પાંચ ક્ષેત્રો પણ ફાલ્યા ફુલ્યાં રહેતાં.

કળાના ધામ જેવા નૂતન મંદિરો આપકમાઇમાંથી ઉભા કરવામાં આવતાં, ફાળો કરવાની ભાગ્યેજ જરૂર રહેતી! વળી સંખ્યાબંધ મૂર્તિઓ ભરાવાતી, કેમકે પૂજકોની સંખ્યા વિપુલ હતી. આજ માફક પૂજન કરવાનું કાર્ય ગોઠીઓને સોંપવાપણું નહોતું. સુવર્ણાક્ષરે પ્રતો લખાવતી અને વિના મૂલ્યે જ્ઞાન ભંડારોમાં મોકલાતી કારણ કે લક્ષ્મી હતી અને એ સાથે 'લોકાલોક પ્રકાશકર જ્ઞાન એક પ્રધાન' અથવા તો 'આગમના ઉદ્ધારમાં આત્માનો ઉદ્ધાર' એ સૂત્ર સમજાયા હતાં. ત્યારેજ પંડિત-ગણિ કે સૂરિપદના ઓચ્છવમાં એકાદી વ્યકિત હજારો રૂપીઆ ખરચતી, ત્યારેજ ઉઘાડા છોગે દિક્ષા મહોત્સવ ઉજવાતા. અરે જરૂર જણાતા, સંઘ ઉઠી સામો જઇ માતાપિતાને સમજાવી એના બાળકને શાસનના ઉદ્ધાર અર્થે આણતો, એવી પ્રભાવશાળી વ્યકિતઓના બળેજ સાધુ સમાજ શોભનીય બન્યો હતો. વિદ્વાનોની વિપુળતા હતી, સાહિત્યમાં નવા નવા સર્જન થતાં હતાં.

આધારરુપ ક્ષેત્રોમાં વિકળતા કે બગાડો હોત તો ઉપર વર્ણવેલી સ્થિતિ હોત ખરી કે?

કથાનુયોગમાં આંખ ફેરવતાંજ સ્વામીભાઇની ભકિતના એમને વસ્ત્ર-પાત્ર-જમણ આદિ દરેક પ્રકારની અનુકૂળતા કરી આપવાના. **સાચા સ્વામિ વાત્સલ્ય**ના વર્ણન એક કરતાં વધુ સ્થળે દ્રષ્ટિગોચર થાય છે. એ આલેખનાર ગૃહસ્થો નથી પણ વિશિષ્ટ જ્ઞાનના ધારક મુનિ પુંગવો છે. ચારિત્રને જરા પણ ક્ષતિ ન પહોંચાડનાર ત્યાગી મહાત્માઓ છે! એ જરા પણ વીસરવાનું નથી.

જેવી વાણિજ્ય અને ધાર્મિક દશા ઉજવળ હતી તેવીજ શારીરિક, જૈનોની સંખ્યા આજની માફક તેર લાખમાં નહોતી સમાતી. અકબરશાહના સમયમાં ચાલીસ લાખ જૈનો હતા એમ લખાણ લબ્ધ થાય છે. સંખ્યા વધતી હતી, નવા જૈનો બનાવાતા અને તે સમયના બુદ્ધિશાળી આગેવાનો પોતાનામાં તે સર્વને અપનાવી લેતા એ વાતના પુરાવા સંખ્યાબંધ ટાંકી શકાય તેમ છે. ભૂતકાળના ગૌરવની આ કથા.

અંતમાં એટલું કહીએ કે અમોએ સાધ્વી ક્ષેત્રનો સમાવેશ સાધુ ક્ષેત્રની વાતમાં અને શ્રાવિકાનો સમાવેશ શ્રાવક ક્ષેત્રમાં કર્યો હોવાથી અમે એ ક્ષેત્રો સબંધમાં જુદો ઉલ્લેખ નથી કર્યો. બાકી એ તો સ્પષ્ટ છે કે પ્રગતિ કાળે એ ક્ષેત્રોમાં અવશ્ય પ્રગતિ હતી અને અવનત કાળે એમાં વધારે અજ્ઞાનતા ને પતન છે એ સહજ સમજાય તેવું છે; કેમકે સમાજ ઘડતરના આરંભની ભૂમિકા ત્યાં રહેલી છે.

ભવિષ્ય સુધારવું હોય, પૂર્વકાળના ગૌરવને ઇતિહાસનો વિષય ન બનાવવો હોય, એ મહત્તાને વીસરાઇ જવા ન દેવી હોય તો એકજ નિર્ધાર કરવો રહ્યો અને તે એટલોજ કે, શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રોના ઉદ્ધાર અર્થે ખરચાય તેટલું ખરચવાના સપથ લેવા.

# સ્પષ્ટીકરણ.

તા૦ ૯-૨-૩૬ ના વીરશાસનના અંકમાં એક અગ્રલેખ લખાયો છે, જેમાં એમના તંત્રીશ્રીએ કોન્ફરન્સ પ્રત્યેના એમના અથાગ પ્રેમનું!! એમણે પ્રદર્શન કર્યું છે. કોન્ફરન્સની દશા માટે જાણે કે તંત્રીશ્રીને ઘણુંજ લાગી આવ્યું હોય નહિ તેમ કેટલીક બીનાઓને મારીમચડી ગોઠવવી પડી છે, અને યેન કેન પ્રકારેણ કોન્ફરન્સનો વિનાશ ઇચ્છતા એ પત્રના તંત્રીશ્રીને જાણે કે ગોળનો ગાંગો મળ્યો હોય તેમ કેટલીક બીનાઓને પોતાના મનમાનતા રૂપમાં ફેરવી નાખી ખોટી હમદર્દી બતાવવાનાં મિથ્યા પ્રયાસ કર્યાં છે. તેઓશ્રી પ્રથમ તો જૈન યુગની ભાષા અને સભ્યતા માટે બૂમ પાડે છે, પણ તંત્રીશ્રી એકાદ પણ એવો દાખલો આપે કે જેમાં જૈન યુગે ભાષાનું સૌષ્ટવ સાચવ્યું હોય નહિ.

કલમોના કટાક્ષથી વિતંડાવાદ વધે છે એ અમારી માન્યતા હજુ પણ જેવી ને તેવીજ છે, અને તેથીજ અમો કોઇ સાથે નકામો વિતંડાવાદ કદિ પણ કરતા નથી, અને એવો વિતંડાવાદ કરવાનું અમો શ્રેયસ્કર માનતા પણ નથી. પરંતુ અમો એટલી માન્યતા તો અવશ્ય ધરાવીએ છીએ કે અમોને કોઈ પણ વસ્તુ યા બાબત કોન્ફરન્સના હિતને હાનિકર્તા હોય અથવા તો સમાજના મોટા ભાગના હીતોને હાનિકર્તા હોય એવી વાતોને ગોળ ગોળ અને કટાક્ષમાં નહિ કહેતાં સ્પષ્ટ કરી નાંખવું.

જૈન યુગના તા૦ ૧૫-૧-૩૬ ના અગ્રલેખમાં કોન્ફરન્સની ચાલુ સ્થિતિ માટે જે કંઇ લખવામાં આવ્યું છે, તે કોન્ફરન્સની પ્રગતિના માર્ગોની દિશા સૂચન માટેજ લખાયું છે; અને એ દિશા સૂચન કોન્ફરન્સની વર્કીંગ કમિટીને-તેનાં અગ્રગણ્ય સભ્યોને અને કાર્યવાહકોને વધારે ઉત્સાહિત બનાવી કોન્ફરન્સની પ્રગતિના અંતરાયરૂપ બનના પ્રસંગોને મૂળથી ઉખેડી નાંખી તેની પ્રગતિમાં હાથોહાથ મીલાવી વધારે ને વધારે પ્રગતિમય બનાવે એજ હેતુથી લખાયું છે અને તેથીજ તેની પ્રગતિમાં વિઘ્નરૂપ બનતી કેટલીક બીનાઓનો ન છુટકે નિર્દેશ કરવો પડયો છે.

આ બાબતમાં વધુ વિતંડાવાદ અને પ્રશ્નોત્તરીમાં નહિ ઉતરતાં કોન્ફરન્સના વિનાશના સ્વપ્ના સેવતા એ ભાનભૂલા તંત્રી મહાશય જરૂર સમજી લે કે તેઓના નશીબમાં નિરાશાજ લખાયેલી છે. કોન્ફરન્સની સેવા કરી તેને અખંડ એકત્રિત અને ઉન્નત બનાવનારા અનેક જૈન કાર્યકરો યુવાન વૃદ્ધ, વેપારી કે વકીલ ઘણાઓ જીવે છે ત્યાં સુધી કોન્ફરન્સનો વાંકો વાળ પણ થવાનો નથી એ નિશ્ચિત છે.

**જૈન યુગ બોર્ડ.**

# નોંધ અને ચર્ચા.

## સસ્તા ભાડાના નિવાસ.

જૈન સમાજે આ પ્રશ્નપર ધ્યાન આપવાનો સમય આવી ચુકયો છે, જો કે એટલું ખરૂં છે કે આ પ્રશ્ન ખાસ કરી મુંબઇ-અમદાવાદ જેવા વેપારના ધામ અને ભરચક વસ્તીવાળા શહેરોને લાગુ પડે છે. પણ એ પ્રશ્ન જોડે જૈન સમાજના મોટા ભાગનું હિત સંકળાયેલું છે, તેમજ જૈન સમાજની વર્તમાન સ્થિતિપર નજર નાખવાથી, એટલો ખ્યાલ તો સહજ આવી શકે તેમ છે કે મુંબઇ જેવા શહેરમાં કે જ્યાં ગીચ વસ્તીવાળા લત્તાઓમાં આપણા જૈન બંધુઓ એવી દશામાં જીવન વીતાવે છે કે જેનો ચિતાર ખડો કરતાં કોઇના પણ નેત્રો ભીંજાય. એ પરિસ્થિતિ સુધરે અને જૈન બંધુઓ કે જેમની આવક સામાન્ય પ્રકારની છે તેમને સસ્તા ભાડામાં વસવાટ પુરતી ને હવા ઉજાસવાળી ઓરડીઓ મળી શકે, વળી તેઓ દેવાલય તથા ઉપાશ્રયની નજીકમાં તેમજ ધંધાના ધામરૂપ, મારકીટ કે ઝવેરી બજાર આદિથી ઝાઝા વેગળા ન હોય એવા સ્થાનો, નિવાસો કે ચાલીઓ તે માટે ઉભા કરવાની કે નવા બંધાવવાની જરૂર છે. આ કાર્યમાં વિપુલ પ્રમાણમાં દ્રવ્યની આવશ્યકતા રહી. વળી બીજી રોકાણો કરતાં એમાં વ્યાજની આવક પણ ઓછી ગણાય. એટલે એ સારૂં ધંધાની દૃષ્ટિએ નહીં પણ કેવળ સ્વધર્મીબંધુઓના કલ્યાણ તરફ જોવાની, તેમના કષ્ટો ઓછા કરી પોતે ભોગવે છે તેવો થોડોઘણો લાભ આપવાની અને તેમને શકય પ્રયાસો વડે ઉંચા આણવાની ભાવનાવાળા ઉદાર શ્રીમંતોની અગત્ય સૌથી પ્રથમ ગણાય. આ કાર્ય એકાદ ધનિક ધારે તો આજે તેમાં મુશ્કેલી નથી. જૈન સમાજમાં એવા ધનવાનો આજે પણ મોજુદ છે અને એ અહોભાગ્યનો વિષય છે. કદાચ એકાદ પોતાના બળે ન કરતાં પાંચ સાત સાથે મળીને આવા સ્થાનો ઉભા કરવાનું ધારે તો કામ સ્હેલું બની જાય અને જૈન સમાજ સંબંધીનો એક ગંભીર કોયડો ઉકલે અને એ માટે હજારોના આશીર્વાદ તેમને પ્રાપ્ત થાય. આવા કાર્યમાં વપરાતી લક્ષ્મી એ સુકૃત્યમાં જતી હોવાથી અવસ્ય મહાન્ પુન્યનું નિમિત્ત બને. પણ આ વાત તેમના કાને પહોંચે અને એ સુણવા જેટલું તેમનું હૃદય આતુર હોય તોજ કામ થાય.

મુંબઇમાં વસનાર કે છાપાના વાંચનારથી એ વાત છુપી તો નથી કે આવી જાતના સસ્તા નિવાસો માત્ર પારસી જેવી સખાવત બહાદૂર અને માનવ દયામાંજ મહત્ ધર્મ માનનાર કોમે ઉભા કર્યા છે એમ નથી પણ હિંદુ કોમમાં જેમનું સ્થાન આગળ પડતું છે એવી ભાટીઆ, લોહાણા અને કપોળ કોમોએ પણ એ તરફ નજર દોડાવી, પોતાના જાતભાઇઓ માટે તેઓ ઓછે ભાડે, સારા હવા-ઉજાસવાળા સ્થાનોમાં સુખે રહી શકે એટલા સારૂ સંખ્યાબંધ નિવાસો જાણીતા માર્ગોપર બંધાવ્યા છે.

વિચાર કરતાં આમાં કંઈ ઓછું પુન્ય નહિં જણાય. આ એક પ્રકારનું સ્વામિવાત્સલ્ય અર્થાત્ સમાનધર્મીનું ગૌરવ નહિં તો બીજુ શું છે? એક વ્યક્તિ પોતાના ધર્મબંધુઓને એક દિવસ માટે ઉંચા પ્રકારના મિષ્ટાન્ન જમાડે અને બાકીના દિવસોમાં તેઓ કેવી દશા વીતાડે છે, તેમને પેટપુરતા અન્નપાણી મળે છે કે નહીં, તેઓ ચોકખી હવા મેળવી શકે તેવી જગામાં વસે છે કે, પક્ષીઓના માળા સરખા ગોલકામાં દુઃખે દિન ગુજારે છે તેની ભાળ સરખી પણ ન કહાડે; જ્યારે બીજી વ્યક્તિ ઉપર કહી ગયા તેવા નિવાસો સ્થાપી માત્ર એક દિન મિષ્ટાન્ન તો નથી જમાડતી પણ રોજની આવશ્યક જરૂરીયાતો સાદી રીતે પુરી પાડે છે-આ એમાં ઉત્તમ કાર્ય કોનું ગણાય? દેશ કાળને અનુરૂપ સ્વામીભાઇની ભક્તિ કોની કહેવાય?

આ પ્રશ્ન અમો જૈન સમાજના ધનિક આગેવાનો પ્રત્યે, લાખોના વેપાર કરનાર બુદ્ધિશાળી વણિક શ્રેષ્ટો પ્રત્યે, અને સારા પ્રમાણમાં ધન કમાનાર, ભાષણમાં સમાજ કલ્યાણ અર્થે સુંદર વાતો કરનાર છતાં અત્યાર સુધીમાં અમલી કાર્યમાં તસુભર પણ આગળ પગલું ન ભરનાર બેરીસ્ટરો અને સોલીસીટરો પ્રત્યે-રજુ કરીએ છીએ. તેઓને સ્વપ્રજ્ઞાનો યોગ્ય ઉપયોગ કરવા આગ્રહભરી અપીલ કરીએ છીએ અને અમારી વાત સાચી જણાય તો સમાજને માટે એ દિશામાં તત્કાળ પગલા ભરવા આગ્રહભરી વિનંતિ કરીએ છીએ.

આજના વૈભવમાં, કે જે જાતની સંપત્તિ તમો ભોગવી રહ્યા છો એમાં અમો તો પૂર્વ સમયની પુણ્ય કમાઇ જોઇએ છીએ અને આવતા સમય માટે ઉપરોકત માર્ગે ધન ખરચી ઉપાર્જન કરવા દિશાસુચન કરીએ છીએ.

## દેરાસરના ટ્રસ્ટીઓ પ્રત્યે.

આ લખતી વેળા અમારી નજર મુંબઇના શ્રી શાંતિનાથજી અને શ્રી ગોડીજી મહારાજના દેવાલયનો વહીવટ કરનાર ટ્રસ્ટીઓ સામે છે. તેઓને અમારી ઉપરોકત સસ્તા ભાડાના નિવાસ સંબંધી નોંધ ઉપર પુરતું ધ્યાન આપવા આગ્રહભરી વિનંતિ છે.

ઉભય પાસે દેરાસરની નજીકમાં નવા મકાનો તૈયાર છે. તેઓ એ મકાનોમાં એવી સગવડ કરે કે જેથી મધ્યમવર્ગના સંખ્યાબંધ જૈન કુટુંબો એમાં સુખે વસી શકે.

ભાડાની રકમ પણ પોષાય તેવીજ નક્કી કરે. પેઢીઓ લાવી સારૂં ભાડું ઉપજાવવાનો મોહ મૂકી દઇ, ઓરડીઓ વિશેષ પ્રમાણમાં રાખી કેમ મધ્યમ પ્રકારનો જૈન સમાજ એમાં વસતો થાય એ તરફ પૂર્ણ લક્ષ્ય દોરે.

ટ્રસ્ટના કાયદાની મુસ્કેલીઓ અમારી ધ્યાન બહાર નથી પણ દીર્ઘદૃષ્ટિથી કામ લેતાં એમાં મુશ્કેલી જેવું પણ નથી. ઘણી બારીઓ જડી શકે છે. કદાચ દેવદ્રવ્યની રકમનો પ્રશ્ન ઉદ્ભવે તો એ માટે એકજ ખુલાસો ધરી શકાય કે એ રકમને અત્યારના સમયમાં પાંચથી છ આના વ્યાજ છુટતું હોય તો એમાં હાનિ ન ગણાય. એ સાથે દેહરાસર નજીક

જૈનોનો વસવાટ હોય એ કંઇ જેવો તેવો લાભ નથી. કોઇ બારિક પ્રસંગે એથી દેવાલયને સંગીન સંરક્ષણ પણ મળે. વળી પર્વ દિનોમાં જૈનેતર ભાડુતોદ્વારા જે મુશ્કેલીઓ જન્મે છે તે ઉપજવાનું કારણ પણ ન રહે. આવા બીજા કેટલાય લાભો જૈન ભાડુતોને વસાવવામાં સમાયેલા છે. એ વેળા ઉપજનો પ્રશ્ન ગૌણ બને છે.

આપણાજ સ્થાનો જો આપણી કન્યાઓના શિક્ષણ માટે, કિંવા આપણા સભા-સ્થળ માટે, અથવા તો આપણા બંધુઓના રહેઠાણ માટે ઉપયોગમાં ન આવે, અને માત્ર વધુ ભાડાની દ્રષ્ટિથી જૈનેતરોના કબજામાં મૂકાય એમાં અમને દિર્ઘદર્શિતા નથી જણાતી. એ આવક કરવાનો સચો માર્ગ નથી. એથી જનતામાં જે ઉંધી છાપ બેસે છે એ કદાચ ભાડામાં થોડી વધારે આવક થાય તેથી ભુસી શકાતી નથી. પૂર્વ કાળમાં માત્ર પૈસા તરફ નજર રાખી આવી ઘણી ભૂલો થઈ છે. આ પ્રસંગે તેમ ન બને એ અર્થે આટલી સુચના ધરાય છે.

દુકાનો આપવામાં પણ વિવેક જાળવાવો જોઇએ. દયાના હિમાયતી એવા આપણાજ સ્થાનોમાં આપણી સંસ્કૃતિથી નિરાળી સંસ્કૃતિવાળાના હોટલ આવે અને ત્યાં હિંસાજનક આહાર પકાવાય એ છાજે તેવું નથીજ. એ સંબંધમાં ભાર મૂકીને જણાવીએ કે ભાડાની સારી લાલચ છોડી દઇને પણ સાચા વ્યવસાયવાળાને એ ભાડે આપીએ એમાંજ ધર્મની શોભા અને રક્ષા છે.

એટલું યાદ કરાવીએ કે દેવના ધામો એ દ્રવ્ય ઉપાર્જન કરવાની પેઢીઓ નથી. એ તો ધર્મના જ્વલંત સાધનો છે એટલે ત્યાંથી ધર્મનો પ્રભાવજ વિસ્તારવો ઘટે.

## કાળ ધર્મ અને શાંતિસ્નાત્ર.

થોડા દિન ઉપર મુનિ સંમેલનના ઠરાવોપર જે નવ પૂજ્ય મુનિરાજોએ સહી મેલી હતી એમાંના એક શ્રી ૧૦૦૮ વિજયદાનસૂરિ કાળધર્મ પામ્યા. વ્યવહારિક દ્રષ્ટિએ એથી જૈન સમાજને અવશ્ય શોક ઉદ્દભવે. આપણા વચ્ચેથી એક સામાન્ય ત્યાગી સિધાવી જાય તોપણ દુઃખ લાગે છે તો આ તો સૂરિ હતા. પણ આ સંબંધમાં નિશ્ચય દૃષ્ટિ અગર તો ધાર્મિક આદેશ જુદું કહે છે. ત્યાગીજીવનમાં અવસાન થવું એ આનંદકારી છે. એ ઉત્સવરૂપ મનાય. માનવજીવન પામ્યાનુ સાર્થક્ય એ દ્વારા થયું ગણાય. એટલે શોકની વાત એમાં નજ સંભવે. સાધનાના પંથે પ્રગતિ કરનાર માટે હર્ષિત થવું ઘટે. તેથીજ આજે એ નિમિત્તે ઉત્સવ માણવાની પ્રથા પડી છે. એક દૃષ્ટિયે એ સાચી પણ છે; કેમકે ઓચ્છવો એ ધર્મ પ્રભાવનાના સાધનો છે. જનતાના મોટા ભાગને એમાંથી પ્રેરણા મળી રહે છે. દેશકાળ પ્રમાણે એમાં કેટલાક ફેરફારો આવશ્યક છે.

જૂદા જૂદા શહેરોમાં એ નિમિત્તે ફંડ થાય અને માત્ર આઠ દિનની પૂજામાં કે ઉતાવળે ભણાઇ જવાના શાંતિસ્નાત્રમાં એ ખર્ચાઇ જાય અને મહિના પછી એ આખો પ્રસંગ ભૂલાઇ જાય એ કરતાં એ ફંડને એકત્રિત કરી જરૂર જેટલી એકાદ બે પૂજાઓ અનુકુળતા પ્રમાણે જનતાનો મોટો વર્ગ ભાગ લઇ શકે તે મુંજબ સામાન્યસમૂહ પણ પૂજાનું રહસ્ય સમજી શકે એ રીતે ભણાવી, બાકીના વધારામાંથી સૂરિજીની સ્મૃતિ જળવાય એવા કામોમાં ખર્ચાય તો એ વધુ લાભદાયી છે.

શાંતિસ્નાત્ર એ અતિ મહત્વની અને મહાત્મ્યવાળી ક્રિયા છે. એ પાછળ શાંતિ પથરાવાનો અગમ્ય સંકેત રહેલો છે; તેથીજ એ વિધાન યોગ્ય મુહૂર્તે અને યથાર્થ તૈયારીપૂર્વક કરાય એમાંજ એનું ગૌરવ છે. એ પવિત્ર વસ્તુને વારંવારની બનાવી દેવાથી એના મૂલ્ય ઘટે છે. એ પાછળનો ભાવ ઓસરી જાય છે એ વાત લક્ષમાં લેવા જેવી છે. આથી કોઇ એમ ન માને કે અમો શાંતિસ્નાત્ર કે અઠ્ઠાઇ મહોત્સવના વિરોધી છીએ. એ અને એવા પ્રકારની પ્રત્યેક કરણીમાં અમો ધર્મનું અંગ જોઇએ છીએ અને અમને શ્રદ્ધા પણ છે. અમો માત્ર એ સાથે જે ઉમેરવા માંગીએ છીએ તે એટલુંજ કે આજે આપણે જ્ઞાનને ઘણું વીસરી ગયા છીએ અને માત્ર ક્રિયાની પાછળ લાગી રહ્યા છીએ. તેથી આવા વિધાનવેળા જે રસજ્ઞતા કે સમજશક્તિના દર્શન થવા જોઇએ તેને સ્થાને ઘોંઘાટ અને આડંબર દૃષ્ટિગોચર થાય છે!

માટેજ આવા નિમિત્તે જ્ઞાન રશ્મિ પ્રસારવાની અમને પહેલી અગત્ય જણાય છે. શહેરે શહેરમાં અને નાના ગામોમાં પણ ધર્મનું જ્ઞાન આપતી પાઠશાળાઓ ઉઘાડવાની અને સંગીનતાથી કામ કરતી બનાવવાની અને હોય તેને ઉંચા પાયાપર લઇ જવાની ખાસ આવશ્યકતા જણાય છે. આવા ફંડો એમાં જરૂર ઉપયોગી થઇ પડે એ અર્થે સૂરિજીના કાળધર્મ નિમિત્તે આટલી વિચારણા સમાજ આગળ ધરી છે.

## જૈન મહિલા સમાજનો રજત મહોત્સવ.

આવતા માર્ચ મહિનામાં આ સંસ્થાના મહોત્સવ ઉજવાય એ પૂર્વે મહિલા સમાજનું એ વાતપર લક્ષ ખેંચીએ કે જે કાળમાં આપણા સમાજની બ્હેનો જવલ્લેજ જાહેર જીવનમાં રસ લેતી અને સમાજ કે મંડળમાં જોડાઇ પરસ્પર હળવા મળવામાં પણ સંકોચ ધરતી, એવા સમયે જૈન બ્હેનોને એકત્ર કરી, સમાજદ્વારા એક ગ્રંથીએ બાંધી, અત્યાર સુધી જે જાતની પ્રગતિ કરી છે એ માટે જરૂર મહિલા સમાજની કાર્યવાહક બ્હેનોને અભિનંદન ઘટે છે. પણ એ સાથે એટલું ભાર મૂકીને કહેવું જોઇએ કે દેશકાળ ફર્યો છે. આજે બ્હેનોમાં જૂદા જૂદા કારણોથી જાગ્રતિ ઠીક પ્રમાણમાં આવી છે. એ જોતાં જૈન મહિલા સમાજ ધીમી ગતિએ ચાલુ રહે એ હર્ષજનક કેમ બની શકે?

હજુ જૈન નારીગણ ઇતર કોમની બ્હેનોના હિસાબે ઘણો પાછળ છે. જરૂર ક્રિયા-કરણીમાં એનું સ્થાન અગ્રપદે છે પણ એ વિધાન પાછળ જે જાતની સમાજશક્તિ જોઇએ, તે તો જુજ પ્રમાણમાં દેખાય છે! વળી એમાં પણ સ્પષ્ટ બે ફાંટા નજરે પડે છે.

(વધુ માટે જુઓ પાનું ૭ મું.)

# શ્રી જૈન એજ્યુકેશન બોર્ડનો અભ્યાસક્રમ.

## કેટલુંક માર્ગ સૂચન.

લેખક :—**શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન.**

આપણી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હસ્તક ચાલતી ધાર્મિક કેળવણીનો પ્રચાર કરતી અને એ વિષયોમાં નિયમિત દર વર્ષે હિંદુસ્તાનના જુદા જુદા ગામોમાં ધોરણવાર પરીક્ષાઓ લઇ સારાં સારાં રોકડાં ઇનામો વ્હેંચતી જૈન એજ્યુકેશન બોર્ડથી ભાગ્યેજ કોઇ અજાણ હશે. આ બોર્ડની જ્યારથી સ્થાપના થઈ છે ત્યારથી ઉત્તરોત્તર તે પ્રગતિ કરતીજ રહી છે, અને ઉદાર દિલના શ્રીમંતોએ પોતાનાં નામ તે સંસ્થા સાથે જોડી જ્ઞાનદાન આપવા માટે સારી જેવી રકમો અનામત મૂકી છે, અને વધારે ખુશી થવા જેવું તો એ છે કે આજે લગભગ ૨૭ વર્ષ થયાં એકધારી તેની પરિક્ષા વિષયક પ્રવૃત્તિ જરા પણ અટકયા વગર ચાલી રહી છે, અને એ વર્ષોના ગાળા દરમ્યાન હજારો સ્ત્રી પુરૂષો અને બાળક બાળિકાઓએ આ સંસ્થાદ્વારા મળતાં ઉત્તેજનથી જ્ઞાન પ્રાપ્તિ કરી છે. આજે પણ જોઇ શકાય છે કે એ સંસ્થામાં બાળક બાળિકા સ્ત્રી પુરૂષ આદિ મળીને દર વર્ષે સરાસરી ૧૦૦૦ થી ૧૧૦૦ વિદ્યાર્થીઓ લાભ લે છે. આ રીતે આ સંસ્થાની ઇમારતને મજબુત બનાવી કોન્ફરન્સે પોતાના ઇતિહાસમાં નોંધવા લાયક કાર્ય કરી બતાવ્યું છે.

આ સંસ્થાની ઉત્પત્તિ હાલની પરિસ્થિતિ સંબંધે આટલું જણાવ્યા પછી આ સંસ્થાના અભ્યાસક્રમ અને પદ્ધતિ સંબંધી વિચાર કરવાની આવશ્યકતા ઉપસ્થિત થાય છે. અત્યારે આ સંસ્થાના જે ધોરણો છે, તેમાં પુરૂષ વિભાગમાં બાળધોરણ ૨ અને પુરૂષ ધોરણ ૫ મળી કુલ ૭ ધોરણ છે, એવીજ રીતે સ્ત્રીઓના ધોરણમાં પણ કન્યા ધોરણ ૨ અને સ્ત્રી ધોરણ ૫ મળી કુલ ૭ ધોરણો છે અને તે બન્નેના ૨૭ પેટા–વિભાગો રખાએલા છે. આમાં ઉપરના ધોરણો જુદા જુદા વિષયો પરત્વે જુદા જુદા વિભાગોમાં વહેંચી નાંખવામાં આવ્યા છે. આ રીતે એકંદર લગભગ સાતથી આઠ વર્ષનો અભ્યાસક્રમ ગોઠવાયેલો છે, અને તે દરેક ધોરણમાં જુદાં જુદાં પુસ્તકો ટેક્ષ્ટ બુક્સ તરીકે બોર્ડે મંજુર કર્યાં છે.

હાલમાં ઉક્ત બોર્ડ તરફથી નીમાયેલી બોર્ડની પેટા કમીટી અભ્યાસક્રમમાં ફેરફાર કરવા માટે વિચાર કરી રહી છે, એ સમયે તે કમીટીને કેટલુંક માર્ગસૂચન કરીએ તો તે અસ્થાને નહિ ગણાય. આ વિષયમાં મારો બહું ઉંડો અભ્યાસ નથી તેમજ તેમાં રસ લેતાં કંઇ બહુ ઘણા વર્ષો થયાં નથી, જેથી કદાચ સમજ દોષ થવા સંભવ છે, પરંતુ છેલ્લા ચાર વર્ષથી ભિન્ન ભિન્ન ધોરણની પરીક્ષાઓ લેવાનું મારાથી બને છે, અને તેને અંગે જે જે અભ્યાસક્રમ જોવો પડે છે, અને કેટલેક સ્થળે અભ્યાસ કરવો પણ પડે છે તે જોતાં તેમાં કેટલાક ફેરફારો કરવા જરૂરી મને જણાય છે.

પ્રથમ તો ધોરણોની જે ગોઠવણીઓ કરવામાં આવી છે, તેમાં ઉપરના ધોરણોમાં કંઇક ગુંચવાડા ઉભા થાય છે. ધોરણ ૫ માંના પુરૂષ વિભાગમાં અને સ્ત્રી વિભાગમાં બન્નેમાં જ્યાં વિભગ ૧–૨–૩ ખંડ क ख આદિ મુક્યાં છે, તેમાં સામાન્ય-રીતે સરળતાથી સમજી શકવું મુશ્કેલ પડે છે, આ માટે કાં તો એકાદ ધોરણ વધારે બનાવાય એટલે કે ૫ ને બદલે ૬ ધોરણ બનાવાય અથવા તો જો તેમ કરતાં અનુકૂળતા ન જળવાતી હોય તો ધોરણ ૪થાને अ ब અને ધોરણ ૫માને अ ब એવી રીતે બબ્બે વિભાગમાં વહેંચી નાખવા, અને તેમાં જેમ મેટ્રીકમાં અમુક ફરજ્યાત અને અમુક એટલે કે સંસ્કૃત પર્શીયન આદિ મરજીયાત વિષય રાખવામાં આવે છે, એ ધોરણે એ વિભાગમાંજ ઉપરના ધોરણોને વેંચી નાખી તમામ અભ્યાસક્રમને એમાંજ વહેંચી નાંખી કેટલાક વિષયો ફરજ્યાત રાખી એકાદ બે વિષય વિદ્યાર્થી અથવા વિદ્યાર્થિનીના શોખ ઉપર રાખી દેવાં, અને એ અભ્યાસક્રમ પણ એટલો સુગમ ગોઠવવો કે જેથી તે કંટાળા રૂપ થઇ પડે નહિ. ધોરણોના વિષયમાં આ ઉપરાંત ખાસ કરવા જેવું લાગતું નથી.

હવે અભ્યાસક્રમના બોજા સંબંધી વિચાર કરીએ. અત્યારે અભ્યાસક્રમ જે રીતે ગોઠવાયો છે, તે બહુજ બોજાવાળો કંટાળા ભરેલો અને મોંઘો થઇ પડયો છે. બોર્ડની કમિટિએ આ બીના ખાસ લક્ષમાં રાખવાની જરૂર છે કે આ અભ્યાસ નાની વયના બાળકો માટે તો ઠીક પરંતુ મોટી મોટી ઉમ્મરના સ્ત્રી પુરૂષો કે જેઓને ફુરસદના વખતે કરવાનો હોવાથી, તેમને માટે વધારે પડતો અને દુર્ગમ્ય એટલે કે મુશ્કેલીથી પાસ થઇ શકાય તેવો છે, દાખલા તરીકે સ્ત્રી ધોરણ ત્રીજામાં 'નવતત્ત્વ' 'ભાષ્યત્રય' 'ગૃહવિદ્યા અને ગૃહવ્યવસ્થા' એ ઉપરાંત કેટલાક સ્તવનો રાખવામાં આવ્યાં છે, જેમાં ભાષ્યત્રય એવી શૈલીથી લખાયું છે કે જે સામાન્ય બુદ્ધિથી તુરત સમજી શકાય તેમ નથી, તેમજ 'ગૃહવિદ્યા અને ઘર વ્યવસ્થા' જે વડોદરાથી પ્રસિદ્ધ થયું છે તે પુસ્તક જો કે ઉત્તમ છે, પરંતુ તે એટલું બધું મોટું છે કે આખાનો અભ્યાસ એક વરસમાં થવો મુશ્કેલ પડે. તદુપરાંત સ્તવનો માટે જુદી જુદી ચોપડીઓ લેવી પડે તેમ છે. આવીજ રીતે પુરૂષ ધોરણ ત્રીજામાં પણ પરમાત્મ–જ્યોતિ–પંચવિંશતિ, જ્ઞાનસાર, જૈન દર્શન અને આગમસારોધ્ધારજ એટલો કઠિન છે કે સમજપૂર્વક તેને ભણવા માટે તે એકલા પુસ્તક માટે વર્ષ એક મુશ્કેલીએ પુરૂં પડે, જ્યારે પરમાત્મજ્યોતિ તદ્દન સંસ્કૃતમાં છે, તેના અર્થ સંસ્કૃતનો કક્કો પણ ન જાણનારને સમજપૂર્વક બેસે તેવાં નથી એટલે પછી મૂળ અને અર્થ ગોખવા માત્રથીજ વિદ્યાર્થી પાસ થાય છે, જે તેના હૃદયમાં કાયમને માટે રહેતું નથી. આ ઉપરાંત પણ અભ્યાસક્રમમાં એવા અનેક પુસ્તકો આખાંને આખાં કરવાનાં રહે છે કે ફુરસદે અભ્યાસ કરનાર મહા

## પત્ર પેટી.

### જૈન પંચાંગોમાં રહેતો ફેરફાર.

### તે માટે ખુલાસાની જરૂર.

ચાલુ સંવત્ ૧૯૯૨ ના જૈન પંચાંગોમાં વધઘટ તિથીઓમાં ફેરફાર આવે છે તો હવે તેમાં કયા પંચાંગ પ્રમાણે તિથીઓ સાચી ગણવી? દાખલા તરીકે મહેન્દ્ર જૈન પંચાંગ બહાર પડેલું છે જેમાં માહા વદ ૭ એ શુક્રવાર તથા શનીવારની લખી છે અને માહા વદ ૧૩ નો ક્ષય જણાવેલો છે અને બીજા પંચાંગો જે ભીંત ઉપર ટંગવાના આવે છે તેમાં ઉપલી તિથીઓમાં કંઇપણ વધઘટ મૂકી નથી એટલે કે વદ ૭ એ લખી નથી તેમ વદ ૧૩ નો ક્ષય લખ્યો નથી તો આવી રીતે પંચાંગોમાં બીજા ફેરફારો શું આવતા હશે? તે જૈન સમાજને જાણવાની જરૂર છે અને કયા પંચાંગમાં તિથીઓની વધઘટ આવે છે તે બરાબર છે તેપણ ખુલાસો થવાની જરૂર છે તો પંચાંગ બહાર પાડનાર તેમજ પૂજ્ય આચાર્યો, તેમજ અન્ય વિદ્વાન મુનિરાજો તેમજ જ્યોતિષના જાણકારો જરૂર ખુલાસો જાહેર પેપરદ્વારા કરશે. જૈનોમાં ચાલુ પેપરો જેવા કે જૈન, જૈનજ્યોતી, આત્માનંદ પ્રકાશ, જૈનધર્મ પ્રકાશ, જૈન યુગ વિગેરે પેપરો તેમજ બીજા દૈનીક જાહેર પેપરોમાં જરૂર ખુલાસો બહાર પડે તો તિથીઓની સમજ બરાબર પડે અને લોકોને તપસ્યા કરવામાં સુગમ પડે.

**વાડીલાલ જેઠાલાલ શાહ**

---

મુશ્કેલીએ તેને પહોંચી વળે, અને તેથીજ ઉપલા ધોરણોમાં સ્ત્રી યા પુરૂષ વિદ્યાર્થિઓની સંખ્યા ૪ કે પાંચથી વધુ રહેતી નથી, માટે આ અભ્યાસક્રમ હળવો કરવાની ખાસ આવશ્યક્તા છે.

હવે ત્રીજો વિષય જે અભ્યાસક્રમમાં મુખ્ય ફેરફાર માંગે છે, તે પુસ્તકોનો. અત્યારે જે પુસ્તકો ગોઠવાયાં છે, તે ભૂતકાળમાં ગમે તે દૃષ્ટિએ ગોઠવાયાં હોય પરંતુ અત્યારના સમયમાં તેમાં ઘણો ફેરફાર કરવો જરૂરી છે, કારણ કે એમાંનાં ઘણાંક તો મળતાંજ નથી અને કોઇ કોઇ મળે છે, તે પણ લેનારને મોંઘાં પડી જાય તેવાં હોય છે, ઘણાં પુસ્તકો માટે તો ઠેઠ છેલ્લી ઘડી સુધી પાઠશાળાના માસ્તરો અને વિદ્યાર્થીઓ તે મેળવવા માટે દોડાદોડી કરતા હોવાના દાખલા જાણવામાં આવ્યા છે. મોટાં પુસ્તકોની આવૃત્તિઓ નહી થવાથી તેઓમાંના ઘણા અલભ્ય જેવાં થઇ પડયાં છે, અરે એટલુંજ નહિ પણ 'સામાયિકસૂત્ર' જેવું પુસ્તક પણ નહિ મેળવી શકવાથી નાસીપાસ થયેલા વિદ્યાર્થીઓના દાખલા દેખાય છે.

આ બાબત માટે બીજા ભાઇઓ તરફથી અગાઉ પણ સૂચનાઓ થઇ જાણવામાં આવી છે, તો સબ-કમિટિ આ વિષય ઉપર પૂરતું ધ્યાન આપશે એમ ઇચ્છીશું.

પુસ્તકોની બાબતમાં નાના વિદ્યાર્થીઓ સહેલાઇથી શીખી શકે અને મૂળ સૂત્રોના અર્થ સમજપૂર્વક ધારણ કરી શકે એ માટે બાળ ધોરણ ૨ અને પુરૂષ ધોરણ ૨ સુધી તો ખાસ એજ્યુકેશન બોર્ડ તરફથી ટેક્ષ્ટ બુકો તૈયાર કરાવી બહાર પાડી સસ્તી કિંમતે વેચાવી જોઇએ જેથી જ્ઞાન પિપાસુ વિદ્યાર્થીઓ સ્હેલાઇથી તેનો લાભ લઇ શકે.

આ બાબતમાં કેટલીક ખાસ આવશ્યક સૂચનાઓ કરવાની છે, તે હવે પછી કરીશું.

---

(અનુસંધાન પાંચમાં પાનાનું ચાલુ)

કેટલીક કેળવાયલી બ્હેનો છે કે જે સામાજીક મેળાવડા વખતે ભાગ લેતી નજરે આવે છે. જ્યારે ધાર્મિક વિષયમાં કે એને લગતી કાર્યવાહીમાં ઓછો રસ કે નહિં જેવો રસ ધરાવતી દૃષ્ટિગોચર થાય છે! એથી ઉલ્ટું બીજી કેટલીક બ્હેનો કેવળ ધર્મને લગતી કરણીઓમાં આગળ પડતો ભાગ લે છે જ્યારે સમાજને લગતી બાબતોમાં ગૌણ કે નહિં જેવો ભાગ ભજવે છે.

કેટલીક બ્હેનોને રસવતી જેવી આવશ્યક વસ્તુ પ્રત્યે વિભાવ જન્મ્યો હોય છે. ગૃહઉદ્યોગોમાં નહિં જેવું લક્ષ આપે છે અને બાળઉછેરનું કામ જાત દેખરેખ નીચે રાખવાને બદલે ઘાટીઓને સોંપી દઇ, માત્ર ફરવા હરવામાં કે એવા કોઇ મેળાવડામાં સમય વ્યતીત કરે છે. સમાન હક્કની વાતો કરે છે છતાં એ હક્ક કેવા પ્રકારના હોવા ઘટે, એથી સમાજને કઇ જાતનો લાભ આપી શકાય એ સંબંધી ભાગ્યેજ વિચાર પણ કર્યો હોય છે! કેટલીક બ્હેનો આજે પણ ફેશનના છેલ્લા પગલે પહોંચેલી જણાય છે. ઝીણામાં ઝીણા વસ્ત્રો—ભલે એથી પુરૂં અંગ પણ ન ઢંકાય, નૈતિક દૃષ્ટિયે એ ઇષ્ટ ન પણ ગણાતું હોય છતાં—પહેરવાનું પસંદ કરે છે!

બીજી તરફ જુના વિચારની બ્હેનોમાં જે જાતની કુપ્રથાઓ દેખાય છે એ જોતાં તેઓ હજી સોલમીસદીમાં હોય એમ લાગે છે. આજે પણ વહેમના મોજાં અને જાત જાતની માનતાઓમાં તેઓ રમણ કરતી જણાય છે. જગત આજે કેટલું પ્રગતિના પંથે આગળ વધ્યું છે એનું ભાગ્યેજ તેમને ભાન હોય છે!

મહિલા સમાજની બ્હેનોના કાને રજત્ મહોત્સવ પ્રસંગે આ બધી સ્થિતિ નાંખવાનું પ્રયોજન માત્ર એટલુંજ છે કે તેઓ સંવાદ અને કોન્સર્ટના પ્રોગ્રામ રાખી સંતોષ ન ધરે, કિંવા એકાદી પરિષદ્‌માં હાથ ઉંચા કરાવી ઠરાવ પસાર કરાવી કાર્ય સધ્યું ન ગણે, એ ઉપરાંત કામ કરવા ધારે તો તેમને માટે ઘણું કામ પડ્યું છે એ જોઇ શકે. સંગીન કાર્ય ત્યારેજ થઇ શકે, અથવા તો રચનાત્મક કામના માર્ગે તોજ વળી શકાય કે બહારના આંડબર ઓછા કરી સમાજની ભીતરમાં, બ્હેનોના સમુદાયમાં કેટલીક બ્હેનો ઉંડી ઉતરી પડે, અને નારીજીવન સાથે સંબંધ ધરાવતાં નાના મોટા દરેક પ્રશ્નોનો ઉકેલ આણવા ઘટતા પ્રયાસ સેવે. આજે જૈન સમાજના નારીગણની સ્થિતિ ધાર્મિક, વ્યવહારિક અને સામાજીક બાબતોમાં ઘણી પછાત છે એટલે એમાં સુધારો કરવા આવા મહિલા સમાજો માત્ર મુંબઇમાંજ નહિં પણ પ્રત્યેક મોટા શહેરોમાં સ્થાપવાની અગત્ય છે. મુંબઇ મહિલા સમાજ એમાં પહેલ કરી એ જાતની દોરવણી કરી શકે પણ એ ત્યારેજ બને કે ગાંધીસેવા મહિલા મંડળના જેવી સાદાઇ રાખી એ પાછળ ખંતથી મંડી જાય.

મહિલા સમાજમાં કેટલીક બ્હેનો આજે પણ મોજુદ છે કે જેમના સેવાભાવ માટે બેમત જેવું નથીજ. વળી જેઓ વૈધવ્ય દશામાં છે અને શક્તિસંપન્ન છે તેઓ બીજી ત્રીજી પ્રવૃત્તિ કરતાં આ જાતના નારીજાગ્રતિના કાર્યમાં ઝંપલાવે તો જરૂર સુંદર પરિણામ આણી શકે.

રજત મહોત્સવ જેવા ચારૂ પ્રસંગે ઉપરોક્ત ભાવ તેમનામાં પ્રગટો એજ અભ્યર્થના.

## ખુલાસો.

"જૈન યુગ" ના તા. ૧-૨-૩૬ ના અંકમાં ત્રણે ફિરકાની પહેલી જૈન યુવક પરિષદ્‌ના ફંડ સંબંધમાં જે સમાચારો પ્રસિદ્ધ થયા છે તે સંબંધમાં પરિષદ્‌ની કાર્યવાહી સમિતિના મંત્રી શ્રી. મણીલાલ એમ. શાહ તરફથી એક ખુલાસો મળ્યો છે, જેનો સાર અમો નીચે પ્રસિદ્ધ કરીએ છીએ.

'શ્રી. મણીલાલ કોઠારીના પ્રમુખપણા નીચે મળેલી ત્રણે ફિરકાની જૈનયુવક પરિષદ્‌ની વર્કીંગ કમીટીને રૂ. ૧૦૬૩-૧૫-૦ મળ્યા હતા, તે ઉપરાંત ભેટ વિગેરેના મળી કુલ જમા બાજુનો સરવાળો રૂ. ૧૨૦૮-૮-૦ થાય છે, જેમાંથી પ્રચાર તથા પરચુરણ ખર્ચ બાદ જતાં રૂપીયા ૯૬૮-૧૧-૦ બેંક ઓફ ઇન્ડીઆમાં બે મંત્રીઓ મણીલાલ એમ. શાહ અને ડાહ્યાલાલ મણીલાલ મહેતાના નામથી પડેલા છે, જે હિસાબ તા. ૨૩-૪-૩૨ ના 'પ્રબુદ્ધ જૈન' માં છપાયો છે.' 'પરિષદ્ વખતે જે ફાળો વધ્યો હતો તે વર્કીંગ કમીટીની સૂચનાથી ઉધરાવ્યો નથી.'

**નોટ**–શ્રીયુત્ મણીભાઇ તરફથી મળેલ ખુલાસાનો ઉપર ઉપર પ્રમાણે સાર પ્રસિદ્ધ કરતાં જણાવવું જોઇએ કે ખુલાસો લખતાં ભાષામાં શ્રી. મણીભાઇ કંઇક વધારે પડતા ઉગ્ર થઇ ગયા છે અસ્તુ ! તે માટે અમારે કંઇ કહેવાનું નથી. પરંતુ એક બે બાબત સ્પષ્ટ કરવાની રહે છે. પહેલી તો એ કે તા. ૨૫-૪-૩૨ ના પ્રબુદ્ધ જૈનમાં જે રીપોર્ટ છપાયો છે તે સ્વાગત સમિતિની સભાનો છે. એટલે તે રકમ કાર્યવાહક સમિતિને સોંપાઇ ત્યાંસુધીનો જ હેવાલ તેમાં આવે છે, ત્યાર પછી કાર્યવાહક સમિતિએ ત્રણ વર્ષમાં તે ફંડમાંથી કંઇ ઉપયોગ કર્યો કે કેમ તે કોઇના જાણવામાં હોય તેમ લાગતું નથી, કારણકે ત્યારબાદ વર્કીંગ કમીટી તરફથી કોઇપણ હેવાલ બહાર પડયો જાણવામાં નથી, જેથી લોકોને સામાન્યતઃ પુછવાની ઇચ્છા થાય એ કુદરતી છે. વળી મીટીંગમાં ઠરાવ થયા પ્રમાણે પરિષદ્‌નો રિપોર્ટ પણ બહાર પડયો નથી જેથી જન સમાજ પરિચિત થવા માંગે એમાં નવાઇ નથી.

બીજું સમાચાર ઉપરથી એવો ભાવ નથી નીકળતો કે રકમ ખવાઇ ગઇ છે, પણ એ ઉપરથી તો એ સાર નીકળે છે કે આજ ત્રણ ચાર વર્ષ થયાં પરિષદ્‌ની કંઇ પણ પ્રવૃત્તિ દેખાતી નથી. પરિષદ્‌નું અસ્તિત્વ છે કે કેમ તે પણ સમજાતું નથી, અને રકમ કેવળ બીનઉપયોગપણે [ Idle ] પડેલી છે, તો જનતા એના ઉપયોગ માટે કાર્યકરો પાસેથી આશા રાખે એ વ્યાજબીજ છે. **જૈન યુગ બોર્ડ.**

---

## 'અ હિ છ ત્રા'

ગતાંકમાં પ્રકટ થયેલ 'અહિછત્રા' નામક લેખના લેખક રા. રા. **નાથાલાલ છગનલાલ શાહ** પાલણપુર નિવાસી છે.

## ભરતપૂર જીલ્લાના શ્વે. દેરાસરો.

આપણી શ્રીમતી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી ભરતપૂર જીલ્લામાં અત્યાર અગાઉ કરવામાં આવેલ પ્રચારની હકીકત વખતો વખત અપાતી રહી છે. ગત્ વર્ષે તે દેરાસરો માટે ચક્ષુ-ટીકા અને કેશર, બરાસ તથા સુખડ ઉપરાંત દેરાસરોને ઉપયોગી વસ્તુઓ જુદે જુદે સ્થળેથી અપાવવામાં આવી હતી. આ વર્ષે શ્રી ચેલાભાઇ નગીનભાઈ ઝવેરી કેશર-બરાસ ફંડ તરફથી કેશર તોલા ૧૨૫, બરાસ તોલા ૫૦ અને સુખડના ૫૧ કટકાઓ મેળવી પલ્લીવાલ જૈન કૉન્ફરન્સની ભરતપૂર શાખાના મંત્રી મીઠ્ઠનલાલજી કોઠારીને મોકલી આપવામાં આવ્યા છે.

અમોને મળેલા ખબર મુજબ ત્યાંના દેરાંસરોના જીર્ણોદ્ધાર કાર્યની શરૂઆત થઇ ચુકી છે.

એ પ્રાંતમાં દેરાસરો આદિ માટે જોઇતી વસ્તુઓ જૈન સમાજ પૂરી પાડે એમ ઇચ્છીશું.

**—કૉન્ફરન્સ કાર્યાલય.**

---

## જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ.

### અભ્યાસક્રમ પેટા-સમિતિ.

બોર્ડના ધાર્મિક અભ્યાસક્રમમાં ફેરફાર કરવા સંબંધે વ્યવસ્થાપક સમિતિદ્વારા નિમાયેલી પેટા-સમિતિ સમક્ષ મુનિવર્યો તથાં જુદી ૨ વ્યક્તિઓ-પાઠશાળાઓ, સંસ્થાઓ તરફથી મળેલા અભિપ્રાયો રજુ કરવામાં આવ્યા છે. પેટા સમિતિ એ સર્વે ઉપર ખૂબ વિચાર કરી નવીન અભ્યાસક્રમ તૈયાર કરી રહી છે. આ અભ્યાસક્રમ બનતી તાકીદે પ્રકટ કરવામાં આવશે.

દાનવીર શેઠ મેઘજી સોજપાલ અને શ્રીમતી લીલાવંતી બ્હેન દેવીદાસ કાનજીની ઉદાર સહાયતાથી છપાવવામાં આવતી કન્યા અને બાળ ધોરણોપયોગી 'સામાયિક સૂત્ર" લગભગ છપાઇ ચુકી છે, તે પણ ટુંક સમયમાંજ બોર્ડદ્વારા પ્રકાશિત થશે.

---

### જૈન યુવક પરિષદ્

અમદાવાદમાં તા. ૩, ૪. ૫, એપ્રિલ ચૈત્ર શુદ ૧૨, ૧૩, ૧૪ ના રોજ દ્વિતિય અધિવેશન મળનાર છે.


### નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | | |
|---|---|---|
| શ્રી ન્યાયાવતાર ... ... | રૂ. | ૧—૮—૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧ લો ... | રૂ. | ૦—૮—૦ |
| ,, ,, ભાગ ૧-૨ જો ... | રૂ. | ૧—૦—૦ |
| ,, શ્વેતાંબર મંદિરાવળી ... | રૂ. | ૦-૧૨—૦ |
| ,, ગ્રંથાવાલી ... ... | રૂ. | ૧—૦—૦ |
| ,, ગુર્જર કવિઓ (પ્ર૦ ભાગ) | રૂ. | ૫—૦—૦ |
| ,, ,, ,, ભાગ બીજો | રૂ. | ૩—૦—૦ |
| ,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર) | રૂ. | ૬—૦—૦ |

લખો:–**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.**
૧૪૯, શરાફ બજાર. **મુંબઇ, ૨.**


પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ ધી કિશોર પ્રિન્ટરી, ૧૩૦, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ૧૪૯, શરાફ બજાર મુંબઇ, ૨ માંથી પ્રગટ કર્યું છે. તા૦ ૧૮-૨-૩૬.

તારનું સરનામું—'હિંદસંઘ'-'HINDSANGHA' REGD. NO. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

卐

# THE JAIN YUGA.

[શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી—**જમનાદાસ અમરચંદ ગાંધી.**

વાર્ષિક લવાજમ: **રૂપીયા બે.** છુટક નકલ: **દોઢ આનો.**

| | | |
|---|---|---|
| વર્ષ: જુનું ૯ મું નવું ૪ થું | તારીખ ૧ લી માર્ચ ૧૯૩૬. | અંક ૨૧ |


# જાતિભેદનો અસ્વીકાર.

આ એક વાત સાથે બીજી વાત એ છે કે જૈન ધર્મમાં જન્મથી જાતિ છે નહિ, હોઇ શકે નહિ. શ્રી વીર પરમાત્માનું ચરિત્ર વિચારતાં અને તત્વચર્ચાનો આખો દ્રવ્યાનુયોગ જોતાં જૈનદર્શન જન્મથી જાતિભેદ કદિ સ્વીકારે તે વાત પાલવે તેવી નથી, જચે તેવી નથી અને કર્મના સિદ્ધાંત સાથે અનુરૂપ થાય તેવી નથી. જૈનદર્શનની વિશિષ્ટતા એજ કે ભગવાનના સમવસરણમાં કોઇ પણ જાતનો પ્રાણી આવે. મનુષ્ય તો શું પણ તિર્યંચ પંચેન્દ્રિયને ત્યાં સ્થાન છે, દેવોને સ્થાન છે, અસુરોને સ્થાન છે, જે ચાલીને આવી શકે તે સર્વને સ્થાન છે. આ વિશાળતા કોઇ દર્શનમાં જોવામાં નહિ આવે. બ્રાહ્મણો જૈન થયા છે, ક્ષત્રિયોએ રાજપાટ છોડયાં છે, વૈશ્યો એનાં અંગો બની રહ્યા છે, સુતાર, લુહાર, કુંભાર, ઘાંચી સર્વ ભગવાનના પ્રાસાદમાં સમકક્ષાએ છે. હરિકેશિ જેવા ચંડાળના કુળમાં જન્મેલાને અને મેતાર્ય જેવા અસ્પૃશ્ય કુળમાં જન્મેલાને એણે એકજ ભૂમિકા પર બેસાડયા છે, અને પાંચસે પાડાનો નિરંતર વધ કરનાર કાલકસુરિયો કસાઇ પણ એના સમવસરણમાં આવી શકે છે. જન્મથી જાતિ માનવામાં આવે તો જૈનદર્શનનો એક પણ મુદ્દો ટકી શકે નહિ અને તેથી પ્રયાસસિદ્ધ મોક્ષ માનનાર જૈનદર્શને સર્વ પ્રાણીને પોતાના છત્ર નીચે આત્મિક ઉન્નતિ કરવા રજા આપી છે. ભગવાનના સમવસરણમાં ચંડાળ માટે અલગ સ્થાન નહોતું અને હરિકેશિમુનિ ઘરે વહોરવા આવે તો રસોડા સુધી જઇ શકતા હતા. જે દર્શન કમઠ અને ધરણેન્દ્ર ઉપર સમાન મનોવૃત્તિ ઉપદેશે ત્યાં વ્યકિતગત ભેદ કેમ હોઇ શકે? કોઇ પણ પ્રાણી અમુક ગોત્રમાં જન્મે તેથી ધર્મસ્વીકાર કે ધર્મારાધન માટે નાલાયક થાય છે એવો જૈન ધર્મનો એક પણ સિદ્ધાંત નથી, એવો શબ્દપ્રયોગ પણ નથી અને આખી જૈન ધર્મની ઇમારતનું રહસ્ય સમજનારને એ વાતમાં શંકાને સ્થાન પણ નથી.

આથી પોતાના આત્માની ઉન્નતિ કરવા ઇચ્છનાર કોઇ પણ વ્યકિત જૈન ધર્મનો સ્વીકાર કરી શકે છે, અને જૈન ધર્મનો સ્વીકાર કરનાર સ્વધર્મી બંધુ થાય છે. સર્વ પ્રકારે સંવ્યવહારને યોગ્ય થાય છે અને સાચું સગપણ જગમાં સામી તણું' એ વાત જે ધર્મ પોકાર કરીને કહે છે ત્યાં બીજી વાતનો સંભવ પણ કેમ હોય?

('**નવયુગનો જૈન**' એમાંથી ઉદ્ધૃત).

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દ્દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.
તા. ૧-૩-૩૬ રવિવાર.

# ધર્માદા ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ.

ધર્માદા ખાતાંઓના હિસાબ ચોકખા રહે એમ તો સૌ કોઇ કહે છે પણ જૈન સમાજનો એક નાનો વર્ગ એવો પણ છે કે જે એ માટે કાયદાની આવશ્યકતા સ્વીકારતો નથી. અગાઉ અમો અમારી નોંધ અને ચર્ચામાં જણાવી ગયા છીએ કે ત્રીજી સત્તાની ડખલગીરી ઇષ્ટ તો નથી, પણ જે સમાજનો કારભારી વર્ગ તદ્દન બેદરકારી સેવતો હોય અને ધર્મ કે નીતિના ધોરણને પણ અવગણતો હોય ત્યાં અન્ય ઉપાય પણ શો ? દિવસ ઉગે છાપાના કોલમો પર નજર નાંખતાં સ્હેજે જણાઇ આવશે કે અમુક દહેરાના વહીવટકર્ત્તાંઓ હિસાબના ચોપડા બતાવતા નથી, અમુક નાણા પોતાના ઉપયોગમાં લીધા છે જ્યારે અમુકે તો મૂડી હજમ કરેલી છે ! આમ કંઇ એકાદ બે વ્યકિતઓના સંબંધમાં કહેવાય છે એમ નથી. મોટા મોટા શહેરોમાં—સારા અને પ્રતિષ્ઠિત ગણાતા વહીવટદારો માટે પણ આવી વાતો બહાર આવે છે ! એટલુંતો કબુલ્યા સિવાય ચાલે તેમ નથીજ કે જૈન સમાજના ધર્માદા ખાતાઓના વહીવટદારો પોતાની જાતને સંઘના સેવકો નહિં પણ માલીકો સમજીને વહીવટ કરે છે, અને તેથી સંઘ સમક્ષ હિસાબ બતાવવાની જવાબદારીમાંથી સાવ છટકી જાય છે. ઘણીયે વાર એકાદ બે વ્યકિતઓ જો એ સંબંધમાં કંઇ પૂછવા જાય તો એને સીધો જવાબ દેવાને બદલે તરતજ પરખાવી દે છે કે—'તમને હક શું છે ? તમે તો એમાં છો પૈસા આપ્યા નથીને ? હજારો આપનારા તો અમો શ્રીમંતો છીએને ?' કોઇક વધુ મીજાજી તો એમ પણ કહી દે કે 'અમોએ આપેલાં છે અને અમો ખાઇ ગયા—જાઓ થાય તે કરી લ્યો.' આવા ઉત્તરો ઘણી વખત મળવાથી અને એ બાબતની ખાંખત રાખનાર વર્ગની ન્યાય મેળવવા આગળ વધવાની અશકિતથી ઘણી જગ્યાએ એ જાતના નાણા સ્વાહા પણ થઇ ચુકયા છે ! હિસાબોની પોલોનો પાર નથી રહ્યા. કેટલીક જગાએ વહીવટદારોની યથાર્થ દેખરેખ વિના જમા ઉધાર તપાસનાર યોગ્ય નિરીક્ષક વિના માણસો પરના અંધ વિશ્વાસથી હજારોના આંધણ મૂકાયાં છે, આડાઅવળા હવાલા નાંખી દેવાયા છે ! જ્યારે કોઇ પૂછનાર બહાર પડે ત્યારે જવાબ આપતાં ગલ્લા તલ્લા વાળવામાં આવ્યા છે- અફસોસજનક તો એજ છે કે આવા ઉડાઉ જવાબ આપવામાં અને વહીવટને સુધારી પદ્ધત્તિસર રાખવામાં—ધર્મ માટે અપાર પ્રેમ હોવાનો દાવો કરનારા અને ધર્માત્મા કે વીસમી સદીના ભામાશા જેવા બિરૂદ હડપ કરનારા ગ્રહસ્થો એવી જાતના ઢાંક પિછોડા કરે છે ! મુંબઇના આયંબિલ વર્ધમાન ખાતાને કે ખંભાતની જૈન શાળાના હિસાબની વાતને આ પ્રકારના ઉદાહરણ તરિકે મૂકી શકાય.

આમ છતાં અમદાવાદનું એક અઠવાડીક અને ભદ્રંભદ્ર જેવા કેટલાકોની ટોળકી જે જાતનો ઉલ્ટો પ્રચાર એ કાયદા પ્રત્યે કરી રહ્યાં છે તે સમાજને ઉંધા પાટા બંધાવવા રૂપ નથી તો બીજું શું છે ?

આ કાયદાથી હિસાબો જરૂર ચોકખા રાખવા પડશે એના સરવૈયા દરવર્ષે સરકારમાં રજુ કરવાં પડશે. અને એમાં ગાફલ રહેનાર અવશ્ય શિક્ષા પાત્ર ગણાશે. એમ કરવામાં થોડો ખર્ચ પણ લાગશે. આટલો સીધો કાયદાનો હેતુ છે એ સમજાય તેવી વાત હોવા છતાં એને મારી મચડીને કોઇ જુદાજ લેબાસમાં ચીતરવી અને એ સાથે એ કાયદાને ટેકો આપનાર પ્રસિદ્ધ આગેવાનોને યેનકેન પ્રકારેણ ભાંડવા કે ઉતારી પાડવા બહાર પડવું એ શુકરવારીયા સિવાય ભાગ્યેજ બીજાથી બને ? અરે ધર્મ પર મહાસંકટ આવેલ છે, સુધારકો ધર્મનો નાશ કરવા બેઠા છે, ઇત્યાદિ ભડકામણા હેવાલોનો પ્રચાર કરી ભલતે ભલતું સમજાવી સહીઓ એકઠી કરવામાં સાચી ધર્મદાઝ નથી પણ પોતાની પોલ ઉઘડવાનો ભય છે, અને એ ઢાંકવા સારૂ કરવામાં આવતો બાલિશ પ્રયત્ન છે એમ અમારે છાતી ઠોકીને જાહેર કરવું પડે છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ કે શ્રીમતી કોન્ફરન્સે એ કાયદાને ટેકો આપવામાં કોઇપણ જાતની ભૂલ નથી કરી પણ દીર્ઘદર્શિતા દાખવી છે. કારણ કે અત્યારે જે નધણિયાતિ અને બીનજવાબદાર સ્થિતિ પ્રવર્તે છે અને જે રીતે ધાર્મિક ખાતાના દ્રવ્યનો અંધેર એકહથ્થુ અને લોચા પાડતો વહીવટ ચલાવાય છે તેનો અંત તે વગર આવે તેમ નથી,

શાસ્ત્રમાં દેવદ્રવ્યના સંરક્ષણ અને વહીવટ માટે જે જાતની સુચનાઓ અપાયેલી છે એ પ્રમાણે આજે એક પણ સંસ્થા કિંવા કોઇપણ ખાતુ ચાલતું દ્રષ્ટિ ગોચર થાય છે ? વારંવાર પોકાર કરવા છતાં અને એક કરતાં વધુવાર ઠરાવ કરી ધ્યાન ખેંચ્યા છતાં ધાર્મિક ખાતાના વહીવટદારોએ હિસાબ સંઘ સમક્ષ વાંચી જવાની તસ્દી કોઇવાર લીધી છે ખરી ?

એક તરફથી દેવદ્રવ્યાદિના ભક્ષણમાં પાપ માનનાર માત્ર હિસાબની આવડતથી કે બેદરકારીના સેવનથી

( વધુ માટે જુઓ પાનું ૭ મું )

# નોંધ અને ચર્ચા.

## વિહારનાં ક્ષેત્રો વિસ્તૃત કરો.

આજે સાધુ વિહારની ગેરહાજરીને લીધે ઘણાખરા જૈનો આચાર વિચારમાં પડોસી કોમનું અનુસરણ કરી, જૈનધર્મ એ શું ચીજ છે એ વિસરી જઇ જતા દિવસે ઇતર સમાજમાં ભળી જાય છે. માત્ર આ સંબંધમાં ભૂતકાળે ઘણું ગુમાવ્યું છે એમ નથીજ. વર્તમાન કાળે પણ આ સ્થિતિ ચાલુ રહી છે અને એ ઓછા શોકનો વિષય નથીજ. સાધુવર્ગનો મોટો સમુદાય ઘણુંખરૂં ગુજરાતની ભૂમિને છોડીને અન્ય ક્ષેત્રો તરફ ક્વચ્ચિતજ નજર નાંખે છે! અરે, પાલીતાણા, અમદાવાદ જેવા સ્થાનોમાં તો ધામા નાખીને પડ્યા હોય છે! આ કારણથીજ સાસરા-પિયર જેવી ઉક્તિ પ્રચલીત થઇ છે. જે સ્થળોમાં વર્ષોના સંસ્કારથી જૈનધર્મના ઉંડા મૂળ રોપાયાં છે, અને જૈનત્વની જડ ઝામેલા સંખ્યાબંધ જૈનો જ્યાં મોજુદ છે ત્યાં કદાચ નામની સંખ્યામાં સાધુઓ વિચરતા રહે તો તેથી વાંધો આવે તેમ નથીજ. અરે આગળ વધીને કહીયે તો કદાચ એક બે ચોમાસા સાધુ વગરનાં જાય, તો પણ એમાં ગભરાટનું કારણ નથી. એથી જૈનધર્મ નથી તો વીસરાઇ જવાવાનો કે નથી તો શ્રદ્ધાનો લોપ થઇ જવાનો. પણ અફસોસની વાત એટલી છે કે ક્યાંતો ગુજરાતનાં હવા પાણીએ, વા તો એના મોહક આહાર કે વાર તહેવારના આડંબરોએ, અથવા તો અસ્તિત્વમાં આવેલ મઠધારીપણાએ એટલે કે અમુક ઉપાશ્રયોએ અમુક પક્ષના સાધુઓ ચોમાસામાં હોવાજ જોઇએ. તેઓજ ત્યાં વ્યાખ્યાન વાંચે તોજ વાર્ષિક આવક સચવાઇ રહે એ જાતની વૃત્તિએ એટલી હદે સાધુગણમાં પગપેસારો કર્યો છે કે જેથી તેઓ સારી રીતે સમજતા હોવા છતાં વિહારભૂમિની મર્યાદા ભાગ્યેજ વિસ્તારે છે અને કેવળ ભરતામાં ભરતી કરે છે! એથી અજીરણ જેવી સ્થિતિ ઉદ્ભવી છે એ પણ જોઇ શકે છે છતાં મધુબિન્દુના દ્રષ્ટાન્ત જેવું વર્તન ચાલુ રાખી રહ્યાં છે! મારવાડ મેવાડ કે પંજાબ તરફ અમુક સાધુઓ વિચરે છે તે બાદ કરીએ તો એ ભૂમિ તરફ પ્રયાણ કરવાનાં નવાં પગલાં ભરનાર સંખ્યા જુજ જણાશે! બંગાલ કે સંયુક્ત પ્રાંતોમાં તો શ્વેતાંબર સાધુના નામ સંભળાય ત્યારે અહોભાગ્ય માનવાનુ અને મહારાષ્ટ્રની બૂમ કેટલાક વર્ષોથી છે. હજુ તા. ૯-૨-૩૬ નાં જૈનમાં શ્રી. વીરચંદ મોતીચંદ એ સંબંધમાં લખે છે. ઉપદેશવારિના સિંચનનાં અભાવે, આજ કેટલાક જૈનો જૈન મટી ગયા છે એ જો તપાસવામાં આવે તો હૃદય હાલી ઉઠે એમ છે! નવા કરવાની વાત તો દૂર રહી પણ જેઓ વારસામાં ઉતરી આવ્યા હતા તેઓની સંભાળ સરખી પણ ન રાખી શકાણી. એવા વારસદારો પ્રત્યે ભાવિપ્રજા કેવી દ્રષ્ટિયે જોશે એનો વિચાર કર્યો છે? મહાવીરના મોટા પુત્રોનો દાવો કરનાર સાધુવર્ગની નજર સામે આ પ્રશ્ન રજુ કરાય છે. એનો જવાબ તેઓ આપશે?

આ સવાલ સંબંધમાં એક બાબત આગળ કરવામાં આવે છે અને તે એ કે મહારાષ્ટ્ર આદિ ક્ષેત્રોમાં સાધુધર્મને યોગ્ય એવી ગોચરી નથી પ્રાપ્ત થઇ શકતી! અથવા તો સાધુ ધર્મનું યોગ્ય રીતે પાલન નથી થઇ શકતું! કદાચ પહેલી તકે આ વાત શોભીતી લાગશે પણ એ સાથે એ વિચાર પણ અવસ્ય કરવાનો છે કે જ્યાં સાધુ મહારાજાઓનો અવર જવર અટકી પડ્યો હોય અને જ્યાં ધર્મના ઉમદા સંસ્કારોની તાણ રહેતી હોય ત્યાં કદાચ ગોચરી સંબંધી અજ્ઞાનતા દ્રષ્ટિ ગોચર થાય કિંવા સાધુધર્મના નિયમો સંબંધમાં અતિચાર પહોંચે તેવું હોય તો તે બનવાજોગ છે.

પણ એ જાતના પરિષહથી અનગારને પાછા હઠવાપણું કેમ હોઇ શકે? પ્રારંભિક વિહારવાળાને થોડી મુસ્કેલીઓનો સામનો પણ કરવો પડે પણ તેથી જતે દિવસે એ ક્ષેત્રો વિહારને અનુકુળ થઇ પડે છે. એ લાભ કંઇ જેવો-તેવો નથી. સર્વત્ર મુનિધર્મના જાણનારા અને એ પ્રમાણે ઉચિત વ્યવહાર સાચવનારા સતત્ ઉપદેશ અને અસ્ખલિત વિહાર વગર ક્યાંથી મળવાના છે?

આજે તો ભાર દઇને કહી શકાયે તેમ છીએ કે મહારાષ્ટ્ર કે મદ્રાસ અથવા હિંદના કોઇપણ ભાગમાં સંવેગી સાધુ વિચરવા ધારે તો ઝાઝી અગવડ નડે તેવું નથીજ. અલબત કેટલીક નાના પ્રકારની મુશ્કેલીઓ કોઇકોઇ વાર નડે પણ યતિધર્મમાં જે જાતના પરિષહો સહન કરવાની વાત કરવામાં આવી છે એ આગળ તો તે નહિં જેવીજ છે! બાકી આ ક્ષેત્રોમાં વિચરવા કટિબધ્ધ થનારે પોતાની સ્વાદવૃત્તિ પર અંકુશ મૂકવાનો છે, પોતાનો જ્ઞાન ભંડોળ વધારવાનો છે અને અન્યને સમજાવવાની શકિત ખીલવવાની છે. વળી હિંદુસ્થાની ભાષા પણ શીખી લેવાની છે. તોજ એ તરફ વિચર્યાનું કંઇ ફળ બેસે તેમ છે. ત્યારેજ હજારો જૈનો આજે જૈનેતરમાં ભળી જતા અટકાવી શકાય તેમ છે. પલ્લીવાલ જૈનોનું ઉદાહરણ ચક્ષુ સામે છે. પ્રભુ શ્રી વીરનો સંદેશ પહોંચાડવો હોય તો ક્ષેત્રની વિશાળતા છે ને સમયની સાનુકુળતા છે.

કેટલાક મુનિપુંગવો આજે પણ એ માટે કમર કસી ગુજરાત બહાર નિકળી શકે તેમ છે. બીજાઓએ તૈયારી કરવા લાગી જવું ઘટે છે. એકવાર એવો સમય આવી જાય કે ગુજરાતમાં થોડા ગણ્યા ગાઠ્યાં વૃદ્ધ સાધુઓ નજરે પડે તો બ્હીવા જેવું નથી. એ કાળે હિંદના બીજા ખૂણાઓમાં જૈન સંખ્યાના આંકડા જોરથી વધવા માંડ્યા હશે. જૈન ધર્મના સાચા રહસ્યથી હજારો આત્મા નવપલ્લવિત બન્યા હશે. આ કંઇ ન્હાની સૂની પ્રભાવના નહિં કહેવાય.

પૂજ્ય ત્યાગીગણ અમારો આ અવાજ સાંભળે અને એ અર્થે નીકળી પડે. એજ અભ્યર્થના.

## દેવાલયનાં નાણાં શું ઝઘડાઓમાંજ ખર્ચાશે?

જૈન સમાજના આગેવાનો હજુપણ આંખ નહિં ઉઘાડે? તેઓ ક્યાં સુધી દેરાસરોના નાણાં કેસો લડવામાં બગાડવા ધારે છે? એમ લડીને તેઓ કેવી જાતનો નિકાલ આણી શકશે! છાપામાં કચ્છી ગ્રહસ્થો ટ્રસ્ટ ઝઘડાને અંગે કોર્ટમાં લડી રહ્યાનું વાંચીએ છીએ અને નમીનાથના ટ્રસ્ટીઓ એવાજ કેસને અંગે ટુંકમાં કોર્ટે જશે એમ સાંભળીએ છીએ ત્યારે જે દુઃખ પેદા થાય છે એ અકથનીય છે! અગાઉ આવી રીતે કેસો લડીને આપણે કેટલો ફાયદો કહાડયો તે ભાગ્યેજ જૈન સમાજના મોટા વર્ગથી અજ્ઞાત છે. કેવળ દેવદ્રવ્યના નાણાંનો નિરર્થક વ્યય અને સમયની બરબાદી! વિશેષમાં એકજ ધર્મના અનુયાયીઓમાં-એકજ સમાજના નાયકોમાં ક્લેશ અને કુસંપની વૃધ્ધિ! 'કડવા ફળ છે ક્રોધના' જેવા વચનો ઉચ્ચારનારને અથવા તો 'કષાયવૃધ્ધિમાંજ સંસાર ભ્રમણ' માનનારને આ જાતના ઝઘડા નથી શોભતાં એમા પણ આપણે હવે દેવ કે દેવાલયના નામે લડવાનું સદંતર અટકાવી દેવાની જરૂર છે. આમવર્ગ જે ભાવનાથી પ્રભુ સન્મુખ દ્રવ્ય ધરે છે તેનો આ જાતનો દુરૂપયોગ જુગુપ્સનીય છે એટલુંજ નહિં પણ પહેલી તકે બંધ કરવાની અગત્ય છે. સમાજના સારાસારા ગ્રહસ્થો ટ્રસ્ટને લગતા આ પ્રકારના કલહમાં સંડોવાય અને એક બીજાના ભાઇ મટી દુશ્મન બને એ શું ચલાવી લેવા જેવું છે? એથી સમાજ કે ધર્મને શું લાભ થશે?

આથી કોઇ એમ ન માને કે અમો દેરાસરના હિસાબમાં પોલ ચલાવી લેવાનું પસંદ કરીએ છીએ, અથવા તો હિસાબોની ચોખવટમાં માનતા નથી, અગર તો એક હથ્થુ સત્તાના ઉત્તેજક છીએ.

દેવાલય આદિ દરેક ધાર્મિક કે સામાજીક ખાતાના હિસાબો ચોકખા રહે અને એનો વહીવટ સમિતિ દ્વારા ચાલે, તદુપરાંત રીતસર હિસાબ તપાસાઇ, વર્ષમાં એક વાર સંઘ સમક્ષ રજુ થાય અને સમિતિની પસંદગી ચુંટણીના ધોરણે થાય એ પધ્ધતિજ ચાલુ કાળમાં વ્યાજબી છે. દેવદ્રવ્ય સંરક્ષણના અધિકારમાં પૂર્વપુરૂષોએ પણ તેવોજ માર્ગ ચીંધ્યો છે. જ્યાં એ પદ્ધતિ ચાલુ ન હોય ત્યાં સત્વર દાખલ કરવાની અમારી આગ્રહભરી વિનંતિ છે. ત્રીજી સત્તા આપણને ફરજીયાત એમ કરતાં શિખવે અને આપણાજ પૈસાથી આપણાપર દેખરેખ રાખે કિંવા આપણા વચ્ચેના કદાગ્રહોને લઇ, એડવોકેટ જનરલ જેવી બહારની સત્તાને આમંત્રણ કરવું પડે અને તે પાય તેટલું પાણી પીવા વારો આવે, તે કરતાં અંદર અંદર સમજી લઇને ખાતું કે ટ્રસ્ટ રસ્તાસર મૂકવામાં શું હીણપત છે? હજારોના ક્રયવિક્રય કરનાર બુદ્ધિશાળી વણિક તનુજોને આ જાતનો ઇશારો કરવો પડે એજ આશ્ચર્યની વાત છે! હિસાબમાં દોકડાની પણ ગણત્રી કરનાર વર્ગ શા સારૂ ઉપરોક્ત પ્રકારના ઝઘડામાં હજારોના આંધણ મૂકે છે! માની લીધેલા ભ્રમનમાં મસ્ત રહી શા માટે ધર્મના નાણાંનો આ પ્રકારનો ખોટો વ્યય કરે છે.

વાતનો તોડ આણવા ધારે તો એમાં કંઇજ મુશ્કેલી નથી. ભાગ્યેજ કોઇ જૈનને દેવસ્થાનના એ દ્રવ્યને ખાઇ જવાની વૃત્તિ હોય છે. વહીવટી તંત્ર સુધારવાની વાત હોય કે સમિતિમાં અમુકને સ્થાન આપવાની બાબત હોય તો સમજુતીથી એનો નિકાલ આણી શકાય છે. 'કોઇબી રીતે દેવદ્રવ્ય જળવાઇ રહે અને એનો હિસાબ ચોકસાઇથી રખાય' એ વસ્તુ કાયમ રહેતી હોય તો બીજી બધી રીતે બાંધછોડ કરી, ઘર મેળે ઝઘડાનો અંત આણી સંપ બન્યો રહે તેમ કરવાની એ આગેવાનોને આગ્રહભરી અપીલ છે.

## શિખરજી માટેની સ્પેશીયલ ટ્રેનો.

કેટલાક વર્ષોથી પૂર્વ દેશની કલ્યાણક ભૂમિઓની અને ખાસ કરીને વીશ જીનેશ્વરોની નિર્વાણ ભૂમિરૂપ શ્રી સમેત શિખરજીની યાત્રા કરવા સારૂ ખાસ ટ્રેનો લઇ જવાની જે પ્રથા શરૂ થઇ છે તે એક દ્રષ્ટિયે સગવડભરી હોઇ, વધાવી લેવા જેવી છે. કુટુંબકબીલાવાળાને કે વૃદ્ધોને અથવા તો એકલ દૂકલ આદમીઓને વધુ અનુકૂળ હોય છે. ખર્ચોમાં બચત થાય છે અને કડાકૂટમાંથી બચી જવાય છે. આમ છતાં યાત્રા જનાર ગૂજરાતી વર્ગે અને ટ્રેન લઇ જનાર નાયકોએ એ સંબંધમાં પ્રથમથીજ ન્હાવા, ધોવા કે જંગલ જવા આદિની કેટલીક બાબતોનો-એ તરફના ભિન્ન રિવાજોને અનુલક્ષી પોતાનામાં અમલ કરવાનો છે. એ સંબંધમાં એ જાતની યાત્રાને લગતાં જે ટ્રેકટો પ્રગટ થયાં છે એમાં કહેવાયેલું હોવાથી ત્યાંથી વાંચી લેવા ભલામણ કરી અત્રે એક બે મુદ્દાની વાતનો ઉલ્લેખ કરીશું.

એક તો જેઓ આવી ટ્રેનો દોડાવી કમાણી કરવા માંગે છે અને એ માટે સારી સારી જાહેરાતો કરે છે તેમનાથી સમાજે સાવચેત રહેવાની જરૂર છે. પૂર્વ પ્રદેશ અને એની આસપાસના સ્થળોમાં રીતસર ફરવા સારૂ બે માસ ઓછા પડે તેમ છે. તો પછી જેઓ જાહેરાતમાં શત્રુંજય-ગીરનાર આદિ ઉમેરે છે અને સમય વધુ નથી રાખતાં તેઓ કેવળ યાત્રિકાનું આકર્ષણ કરવા ખાતરજ તેમ કરે છે એમ કહેવું ખોટું નથીજ. વધારે તીર્થોમાં જવાની વાત વાંચી યાત્રિકો લોભાય એ હેતુ હોય છે.

શત્રુંજય, ગીરનાર જેવા ઘરઆંગણે ગણાતા તીર્થો માટે સ્પેશીયલની જરૂર પણ શી હોય? એ માટે બેંગાલ કે પંજાબ તરફથી સ્પેશીયલ નિકલે તો એ સમજી શકાય તેવું છે. માટે જૈનોએ યાત્રા જતાં પૂર્વે કહાડનારની જાહેરાતથી નહિં અંજાતાં, એ પાછળ સેવાભાવ છે એ જોવાજ જરૂર છે.

બીજુ બે માસના આ જાતના પ્રવાસમાં ત્રણસોથી ચારસો યાત્રિકો સાથે રહેતા હોવાથી, દિવસ દિવસના જુદા જુદા કાર્યક્રમો ગોઠવી, ધાર્મિક-નૈતિક કે સામાજીક ભાષણ કે વિવેચનરૂપે ઘણું કાર્ય થઇ શકે તેમ છે. યોગ્ય આગેવાનો હોય તો દેવદર્શન ને દેશનિરીક્ષણ ઉપરાંત અન્ય ઘણાં પ્રકારની જ્ઞાન ગોચરી કરાવી શકે છે.

# અહિંસાના આરાધક મહાત્મા ગાંધીજી.

## જીવદયાના અણુમુલ ઉદ્‌ગારો.

(સંગ્રાહક:—**અમરચંદ માવજી શાહ.**)

"સત્યનો અહિંસાનો માર્ગ જેટલો સીધો છે એટલોજ સાંકડો છે, ખાંડાની ધારે ચાલવા જેવો છે. બજાણીયા જે દોરી ઉપર એક નજર કરી ચાલી શકે તેના કરતાં પણ અહિંસાની દોરી પાતલી છે. જરા અસાવધાની આવી કે હેઠે પડીએ. પ્રતિક્ષણ સાધના કરવાથીજ તેના દર્શન થાય."

"કોઇને ન મારવું એ તો અહિંસા છેજ. કુવિચાર માત્ર હિંસા છે. ઉતાવલ હિંસા છે, મિથ્યા ભાષણ હિંસા છે, દ્વેષ હિંસા છે, કોઇનું બુરૂ ઇચ્છવું હિંસા છે, જે જગતને જોઇએ તેનો કબજો રાખવો એ પણ હિંસા છે."

"અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. અહિંસા અને સત્ય એવા ઓતપ્રોત છે જેમ સિક્કાની બે બાજુ અથવા લીસી ચકરડીની બે બાજુ તેમાં ઉલટી કઇ ને સુલટી કઈ? છતાં અહિંસાને સાધના ગણીયે. સત્યને સાધ્ય ગણીયે સાધન આપણા હાથની વાત છે તેથી અહિંસા પરમો ધર્મ છે."

"જંતુનાશક પાણીનો ઉપયોગ તે પણ હિંસા છે, હિંસામય જગતમાં અહિંસાત્મક થઇને રહેવાનું રહ્યું તે તો સત્યને વલગવાથીજ થાય."

"અહિંસા એ ક્ષત્રિનો ગુણ છે, કાયરથી તેનું પાલન થાય નહિ. દયા તો શુરાજ બતાવી શકે. જે કાર્યમાં જેટલે અંશે દયા છે તે કાર્યમાં તેટલેજ અંશે અહિંસા હોઈ શકે."

"અહિંસામય થવું એટલે વિરોધી પ્રત્યે પણ પ્રેમભાવ રાખવો. અપકારીનો ઉપકાર કરવો, અવગુણનો બદલો ગુણ વડે આપવો ને તેમ કરતાં એમ માનવું કે તે કર્તવ્ય છે નવાઇ નથી."

"अहिंसा परमो धर्म એ જીવનમાં ઉચ્ચમાં ઉચ્ચ રહસ્યોમાંનું એક રહસ્ય આદર્શ છે તેનાથી લેશ પણ નીચે ઉતર્યા એટલે તે પતનજ ગણવું જોઇએ."

"હિંસા કરવાની પુરી શક્તિ છતાં જે હિંસા નથી કરતો તેજ અહિંસા ધર્મનું પાલન કરે છે. અહિંસા એટલે પ્રેમ, દયા, ક્ષમા. તેને વીરના ગુણ તરીકે શાસ્ત્ર વર્ણવે છે. આ વિરતા શરીરની નહિ પણ હૃદયની."

"ચોમેર હિંસાથી ઘેરાયલા અને બલતા જગતમાં વિચરનાર જે મહા પુરૂષે અહિંસારૂપી ધર્મને પ્રગટાવ્યો તેને સાષ્ટાંગ નમસ્કાર હોજો."

"કર્મ માત્ર પ્રવૃત્તિ માત્ર ધર્મ માત્ર સદોષ છે. આવશ્યક ધંધા માત્રમાં સરખો દોષ છે. મોતીના ધંધામાં, રેશમના ધંધામાં, સોનીના ધંધામાં ખેતીના કરતા વધારે દોષ છે કેમકે તે ધંધા આવશ્યક નથી,"

"કીડીને પણ બચાવીને ચાલવું એ તો આપણો સહજ ધર્મ છે. જે માણસ ઉંચી ડોક રાખી વગર વિચાર્યે, વગર જોયે પોતાના ગર્વમાં ચાલ્યો જાય છે ને પોતાના પગ તળે કચડાતાં અસંખ્ય જીવોનો વિચાર સરખો કરતો નથી તે તો ઇરાદાપૂર્વક અનાવશ્યક પાપ કર્મ આદરી પોતાના હાથે નરકદ્વાર ઉઘાડે છે."

"પાપ માત્ર હિંસા છે અને પાપનો સર્વથા ક્ષય એટલે દેહમુક્તિ તેથી દેહધારી અહિંસાને આદર્શ રાખીને જેટલે દૂર જઇ શકાય તેટલે દૂર જાય."

"સંત એટલે અહિંસક, એટલે દયાળુ મનુષ્યોની બધી વિભૂતિઓ પરોપકારનેજ અર્થે હોય. જ્યાં હુંપણું છે ત્યાં હિંસા છેજ જ્યાં હું નથી ત્યાં હિંસા નથી."

"પશુ અને ઉતરતી યોનીનો કાયદો છે તે માનવ યોનીનો કાયદો નથી. માણસે તો ખંતથી પ્રયત્ન કરીને પોતાની અંદર રહેલા પશુને જીતવાનો અને તેને મારીને આત્માને જીવતો રાખવાનો પ્રયત્ન કરવાનો છે. પોતાની આસપાસ ચાલી રહેલા હિંસાના દાવાનળમાંથી અહિંસાનો મહામંત્ર શિખવાનો છે."

"ધર્મને નામે જગતમાં સંહાર ચાલતો આવ્યો છે એથી પણ આપણું જરાયે ભલું થયું નથી."

"જ્યાં જીવોને આપણે પેદા નથી કરી શકતા ત્યાં તેમને મારવાનો આપણને કશો હક્ક નથી. પોતાનો દેહ ક્ષણભંગુર છે એમ જાણતાં છતાં તેને ટકાવવા સારૂં અથવા પોતાના વિનોદને સારૂ માનવીને મારવા મળે એટલા માટેજ ઇશ્વરે કેટલાક જીવો પેદા કર્યાં છે એમ માનવામાં નાસ્તિકત છે.

(ગાંધીજીના અહિંસાના લેખમાંથી ઉદ્ધૃત.)

---

(અનુસંધાન પાના ૪ થી)

હમણાંજ જે સ્પેશીયલ ગઇ એને પ્રતિક્રમણને સ્નાત્રનો કાર્યક્રમ રાખ્યો છે. સાંભળ્યું છે કે બોમ્બે સેંટ્રલ સ્ટેશનપર આ જાતનું સામુદાયિક પ્રતિક્રમણ કરવામાં આવ્યું હતું! તેમની દ્રષ્ટિયે આત્મશુધ્ધિની આ ક્રિયા સ્થાનશુધ્ધિની વાત લક્ષમાં રાખી ઉચિત રીતિમાં કરાવી જોઇએ. શાસ્ત્રમાં એટલેસુધી કહેવામાં આવ્યું છે કે પ્રાતઃકાળનું પ્રતિક્રમણ એટલું ધીમે કરવું કે પાસે સુનાર વ્યકિતના કાને પણ એનો અવાજ ન પહોંચે કે જેથી એ જાગી જાય! આથી સહજ સમજાશે કે આત્મશુધ્ધિની આ ક્રિયા આડંબર કે દેખાવરૂપ ન બની જવી જોઇએ.

સ્નાત્ર પણ જરૂર ભક્તિનું કારણ છેજ પણ દેવસ્થાનના પવિત્ર વાતાવરણમાં માનવ આત્માઓએ પોતાના શરીરની પ્રવૃત્તિને અનુલક્ષીને સમય ગાળવાનો નિર્ધાર કરવો ઘટે છે. કેટલીક વાર કલાકોના કલાકો ભકિતના નામે પસાર કરતાં આશાતના વર્જનરૂપ મહત્વની વાત વીસરી જવાય છે.

એ ઉપરાંત દેવાલયની સંકડામણ અને અન્ય પૂજકોની અગવડ પ્રતિ પણ લક્ષ આપવું ઘટે છે.

જૈન ધર્મની પ્રત્યેક ક્રિયા આત્મ સાક્ષીએ કરવાની છે-બહારના આડંબર કે દેખાવ માટે નથી કરવાની એ વાત કદિ પણ ભુલવાની નથી. એ મુદ્દાને લક્ષમાં રાખી કાર્યક્રમ ગોઠવવો ઘટે છે.

બાકી ધર્મ કરણીના નામે ગમે તેમ ઘોંઘાટભર્યું વાતાવરણ જમાવવું કે દોડધામ આદરવી અથવા તો પ્રભુભક્તિના બ્હાને બગિચાના ખીલેલા કે અણખીલેલા સર્વ પુષ્પોને ચુંટી નાંખવા, અગર તો સર્વસ્થાને વરખ ચોઢવાનો મોહ રાખવો એ એકાંતે ઇષ્ટ નથીજ.

# મહારાષ્ટ્રની શૈક્ષણિક પરિસ્થિતિ.

(લેખકઃ—**માણેકલાલ ભટેવરા.**)

[આ પત્રના તા. ૧૬-૮-૩૫ ના અંકમાં પૃષ્ઠ ૭ મે નાશિક જીલ્લામાં જૈનોની પરિસ્થીતિ વિષયક આંકડાઓ રજુ થયા છે તેના અનુસંધાનમાં મહારાષ્ટ્ર સંબંધી લેખકે પૂરી પાડેલ અન્ય વિગતો અત્રે રજુ કરવામાં આવે છે. **તંત્રી.**]

આગળ જણાવ્યા મુજબ મહારાષ્ટ્રમાં ૪૦૪૪૪ પુરૂષ અને ૩૪૨૫૧ સ્ત્રીઓ છે. કુલ વસ્તીમાંથી ૨૪૯૪૪ એટલે લગભગ ૩૩ ટકા શિક્ષીત છે. ૪૦૪૪૪ પુરૂષોમાંથી ૨૨૮૮૯ એટલે લગભગ ૫૫ ટકા શિક્ષીત છે. ૩૪૨૫૧ સ્ત્રીઓમાંથી ૨૦૪૬ એટલે માત્ર ૬ છજ ટકા શિક્ષીત છે. બાકીની ૯૪ ટકા તદન અશિક્ષીત છે. ૫ વર્ષ સુધીનાં ૧૦૨૬૩ બાળકોમાંથી એક પણ નિશાળે જતું નથી. ૫ થી ૧૦ વર્ષની અંદરની ઉમરનાં ૮૮૬૯ બાળકો છે એમાંથી ફક્ત ૧૪૫૦ અભ્યાસ કરે છે. મહારાષ્ટ્રના યુવકોએ ખાસ કરીને ધ્યાનમાં રાખવું જોઇએ કે પાંચથી દશ વર્ષની ઉમરના તમામ બાળકોએ નિશાળે જઇ શિક્ષણ લેવું જોઇએજ, અને ૭૪૧૯ બાળકો શિક્ષણ લેતાં નથી તેનો ખ્યાલ કરી બધાંને નિશાળે જતાં કરવાં જોઇએ. ૧૦ થી ૧૫ વર્ષની ઉમરનાં ૮૩૪૪ માંથી ૫૯૧૧ ૭૦ ટકા ઉપરાંત નિશાળે જતાં નથી. જ્યારે આટલી મોટી ઉમરના હજું અશિક્ષીત છે ત્યારે એમજ જણાય છે કે તે ૭૦ ટકા હવે બીલકુલ અભ્યાસ કરવાનાજ નથી; જો આટલી મોટી ઉમરના આટલા બધા અશિક્ષીત રહેશે તો તેનું પરિણામ કેટલું અનિષ્ટ આવે તે વર્ણવી શકાય નથી. અત્યારની જુવાન પ્રજા ઉપર આપણા દેશનું ભાવી અવલંબી રહ્યું છે ત્યારે આ બધી યુવાન પ્રજા અત્યારથીજ અશિક્ષીત રહે છે તો પછી આપણે તેઓની પાસેથી શું આશા રાખી શકીએ? ૧૫ થી ૨૦ વર્ષની ઉમરના ૭૨૬૨ યુવાનોમાંથી લગભગ ૫૫ ટકા તદન અશિક્ષીત છે. યુવાનો જો આટલા મોટા પ્રમણમાં અશિક્ષીત રહે તો સમાજનો ઉધ્ધાર કદી થશે નહિં. ૧૫ થી ૨૦ વર્ષની ઉમરના નવયુવાનો ૫૫ ટકા અશિક્ષીત! ખરેખર પરિસ્થીતિ એવી છે કે ૨૦ વર્ષની ઉપરની ઉમરના ૩૯૯૫૭ માંથી ૨૨૨૨૪ એટલે ૫૫ ટકા ઉપરાંત અશિક્ષીત છે. આ બધા આંકડા તપાસતાં એમ માલુમ પડે છે કે મહારાષ્ટ્રના યુવાનો જાગૃત થઇ શિક્ષણનો યોગ્ય પ્રચાર કરી પાંચથી દશ વર્ષની ઉમરના તમામ બાળકોને નિશાળે જતા કરે તો ઘણુંજ સારૂં, નહિંતર બધી નાની પ્રજા અને ઘણા જુવાનો અશિક્ષીત રહેશે અને તેને અંગે સમાજનો ઉદ્ધાર થવાની કાંઇપણ આશા રહેશે નહિં.

| ઉમર | અહમદનગર | ખાનદેશ ઇસ્ટ | ખાનદેશ વેસ્ટ | નાસીક | પુના | સતારા | સોલાપુર |
|---|---|---|---|---|---|---|---|
| | કુલ શિક્ષિત | કુલ શિક્ષિત | કુલ શિક્ષિત | કુલ શિક્ષિત | કુલ શિક્ષિત | કુલ શિક્ષિત | કુલ શિક્ષિત |
| ૦ થી ૫ | ૨૧૩૩– ૦ | ૧૨૮૦– ૦ | ૬૫૦– ૦ | ૧૦૬૫– ૦ | ૧૧૧૨– ૦ | ૨૪૦૨– ૦ | ૧૧૨૧– ૦ |
| ૫ થી ૧૦ | ૧૮૩૫–૨૭૯ | ૧૦૪૬–૧૯૦ | ૫૬૦ – ૭૮ | ૯૦૭– ૧૮૫ | ૧૩૨૭–૨૯૯ | ૨૨૦૩–૨૫૪ | ૯૯૧–૧૭૪ |
| ૧૦ થી ૧૫ | ૧૬૫૭–૪૫૫ | ૧૦૦૧–૩૦૩ | ૫૩૧ –૧૪૭ | ૮૬૧ –૨૯૪ | ૧૩૦૬–૫૩૯ | ૨૦૭૪–૪૩૫ | ૯૧૪– ૨૬૦ |
| ૧૫ થી ૨૦ અને તે ઉપર | ૯૪૩૬–૪૩૧૩ | ૬૨૯૪–૨૮૪૦ | ૩૧૩૮–૧૫૨૦ | ૫૧૯૨–૨૬૬૭ | ૭૭૫૫–૪૩૪૩ | ૧૦૫૪૩–૩૧૭૮ | ૪૮૬૧–૨૨૦૦ |

શિક્ષીતોમાં પણ અંગ્રેજી જાણનારાનું પ્રમાણ ગણ્યું ગાંઠ્યુંજ છે. આ ઉપરથી એમ જણાય છે કે અંગ્રેજી શીક્ષણનો પ્રચાર બીલકુલ નથી. માટે ત્યાંના યુવકોએ, બાળકો, યુવકો તેમજ સ્ત્રીઓ યોગ્ય અંગ્રેજી શીક્ષણ લે તેવો પ્રચાર કરવો જોઇએ.

મહારાષ્ટ્રમાં શૈક્ષણીક પરીસ્થીતી સુધારવાની નીચે મુજબ જાહેર સંસ્થાઓ છે.

અહમદનગર (૧) શ્રી જૈન બોર્ડીંગ અહમદનગર
(૨) શ્રી તીલોક જૈન પાઠશાળા પાથર્ડી
(૩) શ્રી અમૂલખ જૈન પાઠશાળા કડે
(૪) શ્રી જૈન પાઠશાળા કોપરગાંવ

ખાનદેશ (૫) શ્રી ઓસવાળ જૈન બોર્ડીંગ જલગાંવ

નાસીક (૬) શ્રી જૈન ઓસવાળ બોર્ડીંગ નાસીક
(૭) શ્રી નેમીનાથ જૈન બ્રહ્મચર્યાશ્રમ ચાંદવડ
(૮) શ્રી મહાવીર જૈન પાઠશાળા લાસલગાંવ

પુના (૯) શ્રી ભારત જૈન વિદ્યાલય પુના
(૧૦) શ્રી. સ્થાનકવાસી જૈન બોર્ડીંગ પુના
(૧૧) શ્રી હીરાચંદ નેમીચંદ દીગંબર જૈન બોર્ડીંગ પુના
(૧૨) શ્રી ફતેહચંદ જૈન બોર્ડીંગ ચીચવડ
(૧૩) શ્રી દીગંબર જૈન બોર્ડીંગ બારામતી
(૧૪) શ્રી જૈન પાઠશાળા જુન્નર

સતારા (૧૫) શ્રી જૈન બોર્ડીંગ કરમાળે

સોલાપુર (૧૬) ગાંધી નાથારામજી જૈન દીગંબર બોર્ડીંગ સોલાપુર
(૧૭) શ્રી મહાવીર જૈન બાલાશ્રમ બારસી
(૧૮) શ્રી આદીનાથ દીગમ્બર જૈન પાઠશાળા ધરણગાંવ પૂર્વખાનદેશ

સામાજીક પરીસ્થીતી સુધારવા નીચે મુજબ જાહેર સંસ્થાઓ છે.

અહમદનગર (૧) શ્રી મહાવીર મંડળ અહમદનગર
(૨) શ્રી મારવાડી યુવક મંડળ પારનેર
ખાનદેશ (૩) શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈનયુવક સંઘ હરતાળા
નાસીક (૪) શ્રીમહારાષ્ટ્રીય જૈન શ્વેતાંબર કોન્ફરન્સ માલેગાંવ
(૫) શ્રી જૈન નવયુવક સંઘ માલેગાંવ.
(૬) શ્રી મહારાષ્ટ્ર જૈન યુવક સંઘ નાસીક.
(૭) શ્રી નાસીક જીલ્લા ઓસવાલ સંઘ નાસીક.
(૮) શ્રી ચાંદવડ જૈન યુવક સંઘ ચાંદવડ.
પુના (૯) શ્રી જૈન વિધવા વિવાહ મંડળ.
(૧૦) જૈન મિત્ર મંડળ પુના સિટી.
(૧૧) જૈન બંધુ સમાજ લશ્કર સિટી.
(૧૨) મહાવીર સ્વયંસેવક મંડળ પુના સિટી.
(૧૩) મહાવીર પથક.
(૧૪) શ્રી મહાવીર જૈન મંડળ.
સોલાપુર (૧૫) શ્રી જૈન યુવક સંઘ સોલાપુર.
(૧૬) મહાવીર જૈન સ્વયંસેવક મંડળ બારસી.

( બીજા પાનાનું ચાલુ )

એજ દેવદ્રવ્યને વિણસાડતો કે આડકતરી રીતે હોઇયા કરતો નજરે ચઢે છે !

સંખ્યાબંધ દાખલા આપી શકાય તેમ છે કે જ્યાં વહીવટ કર્તાઓના પ્રમાદ ગફલત કે અંગત સ્વાર્થને લઇને ઉપર પ્રમાણે બનેલું છે. એક બીજો હાઉ ખડો કરવામાં આવે છે કે આ કાયદો થતાં આપણા ધાર્મિક પૈસા પર સરકારની નજર પડશે, અગરતો તે લઇ લેશે. ખરેખર આ હાઉ દેખાડનાર કોઇ ગૂજરાતનો અડવાશા હશે! જો એવી રીતે ધન લેવું હોય તો આજે સરકારને તેમ કરતાં કઇ મુશ્કેલી નડે તેમ છે? કયો જૈન રોકવાની શક્તિ ધરાવે છે? બાકી એટલું તો ખરૂં છે કે મારવાડ મેવાડ આદિ જરૂરી સ્થાને એ દ્રવ્ય ન ખરચતાં હદ વગરના ખડકલા કરવામાં આવશે તો એનો આખરી અંજામ લોનના કાગળીયામાં આવશેજ. પણ એ પ્રશ્નને આ કાયદા સાથે ભેળી દેવાની જરૂર નથી. આ કાયદાનો મુખ્ય હેતુ તો હિસાબની ચોખવટ અને પ્રતિવર્ષ સરકાર હસ્તક એની નોંધ મોકલવા પુરતો છે. જરૂર એથી વહીવટદારોની જવાબદારી વધે છે પણ એ સાથે જો તેઓ પ્રમાણિકતા—ને કેવલ સેવા ભાવથી કામ કરતાં હશે તો રંચમાત્ર ગભરાવા પણું નથી.

કાયદાના અમલથી ધાર્મિકખાતાના હિસાબો ચોકખા થઇ જશે એ કંઈ જેવો તેવો લાભ નથી.

એટલે દરેક સંસ્થાએ અગર તો પ્રત્યેક સંઘે ઉપરોક્ત પરિસ્થિતિનો પૂર્ણપણે અભ્યાસ કરી, આ કાયદાને વધાવી લેવો એમાંજ સાચી ધર્મ ભાવના છે.

ઉપર જણાવેલ દરેક સંસ્થા હજુ પુરી પ્રગતીએ પહોંચી નથી કારણકે દરેક સંસ્થાનું બંધારણ નાના પાયા ઉપર રચાએલું છે. ઉપર જણાવેલ સંસ્થાઓમાંથી અમુક સંસ્થામાં હજુ જાતીય અને પ્રાંતીય જુસ્સો રહેલો છે એટલે કે અમુકજ પ્રાંત અને કોમના માણસો તેમાં સભ્ય થઇ શકે. આવી સંસ્થાઓનો પ્રાંતીય અને જાતીય જુસ્સો જેમ બને તેમ વેલાસર દુર કરવાનો પ્રયાસ કરવો જોઇએ. કારણ કે તેમ કરવાથી દરેક જૈન બંધુને સભ્ય થવાનો હક્ક રહેશે અને દરેક બાબતમાં પોતાનો મત દર્શાવી કોઇપણ બાબત ઉપર છુટથી ચર્ચા કરી એક બીજાના વિચારોની આપલે કરી શકશે. બીજું હાલમાં જે સ્થીતિ છે તે મુજબ બધી નાની નાની સંસ્થાઓ અસ્તીત્વ ધરાવશે તો જૈનસમુહ એ બધી નાની નાની સંસ્થાઓમાં વહેંચાઇ જશે અને દરેક સંસ્થા એટલી બધી મર્યાદીત બની જશે કે તેઓ પોતાનો લઘુત્વને અંગે ઇચ્છીત ફળ પ્રાપ્ત કરી શકશે નહિં; આ પ્રમાણે નાની નાની સંસ્થાના અસ્તીત્વને અંગે વિચારોની ઐક્યતા અસંભવિત છે કારણકે અમુક સંસ્થા અમુક વિચારની હોય જ્યારે બીજી સંસ્થાઓ બીજાજ કોઇ વિચારની હોય. આ અડચણનો સામનો કરવા સહેલામાં સહેલો એજ ઉપાય છે કે નાના નાના યુવકસંઘો શ્રી મહારાષ્ટ્ર જૈનયુવક સંઘની સાથે મળી જાય. જો બધા નાના યુવક સંઘો શ્રી મહારાષ્ટ્ર જૈન યુવકસંઘની સાથે મળી જાય તો તે સંસ્થા એક મોટી આગેવાન સંસ્થા બનતી જશે. હાલ તુરતમાં પણ તે એક પુરેપુરી પ્રગતી કરતી સંસ્થા છે. આ સંસ્થામાં બધા શિક્ષીત અનુભવી યુવાનો અને વિચારશીલ પુરૂષો સભ્ય છે. અને આ સંઘનું દરેક દરેક કામકાજ પદ્ધતીસર ચલાવવામાં આવે છે અને બધા નાના નાના સંઘો મળી જાય તો તે ખરેખર એક અગ્રગણ્ય સંસ્થા બની જાય અને મહારાષ્ટ્રની સામાજીક પરીસ્થીતી સુધારવા બનતા પ્રયાસો કરી ઇચ્છીત ફળ મેળવી શકશે.

મહારાષ્ટ્રની શૈક્ષણીક પરીસ્થીતી સુધારવા માટે સારામાં સારો ઉપાય એજ છે કે એક "મહારાષ્ટ્ર જૈન એજ્યુકેશન બોર્ડ" સ્થાપવું જોઇએ જેમાં હાલ તુરતમાં મહારાષ્ટ્રમાં અસ્તીત્વ ધરાવતી દરેક સંસ્થામાંથી એક એક પ્રતિનિધી ઉપલા બોર્ડમાં મોકલવામાં આવે. દરેક પ્રતિનીધી મારફત એ શિક્ષણ સંસ્થાઓની માહીતી એકઠી કરવી. અને કોઇપણ સંસ્થાને લગતી ફરીયાદ અથવા કોઇ સંસ્થાના બંધારણમાં કરવા જોઇતા ફેરફારો અને બધી સુચનાઓ આ બોર્ડ ઉપર મોકલવી. શિક્ષણ સંસ્થાઓની કોઇપણ મુંઝવણ આ બોર્ડ ઉપર મોકલવામાં આવે તો તેનો શક્યતા મુજબ યોગ્ય ઉકેલ બોર્ડ બતાવી મહારાષ્ટ્રમાં શિક્ષણનો યોગ્ય પ્રચાર કરવાનું અને મહારાષ્ટ્રની શૈક્ષણીક પરીસ્થીતી સુધારવાનું તમામ કામ આ બોર્ડ દ્વારા કરવામાં આવે તો પરિસ્થીતી સુધરવાનો પુરેપુરો સંભવ છે.

# સમાચાર..................સાર.

## જૈન કુશલસૂરિજીની જયંતિ.

ગત મહા વદ ૦)) ને શનીવારના રોજ શ્રી જૈન કુશલસૂરિજી મહારાજની જયંતિ શ્રી મહાવીર સ્વામીના દહેરાસરના પાછળના ઉપાશ્રયમાં ઉજવવામાં આવી હતી, જે વખતે પ્રસંગોચિત વિવેચનો થયાં હતાં, તથા વરઘોડો, પૂજા આદિ ભણાવવામાં આવ્યાં હતાં.

## પં. રવિવિમલજીનાં વ્યાખ્યાન.

પંન્યાસ શ્રી. રવિવિમલજી મહારાજ મુંબઇમાં આદીશ્વરજીની ધર્મશાળામાં પધાર્યાં છે, જ્યાં દરરોજ સવારમાં વ્યાખ્યાન વંચાય છે.

## ચોપડા ઓડિટ થશે.

શ્રી નમિનાથજી મહારાજના દહેરાસરના માજી ટ્રસ્ટીઓના હસ્તકના હિસાબના ચોપડા ઓડિટ કરવાનો ઠરાવ સર્વાનુમતે શ્રી નગર સાથ મૂર્તિપૂજક સંઘની સભામાં થયો છે,

## મુંબઇમાં નવું દહેરાસર થશે!

લાલબાગમાં જ્યાં આગળ હાલ ઘોડાઓના તબેલા છે, તે જગ્યા જામનગરના કોઇ શ્રીમંત ગૃહસ્થે ખરીદી લીધી સંભળાય છે. અને ત્યાં નવું જિનાલય બંધાય એમ સંભળાય છે.

## યુવક પારષદ અમદાવાદમાં.

જૈન યુવક પરિષદનું દ્વિતીય અધિવેશન એપ્રીલની તા, ૩-૪-૫ ના દિવસોએ અમદાવાદ મુકામે થશે, જેમાં યુવકો સારી સંખ્યામાં ભાગ લેશે એમ સંભળાય છે.

## વડોદરામાં શતાબ્દિ ઉજવવાનો પાકકો નિર્ણય.

સ્વર્ગવાસી ન્યાયાંભોનિધી જૈનાચાર્ય શ્રીમદ્ વીજયાનંદ સુરેશ્વરજી પ્રસિદ્ધ નામ શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિ ઉજવવા વિષે અત્યાર પૂર્વે ખુબ ઉહાપોહ થઇ ગયેલ છે. પાટણમાં વયોવૃદ્ધ પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતીવીજયજી મહારાજ બીરાજતા હોવાથી તેમની હાજરીમાં આ મહોત્સવ ઉજવાય તેવી શ્રીમદ્ વીજયવલ્લભ સૂરિશ્વરજીની ઇચ્છા હોવાથી મુંબઇ સંઘનો શતાબ્દિ મુંબઇમાં ઉજવાય તેવો આગ્રહ હોવા છતાં પણ તેઓશ્રી ઉપરોક્ત કારણે વીહાર કરી પાટણ તરફ જઇ રહ્યા હતા. દરમ્યાનમાં વડોદરામાં પધારતાં વડોદરાના શ્રી સંઘનો શતાબ્દિ વડોદરામાં ઉજવાય તેવો ખુબ આગ્રહ થયો. પરીણામે પૂજ્ય આચાર્યદેવે શ્રી સંઘના આગેવાનોને પાટણથી પ્રવર્તકજી મહારાજની આજ્ઞા લાવવા જણાવ્યું. આથી વડોદરા સંઘના સંભાવિત ગૃહસ્થો પાટણ ગયા. પાટણથી પ્રવર્તકજી મહારાજનો એવો પ્રત્યુતર મળ્યો કે થોડા દિવસ પછી નિર્ણય થશે. આથી શ્રી આચાર્યદેવે અમદાવાદ તરફ વિહાર કર્યો. પરંતુ એટલા સમયમાં પણ પાટણના સંઘ મુંબઇ વસતા ભાઇઓમાં અને પાટણના સંઘમાં મેળ ન થયો! પરિણામે શતાબ્દિ વિષે કંઇ નિર્ણય ન થવાથી અને વડોદરાના સંઘનો અત્યાગ્રહ હોવાથી છેવટે શતાબ્દિ વડોદરામાં ઉજવવાનું નક્કી થયું છે, અને આચાર્યદેવે સાબરમતીથી વિહાર કરી વડોદરામાં પ્રવેશ કર્યો છે.

## -બોટાદના સંઘ તરફથી જાહેર ખુલાસો-

તા. ૨૧-૨-૩૬ નાં સ્થાનકવાસી જૈન પેપરમાં "જૈન સાધુઓએ છોકરા સંતાડયા અને બોટાદમાં ફેલાયેલી સનસનાટી વીગેરે હકીકતથી કેટલીક ગેર સમજ ફેલાવનારી હકીકત પ્રગટ થઇ છે તેથી અમોને ઘણું દુઃખ થયું છે તો તે બાબતમાં અમો ખુલાસો બહાર પાડીએ છીએ કે ઉપરોક્ત હકીકત તદન બનાવટી અને સાધુ અને સંઘની નીંદા કરાવનાર વ્યક્તીની લખાએલી હોય તેવું માનવાનું પુરતું કારણ છે. જેજે પેપરોએ આ હકીકત પોતાના પેપરમાં પ્રસીધ્ધ કરી હોય તેઓને પણ આ ખુલાસો પોતાના પેપરમાં જાહેર કરવા વિદિત્ત કરીયે છીયે લખીતંગ અમો છીએ સંઘના સેવકો તા. ૨૬-૨-૩૬ કેટલીક સહીઓ.

**સુપ્રસિદ્ધ પૌર્વાત્ય વિદ્વાન્** ડૉ. જાર્લ કાર્પેન્ટીયર જેઓ હર્મન જેકોબીના એક પ્રતિભાશાલી શિષ્ય હતા તેમના અવસાનની નોંધ લેતાં ખેદ થાય છે. સ્વર્ગસ્થે ઉતરાધ્યયન સૂત્ર મૂળ-ટીકા સાથે બે ભાગમાં પ્રગટ કર્યાં ઉપરાંત જૈન ધર્મની સારી સેવા બજાવી છે.

---

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## કાર્યવાહી સમિતિની સભા.

આ સંસ્થાની કાર્યવાહી સમિતિ—Working Committce ની એક સભા ગઇ તા. ૨૫-૨-૩૬ ના રોજ રાતના શ્રી કૉન્ફરન્સ કાર્યાલયમાં **શ્રીયુત જમનાદાસ ચતુરદાસ** શાહના પ્રમુખપણા નીચે મળી હતી જે વખતે નીચે મુજબ કામકાજ થયું હતું.

૧. સંસ્થાના મહામંત્રી **શ્રી. અમરતલાલ કાલીદાસ** શેઠનું પોતાના હોદ્દાનું આપેલું રાજીનામું રજુ થતાં ઠરાવવામાં આવ્યું કે,

"**શ્રી અમરતલાલ કાલીદાસ શેઠનું** કૉન્ફરન્સના રે. જ. સેક્રેટરી તરિકેના હોદ્દાનું આવેલ રાજીનામું આજની સભા સ્વીકારી શકતી નથી: અને ઠરાવ કરે છે કે શેઠ **અમરતલાલ કાલીદાસમાં** અમારો સંપૂર્ણ વિશ્વાસ છે અને તેથી આજની સભ તેઓને પોતાના હોદ્દાપર ચાલુ રહેવા આગ્રહપૂર્વક વિનંતિ કરે છે."

૨. ત્યારબાદ શેઠ **રણછોડભાઇ રાયચંદ ઝવેરીનાં** રાજીનામાંથી ખાલી પડેલી રે. જ. સેક્રેટરીની જગાએ ઑલ ઇન્ડીઆ સ્ટે. કમિટીની બેઠક મળે ત્યાં સુધીના સમય માટે **શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીની** નિમણુંક કરવામાં આવી.

૩. ૧૯૯૧ ની સાલનો હિસાબ તપાસવા માટે શ્રી. **નરોતમ ભગવાનદાસ શાહ** તથા શ્રી **વાડીલાલ સાકરચંદ વોરાના** નિમણુંક કરવામાં આવી.

૪. **ઓલ ઇન્ડીઆ સ્ટેન્ડીંગ કમિટિની** બેઠક બોલાવવા નિર્ણય કરવામાં આવ્યો અને તેની મીટીંગ અનુકુલ સમય આદિ નક્કી કરી બોલાવવા રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓને સત્તા આપવામાં આવી. (પરિષદ્-કાર્યાલય તરફથી)

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ ધી કિશોર પ્રિન્ટરી, ૧૩૦, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ૧૪૯, શરાફ બજાર મુંબઇ, ૨ માંથી પ્રગટ કર્યું છે. તા૦ ૭-૩-૩૬.

તારનું સરનામું—'હિંદસંઘ'—'HINDSANGHA'

REGD. NO. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

卐

# THE JAIN YUGA.

[શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી—જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીઆ બે.

છુટક નકલ: દોઢ આનો.

વર્ષ: જુનું ૯ મું } નવું ૪ થું }

તારીખ ૧૫ મી માર્ચ ૧૯૩૬.

અંક ૨૨

## જૈન સંખ્યાબળ

સંગઠન શબ્દની સાથે શુદ્ધિ શબ્દ ગૂંથાઇ ગયો છે. નવયુગ 'શુદ્ધિ' શબ્દ નહિ વાપરે. એ શબ્દ વાયડો થઇ જવાને કારણે અને બીજાં અનેક કારણોને લઇને એ શબ્દનો ઉપયોગ નહિ થાય. એ વટલાવવાનો શબ્દ પણ વાપરશે નહિ. એ કદાચ 'ધર્માન્તર' શબ્દ વાપરશે, પણ આપણે તો સંગઠનના પરિણામ તરીકે જૈન સંખ્યાબળનોજ વિચાર કરશું.

સંગઠનના વિચારદ્વારા નવયુગ પ્રથમ જૈનોની અંદર અંદર ઐક્ય કરવાની વાત કરશે. એ ગચ્છના ભેદોને ભાંગી નાંખશે, સંઘાડાના ભેદો તોડીને ફેંકી દેશે અને ઉપર વર્ણવેલી રીતે સનાતન જૈનત્વનો પ્રસાર કરશે. શિસ્ત ખાતર અમુક ગુરુના ચેલા કે વર્ગ પડશે પણ અંદર અંદર સહચાર, મેળ અને પ્રેમ અસાધારણ વધશે એટલે આંતરો તૂટી જશે. ત્યારબાદ ફીરકા ફીરકા વચ્ચેની એકતા સાધશે. અહિં દિગમ્બરો કે શ્વેતાંબરો પોતાની માન્યતા પ્રમાણે ક્રિયા–માન્યતા કરે એવી છૂટ રહેશે. પણ આપણે સર્વ મહાવીર પિતાના પુત્રો છીએ અને ભગવાનના સમવસરણમાં વૈર વિરોધ ન હોય તે ન્યાયે સર્વ વિરોધ ટળી જશે અને કોઇ કચવાટનું કારણ રહેશે તો તેનો અંદર અંદર પ્રેમભરી ચર્ચાથી નિકાલ લાવશે અને ખાસ જરૂર જણાશે ત્યાં છેવટે લવાદીથી નિકાલ લાવશે. કોર્ટ દરબાર સર્વ બંધ થઇ જશે.

સ્થાનકવાસી ભાઇઓમાં જેને ફાવે તે મંદિરે જાય, ન મરજીમાં આવે તે આત્મસાધન કરે. એમાં પરસ્પર પ્રેમ ઓછો ન થાય એવી તત્ત્વ ચિંતવના કરવામાં આવશે.

આ અંદર અંદરની એકતા થતા એક વ્યાસપીઠ પર સર્વ જૈનો આવશે. ત્યાં સર્વથી પહેલું ધ્યાન સંખ્યાબળ ઉપર જશે. તેઓને એમ લાગશે કે છેલ્લાં સેંકડો વર્ષથી આપણે અંદર અંદર લડી પરસ્પરનો હ્રાસ કર્યો છે. રત્નપ્રભસૂરિએ લાખો ક્ષત્રિયોને જૈન બનાવ્યા અને હેમચંદ્રાચાર્યે અનેક બ્રાહ્મણોને ભોજક–પૂજક બનાવ્યા. ત્યાર પછી મોટા પાયા ઉપર જૈન ધર્મનો પ્રેમથી સ્વીકાર કરાવવાનાં પગલાં પદ્ધતિસર લેવાયાં નથી એમ તેમને લાગશે. ઇતિહાસની આરસીમાં તેમને દેખાશે કે કુમારપાળથી શ્રી હીરવિજયસૂરિ સુધી જે જૈન કોમની ગણના ઓછામાં ઓછી બે કરોડની હતી તેની સંખ્યા બાર લાખ આસપાસ આવી પડી અને પ્રત્યેક ગણતરીમાં હિંદની વસ્તી વધતી જાય છે ત્યારે આપણે વીસ લાખથી ઘટીને ૪૦ વર્ષમાં બાર લાખે આવી પહોંચ્યા તેનું કારણ શું ?

આ ભડકામણા આંકડા જ સંગઠન કરવામાં સહાયભૂત થશે. પણ પછી જે વિચારણા થશે તે ખાસ અગત્યની છે. જૈનોને માટે એ મરણજીવનનો પ્રશ્ન છે અને એના વ્યવસ્થિત નિકાલમાં એના દીર્ઘદષ્ટિપણાનું મૂલ્ય છે.

('નવયુગનો જૈન' એમાંથી ઉદ્ધૃત.)

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

શ્રી सिद्धसेन दिवाकर.

જૈન યુગ.
તા. ૧૫-૩-૩૬ રવિવાર.

## નિવેદન.

શ્રીમતી કોન્ફરન્સની કાર્યવાહી સમિતિએ આ પત્રનું તંત્રીપદ મને સોંપે સારો જેવો સમય વ્યતીત થયો છે અને તે દરમ્યાન સંસ્થાની મજકુર કમિટીએ મારામાં વિશ્વાસ મુકી મારી એ પદ્દે નિયુકિત કરી છે તેને યોગ્ય નિવડવા મ્હેં બનતો પ્રયાસ કર્યો છે. મને સુપ્રત થયેલ કાર્યમાં મારા સહયોગીઓ એટલે 'જૈનયુગ બોર્ડ'ના સભ્યો શ્રી. મોહનલાલ ચોકસી અને મનસુખલાલ લાલન એમણે મ્હને આપેલ સહકારના કારણે આ પત્રદ્વારા કૉન્ફરન્સની સેવા મારાથી કંઇક થઇ શકી છે. અને જે જે બંધુઓ મ્હને સહાયભૂત થયા છે તેઓનો અત્રે આભાર માનવાની તક લઉં છું.

આ સેવા ઉપરાંત સંસ્થાની કાર્યવાહી સમિતિની તા. ૨૫–૨–૩૬ ના દિને મળેલી બેઠકે મ્હારા ઉપર એક બીજો બોજો પણ નાંખ્યો છે, અને તે વાંચક વર્ગની જાણમાં છે તે મુજબ આ સંસ્થાના મ્હારા પુરોગામી એક બાહોશ ઉત્સાહી અને કાર્યદક્ષ મહામંત્રી–રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરીની ખાલી પડેલી જગાએ મારી નિયુક્તિ કરી છે તે છે. આ બોજો એક વિશિષ્ટ બોજ છે અને સદરહુ અધિકારની પછવાડે અનેક જવાબદારીઓ અનેક ગુંચવણો અને અનેક સેવાની તકો પ્રકટ યા અપ્રકટ સ્વરૂપે સંકળાએલી છે એમ કહેવાની ભાગ્યેજ જરૂર હોય. આ અધિકાર મારા શિરે લાધતાં કમિટીમાં હાજર રહેલા સભ્યોએ મારી ત્રુટિઓ ઉપર ધ્યાન ન આપતાં મારા પ્રત્યેની પોતાની લાગણી પ્રદર્શિત કરી છે અને તે બદલ તેઓ સર્વનો હું આભાર માનું છું.

આ નવી જવાબદારી ચોક્કસ સંજોગોમાં અને સમય પુરતી મ્હેં સ્વીકારી છે. અને એ જવાબદારીઓ અદા કરવામાં સમાજના ભિન્ન ભિન્ન વિચાર ધરાવતા મારા વડિલો તથા સમવયસ્ક બંધુઓ વગેરેના સંપૂર્ણ સહકારની મ્હેં આશા રાખી છે.

કૉન્ફરન્સ જેવી સમાજની અગ્રણી મહાસંસ્થા જેમાં સર્વ વિચારવાળા એટલે કે જૂદી જૂદી માન્યતા ધરાવનારા બંધુઓ ચાહે શ્રીમન્ત હો, સુશિક્ષિત હો યા યુવકોની વિચારશ્રેણી ધરાવતા હો યા રૂઢીચુસ્તવર્ગ હો–તે સર્વને તેમાં સ્થાન છે, આવી પ્રતિનિધ્વશાલી મહાસંસ્થાનું મંત્રીપદ એ મહાન્ જોખમદારીવાળું સ્થાન છે એમ માનું છું છતાં એ સ્વીકાર એજ શ્રદ્ધાથી મેં કર્યો છે, કે સર્વ પ્રકારની વિચાર શ્રેણી ધરાવતા બંધુઓનો સહકાર મળશે. કૉન્ફરન્સ જેવી સમાજની એકની એક સંસ્થાને તેનું અસ્તિત્વ ટકાવી સુદૃઢ બનાવવામાં સહકાર આપવો એ સર્વની પવિત્ર ફરજ છે અને એ સહકાર હું સર્વ બંધુઓ પાસેથી મેળવવાની આશા રાખું છું.

સમાજમાં આજે જૂદા જૂદા વિચારો અસ્તિત્વમાં છે. અને મતભિન્નતાને પરિણામે કેટલેક સ્થળે મનભિન્નતા પણ જોવાય છે. આ વાત કોઇથી અજાણી નથી. સર્વની જાણમાં છે છતાં એનું નિવારણ લગભગ અશકય થઇ પડયું જણાય છે. तुण्डे तुण्डे मतिर्भिन्ना એ ઉક્ત અલબત પ્રચલિત છે છતાં એ મતભિન્નતા સામાજીક ઐકય, સામાજીક ઉન્નતિ અને સામાજીક જીવનને કલુષિત બનાવે ત્યારે આપણી અધોગતિ અવશ્ય છે એમ સમજવું જોઇએ. ધર્મ અને સમાજની ઉન્નતિ સાધવાનું ધ્યેય જો આપણું સર્વનું હોય તો એ ધ્યેય સાધવા માટે વિચાર ભિન્નતાના કારણે આપણી મનભિન્નતા કોઈ રીતે ઇષ્ટ નથી એ સાદી વાત સમજાવવાની ભાગ્યે જરૂર હોય. દ્રષ્ટાન્ત તરિકે ચોકકસ બાબતમાં હું અમુક વિચારજ ધરાવતો હોઉં તો તે વિચાર અંગત રીતે વ્યકિત તરિકે, અલબત ધરાવી શકાય, પરંતુ જ્યાં સમષ્ટિની વાત હોય ત્યાં સમષ્ટિના હિતને અનુલક્ષી કાર્ય કરવું લેવું જોઇએ. અને તોજ સમાજહિત સાધી શકાય. આ રીતે આપણા ધનિકો, યુવકો કે સુશિક્ષિત વર્ગ યા રૂઢીચુસ્ત વર્ગે એ સર્વે બંધુઓએ જ્યાં સુધી શકય હોય ત્યાં સુધી મતભિન્નતા હોય તો પણ મનભિન્નતા ન કેળવવી જોઇએ અને સમાજનું સર્વદેશીય હિત લક્ષમાં રાખી સર્વેએ કાર્ય કરવું જોઇએ.

પ્રાન્તે હું મારા સર્વ બંધુઓને સમાજહિત લક્ષમાં રાખી આ સંસ્થા કે જે સમાજહિત સાધવા માટે નિર્માયેલી છે, જેનાં મૂળ ઉંડા છે તેને પોષવા તેને સુદૃઢ કરવા પોતાનો સંપૂર્ણ સહકાર આપશે એમ ઇચ્છી એવી આશા સાથે આ નિવેદન પુરૂ કરૂં છું.

જમનાદાસ અ. ગાંધી.

# નોંધ અને ચર્ચા.

## બેકારીનો ઉકેલ સરલ નથી.

ઘણી વખત કહેવામાં આવે છે કે, બીજી બધી વાતો પડતી મૂકી સૌ કરતાં પ્રથમ બેકારીનો સવાલ હાથ ધરો. વાત પણ સાચીજ છે કે જે કંઇ મુંઝવણ પેદા થાય છે તે એજ કે એ સવાલનો ઉકેલ આણવો કઇ રીતે? જ્યાં ધંધાધાપાની સ્થિતિજ બગડેલી હોય! જ્યાં વેપાર-વાણિજ્ય હાથમાંથી સરી ગયા હોય અને જે કંઇ રહ્યા હોય તેમાં હરિ ાઇ ભારી હોય! અને જ્યાં ખુદ ધંધાદારીઓજ બુમ મારતા હોય! ત્યાં બેકારી ટાળવાનો ઇલાજ પણ કયો લેવો? જ્યાં વેપારની સ્થિતિ ઉપર વર્ણવી તેમ ટગુમગુ હોય ત્યાં નોકરીઓ પણ તાત્કાલિક ન જડી આવે, અને કદાચ મળી આવે તો સારા પગારની ન હોય એ બનવાજોગ છે.

બીજી તરફ આપણા વણિક સમાજ કે જૈનબંધુઓ તરફ દ્રષ્ટિપાત કરીશું તો સહજ સમજાશે કે એમાંનો મોટો ભાગ પરિશ્રમની સખ્તાઇ હોય તેવા ઉદ્યોગો હાથ ધરવા તૈયાર પણ નહીં હોય. આવડતની વાત બાજુપર રાખીએ અને સાહસ કરવાની ધગશ સંબંધી મૌન રહીએ તો પણ એટલું તો કબુલવુંજ રહ્યું કે જ્યાં ઝાઝું અંગ નમાવવું ન પડે, અને ઓછી મહેનતે ધન મળતું હોય ત્યાં એ સત્વર દોડી જવાનો, એટલેજ આપણે ઘણાખરાને અન્ય કોઇ જાતના સાહસમાં ન ઝંપલાવતાં કે નવિન ઉદ્યોગ-હુન્નરમાં ન પડતાં કેવળ સટ્ટાની લાઇનમાં ચઢેલા જોઇએ છીએ. આજે સટ્ટાનો શુમાર નથી રહ્યો. દરેક ધંધામાં એ પ્રથા દાખલ થઇ ચુકી છે. આવડત-અનુભવ અને જેને પૈસાની છુટ હોય છે તેઓ આજે પણ એમાં સારી કમાણી કરે છે પણ એ સંખ્યા આંગળીને ટેરવે ગણાય તેટલીજ! ઘણો મોટો ભાગ તો એ માર્ગે ચઢી પાયમાલ થઇ જાય છે. એટલું તો સૌ કોઇ કબુલી શકે તેમ છે કે સટ્ટાથી અમુક માલેતુજાર બને છે તો ઘણા પાયમાલ થઇ જાય છે; કેમકે બહારથી તો કંઇ ધન આવતું નથી, કમાણી પણ ખરા ખેલાડીઓ હોય છે તેમનેજ થાય છે. તેઓ ધારે તેમ બજારને નચાવે છે અને એથી ઘણાનાં ખીસાં ખાલી થઈ તેમની તિજોરીઓમાં ઠલવાય છે એટલે જેઓ નજીવી મહેનતે ધન કમાવા ગયા હોય છે તેઓમાંના ઘણાખરાનો આખરી અંજામ ગાંડના હોય તે પણ ગોપીચંદન કરવામાં આવે છે? કેટલાકને આબરૂ સાચવવા દેવું પણ કરવું પડે છે જેમાંથી તે ઉંચે આવી શકતો નથી. આ પરિસ્થિતિ વચ્ચે બેકારી ટાળવાના કયા ઉપાયો

---

### -યુગ પ્રભાવક પુરૂષની જન્મ શતાબ્દિ પ્રસંગે સમસ્ત ભારતવર્ષના જૈનોને-

# આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીનો પવિત્ર સંદેશ.

**વંદે શ્રી વીરમાનંદમ્**

સર્વત્ર દેશ, ગ્રામ અને નગરના સકલ શ્રી સંઘને સાદર નિવેદન કરવાનું કે-પરમોપકારી પંજાબદેશોદ્ધારક જૈનસમાજનભોમણિ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ **શ્રીમદ્ વિજયાનંદસુરિ-પ્રસિદ્ધ નામ આત્મારામજી મહારાજની** જન્મ શતાબ્દિ વડોદરામાં ઉજવવાનો નિર્ણય થઇ ચુકયો છે. જેને માટે યોગ્ય તૈયારીઓ પણ થઇ રહી છે.

ફાગણ વદિ ૧૩ શનિવાર તા. ૨૧-૩-૩૬ નો પ્રારંભ દિન રાખ્યો છે. તા. ૨૩-૩-૩૬ ના દિવસે ભવ્ય વરઘોડો -રથયાત્રા નીકળશે. અને તા. ૨૪-૩-૩૬ ચૈત્ર સુદ ૧ નો દિન એ પૂજ્ય મહારાજશ્રીનો જન્મદિવસ હોઇ પ્રભાતફેરી કરી મંડપમાં હાજર થઇ શ્રી આચાર્યદેવનાં ચરિત્ર-એમનાં કાર્ય-એમની ભાવના ઇત્યાદિ જુદા જુદા પ્રસંગોનું વિવેચન કરવામાં આવશે અને બપોરના પૂજા ભણાવવામાં આવશે. રાત્રિના ભાવના અને ભાષણો થશે. અંતે ઉપસંહાર કરી શતાબ્દિ મહોત્સવની પૂર્ણાહૂતિ સૂચવવામાં આવશે. મતલબ કે તા. ૨૧ થી ૨૪ ચારે દિવસ પૂજા, ભાવના, ભાષણો વિગેરે પ્રસંગોથી શતાબ્દિની ઉજવણી થશે.

આ શુભ પ્રસંગે જે જે શ્રધ્ધાળુ ભક્ત ધર્માત્મા વડોદરા પધારશે તેને તો બધાય પ્રસંગોનો લાભ મળશે.

પરંતુ જેઓ ન આવી શકે, તે તે ગામના કે નગરના શ્રી સંઘે યથાશક્તિ તા. ૨૨-૨૩ અને તા. ૨૪ આ ત્રણ દિવસોમાં પૂજા-પ્રભાવના-વરઘોડો-ગુરૂદેવનાં ચરિત્રનું વાંચન અને જુદા જુદા પ્રસંગો પર ભાષણો આદિથી પોતાની અનુકૂળતાને અનુસરીને શતાબ્દિની ઉજવણી કરવી યોગ્ય છે.

અગર જોઇતી અનુકુળતા ન હોવાથી ત્રણ દિવસની ઉજવણી ન બની શકે તો ચૈત્ર સુદ ૧ મંગળવાર તા. ૨૪-૩-૩૬ ના રોજ તો અવશ્ય બનતા પ્રયાસે શતાબ્દિ ઉજવવાનો લાભ લેવોજ જોઇએ.

જૈન ઉપાશ્રય
નાની શેરી, વડોદરા.
૧૯૯૨, આત્મ સં ૪૦

**વિજયવલ્લભસૂરિ**
૧૩-૨-૩૬

સુચવવા કે જે બરાબર કારગત થઇ શકે! કેવાં પગલાં ભરવાં કે જેનાથી બેકારીરૂપી રાક્ષસનાં ડાચામાં સજ્જડ લપડાક લગાવી શકાય!

નાના ફંડોમાંથી સાવ અથડાઇ ગયેલ વર્ગને પેટીયું મળે એ હેતુથી પરચુરણ ફેરી કરી શકે ને એ દ્વારા વેચાણ કરી શકે તેવા સાધનો કોઇ સંસ્થામાંથી અપાવ્યાના દાખલા અમારી જાણમાં છે પણ અફસોસ સાથે કહેવું જોઇએ કે દશમાંથી માંડ એક બે એ રીતે મહેનત કરી પોતાનું રોજીયું મેળવે છે! બાકીના આદ નથી તો ફરીથી તે સંસ્થામાં દેખાયા કે નથી તો હિસાબ આપવા આવ્યા કે પોતાને મળેલ રકમનો કેવો વ્યય કર્યો. તપાસના અંતે તેમને જણાયું કે ઘણાખરાએ એકાદ બેવાર ફેરી કરી ન કરી અને રકમ કયાં તો આંક ફરકમાં અથવા તો ખાવામાં ઉડાવી નાંખી!

આ જોતાં કહેવું પડશે કે ગમે તેવાં મોટાં ફંડો હોય પણ જો લાભ લેનાર વર્ગની મનોદશા ઉપર મુજબ હોય તો ભાગ્યેજ એથી બેકારીના સવાલનો નિચોડ આવે.

અલબત્ત સમાજ પાસે એ જાતનાં એક મોટાં ફંડની અગત્ય છે. શ્રીમંતોનો એ અર્થે પૂર્ણ સહકાર આવશ્યક છે એમાંથી હુન્નર ઉદ્યોગોની તાલીમ મળી શકે તેવા પ્રબંધની આવશ્યકતા છે. એ ઉપરાંત પ્રત્યેક જૈન વેપારીએ અને દરેક જૈન સંસ્થાએ પોતાથી બને તેટલા સ્વધર્મી બંધુઓને પોષણ થઇ શકે તેવા દરમાયાથી રોકી લેવાની કિંવા કામે લગડવાની જરૂર પણ છેજ. આ સંબંધમાં મુનિશ્રી જ્ઞાનસુંદરજીએ થોડા સમય પૂર્વે આપણા દેરાસરોમાં પૂજારી પાછળ થતાં ખરચ અને એ દ્વારા હજારો જૈન બંધુઓને લાભ આપી પૂજનમાં સારી સુધારણા કરી શકાય તે સંબંધમાં જે પત્રિકા પ્રગટ કરી હતી એ પ્રતિ સમાજના આગેવાનોએ ધ્યાન દેવાની પળ આવી ચુકી છે.

કોન્ફરન્સના ઠરાવથી મુનિ સંમેલન વેળાની ચર્ચાથી એ તો સ્પષ્ટ થયું છે કે મહેનત કરીને, પ્રમાણિકપણે સેવા બજાવીને મહેનતાણું લેનાર વ્યક્તિ ભલે એ રકમ દેવદ્રવ્ય કે સાધારણમાંથી મેળવે તેથી એ દોષિત નથી બની જતો. આ ઉપરાંત મહત્વની બાબત તો ખરચા ઘટાડવાની છે ને અંગ કસવાની છે. એ સંબંધમાં ભાડાં ઓછાં કરવા માટે, સસ્તા રહેઠાણ પૂરા પાડવા સારૂ અગાઉ અમો ધનિકો તેમજ ધીમંતોનું લક્ષ્ય ખેંચી ગયા છીએ. હવે મધ્યમ વર્ગને ભાર મૂકી જણાવીયે કે તમારી આદતો સુધારો. બે આના રોજી પેદા કરવા જેટલી શકિત ન હોય એને દિવસમાં બે ચારવાર 'ચા' પીવાના કે પાન બીડીના વ્યસનો રાખવાં ન પોષાય! ધીમે ધીમે ઘટાડો કરતાં વ્યસનમાંથી જરૂર છુટા થઇ શકાય છે. વળી ખાલીખીસાવાળાઓએ સટ્ટા કે આંક ફરકની મોહિનીને છેટેથી રામ રામ કરવા. વારંવાર ગમે તેની પાસે હાથ ધરવાની વૃત્તિ છોડી દઇ હિંમત રાખી કોઇ બી નાનો ઉદ્યોગ મન દઇ પકડી લેવો. પ્રમાણિકતાથી કામ કરનારને ભૂખ્યા નથી રહેવું પડતું એ સૂત્ર યાદ રાખવું. કપડા લત્તાના શોખ ઘટાડી સાદાઇથી જીવન જીવવાનાં વ્રત લેવાં. ટુંકમાં કહીએ તો રહેણી તદ્દન સાદાઇભરી ને ઓછી ખર્ચાળ બનાવવી દેવી. ખોરાકમાં પણ યોગ્ય કરકસર કરવી, વહેવારના ખર્ચા કે જે આ સમયે નભી શકે તેમ છેજ નહિં એમાંથી પહેલી તક હાથ ઉઠાવી લેવો. એ બધા ઉપરાંત ગમે તેવો સખત પરિશ્રમ સેવીને પણ પોતાના પગપર ઉભી રોટલી પેદા કરવાનો અડગ નિશ્ચય કરવો. આટલું શુદ્ધ બુદ્ધિથી કરનાર માટે આજે શહેર કે ગામડાંમાં ઘણુંયે કામ પડયું છે. ઉંડો વિચાર કરતાં 'જેને દાંત આપ્યા છે ને ચાવાણું પણ આપે છે' એ વાતનો ભાવ સમજાય છે. સાચી દાનતથી કામે લાગવું ઘટે. બેકારી સંબંધી વધુ વિચાર બીજી વેળાયે.

## શતાબ્દિ પરત્વે ભાવના.

શ્રી આત્મારામજી મહારાજની જન્મ શતાબ્દિ ફાગણ વદ ૧૩ થી ચૈત્ર સુદી ૨ સુધી ઉજવવાનું વડોદરા મુકામે નક્કી થયું છે, એ પ્રસંગે આચાર્યશ્રીના જીવન પરત્વે તેમજ જૈન દર્શનની વિશિષ્ટતાઓ સંબંધમાં ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુઓથી જૂદા જૂદા વિદ્વાનો–વિચારકો વિવેચનો કરશે અને એ ઉપરાંત બીજા પણ સંવાદ, સરઘસ કે મેળાવડા આદિનાં જરૂરી કાર્યો થશે. એ સંબંધમાં આથી કંઇ વધુ ઉમેરવાનું નથી. અમારી આકાંક્ષા એકજ છે અને તે એજ કે આ શતાબ્દિ જૈન સાહિત્યોદ્ધાર અર્થે એક એવી કાયમી સંસ્થાના નિર્માણ કરે કે જે દ્વારા પ્રાચીન ગ્રંથોને દેશકાળને અનુરૂપ પદ્ધત્તિએ મુદ્રિત કરાવવાનું તેમજ યોગ્ય અભ્યાસ પુસ્તકોને પુનઃ પ્રકાશવાનું અને સાહિત્ય કે ઇતિહાસ સંબંધમાં જે કંઇ નવી ખબર પ્રાપ્ત થાય તેનો યથાર્થ પ્રચાર કે ઉપયોગ કરવાનું કાર્ય ચાલુ રાખે. જો કે હાલમાં જે ફંડ એકત્રિત થયું છે તે એટલું ભારે નથી કે જેમાંથી ઉપરોકત સર્વ કાર્ય સરળતાથી બર આવી શકે, પણ એ ફંડ શતાબ્દિની ઉજવણી સમાપ્ત થતાં ભાગ્યેજ બંધ કરવામાં આવે. એ પછી પણ જ્યાં જ્યાં વિદ્યમાન આચાર્યશ્રી અને એમનો વિશાળ સમુદાય વિચરે ત્યાં એ સંબંધમાં પ્રચાર કરવામાં આવે તો અમને આશા છે કે એ ફંડ દિવસ જતાં જરૂર વિસ્તૃત બની જશે. આચાર્યશ્રી સાહિત્યોદ્ધારને હવે સ્વજીવનનો એક માત્ર પ્રશ્ન બનાવી લે તો ભવિષ્યમાં જરૂર સુંદર કાર્ય થાય. ફંડનો વહીવટ ભલે શ્રાવકો કરે પણ દરેક પ્રકાશનો સાધુ વર્ગની દૃષ્ટિ હેઠળ પસાર થવાની યોજના કરવી જોઇએ કે જેથી વિસંવાદનું કારણ ન રહે. એ સારૂ સાધુ વર્ગમાંથી થોડા નિષ્ણાતોની એક સમિતિ નિમવી ઘટે. એ ઉપરાંત ફંડ ઉચિત રીતે જળવાય એ માટે તેના ટ્રસ્ટી તરિકે જેમ ધનિકોની જરૂર છે તેમ ચાલુ સમયને ઉચિત પદ્ધત્તિએ પ્રકાશન કરવા અર્થે ધીમન્તો અને એનો વિસ્તૃત પ્રચાર કરવા સારૂ સેવાભાવીઓની સમિતિની પણ તેટલીજ અગત્ય છે. એ સમિતિમાં જૂદા જૂદા શહેરોનું યોગ્ય પ્રતિનિધિત્વ આવવું જોઇએ કેમકે આ આખો પ્રસંગ સર્વદેશીય છે.

આ ઉપરાંત પ્રકાશિત થતા ગ્રંથો સસ્તા દરે, જનતામાં ઘેરેઘેર પહોંચી જાય અને લાંબા કાળ સુધી કબાટમાં ભરી

રાખવા ન પડે એ માટે પણ પ્રબંધ પ્રથમથીજ કરવો જોઇએ. એ સંબંધમાં અમારી નજર જેમ અમદાવાદનું સસ્તું સાહિત્ય કાર્યાલય અગર અન્ય ગ્રંથમાળાઓ પ્રથમથી સભ્યો નોંધે છે અને વર્ષ દરમ્યાન અમુક રૂપીઆના ગ્રંથોજ પ્રગટ થાય તે એ સભ્યોએ લેવા જોઇએ તેમ ઠરાવે છે, તેવો આમાં પણ પ્રબંધ થાય તો કાર્ય ઘણું સરળ બની જાય. વળી જેઓ રૂા. ૧૦)] ભરી સભ્ય થયા છે તેમને અને જેઓએ એથી ઓછી રકમો ભરી છે તેમને એમાંથી વ્યાજબી કિંમતે ગ્રંથો અપાવા જોઇએ.

અંતમાં એટલું તો ભાર મૂકી જણાવીએ કે શતાબ્દિનું કાર્ય માત્ર ઉજવણી સાથે પુરૂં ન કરતાં એને કાયમી રૂપ આપીને ભાવિ પ્રજા એમાંથી વધુ લાભ મેળવે એવા પ્રયાસો કરવા ઘટે. આચાર્યશ્રી પાસેથી આટલી અભિલાષા વધુ પડતી નથીજ.

## સદ્ગત બાબુ જીવણલાલ પન્નાલાલ.

જૈન સમાજના અને મુંબઇના એક જાણીતા દાનવીર બાબુ સાહેબ જીવણલાલ પન્નાલાલ ઝવેરી જે. પી. એક અઠવાડીઆની માંદગી ભોગવી અવસાન પામ્યાના સમાચારની નોંધ લેતાં ખેદ ઉપજે છે. સદ્ગત બાબુ સાહેબનો જન્મ સને ૧૮૭૮ માં થયો હતો અને તેમના વખતને યોગ્ય કેળવણી લઇ વ્યવહારમાં પડ્યા હતા. એમને કેળવણી પ્રત્યે એટલો પ્રેમ હતો કે જેની પ્રતીતિ રૂપે આજે બાબુ પન્નાલાલ પુરણચંદ હાઇસ્કુલ જેવી સુંદર રીતે ચલાવવામાં આવતી જૈન હાઇસ્કુલ જૈન સમાજને સાંપડી છે. આ શાળા ચલાવવામાં ભવિષ્યમાં અડચણ ન આવે એ રીતે ખૂબ કાળજીપૂર્વક ધનની વ્યવસ્થા કરી છે અને હજારોની વાર્ષિક રકમ તેની પાછળ ખર્ચવામાં આવે છે. આ ઉપરાંત એઓશ્રીએ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં એક લાખ રૂપીઆ જેવી બાદશાહી સખાવત કરી કેળવણી પ્રત્યેના પોતાના પ્રેમમાં સર્વ સમાન છે એવી ખાત્રી પણ આપી ચુકયા છે. તેઓના પિતા બાબુ પન્નાલાલ પુરણચંદે પોતે પોતાના મરણ બાદ કરોડોની પુંજી વારસામાં સોંપી હતી અને સદ્ગત બાબુસાહેબ જીવણલાલજીએ એ કિંમતી મુડીનો શકય તેટલો ઉપયોગ કેળવણી આદિ કાર્યોમાં કર્યો છે, તેમની 'ચેરીટી'ઓ પૈકી પાયધુની પર એક દવાખાનું પણ ચલાવવામાં આવે છે અને તે પણ સમાજની સારી સેવા કરે છે. એમ પણ જણાય છે કે તેઓની ગુપ્ત દેણગી પણ ઘણી હતી જેની ખબર ભાગ્યે થોડાનેજ પડે. એઓ અનેક સંસ્થાઓ સાથે એક યા બીજી રીતે જોડાયેલા હતા. તેમના છેવટનાં કાર્યમાં ધાર્મિક શિક્ષણની યોજના માટે તેમની પ્રકટ કરેલી 'કિરણાવલી' ગણાય અને તેની તૈયારી પાછળ પણ તેમણે સારી જેવી રકમ ખર્ચી છે. જે સમાજમાં પોતાનો જન્મ થયો છે તેની યથાશકિત સેવા પોતાની ધારણા મુજબ પોતે બજાવી છે અને એવા ગૃહસ્થના અવસાનથી સમાજને ખોટ પડે એમાં નવાઇ નહિં. એમણે પોતાની અવશિષ્ટ મુડીની વ્યવસ્થા માટે એક 'વિલ' તૈયાર કરેલું છે અને તેમાં લાખો રૂપીઆની સખાવતની જોગવાઇ કરવામાં આવી છે જે થોડા સમયમાં જાહેર થશે એમ જણાય છે. સદ્ગતના આત્માને શાંતિ ઇચ્છતાં અંતે ઇચ્છીશું કે મર્હુમના ભાઇઓ જેઓ પણ સમાજ પ્રત્યે ઉચ્ચ લાગણી ધરાવે છે તેઓ મર્હુમના પગલે ચાલી તેમની અને પોતાની પ્રતિષ્ઠામાં વિશેષ ઉમેરો કરે અને જૈન સમાજની સેવા કરવા વિશેષ ભાગ્યશાલી નિવડે એજ અભ્યર્થના.

## શ્રી આત્મારામજી મહારાજની જન્મ શતાબ્દિ;

### વડોદરા ખાતે નક્કી કરેલો કાર્યક્રમ

**ફાગણ વદિ ૧૩ શનિવાર તા. ૨૧-૩-૩૬.**

સવારના શતાબ્દિ મહોત્સવનો પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પવિત્ર મંગલાચરણપૂર્વક પ્રારંભ. બહારથી આવેલા સાધર્મિક બંધુઓનું વડોદરાના શ્રી. સંઘ તરફથી સ્વાગત-વ્યાખ્યાન તથા જન્મશતાબ્દિની મહત્તા સૂચવતાં અન્ય વ્યાખ્યાનો, શ્રી આત્મારામજી જૈન જ્ઞાનમંદિરમાં જૈન સાહિત્ય અને ચિત્રકળા પ્રદર્શનની ઉદ્ઘાટન ક્રિયા. બપોરના નવપદજીની પૂજા અને રાત્રે ભાવના. ધાણેરાવવાળા શેઠ વરધીચંદજી આઇદાનજી અને સોજતવાલા શેઠ નવલમલ હીરાચંદજી તરફથી મહેમાનોનું સ્વધર્મીવાત્સલ્ય.

**ફાગણ વદિ ૧૪ રવિવાર તા. ૨૨-૩-૩૬.**

સવારના જુદા જુદા વિદ્વાનોનાં વ્યાખ્યાનો. બપોરે આચાર્યશ્રીની સમક્ષ શતાબ્દિ ફંડના સભ્યોની સભા. રાત્રે પંજાબની ભજન મંડળીઓનાં ભજનો અને વિદ્યાર્થીઓના સંવાદો તથા પ્રયોગો. બપોરના શા. અમૃતલાલ હરિલાલ તરફથી મહેમાનોનું સ્વધર્મીવાત્સલ્ય.

**ફાગણ વદિ ૦)) સોમવાર તા. ૨૩-૩-૩૬.**

સવારના આચાર્યશ્રી તેમજ અન્ય મુનિવરોનાં અને જુદા જુદા વકતાઓનાં વ્યાખ્યાનો, બપોરના શતાબ્દિ નાયકની પ્રતિકૃતિ સહિત ભવ્ય વરઘોડો. રાત્રે વિવિધ તીર્થોનાં અને શ્રી આત્મારામજી મહારાજનાં જીવન પર પ્રકાશ પાડતાં સ્લાઇડ દૃશ્યો. વૈદ્ય ચુનીલાલ હરિભાઇ અને કેશવલાલ જીવચંદ સુતરિયા તરફથી મહેમાનોનું સ્વધર્મીવાત્સલ્ય.

**મુખ્ય દિવસ (મહારાજશ્રીનો જન્મ દિન)**

**ચૈત્ર શુદ ૧ મંગળવાર તા. ૨૪-૩-૩૬.**

સવારના પ્રભાત ફેરી, શ્રીમદ્ આત્મારામજી મહારાજના જીવનપર પ્રકાશ પાડતાં વ્યાખ્યાનો, બપોરના શ્રીમદ્ આત્મારામજી માહારાજ કૃત સત્તરભેદી પૂજા અને રાત્રે ભાવના, સાંજના વૈદ્ય છોટાભાઇ હીરાભાઇ અને વૈદ્ય બાપુભાઇ હીરાભાઇ તરફથી નવકારશી.

# સમાજ પ્રગતિનાં મૂખ્ય અંગો.

જૈન સમાજ હમણાં હમણાં સુસ્તપણે કોઇપણ જાતની જાગૃતિનું વાતાવરણ સર્જાવ્યા સિવાય શાંતિ સેવી રહ્યો છે, પરંતુ તે શાંતિ જ્યારે તદ્દન નિર્જીવ અને નિરુત્સાહિતામાં પલટો ખાય છે, ત્યારે એક વખતની રૂચિકર શાંતિ અરૂચિકર અને નિરૂપયોગી બલ્કે નુકશાનકારી થાય છે. વિજ્ઞ પુરૂષો એવી શાંતિને ઇષ્ટ ગણતા નથી, સમાજના વિકાસ માટે જ્યારે નિરંતર નવનવાં આંદોલનો, નવનવાં અમલી કાર્યો અને નવનવાં જાગૃતિ આપનારાં પ્રકાશનોની જરૂર છે, કે જેના વિના સમાજ કદિ પણ આગળ વધી શકતો નથી. તેવા સમયે કોઇ જયંતિના કે વાર્ષિક મેળાવડાના અથવા એકાદ બે જાહેર સભાના અપવાદ સિવાય સમાજની પ્રગતિ માટે કંઇ પણ ચેતન આપનારાં કાર્યો કોઇ પણ સ્થળે જોવામાં ન આવે ત્યારે સમાજની પ્રગતિની ભાવના સેવનારાઓ અને સામાન્ય આમવર્ગ પણ નિરાશ બની જતાં નિરૂત્સાહિતામાં ઓર વધારો થાય છે.

અત્યારે આ સ્થિતિ આખા સમાજમાં પ્રવર્તી રહેલી સામાન્યતઃ નજરે પડે છે. સમાજનું પ્રત્યેક અંગ–પછી તે શ્રીમંત હો કે સુશિક્ષિત હો, યુવાન હો કે રૂઢિચુસ્ત હો, દરેક વર્ગમાં સમાજ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ અને નિરૂત્સાહપણું પ્રસરી રહેલું જણાય છે; શાંત રાત્રિમાં જેમ કોઇવાર કોઇ પક્ષીઓનો અવાજ સંભળાય છે, તેમ રૂઢિચુસ્તોની સમાજમાંથી એકાદ બે દીક્ષા કે પદવીપ્રદાનની ક્રિયાઓ અને તેને અંગેના સમારંભો ગોઠવાતા દેખાય છે, તો અન્ય વર્ગમાંથી કોઇ કોઇ જયંતિ કે વાર્ષિક મેળાવડા આદિ કાર્યક્રમ યોજાએલા જણાય છે, પરંતુ એક પણ વર્ગ તરફથી એક પણ મહત્ કાર્ય ઉપાડાતું નથી કે જેથી સુષુપ્ત સમાજ જાગૃત થાય, શાંતિના નામે સેવાતી સુસ્તીના અંધકારમાંથી ઉત્સાહના ઉજાશમાં બહાર આવે અને સમાજની પ્રગતિના માર્ગ તેના પ્રવાસીઓથી ભરાઇ જાય.

આ પ્રમાણે જ્યારે સમાજના આગેવાન કાર્ય કરનારાઓ સમાજને પોતાની તરફ આકર્ષવા માટે સમાજને હિતકારી અને સમાજનો ઉત્કર્ષ સાધનારા કાર્યક્રમો યોજશે એવાં આંદોલનો જાગૃત કરશે, અને વાતાવરણમાં ચેતનના સૂર પુરશે ત્યારે સમાજ તેઓ તરફ જરૂર આકર્ષાશે, અને સમાજનો આમવર્ગ આ રીતે કાર્યકરોના નિકટના સહવાસમાં આવવાથી નવા નવા કાર્ય કરનારાઓ બહાર આવશે અને હાલમાં કાર્ય કરનારાઓની જે તંગી દેખાય છે, તે તંગી ભરપાઇ થતાં સમાજની પ્રગતિનો રથ અવિચ્છિન્ન રીતે આગળ ચાલ્યા કરશે.

આ વસ્તુસ્થિતિ નિપજાવવા માટે સમાજનાં ત્રણે અંગોને પરસ્પર હાથ મીલાવી કાર્ય કરવાની આવશ્યકતા છે. શ્રીમંત વર્ગે પોતાના દ્રવ્યની સહાયથી, શિક્ષિત વર્ગે પોતાની બુદ્ધિના પ્રાબલ્યથી અને યુવક વર્ગે પોતાના ઉત્સાહના આવેશથી આ વસ્તુસ્થિતિ ઉપજાવવા માટે કટિબદ્ધ થવું જોઇએ.

આ ત્રણે વસ્તુઓ એટલે દ્રવ્ય, બુદ્ધિ અને ઉત્સાહ એ ત્રણે વસ્તુઓ કેંદ્રિત થઇ ગતિમાન થાય તો જગતમાં એવી કોઇ ભાગ્યેજ ચીજ હશે કે તેની સિદ્ધિ સુલભ થઇ શકે નહિ. આપણે જોઇએ છીએ કે બેંડમાં લગભગ ૪૦ થી ૫૦ જાતના વાજીંત્રો જૂદા જૂદા વગાડનારાઓ મારફત વગાડાય પરંતુ તેઓ નિમિત અને કેંદ્રિત સૂરમાં વાગતાં કર્ણને અતિપ્રિય લાગે છે, પરંતુ તેમાંના એકાદ બે વાજિંત્રો જો જુદા સૂર કાઢવા માંડે તો જેમ આખું બેન્ડ બોખરૂં બનાવી દે છે, તેવીજ રીતે સમાજરૂપી બેન્ડના સૂત્રધારો તેની પ્રત્યેક શક્તિને યથાસ્થાને વાપરે અને ઉપર કહ્યા મુજબ ત્રણે શક્તિઓને કેંદ્રિત કરવામાં આવે તો અવશ્ય ધારેલાં કાર્યો નિર્વિઘ્ને સાધી શકાય.

આ ત્રણે શક્તિઓ કેંદ્રિત કરવા માટે દરેક વર્ગે પોતાના કેટલાક મતલબ ભર્યા અને નજીવા મતભેદો દૂર કરવા જોઇએ અલબત્ત મતભેદ હોઇ શકે અને મતભેદ પડતાં એક વસ્તુનું તારતમ્ય વધારે શુદ્ધ સ્વરૂપમાં બહાર આવે છે, એ પણ સ્વીકાર્ય છે. પરંતુ એ મતભેદ જો મમત્વ અને અભિમાનનું સ્વરૂપ પકડે તો મૂળ વસ્તુને તો વણસાડે છે, એટલું નહિ પણ આસપાસની બીજી પ્રવૃત્તિઓને પણ તેના છાંટા ઉડતાં તેમની હસ્તી પણ ભયમાં મૂકાય છે. આ સ્થિતિ સમાજના ઉપર વર્ણવેલા ત્રણે અંગોને એક સરખી રીતે લાગુ પડે છે. શ્રીમંતો પોતાના દ્રવ્યના મમત્વમાં, સુશિક્ષિતો પોતાની બુદ્ધિના મમત્વમાં અને યુવાન વર્ગ પોતાનું ધાર્યું કરવાના મમત્વમાં જો મુંઝાયા કરે તો સમાજનું એકપણ કાર્ય આગળ ધપી શકે નહિ. ઉપર કહ્યું તેમ ત્રણે શક્તિઓ જ્યાં સુધી કેંદ્રિત નહિ થાય ત્યાં સુધી છુટી છવાઇ એકાદ શક્તિ કાંઇ પણ પરિણામ નીપજાવી શકશે નહિ. ધારો કે સુશિક્ષિત વર્ગે એક યોજના બહાર મૂકી, પરંતુ જો તેને શ્રીમંત વર્ગ-તરફથી દ્રવ્યની સહાય નહિ મળે તો તે યોજના કાગળ ઉપરજ રહેશે. અને ધારો કે શ્રીમંત વર્ગ તરફથી દ્રવ્યની સહાય મળી તો પણ તે યોજનાને વેગમાં મૂકવા માટે યુવાન વર્ગ તરફથી જ્યાં સુધી ઉત્સાહનું વાતાવરણ ઉપસ્થિત કરવામાં નહિ આવે ત્યાં સુધી તે યોજના આગળ વધી શકશે નહિ. એવીજ રીતે ધારો કે કોઇ શ્રીમંત ગૃહસ્થે અમૂક રકમ સુમાર્ગે વાપરવા કાઢી. પરંતુ જો બુદ્ધિવાન્ નેતાઓ તરફથી તે મુડીને યોગ્ય માર્ગ આપવામાં નહિ આવે તો તે મુડી જન સમાજને બીનજરૂરી કાર્યોમાં અવશ્ય વપરાઇ જશે. તેવીજ રીતે યુવાન પણ ગમે તેટલો ઉત્સાહવાળો હશે, પરંતુ દ્રવ્ય વિના તે પણ કંઇ કરી શકે નહિ એ દેખીતું છે. એટલે કે ત્રણે શક્તિઓને પરસ્પર સહકારનો અવકાશ છે, અને સમાજની સુદૃઢ પ્રગતિ માટે એ શક્તિઓ કેંદ્રિત કરવાની અનિવાર્ય આવશ્યકતા છે. અને પરિણામ લાવવા માટે સમાજના આગેવાનોએ પરસ્પરના મતભેદો ભૂલવાજ જોઇએ. એ ભૂલવા માટે કોઇ એવાં આંદલનો ઉપજાવી કાઢવાં જોઇએ કે જેમાં ભાગ લઇ તેને ફળીભૂત કરવા દરેક વર્ગ હાથમાં હાથ મીલાવી કામ કરી શકે અને સમાજનો રથ ત્રણે શક્તિએ એકત્ર થઇ સરળ કરેલા માર્ગ ઉપર પ્રગતિ કરી શકે.

**મ. હી. લાલન.**

# આગામી શ્રી મહાવીર જયંતિ.

## જૈનોની ફરજ.

(લેઃ—**વાડીલાલ જેઠાલાલ શાહ.**)

આવતી ચૈત્ર શુદ ૧૩ શ્રી મહાવીર પ્રભુનો જન્મ દિવસ આવે છે તે આપણે દરેક જાણીએ છીએ, મારા સમજવા મુજબ આપણામાંના ઘણાખરા તો ભાદરવા શુદ ૧ શ્રી મહાવીર પ્રભુનો જન્મ દિવસ સમજે છે. પરંતુ તે દિવસે તો ફક્ત પર્યુષણની અંદર શ્રી–કલ્પ-સૂત્ર વાંચનમાં તે દિવસે જન્મ અધિકાર આવે છે. જન્મ દિવસ તો ચૈત્ર શુદ ૧૩ નો છે.

### જાહેર તહેવાર તરીકે પળાવાની જરૂર.

આ દિવસ એક મહાન્ દિવસ છે, અન્ય કોમના ગોકળ અષ્ટમી, રામનવમી, શિવરાત્રી આદિ તહેવારોને જેવી રીતે ગવરમેંટ તરફથી જાહેર રજાના દિવસો ગણવામાં આવે છે તેવીજ રીતે આ દિવસ પળાવાની જરૂર છે તો આને માટે શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી આ ત્રણે ફીરકાઓએ એકત્ર થઇને જાહેર રજા તરીકે મંજુર કરાવવા જરૂર પ્રયાસ કરવો જોઇએ. હું દરેક કોમની કોન્ફરન્સને વિનંતી કરૂં છું કે આ બાબત લક્ષમાં લઇ જરૂર આ તહેવારને જાહેર રજાનો દિવસ મંજુર કરાવવો.

### આ દિવસે શું શું કરવું?

આ દિવસે ધર્મના ચાર સ્તંભ બતાવેલા છે કયા કયા? તો દાન, શીયળ, તપ અને ભાવના, આ ચારેમાંથી **પ્રથમ દાન**. દાનના પણ પ્રકારો છે તે પૈકી સુપાત્ર દાન તેમજ અભયદાન કરવું. અભયદાનમાં જીવો બચાવવા (જીવો છોડાવવા) નાના તેમજ મોટા જીવોની રક્ષા કરવી. **બીજું (શયળ** તેમાં તે દિવસે ખાસ કરીને અખંડ શીયળ પાળવું જોઇએ. **ત્રીજું તપ**. આ દિવસે તપ કરવાને માટે પણ પૂરતી કાળજી રાખવી. ધાર્મિક દષ્ટિએ ગણીએ તો તે દિવસે ઉપવાસ આયંબિલ આદિ યથાશક્તિ તપ કરવો. તે દિવસે શાશ્વતી, આંબેલની ઓળી અંદર આવી જાય છે તે ઘણાંખરા આંબેલ તો કરશે. બાકીનાઓએ ખાસ તપ કરવાં.

વળી લૌકીક દષ્ટિએ જોઇએ તો તે દિવસે જેવી રીતે આપણી જન્મતીથી ઉજવીએ છીએ તેવી રીતે તે જન્મ દિવસ ઉજવવો. **ચોથું ભાવના.** ઉપરના ત્રણેમાંથી ન બની શકે તો ઉત્તમ ભાવના તો જરૂર ભાવવી. આ પ્રમાણે તે દિવસે ધર્મારાધન કરવું. તે દિવસે જયંતી ઉજવવી જોઇએ **અને જાહેર સ્થળે દરેક કોમની વચમાં તે જયંતી ઉજવવી** જોઇએ અને જૈન ધર્મના સિદ્ધાંતોનું રહસ્ય સમજાવવું જોઇએ તેમજ શ્રી મહાવીર પ્રભુએ પરમાત્માપદ કેવી રીતે લીધું? શું શું ધાર્મિક કાર્યો કર્યાં, જીવદયાનો ઝુંડો કેવી રીતે ફરકાવ્યો, આદિ તેમના જીવનમાંથી નીકળતો દરેક સાર સમજાવવો. આ દિવસના બે દિવસ પહેલા તેમજ બે દિવસ પછી આવી રીતે લગભગ પાંચ દિવસનો સુંદર કાર્યક્રમ ગોઠવવો. જેવી રીતે અત્યારે રાષ્ટ્રીય સપ્તાહ ઉજવાય છે તેવી રીતે સપ્તાહ ઉજવી દરેક કોમની અંદર જૈન ધર્મ શું ચીજ છે? તે બતાવવા પ્રયત્ન કરવા અને આ દિવસે ટુંક જીવનચરિત્રની ચોપડીઓ પણ વહેંચીને જાહેરમાં ફેલાવો કરવો.

# શ્રી જૈન મહીલા સમાજની સીલ્વર જુબીલી પ્રસંગે થયેલો ભવ્ય કોન્સર્ટ.

### સમાજને દોરાવનારા સેવાભાવી હોવા જોઇએ.

અત્રેના શ્રી જૈન મહીલા સમાજના રજત મહોત્સવ પ્રસંગે તેના સ્ત્રી વર્ગોના લાભાર્થે ગયા શનિવારે સાંજે સાડાચાર કલાકે એક વેરાયટી કોન્સર્ટ અત્રેનાં ભાંગવાડી થીએટરમાં થયો હતો, જે વેળાએ આખું થીએટર પ્રેક્ષકોથી લગભગ ચીકાર થઇ ગયું હતું. આ સારાયે કોન્સર્ટમાં 'નવાબનો ઇનટરવ્યુ' નામની હાસ્યરસીક સ્કીટ, બંસરી બાળાનું નૃત્ય, ભરવાડ અને ભરવાડણનું નાનું ગીત, મુક અભીનય તથા મીરાંનું ભજન શ્રોતાજનોને ખુબ પસંદ પડયા હતા.

કોન્સર્ટને અંતે "કવી કાતરીઆ ગેપ" નામનો એક પારસી પ્રહસન ભજવાયો હતો, જેમાં પારસી ગુજરાતી ભાષાની રંગત જૈન અને જૈનેતરોએ તેના અસલ રૂપમાં નીહાળી હતી!

### કોન્સર્ટના પ્રમુખ શેઠ અમૃતલાલ કાલીદાસનું વ્યાખ્યાન.

વિરામ પછી મેળાવડાના પ્રમુખ શ્રી. અમૃતલાલ કાલીદાસે જણાવ્યું કે, "જૈન મહીલા સમાજની કારકીર્દીનાં આજે પચીસ વર્ષ પુરાં થાય છે. એ પચીસ વર્ષોમાં એ સમાજે કેટલી પ્રગતી સાધી શું કીધું અને આપણે કેટલે સુધી આગળ વધ્યા છીએ, તે ગયા મેળાવડામાં જાણી શકયા છીએ. બારીક દષ્ટિએ જોતાં તો મુંબઇમાં અસલ રેંકડો હતો તે ગતીએ આપણે ચાલ્યા છીએ, બીજી કોમોના મુકાબલામાં ઘણું અંતર માલમ પડશે. પરંતુ હું માનું છું કે હવે પછીના દશ વર્ષોમાં સારી પ્રગતિ કરી શકીશું. આજથી ૨૫ વર્ષ પહેલાં આપણા પોતાના મનમાં ને હૃદયમાં છોકરીને ભણાવી શું કરવાનું છે, માટે બે ચાર ચોપડીઓ ભણાવો અને મોટી થાય તો પરણાવો એમ થતું, આજે સુધારક કે ઑર્થોડોક્ષ બધાનાં મગજમાં એકજ ભાવના જોવામાં આવે છે અને તે એ કે આપણી છોકરીને ભણાવવીજ. આ ભાવના જાગ્રત થઇ છે તેને આધારે કહું છું કે હવે જરૂર દશ વર્ષમાં ગયા પચીસ વર્ષો જેટલી આગેકુચ કરી શકાશે.

સમાજને દોરવનાર સેવાભાવી હોવા જોઇએ. હું ખાસ ભાર મુકીને કહું છું કે સેવાભાવથી શ્રીમંત નરનારીઓ અમારી સમાજની સ્ત્રીઓની કેમ ઉન્નતી કરવી તેનો વિચાર કરી વિસ્તૃત રીતે બહાર પડશે ત્યારેજ ઉન્નતિ થશે. શ્રીમંત બ્હેનોને રાંધવાની અને બીજી ઘરની જંજાળો હોતી નથી એટલે તેઓ પોતાનો ફુરસદનો વખત મોજશોખને બદલે સ્ત્રી ઉન્નતિનાં કાર્યો સંબધી વિચાર કરવામાં ગાળે તોજ તેઓ જૈન સમાજની કન્યાઓને આગળ લાવી શકશે. વળી

# સમાચાર..........સાર

## સાંગલીનો પશુયજ્ઞ બંધ:—

સાંગલી મુકામે શ્રી. વસુદેવ શાસ્ત્રી નાટુની અધ્યક્ષતામાં 'આપ્તુર્યાજ' નામનો એક મોટો યજ્ઞ વૈદિક વિધિ અનુસાર મોટા પાયા ઉપર થવાનો હતો. જેમાં પશુઓનું બલિદાન દેવાનું હતું. જેનો દરેક સ્થળે વિરોધ થયો હતો. અને હજુપણ ઠેક ઠેકાણે વિરોધ થઇ રહ્યો હતો. તા. ૨૭ માર્ચથી એ યજ્ઞ શરૂ થવાનો હતો. યજ્ઞમાં પશુઓનું બલિદાન દેવું એ આ વીસમી સદીમાં શોભાસ્પદ ન જ કહેવાય, એ અંગે લખવું પડે અને વિરોધમાં સભા ભરવી પડે એથીજ અહિંસાના સિદ્ધાંતના પ્રચારની હજુ અપૂર્ણતા સ્પષ્ઠ પ્રતીત થાય છે. અહિંસાના પૂજારીઓની આ બલિદાનો રોકવાની પવિત્ર ફરજ છે અને નિયમિત પ્રચારથી આ વસ્તુ કંઇ અશક્ય નથી. તેનો પુરાવો આ સમયે સાક્ષાત્ મળ્યો છે. સાંગલી મુકામે થનાર પશુયજ્ઞ છેવટે જીવદયા હિમાયતીઓના ભરચક પ્રયત્નને અંતે બંધ રહ્યો છે. એ આ પ્રવૃત્તિનું શુભ પરિણામ કહી શકાય. શ્રી. વાસુદેવ શાસ્ત્રી નાટુએ આ રીતે જીવદયા અને અહિંસા પ્રેમીઓની ઇચ્છાને માન આપી પશુયજ્ઞ બંધ રાખ્યો છે એ ખરેખર આવકારદાયી છે, તેઓશ્રીએ પશુયજ્ઞ બંધ રાખી બીજો નાનો યજ્ઞ કરવાનું નક્કી કર્યું છે. જેમાં બિલકુલ પશુ બલિદાન થવાનું નથી.

## શ્રી. જિનદત્તસૂરિજી બ્રહ્મચર્યાશ્રમ:—

પાલીતાણાની આ સંસ્થાએ વ્યવહારિક શિક્ષણની પ્રગતિ અર્થે ત્યાંની હાઇસ્કુલ અને તાલુકા સ્કુલ સાથે જોડાણ કરેલ છે, જેની પ્રથમ પરિક્ષા ગયા પખવાડીયામાં ગઇ. પરિણામે હાઇસ્કુલમાં બેઠેલા બાર વિદ્યાર્થીઓ સારા માર્કસથી પાસ થયા છે, અને તેમાંના કેટલાક પ્રથમ નંબરે આવેલ હોવાથી ઇનામ પણ મેળવેલ છે.

## શ્રીમતી કમળા નહેરૂનું અવસાન:—

એટલે ભારતને એક આદર્શ ગૃહિણી—નીડર દેશસેવિકાની ખોટ. એક સહચારિણી તરીકે તેણીએ પંડિત જવાહરલાલના જીવનને પૂર્તિ આપી, અને એક દેશસેવિકા તરીકે તેણીએ ભારત—મહિલાઓના જીવનમાં નવો પ્રાણ પૂર્યો. એ જીવન દીપક બુઝાતાં જવાહરલાલનું જીવન અટુલું થયું. હિન્દને એક પ્રેરક મહિલાની અજોડ ખોટ પડી.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ:—

આ બોર્ડ તરફથી લેવાયલી ગત વર્ષની ધાર્મિક પરિક્ષાઓનું પરિણામ કેટલાક પરીક્ષકોના અનિવાર્ય સંજોગોમાં ઉત્તરપત્રો ન જોવાયાના કારણે ઢીલમાં પડયું છે. પરંતુ તે તુરત બહાર પડે તેવી ગોઠવણ કરવામાં આવેલ છે. પરિણામ બહાર પડે તુરત જાહેર થશે. બોર્ડનો અભ્યાસક્રમ નક્કી કરવા માટે નિમાયેલ પેટા કમિટીની બે મીટીંગો મલી ગઇ છે. અને તે પણ બાકીનું કાર્ય થોડા સમયમાં આટોપી દેશે એટલે તત્સબંધી સૂચનાઓ મોકલવામાં આવશે.

**બો. ઈ. સ્ટેન્ડીંગ કમિટી**ની બેઠક બને તેમ જલદી બોલાવવાની હોવાથી તે સંબંધી ઘટતી પ્રાથમિક તૈયારીઓ ચાલુ કરવામાં આવેલી છે. તે સાથે ગત બેઠકના પ્રમુખ મહાશય બાબુ નિર્મલકુમારસિંહ નવલખાજીના વિચારો પણ માંગવામાં આવ્યા છે.

## બાળ-દીક્ષા સામે સત્યાગ્રહ:—

કરાંચીમાં સ્થા. મુનિ ઘાસીલાલજીએ બાળ દિક્ષાની દુકાન ખોલી હોય તેમ મુનિ સંખ્યામાં વધારો કરવાના પ્રયાસો શરૂ કર્યાં છે અને તેમાં ૧૬ વર્ષની વયના એક યુવકને સંડોવવામાં આવ્યો હોય એમ મનાય છે, આ દિક્ષા સામે ત્યાંના યુવકોએ વિરોધ શરૂ કર્યો છે અને જરૂર પડે તેઓ સત્યાગ્રહ કરવા તૈયાર હોય એમ જણાય છે.

---

(અનુસંધાન પાનું ૭ મા નું ચાલું)

આવી સ્ત્રી ઉન્નતિનાં કાર્યોની પ્રેરણા કરનારાં કાર્યોને મોટા પ્રમાણમાં ઉત્તેજન આપવું ઘટે. ત્રણે વર્ગની સ્ત્રીસમાજની આ ખાસ મોટામાં મોટી ફરજ છે."

શ્રી જૈન મહીલા સમાજનાં પ્રમુખ સૌ. બાઇ **તારાબાઇ માણેકલાલ પ્રેમચંદ જે. પી.** એ સભાના પ્રમુખ **શ્રી, અમૃતલાલ કાલીદાસનો** તથા હાજર રહેલા ગૃહસ્થો અને સન્નારીઓનો તથા એમનાં કાર્યમાં સહાય કરનારાઓનો આભાર માનતાં જણાવ્યું કે 'સ્ત્રીઓના કામમાં પુરૂષો રસ લે, તેથી સ્ત્રીઓમાં ઉત્સાહ આવે છે. તમારી સહાનુભૂતિ ન હોત તો સંતોષ મળતે નહિ."

મેળાવડો લગભગ પોણાઆઠ વાગે વિસર્જન થયો હતો જે વેળા હાજર રહેલાંઓ આનંદભેર છુટાં પડ્યાં હતાં.


નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | | | |
|---|---|---|---|
| શ્રી ન્યાયાવતાર | ... ... | રૂ. | ૧—૮—૦ |
| જૈન ડીરેક્ટરી ભાગ ૧ લો | ... | રૂ. | ૦—૮—૦ |
| ,, ,, ભાગ ૧–૨ જો | ... | રૂ. | ૧—૦—૦ |
| ,, શ્વેતાંબર મંદિરાવળી | ... | રૂ. | ૦–૧૨—૦ |
| ,, ગ્રંથાવાલી | ... ... | રૂ. | ૧—•—૦ |
| ,, ગુર્જર કવિઓ (પ્ર૦ ભાગ) | | રૂ. | ૫—૦—૦ |
| ,, ,, ,, ભાગ બીજો | | રૂ. | ૩—૦—૦ |
| ,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર) | | રૂ. | ૬—૦—૦ |

લખો:—શ્રી **જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.**
૧૪૯, શરાફ બજાર, **મુંબઇ, ૨.**


આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ ધી કિશોર પ્રિન્ટરી, ૧૩૦, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ૧૪૯, શરાફ બજાર મુંબઇ, ૨ માંથી પ્રગટ કર્યું છે. તા૦ ૧૯–૩–૩૬.

તારનું સરનામું—'હિંદસંઘ'-'HINDSANGHA'

REGD. NO. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

卐

# THE JAIN YUGA.

[શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી—જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીયા બે. છુટક નકલ: દોઢ આનો.

વર્ષ: જીનું ૯ મું, નવું ૪ થું | તારીખ ૧ લી એપ્રિલ ૧૯૩૬. | અંક ૨૩

## —શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ પ્રસંગે—

### પંડિત સુખલાલજીનું વકતવ્ય :—

આજે આપણે જોઇએ છીએ કે રામકૃષ્ણ પરમહંસ, રાજા રામમોહન, શ્રી. દયાનંદ સરસ્વતી વગેરે મહાન આત્માઓની શતાબ્દિ ઉજવાય છે. એ કોણ હતા કે જેને માટે આટલા આડંબરથી ઉત્સવો થાય છે, રાજા રામમોહનરાયે ધર્મના ઉત્કર્ષ માટે દરેક સંસ્કૃતિનો અભ્યાસ કર્યો અને બ્રહ્મસમાજની સ્થાપના કરી. શ્રી.દયાનંદજીને આપણે ઓળખીએ છીએ. શ્રી આત્મારામજીમાં એવું શું હતું કે તેમનો ઉત્સવ ઉજવવામાં આવે? એક જૈન સાધુ તરીકે તે રાજકરણમાં ભાગ નથી લઇ શકયા. શ્રી પરમહંસ તરફથી રાષ્ટ્ર ઉન્નતિના જે કાર્યો થયાં હતાં તે શ્રી આત્મારામજી નથી કરી શકયા, એમ છતાં તેઓમાં એક હતું કે છેલ્લા સો વર્ષમાં જે જૈન સાધુઓ નથી કરી શકયા, તે તેઓ કરી શકયા હતા. તેઓએ અજબ કામ કર્યું છે. જ્યાં સૂરિજી નથી ગયા ત્યાં તેમના સાહિત્યે કામ કર્યું છે. જ્યાં તેઓ નથી પહોંચી શકયા ત્યાં તેમના પરની અજબ શ્રદ્ધાએ કામ કર્યું છે. ૨૨ કરોડ હિન્દુઓની સેના શ્રી દયાનંદજીને મળી તેટલી જો તેઓને મળી હતે તો તેઓ અજબ કાર્ય કરી શકયા હતે.

જ્યારે જૈન સંસ્કૃતિના અભ્યાસ માટે સાહિત્યનું સાધન ન હતું ત્યારે જૈન દર્શનના અભ્યાસનું તેઓએ સાધન આપ્યું. તેઓશ્રીએ ધાર્યું હતે તો બીજી અનેક ભાષામાં સાહિત્ય પ્રચાર કરી શકત. પરંતુ માતૃભાષા તરીકે હિન્દીમાં એમની સાહિત્ય સેવા હતી.

જૈન સંસ્કૃતિના અભ્યાસ માટે આજે જે જીજ્ઞાસા છે, જૈન સાહિત્ય શું છે? જૈન દર્શનને અંગે ભ્રાન્તિઓ શું છે? વગેરે પ્રશ્નોનો ઐતિહાસિક દ્રષ્ટિએ ઉત્તર આપવા આજે જૈન સાધુ તૈયાર નથી. મને એમ લાગે છે કે આજે તેઓ હતે તો તેમનું કાર્ય અનોખીજ દિશામાં હતે.

હું તેમનો પ્રત્યક્ષ શિષ્ય નથી, છતાં પરોક્ષ શિષ્ય છું. છેલ્લા દોઢસો વર્ષમાં એમના જેવી સાહિત્ય સેવા કોઇએ કરી નથી. સ્થાનકવાસી કે દિગમ્બર સમાજને પુછું છું કે તમારો સાહિત્ય ભંડાર કેટલો સમૃદ્ધ છે?

આ તકે એક વાત જણાવીશ કે શ્રી આત્મારામજી મહારાજના કાર્યને શા માટે સમસ્ત જૈન સમાજ ન ઉપાડી લ્યે? આપણામાં એક એ મોટી ખામી છે કે જે સાધુ એક કાર્ય ઉપાડે તે સર્વ સામાન્ય હોય, જૈન સમાજ વ્યાપક દ્રષ્ટિબિંદુથી યોજાયેલું હોય એમ છતાં અન્ય સંપ્રદાયના સાધુઓ તે ન ઉપાડે, તેને બનતો ટેકો ન આપે. આ આપણી ટુંકી મનોદશા છે અને તે સુધારો માગે છે. પંજાબમાં શ્રી આત્મારામજીએ જૈન સંસ્કૃતિનો પ્રચાર કર્યો છે, પરંતુ સ્વામી દયાનંદજીએ હિન્દુસંસ્કૃતિનો પ્રચાર કર્યો અને એમના શિષ્ય મંડળે તે કાર્ય ઉપાડી લઇ તેનો હિન્દ બહાર પણ સુંદર પ્રચાર કર્યો, તેમ આત્મારામજી મહારાજના એ કાર્યને અપનાવી લેવા માટે સમસ્ત જૈન સમાજે એ કાર્ય પોતાનું માનીને સાથ આપ્યો નથી. નહિ તો આજે જૈન સંસ્કૃતિનો પ્રચાર માત્ર પંજાબ કે પૂર્વ દેશમાં જ નહિ પરંતુ હિન્દ બહારના પ્રદેશોમાં પણ થઇ શકયો હતે. જૈનેતર સમાજમાં જૈન-સંસ્કૃતિના અભ્યાસ માટે જાગૃતિ આવી છે, તેઓને જૈન દર્શનના અભ્યાસ માટે પિપાસા છે, અને તે માન શ્રી આત્મારામજી મહારાજને ઘટે છે. જૈન સમાજે આ કાર્ય ઉપાડી લેવું જોઇએ અને એ દિશામાં આગળ ધપવું જોઇએ.

'**જૈન**' એમાંથી ઉદ્ધૃત.

જૈન યુગ.
તા. ૧-૪-૩૬ બુધવાર.

# જૈન લતામાં વાંચનાલયની જરૂર.

આજે વિશ્વના સમસ્ત દેશો તરફ નજર નાખતાં સહેજે માલમ પડશે કે વિવિધ પ્રકારનાં વાંચનનો શોખ, વાંચનની જિજ્ઞાસા અને વાંચનની પ્રવૃત્તિ વિશાળ પ્રમાણમાં દરેક દેશોમાં ચાલી રહી છે, હજારો માઇલ દૂર પડેલા દેશોના ખબર અંતરો, વ્યાપાર વાણિજ્યના ખબરો, રાજદ્વારી અને સામાજિક પ્રવૃત્તિઓ, આર્થિક આંદોલનોના અહેવાલો આદિ ક્ષણના પણ વિલંબ વિના અત્યારે જે મેળવી શકાય છે, તે વર્તમાનપત્રોની વિશાળ પ્રગતિને આધીન છે. આ દિશામાં જોકે ભારતવર્ષ કરતાં અન્ય દેશોએ ઘણી વધારે પ્રગતિ કરી છે, છતાં પણ આધુનિક સમયનાં સાધનોએ ભારતવર્ષને પણ કેટલેક અંશે સ્પર્શ કર્યો છે, એ અત્રેના દિન પ્રતિદિન વર્તમાનપત્રોના અને સામાયિકોના વધતા જતા ફેલાવાથી જોઇ શકીએ છીએ, અને એ ફેલાવાએ સ્પષ્ટ દેખાડી આપ્યું છે કે જનસમાજની રૂચી વાંચન પ્રત્યે દિવસાનુદિવસ વધતી રહી છે, પરંતુ એ રૂચિને પોષણ મળે, અને વાંચનની જિજ્ઞાસાની તૃપ્તિ થાય એવાં સાધનોનો મોટે ભાગે અભાવ છે, તેમજ અન્ય દેશોના પ્રમાણમાં હિન્દુસ્થાન દેશ એટલો વધારે ગરીબ છે કે વાંચનને માટે પોતાની આજીવિકાના સાધનમાંથી કંઇપણ રકમ ફાજલ પાડી શકવા લાચાર બને છે. આવાં કારણોથી કેટલીએ વખત વાંચનની જિજ્ઞાસા પૂરી કરી શકાતી નથી.

આ ખોટ વાંચનાલયો, પુસ્તકાલયો, ફ્રી રીડીંગરૂમો ફરતી લાયબ્રેરીઓ દ્વારા પુરી પાડી શકાય છે; મોટાં મોટાં વાંચનાલયો અને પુસ્તકાલયોમાં એક એક પત્રનો કે પુસ્તકનો સેંકડો માણસ લાભ લઇ શકે છે, જ્યારે એજ પત્ર કે પુસ્તક વ્યક્તિગત મંગાવતાં માત્ર તે આસામી કે આસપાસના ૪-૫ માણસો તેનો લાભ લઇ શકે છે. આટલા ઉપરથી સ્પષ્ટ સમજી શકાશે કે વાંચનાલયો, અને ફ્રી રીડીંગરૂમો દ્વારા ઘણું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે, અને એ દ્વારા જીવનની ભાવિ પ્રવૃત્તિઓને પણ અનેકગણો વેગ આપી શકાય છે. આ વિષય ઘણોજ મહત્વનો હોવાથી, તેમજ આ વિષયમાં બીજી કોમો કરતાં જૈન કોમને વિશેષ ફરિયાદ કરવાપણું હોવાથી બીજાઓની વાતો બાજુએ રાખી અત્યારે આપણે મુંબઇના જૈનોની આ વિષયમાં શું પરિસ્થિતિ છે, અને તેઓની શું જરૂરીયાત છે, તેનો વિચાર કરવો વધારે ઠીક થઇ પડશે.

આજે મુંબઇમાં વસતી જૈન પ્રજાની સસ્તાં ભાડાની ચાલી. મેટરનીટી હોમો, સભાસ્થાનોના હૉલો આદિની ખામીની અનેક ફરીયાદો તો વર્ષો થયાં કાનોમાં અથડાયા કરે છે, પરંતુ એનાથી પણ વિશેષ જરૂરી ચીજ એક સારાં વાંચનાલયની ખોટની ફરીયાદ પ્રત્યે તાકીદે જૈન કોમના લાભને માટે કોમના આગેવાન ખાતાંઓએ પોતાનું લક્ષ દોરવવું જરૂરી છે.

પાયધુની અને ઝવેરી બજાર જેવા જૈનોથી ખીચોખીચ ભરેલા, લતામાં જૈન કોમને માટે એક પણ વાંચનાલય કે ફ્રી રીડીંગ રૂમ હયાતિ ધરાવતું નથી. જૈન યુવાન કે વૃદ્ધ વિદ્યાર્થી કે ધંધાદારીને પોતાની વાંચનની વૃત્તિને કાંતો આડોશપાડોશમાં આવતાં એકાદ વર્તમાન પત્ર દ્વારા સંકુચિતરીતે પોષવી પડે છે, યાતો બહાર બીજા લતાઓમાં આવેલાં સારાં પુસ્તકાલયોમાં યાતો વાંચનાલયોમાં જઇ પોતાનું ધારેલું વાંચન મેળવવું પડે છે. પરંતુ તે સ્થાનો પણ ખાસ જૈન કોમ માટે નહિ હોવાથી જૈનોનાં પત્ર મેળવવાં ત્યાં પણ મુશ્કેલ પડે છે; આ બધામાં રૂપીયે બેચાર આનાની ખોટને પૂરૂં પાડતી માધવબાગમાં એક ખુણામાં છુપાયેલી મોહનલાલજી સેંટ્રલ લાયબ્રેરી જરાતરા ડોકીયું કરે છે, પરંતુ એની વ્યવસ્થા, એનું સ્થાન આદિ એટલાં કઢંગાં છે, કે જેનો ભાંગ્યો તુટ્યો પણ લાભ જૈન પ્રજા સંપૂર્ણપણે લઇ શકતી નથી. આ સંસ્થા વિષે અન્ય પત્રોએ પણ ફરિયાદો કરી છે, પરંતુ વ્યવસ્થિત સુધારણા થઇ હોય એમ લાગતું નથી. આ ઉપરાંત ભીંડીબજારમાં આવેલા શ્રી શાન્તિનાથજીના મંદિરની બાજુમાં એક મજલા ઉપર એક રીડીંગરૂમ ૫-૭ પત્રો સહિતની થોડાં વર્ષ ઉપર નજરે પડતી હતી, પરંતુ તેની પણ હસ્તિ મકાન પડી જવાથી કે બીજા કોઇ કારણથી હવે જણાતી નથી. એટલે કે ઉપર જણાવ્યું તેમ જૈનોના મુખ્ય લતામાં એક પણ ફ્રી રીડીંગ રૂમ નથી, જેથી આ વિષયમાં મુંબઇ જેવી મહાન્ નગરીમાં વસતી ઉદાર જૈન કોમે કંઇક સક્રિય પગલાં ભરવાં જોઇએ અને જૈનોના મધ્ય લતામાં એક નમુનેદાર વાંચનાલય સ્થપાય એ માટેની કોઇ યોજના ઘડી કહાડવી જોઇએ.

પાયધુની લતામાં આવેલાં દહેરાસરોની વિશાળ જગ્યાઓમાંથી એકાદ રસ્તાપરની જગ્યા એ સંસ્થા માટે મેળવવામાં આવે, અને ત્યાં નમુનેદાર વાંચનાલય જો ખુલ્લું મુકાય તો મુંબઇની જૈન પ્રજાની અનેક જરૂરીયાતોમાંની એક પૂર્ણ થશે, અને વાંચન કે જેના ઉપર જીવનના ભાવિ ઘડતરનો આધાર છે તેનો લાભ જૈનપ્રજા મેળવી પોતાનો સંતોષ જાહેર કરશે.

જો ઉપર કહ્યા મુજબ પાયધુની જેવા લતામાં વાંચનાલય ખુલ્લું મુકાય તો જૈન વિદ્યાર્થિઓ જૈન યુવાનો અને રાત્રિના સમયે નિવૃત્ત થતા ધંધાદારીઓ એ સંસ્થાનો અચૂક લાભ મેળવે એટલુંજ નહિ પણ તેઓનો સમય નિરર્થક વાતોમાં અને ગામગપાટામાં ગાળવા કરતાં વાંચનમાં વિશેષ પ્રકારે ગાળી શકે, અને એ રીતે આડકતરી રીતે પણ જૈનકોમને એ વાંચનાલય દ્વારા આર્થિક તેમજ નૈતિક લાભની પણ પ્રાપ્તિ થશે. માટે આ બહુજ ઉપયોગી ચીજની ખોટ વહેલામાં વહેલી તકે જૈન કોમના આગેવાનો કોઇપણ સ્કીમ ઘડી કાઢી પરિપૂર્ણ કરશે એવી અમો આશા રાખીએ છીએ.

# નોંધ અને ચર્ચા.

## મુંબઈમાં એકાદ ધર્મશાળા પણ નહીં ?

સારાયે હિન્દમાં મુંબઇના સંઘનું સ્થાન જરૂર આગળ પડતું ગણાવી શકાય; કારણ કે ભાગ્યેજ કોઇ એવું મોટું શહેર બકાત હશે કે જેનો એકાદ વતની ત્યાં હાજર નહીં હોય ! ટુંકમાં કહીયે તો મુંબઇમાં દરેક શહેરનું પ્રતિનિધિત્વ પ્રાપ્ત થઇ શકે તેમ છે. આમ છતાં અફસોસની વાત છે કે નથી તો સંઘનું કોઇ રીતસર બંધારણ અને નથી તો રીતસર કામ કરતું વહીવટીતંત્ર ! અત્રે મુંબઇ જેવા શહેરને છાજે તેવી નથી યાત્રાળુ કે બહારગામથી આવનાર માટે કોઇ સગવડવાળી ધર્મશાળા ! નામ ગણવારૂપ લાલબાગની ધર્મશાળા કે પાયધુની પર આવેલ શ્રી આદિશ્વરજીની ધર્મશાળા છે છતાં એમાં ભાગ્યેજ યાત્રાળુઓને અનુકુળ આવે તેવી દરેક જાતની સગવડ નજરે પડે છે ! ઉભયમાં પરમાર્થી દ્રષ્ટિ અને યાત્રાળુને સગવડ મળે એ જાતના દ્રષ્ટિબિન્દુ કરતાં આર્થિક મુદ્દા તરફ વધુ લક્ષ અપાતું દ્રષ્ટિગોચર થાય છે !

અત્રે કહેવાનું તો એ છે કે માની લઇએ કે તે ધર્મશાળાઓ છે છતાં મુંબઇ જેવા સંપત્તિશાળી શહેરને–લાખો ને કરોડોની મિલકત ધરાવનારા જૈન શ્રીમંતો જ્યાં વસે છે એવા સુપ્રસિદ્ધ સ્થાનને–ઉપર વર્ણવી તેવી નાનીસી ધર્મશાળાઓ છાજે તેમ છે ? આ પ્રશ્ન વિચારણીય નથી ?

મુંબઇ ચોરાશી બંદરના વાવટા જેવું સ્થાન મનાતું હોવાથી સંખ્યાબંધ જૈનોનો અવરજવર રહે છે વળી હવે યાત્રા સ્થળો માટે ખાસ ટ્રેનો નીકળતી હોવાથી વર્ષ દરમ્યાન ૪/૫ એવી ખાસ ટ્રેનો લગભગ ૨૫૦ થી ૩૫૦ યાત્રાળુ સુધીની આવે છે અને એમ માની શકાય કે એ પ્રથા ચાલુ રહેશે તો એ રીતે આપણા આંગણે ઉપસ્થિત થનાર સ્વધર્મી બંધુઓને ઉતરવા–બેસવાની અને વાસણ આદિ સાધન સામગ્રી પુરી પાડવારૂપ ધર્મ યાને ફરજ શું મુંબઇના સંઘને શીરે નથી ? સુરત જેવા શહેરમાં ચાર પાંચ ધર્મશાળાઓ હોય, કલકત્તા જેવા ગાઢી વસ્તીવાળા સ્થળમાં જૈનોની સંખ્યા વિપુળ નથી તો પણ યાત્રાળુ માટે સોઇ થઇ શકે તેવું સ્થાન બની શકે; તો પછી મુંબઇ–આ સબંધમાં સાવ પછાત કેમ છે ?

જરા ચોતરફ દ્રષ્ટિ ફેરવતાં સહજ સમજાશે કે ભાટિયા, લુહાણા આદિ કેટલીય સમાજોના વિશાળ સ્થાનો મુંબઇમાં અને તે પણ મધ્ય સ્થળે આવેલાં છે. અરે આપણાજ દિગંબર બંધુઓની હીરાબાગ અને સુખાનંદ ધર્મશાળા છે તો શ્વેતાંબર સમાજની આંખ કેમ નથી ઉઘડતી ?

એકાદ સગવડભર્યા વિશાળ સ્થળની અગત્ય છે એ વાત અત્યાર સુધીના કડવા અનુભવ પછી પણ શું સમજી નથી શકાતી ?

શ્રીમંતો ધારે તો આ કામ કંઇ અતિ મુશ્કેલ કે અગવડભર્યું નથીજ. વળી સ્વામીભાઇની ભક્તિ કરવાનો ધર્મ તેઓ સારી રીતે સમજે છે. તેઓની સ્મૃતિમાં એ વાત તાજી કરાવીએ કે સ્વામીવાત્સલ્યના જમણોમાં જે ઉદારતા દાખવી તેઓ ધનને પાણી માફક વાપરે છે એના જેટલુંજ, બલ્કે તેથી અધિક પુન્ય આવા સ્થાનમાં એકાદી વિશાળ ધર્મશાળા ઉભી કરવામાં છે.

મુંબઇમાં રોટલો મેળવવામાં જેટલી મુશ્કેલી નથી તેથી અતિ વધુ ઓટલો યાને બેસવા સુધીનું સ્થાન પ્રાપ્ત કરવામાં છે. આ જાતની મુશ્કેલીનો અંત આણવો એ કંઇ ઓછા પુન્યનું કામ નથી. એ માર્ગે લક્ષ્મીનો વ્યય કરવો એ ખરચનારને તેમજ સંઘને શોભે તેવું ઉત્તમ કાર્ય છે. મુંબઇ જેવા સમૃદ્ધિશાળી નગરમાં શ્વેતાંબર જૈનોનું યાત્રાળુઓને દરેક જાતની સગવડ પૂરી પાડતું–સ્થાન ન હોય એ ઓછા દુ:ખનો વિષય નથી.

શ્રીમંતો એ તરફ સત્વર દ્રષ્ટિ દોડાવે એવી આગ્રહ ભરી અપીલ છે. યાત્રાળુ ઉપરાંત એવું સ્થાન આપણને એટલે અત્રેના સંઘને પણ ઘણું ઘણું ઉપયોગનું થઇ પડશે.

## યજ્ઞમાં થતો પશુ વધ ?

જ્યારે અહિંસાની પ્રાણ પ્રતિષ્ઠા પૂર્ણપણે થઇ રહી છે ત્યારે યજ્ઞમાં જીવવધ જેવા–ક્રૂર હિંસાના કાર્યોનું નામ શ્રવણ પડતાંજ જરૂર અરેરાટી ઉદ્‌ભવે તેમ છે. ઘડીભર વિમાસણમાં પણ પડી જવાય ! કેમકે વીસમીસદી જેવા આ વિચારયુગમાં યજ્ઞમાં જીવતાં પશુઓને હોમી એને ધર્મ તરિકે ઓળખાવવાનું હાસ્યાસ્પદ કાર્ય સંભવીજ કેમ શકે ? પણ ભાર મૂકી કહેવું જોઇએ કે આજે દક્ષિણમા એવું ચાલી રહ્યું છે. દેવીઓના ભોગને નામે–ધર્મના નામે–નિર્દોષ જીવોના રક્તની સરિતા વહી જાય છે. અને ધર્મ તરિકે ઓળખાવનાર અને એ પ્રકારનો ઉપદેશ ચાલુ રાખી, એની જડ ઉંડી નાંખનાર પંડિતો પણ મોજુદ છે. જ્યાં આ સ્થિતિ પ્રવર્તી રહી હોય ત્યાં ભોળી જનતા અંધ શ્રદ્ધાને લઇ ભરમાઇ જઇ એમાં ફસાય તેમાં આશ્ચર્ય પણ શું ?

જીવોની રક્ષા કરવી એ અહિંસાપ્રેમી બંધુઓનું આવશ્યક કાર્ય છે. 'અહિંસા પરમો ધર્મ' માનનાર પ્રત્યેક

(અનુસંધાન જુઓ પાનું ૬ ઠ્ઠું)

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

## શેઠ સારાભાઈ મગનભાઈ મોદી પુરૂષ વર્ગ અને અ. સૌ. હીમઈબાઇ મેઘજી સોજપાલ સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓ.

### તા. ૨૯-૧૨-૧૯૩૫ રવીવારના રોજ લેવાયલી પરીક્ષાઓનું પરિણામ.

કન્યા ધોરણ ૧: પરીક્ષિકા સૌ. વિમળા બ્હેન બાલુભાઈ શાહ, મુંબઇ.

**( ૨૩૦ માંથી ૫૦ ફેલ )**

| | નામ | સેન્ટર | માર્ક | ઇનામ |
|---|---|---|---|---|
| ૧ | શારદા ચિમનલાલ શાહ | મુંબઇ | ૮૪ | રૂા.૧૦) |
| ૨ | રમીલા વાડીલાલ દોશી | પાલણપુર | ૮૩ | ૮) |
| ૩ | જાસુદબાઇ કચરૂલાલ | બારશી | ૮૧ | ૩) |
| ૪ | શાંતા ખેમચંદ | ગોધરા | ૮૧ | ૩) |
| ૫ | દમયંતિ છગનલાલ | મુંબઇ | ૮૦ | ૨॥ |
| ૬ | નિર્મલા હીરાલાલ | મુંબઈ | ૮૦ | ૨॥ |
| ૭ | ભાનુમતી પોપટલાલ | અમદાવાદ (દિડકાપોળ શ્રાવિકાશાળા) | ૭૯ | ૪ |
| ૮ | વિમલા મગનલાલ | ગોધરા | ૭૫ | ૧॥ |
| ૯ | કાંતા માવજીભાઇ શાહ | મુંબઇ | ૭૫ | ૧॥ |
| ૧૦ | નિર્મલા બાબુભાઇ | અમદાવાદ (પ્રધાન ક.) | ૭૪ | |
| ૧૧ | શાંતા મયાભાઈ | ,, | ૭૩ | ૧ |
| ૧૨ | હીરબાઇ નેણશી | બારશી | ૭૩ | ૧ |
| ૧૩ | સુશીલા મણીલાલ | અમદાવાદ (શાહપૂર શ્રાવિકાશાળા) | ૭૨ | ૧ |
| ૧૪ | ચંચળબાઇ કસ્તુરચંદ | બારશી | ૭૨ | ૧ |
| ૧૫ | શારદા લલ્લુભાઇ | મુંબઇ | ૭૨ | ૧ |
| ૧૬ | શાંતા કાંતિલાલ | જુન્નેર | ૭૧ | ૧ |
| ૧૭ | દમયંતિ ચિમનલાલ | મુંબઇ | ૭૧ | ૧ |
| ૧૮ | ધનલક્ષ્મી સકરચંદ | અમદાવાદ (પ્રધા. ક.) | ૭૧ | ૧ |
| ૧૯ | રમણબેન મણીલાલ | આમોદ | ૭૦ | |
| ૨૦ | સુરભીબેન ભોગીલાલ | પાલણપુર | ૭૦ | |
| ૨૧ | ઇંદુમતિ ચમનલાલ | અમદાવાદ (પ્રધા. ક.) | ૬૯ | |
| ૨૨ | ચંદ્રા મોહનલાલ | ,, | ૬૯ | |
| ૨૩ | શાંતા સોમચંદ | ,,(શ્રા. શા.) | ૬૯ | |
| ૨૪ | સુંદર મુરજી | બારશી | ૬૯ | |
| ૨૫ | સુમન પુરૂશોત્તમ | અમદાવાદ (શ્રા. શા. દેડકાપોળ) | ૬૯ | |
| ૨૬ | વસુ ગિરધરલાલ | અમદાવાદ (પ્ર. ક.) | ૬૬ | |
| ૨૭ | પદ્મા ચંદુલાલ | ,,(શ્રા. શા. દે. પો.) | ૬૫ | |
| ૨૮ | ઇંદુમતિ સોમચંદ | ,, | ૬૫ | |
| ૨૯ | સુશીલા ભોગીલાલ | પાલણપુર | ૬૫ | |
| ૩૦ | પ્રભાવતી ભીખાભાઇ | અમદાવાદ(દે.પો.શ્રા.) | ૬૪ | |
| ૩૧ | કુમુદ મણીભાઇ | પાલણપુર | ૬૪ | |
| ૩૨ | ધીરજ નારણદાસ | આમોદ | ૬૪ | |
| ૩૩ | નારંગી ડાહ્યાભાઇ | અમદાવાદ (ગંગા. ક.) | ૬૩ | |
| ૩૪ | પુષ્પાવતી મણીલાલ | મુંબઇ | ૬૨ | |
| ૩૫ | સુરજ દીપચંદ | આમોદ | ૬૨ | |
| ૩૬ | નેમી નાનચંદ | મીયાગામ | ૬૨ | |
| ૩૭ | નંદુબાઇ નેમચંદ | બારશી | ૬૨ | |
| ૩૮ | પદ્મા ત્રિકમલાલ | અમદાવાદ (દે. પો. શ્રા. શા.) | ૬૧ | |
| ૩૯ | સુશીલા પુરૂષોતમદાસ | અમદાવાદ (ગંગા. ક.) | ૬૧ | |
| ૪૦ | કાંતા કેશરીચંદ | મુંબઇ | ૬૦ | |
| ૪૧ | જસવંતી મોહનલાલ | રાંદેર | ૬૦ | |
| ૪૨ | ચંપાવતી છગનલાલ | રાંદેર | ૬૦ | |
| ૪૩ | ચંદન શનીલાલ | ગોધરા | ૬૦ | |
| ૪૪ | રસીલા મયાભાઇ | અમદાવાદ (ગંગા. ક.) | ૫૯ | |
| ૪૫ | મોતીકોર કપુરચંદ | આમોદ | ૫૯ | |
| ૪૬ | અસુમતિ રતીલાલ | રાંદેર | ૫૯ | |
| ૪૭ | વિમળા નગીનદાસ | ગોધરા | ૫૯ | |
| ૪૮ | વસુમતિ પ્રેમચંદ | અમદાવાદ (પ્રધા. ક.) | ૫૮ | |
| ૪૯ | સુમિત્રા નાથાલાલ | અમદાવાદ(દે.પો.શ્રા.) | ૫૮ | |
| ૫૦ | ભાનુમતી મગનલાલ | સુરત | ૫૮ | |
| ૫૧ | ઇંદુમતિ મંગલદાસ | અમદાવાદ (પ્રધાન ક.) | ૫૭ | |
| ૫૨ | પુંજી સરૂપચંદ | ઉંઝા | ૫૭ | |
| ૫૩ | કંચન નકરાભાઇ | અમદાવાદ (શાહપુર શ્રા. શા.) | ૫૬ | |
| ૫૪ | કંચન ચુનીલાલ | આમોદ | ૫૬ | |
| ૫૫ | કાંતા પાનાચંદ | ભાવનગર | ૫૬ | |
| ૫૬ | ખુશમનગૌરી છગનલાલ | રાંદેર | ૫૬ | |
| ૫૭ | જસવંતી રતનચંદ | અમદાવાદ (દેડકાપોળશ્રા. શા.) | ૫૫ | |
| ૫૮ | સવિતા કેશવલાલ | બોરસદ | ૫૫ | |

| | | | |
|---|---|---|---|
| ૫૯ | શાંતા લાલભાઇ | અમદાવાદ (પ્રધા. ક.) | ૫૫ |
| ૬૦ | જીવી નારણભાઇ | બોરસદ | ૫૫ |
| ૬૧ | શાંતા ગિરધરલાલ | ભાવનગર | ૫૫ |
| ૬૨ | કુસુમ જેસંગલાલ | મુંબઇ | ૫૫ |
| ૬૩ | પુષ્પા મોહનલાલ | બોરસદ | ૫૪ |
| ૬૪ | વસુમતિ પોપટલાલ | અમદાવાદ (દ. મ. શા.) | ૫૪ |
| ૬૫ | રાજી રતનલાલ | રતલામ | ૫૪ |
| ૬૬ | પ્રધાન ગિરધરલાલ | ગોધરા | ૫૪ |
| ૬૭ | રસીલા સૌભાગ્યચંદ | ભરૂચ | ૫૪ |
| ૬૮ | ભદ્રબાલા ફુલચંદ | અમદાવાદ (પ્રધા. ક.) | ૫૪ |
| ૬૯ | સરસ્વતી મણીલાલ | ઉંઝા | ૫૪ |
| ૭૦ | ચંદ્રા બાળચંદ | અમદાવાદ (પ્રધા. ક.) | ૫૩ |
| ૭૧ | સાંકુ મહાસુખરામ | અમદાવાદ (દે. પોળ શ્રા. શા.) | ૫૩ |
| ૭૨ | ઇંદુમતિ નરોતમદાસ | અમદાવાદ (પ્રધાન ક.) | ૫૩ |
| ૭૩ | તક્ષીલા શાંતિલાલ | અમદાવાદ (ગંગા. ક.) | ૫૩ |
| ૭૪ | તારા રતનચંદ | ઉંઝા | ૫૩ |
| ૭૫ | તારા લવજી | ભાવનગર | ૫૨ |
| ૭૬ | ચંદ્રા શામજી | ,, | ૫૨ |
| ૭૭ | વિમલા અમુલખ | પાલણપુર | ૫૨ |
| ૭૮ | મધુકાંતા મણિલાલ | અમદાવાદ (પ્રધા. ક.) | ૫૧ |
| ૭૯ | લીલીબેન હીરાલાલ | પાદરા | ૫૧ |
| ૮૦ | મંજુલા વલ્લભદાસ | અમદાવાદ (દેડકાપોળ શ્રા. શા.) | ૫૦ |
| ૮૧ | લીલાવતી વ્રજલાલ | ભાવનગર | ૫૦ |
| ૮૨ | રતીકાંતા નગીનદાસ | રાંદેર | ૫૦ |
| ૮૩ | ઇંદુમતિ ગુલાબચંદ | ભાવનગર | ૪૯ |
| ૮૪ | કાંતા મોહનલાલ | અમદાવાદ (દેડકાપોળ શ્રા. શા.) | ૪૮ |
| ૮૫ | સરસ્વતી કેવળચંદ | આમોદ | ૪૮ |
| ૮૬ | લીલાવંતી વાડીલાલ | ગોધરા | ૪૭ |
| ૮૭ | લીલાવંતી ચુનીલાલ | બોરસદ | ૪૭ |
| ૮૮ | શાંતા પુરૂશોતમ | ભાવનગર | ૪૭ |
| ૮૯ | શારદા રતીલાલ | અમદાવાદ (દેડકાપોળ શ્રા. શા.) | ૪૭ |
| ૯૦ | સવિતા ભોગીલાલ | અમદાવાદ (ગં. ક.) | ૪૭ |
| ૯૧ | મધુકાંતા મણીલાલ | અમદાવાદ (દેડકાપોળ શ્રા. શા.) | ૪૭ |
| ૯૨ | કાંતા ભગવાનદાસ | અમદાવાદ (પ્રધા. ક.) | ૪૭ |
| ૯૩ | સુમિત્રા ભલાભાઇ | ,, | ૪૭ |
| ૯૪ | પ્રભાવતી દેવચંદ | ભાવનગર | ૪૭ |
| ૯૫ | સરસ્વતી વાડીલાલ | બોરસદ | ૪૭ |
| ૯૬ | શાંતા મગનલાલ | ,, | ૪૭ |
| ૯૭ | સુમતિ છોટુભાઇ | સુરત | ૪૭ |
| ૯૮ | શ્રીમતી સારાભાઇ | અમદાવાદ (ગંગા. ક.) | ૪૬ |
| ૯૯ | શારદા ગાંડાભાઇ | અમદાવાદ (દ. મ. શા.) | ૪૬ |
| ૧૦૦ | સવિતા ચમનલાલ | અમદાવાદ (દેડકાપોળ શ્રા. શા.) | ૪૬ |
| ૧૦૧ | શાંતા અમૃતલાલ | બોરસદ | ૪૬ |
| ૧૦૨ | સુશીલા ભોગીલાલ | અમદાવાદ (પ્રધાન ક.) | ૪૫ |
| ૧૦૩ | ભાનુમતી સરૂપચંદ | ભરૂચ | ૪૫ |
| ૧૦૪ | કળાવતી ચિમનલાલ | રાંદેર | ૪૫ |
| ૧૦૫ | રંભા ઉજમશી | વઢવાણ કેમ્પ | ૪૫ |
| ૧૦૬ | ભગવતી રિખવચંદ | મુંબઇ | ૪૪ |
| ૧૦૭ | મધુકાંતા કુંવરજી | અમદાવાદ (દેડકાપોળ શ્રા. શા.) | ૪૪ |
| ૧૦૮ | મોતી મોહનલાલ | મીયાગામ | ૪૪ |
| ૧૦૯ | તિલકમંજરી મોહનલાલ | ભરૂચ | ૪૪ |
| ૧૧૦ | મુક્તા કસ્તુરચંદ | વઢવાણ કેમ્પ | ૪૪ |
| ૧૧૧ | તારા ચુનીલાલ | અમદાવાદ (શાહપુર શ્રા. શા.) | ૪૩ |
| ૧૧૨ | સુલોચના મણીલાલ | અમદાવાદ (પ્રધાન ક.) | ૪૩ |
| ૧૧૩ | ભીખી નગીનદાસ | મીયાગામ | ૪૩ |
| ૧૧૪ | પુષ્પા નેમચંદ | ભાવનગર | ૪૩ |
| ૧૧૫ | સુમતિ મોહનલાલ | અમદાવાદ (પ્રધાન ક.) | ૪૩ |
| ૧૧૬ | વસુમતિ મગનલાલ | સુરત | ૪૩ |
| ૧૧૭ | રમા કનૈયાલાલ | અમદાવાદ | ૪૩ |
| ૧૧૮ | કળાવતી દલસુખભાઇ | ભરૂચ | ૪૩ |
| ૧૧૯ | કુસુમ મણીલાલ | અમદાવાદ (ગંગા ક.) | ૪૨ |
| ૧૨૦ | કમળા ચુનીલાલ | ,, | ૪૨ |
| ૧૨૧ | હીરા ધનજી | ભાવનગર | ૪૨ |
| ૧૨૨ | તારામતી ચમનલાલ | અમદાવાદ (દેડકાપોળ શ્રા. શા.) | ૪૨ |
| ૧૨૩ | રસીલા છોટાલાલ | ભાવનગર | ૪૨ |
| ૧૨૪ | વિદ્યાગૌરી હીરાચંદ | રાંદેર | ૪૨ |
| ૧૨૫ | ચંપા લલ્લુભાઇ | ભાવનગર | ૪૧ |
| ૧૨૬ | તારા હરજીવન | ,, | ૪૧ |

(અનુસંધાન ૩ જા પાનાનું ચાલુ)

વ્યકિત ચાહે તો જૈન હો કિંવા જૈનેતર હો, દરેક એ માટે કંઇને કંઇ પ્રયાસ જરૂર સેવે. એ સ્થિતિ ટાળવા સારૂં સુંદર રીતે–સચોટતાથી દલીલ પુરસ્સર અહિંસાનુ સ્વરૂપ સમજાવી શકે–દયાનો સંદેશ ફેલાવી શકે–એવા કાર્યદક્ષ પ્રચારકો ની અગત્ય છે. જીવદયા મંડળીઓના પ્રયાસો એ દિશામાં જો કે ચાલુ છેજ, છતાં એમાં વેગ આપવાની અને નવી પદ્ધતિએ જન-સમાજમાં અહિંસાની સજ્જડ છાપ બેસે તેવા સાધનો દ્વારા પ્રચાર વધારવાની ખાસ આવશ્યકતા છે.

જાણીને આનંદ ઉપજે છે કે એ દિશામાં પ્રયત્ન કરવાથી તાજેતરમાં સાંગલીમાં થનાર યજ્ઞ અટકી ગયો છે. અને સંખ્યા બંધ જીવોના જાન બચ્યા છે.

આ દિશામાં બીજા કાર્યકરોની સાથે પંડિત રામચંદ્ર શર્માની સેવા જેમ અતિ પ્રસિદ્ધ છે તેમ બીજા સેવકો પણ ધારે તો ઘણું કરી શકે. સાધુ મહારાજાઓ માત્ર સભા ભરીને કે ઠરાવ કરાવીને સંતોષ ન પકડતાં એ દિશામાં વિહાર લંબાવે. દેવી ભક્તોના અને જેમની પંડિતાઇ ઉલટે માર્ગે ઉતરી પડી છે તેમના સમૂહમાં વિચરી શાંતિથી ચર્ચા કરી અહિંસાનું સાચુ સ્વરૂપ સમજાવે. ગૃહસ્થી ઉપદેશક કરતાં જેમના જીવન ત્યાગમય છે અને જેમનું ચારિત્ર અદૂષિત છે તેમની છાપ જરૂર જનતાપર સુંદર પડે. આ રીતે જીવદયાનું કાર્ય આગળ વધે અને ઠીક પ્રગતિ સાધે. જીવદયા મંડળીઓ એમાં સહાયભૂત થવાના પ્રયાસો આજે જેમ કરી રહી છે તેથી પણ વધુ જોરથી આરંભે. સતત્ દયાના ઉપદેશની વર્ષા થતી રહેશે તો દક્ષિણમાંથી પણ પશુ વધ બંધ થઇ જશે એમાં શંકા જેવું નથીજ.

## એ પવિત્ર દિવસ

ચૈત્ર શુદ ૧૩ નો દિવસ એ અહિંસા ધર્મના મહાન્ પ્રતિપાદક, પરમાત્મા શ્રી મહાવીર દેવનો જન્મદિન. એ વાતને આજે લગભગ પચીસ સદીઓના વ્હાણા વાયા છે છતાં પણ એ બનાવ સ્મૃતિપટમાંથી ભૂંસી શકાય તેમ નથી. એ કાળે યજ્ઞોની હારમાળા ચાલતી અને હજારોની સંખ્યામાં નિર્દોષ પશુઓની કત્તલ ધર્મના ઓઠા તળે થતી. જનતાનુ માનસ એટલી હદે દબાઇ ગયેલું અને જડવત્ થયેલું હતું કે તે એટલું પણ નહોતું સમજી શકતું કે આવી રીતે રકતપાત કરવામાં–મરતાં પશુઓની અંતરને વલોવી નાંખે તેવી કીકીયારી સાંભળવામાં 'ધર્મ' જેવી ઉમદા વસ્તુનો સંભવ સરખો પણ નજ હોઇ શકે.'

આ જાતના હિંસાજનક–ભયંકરને દારૂણ કાર્યો સામે પ્રથમ બળવો પોકારનાર જો કોઇપણ વિભૂતિ હોય તો તે પ્રભુ શ્રી મહાવીરજી હતા. તેઓશ્રીએ બળથી કે જોર જુલમથી એનો સામનો નથી કર્યો પણ પ્રેમ ભાવે પોતાના મંતવ્યો પ્રચારી-એમાં રહેલ સુંદર રહસ્ય પ્રજાના ગળે ઉતારી જનતાને અધર્મ અને હિંસાના કલુષિત માર્ગે જતી અટકાવી. એનામાં કરૂણાના બીજો વાવ્યા. એ ઉપદેશ સામે વિઘ્નોની તો ઝડી વર્ષી રહી! પણ એથી એ અડગ યોધ્ધા જરા પણ પાછો ન હઠયો. આખરે જનતાના હૃદયે ઉપદેશમાં રહેલ સત્ય જડાયું. ત્યારથીજ હિંસા રાક્ષસીના ગાત્ર ઢીલા પડયા. એનામાં તેની નોબત વાગી રહી. એની રહીસહી અસર જડમૂળથી ઉખેડી નાંખવા સારૂં પ્રત્યેક દયાપ્રેમીએ એ પવિત્ર તિથિએ યથાશકિત કામ કરવાના સપથ લેવા જોઇએ.

અખિલ જીવદયા પરિષદે એ દિવસને સર્વત્ર 'જીવદયા દિન' તરીકે ઉજવવાનો ઠરાવ છેલ્લા અધિવેશનમાં કર્યો છે. એ સુપ્રસંગ આવી રહ્યો છે. તો એ દિને જૈનોની ફરજ બેવડાય છે. જ્યારે જૈનેતરો પણ અહિંસાને માટે યથાશકય કરવા બહાર આવે અને પ્રભુ શ્રી વીરનો જન્મદિન એક જાહેર પ્રસંગ તરીકે ઉજવે ત્યારે એજ મહાપ્રભુના અનુયાયી હોવાનો દાવો કરનાર આપણે જો પાછળ રહીએ એ કદી પણ નજ સંભવે. આવા સુંદર ટાણે જો આપણામાં રહેલ ભક્તિના દર્શન જનતાને ન થાય તો પછી કહેવું પડશે કે આપણી ભક્તિ એ વાંઝણી છે! ઓફિસના કામને કે વ્યાપારના વ્યવસાયને ઘડીભર વેગળો કરીને પ્રત્યેક આગેવાને આ પવિત્ર કાર્યમાં સાથ પુરવો જોઇએ. એ માટે તાજેતરમાં વડોદરા મુકામે શ્રી આત્મારામજી મહારાજની જન્મ શતાબ્દિ નિમિત્તે ઉજવાયેલ ઉત્સવમાં પંજાબના જૈનબંધુઓ તરફથી જે અંતરની ઉર્મિના–સાચી ગુરૂભકિતના દર્શન થયાં છે એ ઉદાહરણ રજુ કરી, મુંબઇના જૈનોને હાંકલ કરીએ છીએ કે તેઓ અત્યારથીજ એની તૈયારી માટે મંડી પડે અને જીવદયા દિન–પ્રભુશ્રી વીરની જયન્તિ યોગ્ય દબાદબા સહિત –જનતા એમાં વધુ રસ લેતી બને તેવા કાર્યક્રમ સહિત– ઉજવવાનો નિર્ધાર કરે.

---


### નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | | |
|---|---|---|
| શ્રી ન્યાયાવતાર ... ... | રૂા. | ૧—૮—૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧ લો ... | રૂા. | ૦—૮—૦ |
| ,, ,, ભાગ ૧–૨ જો ... | રૂા. | ૧—૦—૦ |
| ,, શ્વેતાંબર મંદિરાવળી ... | રૂા. | ૦–૧૨—૦ |
| ,, ગ્રંથાવાલી ... ... | રૂા. | ૧—૦—૦ |
| ,, ગુર્જર કવિઓ (પ્ર૦ ભાગ) | રૂા. | ૫—૦—૦ |
| ,, ,, ,, ભાગ બીજો | રૂા. | ૩—૦—૦ |
| ,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર) | રૂા. | ૬—૦—૦ |

લખો:–**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.**
૧૪૯, શરાફ બજાર, **મુંબઇ, ૨.**

(અનુસંધાન ૫ મા પાનાનું ચાલુ)

| | | | |
|---|---|---|---|
| ૧૨૭ | શારદા કેશવલાલ | અમદાવાદ (ગંગા ક.) | ૪૧ |
| ૧૨૮ | ચંપા જમનાદાસ | ભાવનગર | ૪૧ |
| ૧૨૯ | વિદ્યા ચતુરદાસ | અમદાવાદ (ગંગા. ક.) | ૪૧ |
| ૧૩૦ | ચાંદ ધુલચંદ | રતલામ | ૪૧ |
| ૧૩૧ | કુસુમ મણીલાલ | પાદરા | ૪૧ |
| ૧૩૨ | લીલા સુરજમલ | રતલામ | ૪૧ |
| ૧૩૩ | સુગન વરદીચંદ | ,, | ૪૦ |
| ૧૩૪ | મણી લલ્લુભાઇ | બોરસદ | ૪૦ |
| ૧૩૫ | શાંતા જગજીવનદાસ | ,, | ૪૦ |
| ૧૩૬ | પ્રભાવતી મોહનલાલ | ,, | ૪૦ |
| ૧૩૭ | શારદા બાલાભાઇ | અમદાવાદ (ગંગા. ક.) | ૪૦ |
| ૧૩૮ | શારદા કપુરચંદ | આમોદ | ૪૦ |
| ૧૩૯ | ચંપા છોટાલાલ | મીયાગામ | ૪૦ |
| ૧૪૦ | શારદા મોહનલાલ | વઢવાણ કેમ્પ | ૪૦ |
| ૧૪૧ | ધનલક્ષ્મી આશારામ | અમદાવાદ (દેડકાપોળ શ્રા. શા.) | ૩૯ |
| ૧૪૨ | દમયંતિ હીરાલાલ | અમદાવાદ (ગંગા. ક.) | ૩૯ |
| ૧૪૩ | હીરા જગજીવન | ભાવનગર | ૩૯ |
| ૧૪૪ | પ્રભા જગજીવન બેચર | ,, | ૩૯ |
| ૧૪૫ | નેમકુંવર ગુલાબચંદ | ,, | ૩૯ |
| ૧૪૬ | પ્રભાવતી વાલચંદ | નિપાણી | ૩૯ |
| ૧૪૭ | સવિતા પ્રેમચંદ | અમદાવાદ (ગંગા. ક.) | ૩૮ |
| ૧૪૮ | હંસા તલકચંદ | મીયાગામ | ૩૮ |
| ૧૪૯ | જંગીબેન નેમચંદ | જુન્નેર | ૩૮ |
| ૧૫૦ | શાંતા અંબાલાલ | અમદાવાદ (ગંગા. ક.) | ૩૭ |
| ૧૫૧ | સવિતા કાલીદાસ | અમદાવાદ (દ. મ. શા.) | ૩૭ |
| ૧૫૨ | સુશીલા ચુનીલાલ | ભાવનગર | ૩૬ |
| ૧૫૩ | વિમળા છોટાલાલ | પાલણપુર | ૩૬ |
| ૧૫૪ | અચુબેન માણેકલાલ | અમદાવાદ (પ્રધા. ક.) | ૩૬ |
| ૧૫૫ | ચંદ્રાવતી કચરાભાઇ | અમદાવાદ (દ. મ. શા.) | ૩૬ |
| ૧૫૬ | શારદા મફતલાલ | અમદાવાદ (શાહપુર શ્રા. શા.) | ૩૬ |
| ૧૫૭ | કાંતા કેશવલાલ | અમદાવાદ (દેડકાપોળ શ્રા. શા.) | ૩૬ |
| ૧૫૮ | સુભદ્રા ડાહ્યાભાઇ | અમદાવાદ (દ. મ. શા ) | ૩૬ |
| ૧૫૯ | શાંતા મોતીલાલ | જુન્નેર | ૩૬ |
| ૧૬૦ | સુલોચના ભાનુભાઇ | અમદાવાદ (ગંગા. ક.) | ૩૫ |
| ૧૬૧ | કુસુમ ભીખાભાઇ | અમદાવાદ (દેડકાપોળ શ્રા. શા.) | ૩૫ |
| ૧૬૨ | સુનંદા કલ્યાણભાઇ | અમદાવાદ (ગંગા. ક.) | ૩૫ |
| ૧૬૩ | જયાવતી ભોલાભાઈ | ,, | ૩૫ |
| ૧૬૪ | કંચન આશારામ | અમદાવાદ (શાહપુર શ્રા. શા.) | ૩૪ |
| ૧૬૫ | કંચન ચમનલાલ | અમદાવાદ (દેડકાપોળ શ્રા. શા.) | ૩૪ |
| ૧૬૬ | સરલા છગનલાલ | પાદરા | ૩૪ |
| ૧૬૭ | વિમળા ચિમનલાલ | અમદાવાદ (શાહપુર શ્રા. શા.) | ૩૩ |
| ૧૬૮ | કાંતા મોહનલાલ | ,, | ૩૩ |
| ૧૬૯ | કાંતા ચિમનલાલ | અમદાવાદ (દેડકાપોળ શ્રા. શા.) | ૩૩ |
| ૧૭૦ | શાંતા જેસંગભાઇ | અમદાવાદ (દ. મ. શા.) | ૩૩ |
| ૧૭૧ | કાંતા અમરતલાલ | અમદાવાદ (શાહપુર શ્રા. શા ) | ૩૩ |
| ૧૭૨ | સુમિત્રા માણેકલાલ | અમદાવાદ (ગંગા ક.) | ૩૩ |
| ૧૭૩ | કાંતા તારાચંદ | ભાવનગર | ૩૩ |
| ૧૭૪ | શાંતા ભગવાનદાસ | ,, | ૩૩ |
| ૧૭૫ | વિજયા પરમાણંદ | ,, | ૩૩ |
| ૧૭૬ | સુશીલા જીવણલાલ | નરોડા | ૩૩ |
| ૧૭૭ | વિદ્યા વ્રજલાલ | ભરૂચ | ૩૩ |
| ૧૭૮ | કસ્તુરી સુખલાલ | વઢવાણ કેમ્પ | ૩૩ |
| ૧૭૯ | પ્રભાવતી ડાહ્યારામ | નિપાણી | ૩૩ |
| ૧૮૦ | નિર્મલા સુરચંદ | સુરત | ૩૩ |

## કન્યા ધોરણ ૨: પરીક્ષિકા, સૌ. તારાબ્હેન સૌભાગ્યચંદ્ર દેશાઈ, બાર.

### (૧૨૧ માંથી ૫૮ ફેલ.)

| | | | | ઇનામ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | જીવી ભલાભાઇ | અમદાવાદ (દેડકાપોળ શ્રા. શા.) | ૭૨ | ૧૦) |
| ૨ | સાવિત્રી ચત્રભુજ | ભાવનગર | ૬૦ | ૮) |
| ૩ | સુભદ્રા મણીલાલ | પાલણપુર | ૫૫ | ૨) |
| ૪ | કાંતા ઉજમશી | વઢવાણ કેમ્પ | ૫૫ | ૨) |
| ૫ | સવિતા વાડીલાલ | અમદાવાદ (પ્રધાન ક.) | ૫૫ | ૨) |
| ૬ | કંચન નગીનલાલ | આમોદ | ૫૪ | ૫) |
| ૭ | વસુમતિ ફુલચંદ | અમદાવાદ (દેડકાપોળ શ્રા. શા.) | ૫૩ | ૪) |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | રતન આત્મારામ | નિપાણી | ૫૧ | ૩) |
| ૯ | શાંતા મગનલાલ | આમોદ | ૫૦ | ૧) |
| ૧૦ | લીલાવંતી રામચંદ્ર | નિપાણી | ૫૦ | ૧) |
| ૧૧ | ભાનુમતિ મણીલાલ | મુંબઇ | ૫૦ | ૧) |
| ૧૨ | પુષ્પાવંતી પોપટલાલ | અમદાવાદ | ૫૦ | |
| | | (દેડકાપોળ શ્રા. શા.) | | |
| ૧૩ | વસંત દુલ્લભદાસ | ભાવનગર | ૫૦ | |
| ૧૪ | સવીતા સારાભાઇ | અમદાવાદ | ૪૮ | |
| | | (દેડકાપોળ શ્રા. શા.) | | |
| ૧૫ | રતીકાંતા હીરાચંદ | રાંદેર | ૪૬ | |
| ૧૬ | વસંત ચુનીલાલ | વઢવાણ કેમ્પ | ૪૬ | |
| ૧૭ | સુશીલા ભીકુભાઇ | જુન્નેર | ૪૫ | |
| ૧૮ | વસુમતિ વાડીલાલ | અમદાવાદ | ૪૫ | |
| | | (પ્રધાન ક.) | | |
| ૧૯ | ધીરજ છગનલાલ | વઢવાણ કેમ્પ | ૪૫ | |
| ૨૦ | પદ્મા સોમચંદ | પાદરા | ૪૫ | |
| ૨૧ | રમણબ્હેન મંગુભાઇ | સુરત | ૪૫ | |
| ૨૨ | પ્રભાવતી ભગુભાઇ | ,, | ૪૪ | |
| ૨૩ | કંચન નાનાલાલ | અમદાવાદ | ૪૪ | |
| | | (દ. મા. શા.) | | |
| ૨૪ | શાંતા કેશવલાલ | અમદાવાદ | ૪૩ | |
| | | (દેડકાપોળ શ્રા. શા.) | | |
| ૨૫ | ચંદ્રાવતી મોહનલાલ | અમદાવાદ | ૪૨ | |
| | | (ગંગા. ક.) | | |
| ૨૬ | કંચન ભવલાલ | મીયાગામ | ૪૨ | |
| ૨૭ | કાંતા કેશવલાલ | અમદાવાદ | ૪૨ | |
| | | (દેડકાપોળ શ્રા. શા.) | | |
| ૨૮ | શશીબ્હેન ચુનીલાલ | ઉંઝા | ૪૧ | |
| ૨૯ | પદ્માવતી કેશવલાલ | જુન્નેર | ૪૦ | |
| ૩૦ | વસંતપ્રભા દલપતરાય | મુંબઇ | ૪૦ | |
| ૩૧ | શાંતા ઉજમશી | વઢવાણ કેમ્પ | ૪૦ | |
| ૩૨ | રંભા કુંવરજી | ભાવનગર | ૪૦ | |
| ૩૩ | કુસુમ શામજી | ભાવનગર | ૪૦ | |
| ૩૪ | શાંતા વાડીલાલ | અમદાવાદ | ૪૦ | |
| | | (પ્રધાન ક.) | | |
| ૩૫ | સુંદર પોપટલાલ | બારશી | ૪૦ | |
| ૩૬ | સરસ્વતી હીરાચંદ | નિપાણી | ૪૦ | |
| ૩૭ | મધુરી ગિરધરભાઇ | ભાવનગર | ૪૦ | |
| ૩૮ | ચંદ્રમણી સકરચંદ | અમદાવાદ | ૪૦ | |
| | | (પ્રધાન ક.) | | |
| ૩૯ | કાંતા ચમનલાલ | અમદાવાદ | ૪૦ | |
| ૪૦ | ભદ્રા મણીલાલ | ઉંઝા | ૩૯ | |
| ૪૧ | હીરા સુખલાલ | વઢવાણ કેમ્પ | ૩૯ | |
| ૪૨ | લલીતા વીરચંદ | ,, | ૩૯ | |
| ૪૩ | કુસુમ ચુનીલાલ | ભાવનગર | ૩૮ | |
| ૪૪ | કાંતા હરગોવિંદદાસ | અમદાવાદ | ૩૮ | |
| | | (દ મ. શા.) | | |
| ૪૫ | કુસુમ મગનલાલ | સુરત | ૩૮ | |
| ૪૬ | સુશીલા માણેકલાલ | અમદાવાદ | ૩૭ | |
| | | (પ્રધાન ક.) | | |
| ૪૭ | ચંદ્રકાંતા મણીલાલ | ,, | ૩૬ | |
| ૪૮ | સરસ્વતી ભાઇલાલ | અમદાવાદ | ૩૬ | |
| | | (દ. મ. શા.) | | |
| ૪૯ | સંતોક દલસુખભાઇ | મીયાગામ | ૩૬ | |
| ૫૦ | કુસુમ સારાભાઇ | અમદાવાદ | ૩૬ | |
| | | (ગંગા ક.) | | |
| ૫૧ | મંજુલા હરિલાલ | ,, | ૩૬ | |
| ૫૨ | બચુ ફકીરચંદ | સુરત | ૩૬ | |
| ૫૩ | ઝવેરીબ્હેન તેજપાલ | વઢવાણ કેમ્પ | ૩૬ | |
| ૫૪ | કાંતા છોટાલાલ | કરાંચી | ૩૬ | |
| ૫૫ | મંછા મણીલાલ | વઢવાણ કેમ્પ | ૩૫ | |
| ૫૬ | કુસુમ અમૃતલાલ | ભાવનગર | ૩૫ | |
| ૫૭ | સરસ્વતી ભગવાનદાસ | જુન્નેર | ૩૫ | |
| ૫૮ | પ્રેમિલા ચંપકલાલ | અમદાવાદ | ૩૫ | |
| | | (ગંગા ક.) | | |
| ૫૯ | નયનબાળા ડાહ્યાભાઇ | મુંબઇ | ૩૪ | |
| ૬૦ | પ્રભાવતી કેશવલાલ | અમદાવાદ | ૩૪ | |
| | | (પ્રધાન ક.) | | |
| ૬૧ | કાંતા મંગળદાસ | અમદાવાદ | ૩૪ | |
| | | (દ. મ. શા.) | | |
| ૬૨ | સુશીલા ડાહ્યાભાઇ | મુંબઇ | ૩૩ | |
| ૬૩ | કમળા ડાહ્યાભાઇ | આમોદ | ૩૩ | |

## સ્ત્રી ધોરણ ૩ : પરીક્ષક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, મુંબઇ.

| | | | | ઇ. રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ચંદ્રાબ્હેન સોમચંદ | પાદરા | ૫૫ | ૧૮ |
| ૨ | સકરીબ્હેન મંછારામ | પેથાપુર | ૫૪ | ૧૪ |
| ૩ | ભીકીબ્હેન ધરમચંદ | બારશી | ૫૧ | ૧૦ |
| ૪ | શારદાગૌરી ધરમચંદ | રાંદેર | ૩૬ | |

## સ્ત્રી ધોરણ ૪ : પરીક્ષક : શ્રી કુંવરજી દામજી શાહ, પાલીતાણા.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શારદાબ્હેન હીરાલાલ | અમદાવાદ | ૬૫ | ૨૦ |
| | | (દ. મ. શા.) | | |

## સ્ત્રી ધોરણ ૫ : વિભાગ ૧ (તત્વજ્ઞાન) પરીક્ષક શ્રી પ્રસન્ન મુખભાઈ સુરચંદ્ર બદામી, મુંબઇ.

| | | | | ઇ. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | રંભાબ્હેન મગનલાલ | ભાવનગર | ૫૬ | ૨૦ |

**નોટઃ**—બાકીનું પરિણામ હવે પછી પ્રગટ થશે.

# સમાચાર..........સાર

## આચાર્ય શ્રી. વિજયાનંદ સૂરીશ્વરની શતાબ્દિ :

વડોદરામાં શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિ તા. ૨૧ થી ૨૪ માર્ચ ૧૯૩૬ સુધીનાં દિવસોમાં શ્રીમદ્ વિજયવલ્લભ સૂરીશ્વરજી મ. ના પ્રમુખપણાં હેઠલ અત્યંત સમારોહ પૂર્વક ઉજવવામાં આવી હતી. વડોદરા સંઘની આમંત્રણ પત્રિકાએ ગુજરાત, પંજાબ, મહારાષ્ટ્ર, મારવાડ, કાઠીયાવાડ, પૂર્વદેશ, મુંબઇ આદિ પ્રાંતોના અનેક પ્રતિષ્ઠિત ગૃહસ્થો અને સન્નારીઓને આકર્ષિત કર્યા હતા. ઉત્સવમાં ચારેક હજારની માનવમેદની ગુરૂભક્તિ પ્રદર્શિત કરવા એકત્ર થઇ હતી. શ્રી અમથાલાલ નાનજીભાઇએ સ્વાગતાધ્યક્ષ તરીકેના ભાષણમાં વડોદરામાં સંઘદ્વારા થયેલ સમાજોત્કર્ષના કાર્યો તરફ લક્ષ ખેંચી આ શતાબ્દિ ઉત્સવને સફળ બનાવવા જણાવ્યું હતું. શ્રી વાડીલાલ મગનલાલ વૈદ્યે મંત્રી તરીકેના નિવેદનમાં આર્ય સંસ્કૃતિ, જૈન સમાજ અને શતાબ્દિ અંગે મનનીય હકીકતો રજુ કરી અનેક સ્થળોથી તાર-પત્રદ્વારા આવેલા સફળતા ઇચ્છનારા સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા. 'જૈન તત્વાદર્શ' નામક ગ્રંથ માત્ર આઠ આનાની કિંમતે પ્રચારની દ્રષ્ટિએ વેંચવામાં આવ્યો હતો. ઉપાધ્યાય શ્રી લલિતવિજયજી મ. તથા મુનિ શ્રી ચરણવિજયજી મ. ના ભાષણો વિદ્વતાભર્યા-પ્રેરણાત્મક હતા. વ્યાયામના પ્રયોગો, આદિ ઉપરાંત 'જૈન ચિત્રકળા સાહિત્ય પ્રદર્શન' પણ યોજવામાં આવ્યું હતું જે ના. દિવાન સાહેબ શ્રી વી. ટી. કૃષ્ણામાચારીએ ખુલ્લું મુકતાં જૈન સંસ્કૃતિનું હિંદના સાહિત્ય વિકાસમાં કેટલું ઉચ્ચ સ્થાન છે તે અંગે ભાષણમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

પંડિત હંસરાજજી ભારતીય સંસ્કૃતિમાં જૈન સંસ્કૃતિનો ફાળો' એ વિષય ઉપર આપેલ ભાષણ અને પંડિત સુખલાલજીના તત્સંબંધેના વકતવ્યો સમાજને અનેક રીતે ઉપયોગી થઇ પડે તેવા હતા. ડો. પ્રાણનાથ વિદ્યાલંકારે "જૈન ધર્મની પ્રાચીનતા" પર નાયબ દિવાન શ્રી મણીલાલ બાલાભાઇ નાણાવટીના પ્રમુખપણા હેઠલ વ્યાખ્યાન આપી આ ગહન વિષયની સારી છણવટ કરી હતી. ઉત્સવ અંગે અઠ્ઠાઇ મહોત્સવ, વરઘોડા, પ્રભાતફેરી આદિના કાર્યક્રમો યોજાયા હતા. પાલણપુરના નવાબ સાહેબે રૂા. ૨૦૧) ની ભેટ મોકલી સહાનુભૂતિ વ્યક્ત કરી હતી.

## અર્દ્ધમાગધી અંગે ઠરાવ

અર્દ્ધમાગધીના અભ્યાસ માટે વડોદરા કૉલેજમાં વ્યવસ્થા કરવા અંગે નીચેનો ઠરાવ પાસ થયો હતો

જૈનોના લગભગ તમામ પ્રાચીન ગ્રંથો અર્દ્ધમાગધીમાં રચાયેલા છે અને એ ગ્રંથોના પ્રચારની જરૂર છે. ગુજરાતની લગભગ તમામ કૉલેજોમાં અર્દ્ધમાગધી શીખવવા માટે સગવડ છે, જ્યારે વડોદરાની કૉલેજમાં તે માટે સગવડ નથી, તો આજની સભા ના૦ ગાયકવાડ નરેશને વિનંતિ કરે છે કે અત્રેની કૉલેજમાં અર્દ્ધમાગધી માટે યોગ્ય પ્રબંધ કરી આભારી કરે.

**ડૉકટરોનાં સન્માન:** ડૉ. ટી. એ. શાહ, ડૉ. ચિમનલાલ એન. શ્રોફ, ડૉ. નાનચંદ કે. મોદી અને ડૉ. મોહનલાલ હેમચંદ શાહને શ્રી જૈન યુવક સંઘ વડોદરા તરફથી તેમણે બજાવેલી મુનીવર્યોની સેવા બદલ શ્રી મણીલાલ બા. નાણાવટીના પ્રમુખસ્થાને કારકેટોમાં માનપત્રો આપવામાં આવ્યા હતા.

## સ્મારક ફંડની યોજના :

શ્રી આ. જ. શ. સ્મારક સમિતિની એક સામાન્ય સભા વડોદરામાં તા. ૨૨-૩-૩૬ ના રોજ શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાના પ્રમુખસ્થાને મળી હતી. સમિતિના મંત્રી શ્રી મગનલાલ મૂલચંદ શાહે રિપોર્ટ તથા હિસાબ રજુ કરતાં પ્રમુખે તે સર્વાનુમતે પસાર થયેલો જાહેર કર્યો હતો. સમિતિના ફંડના ઉપયોગ સંબધે વિચારણા થતાં અસલ ઉદ્દેશ કાયમ રાખવા ઠરાવ્યું, અને ૧૧ ટ્રસ્ટીઓની નિમણુંક કરવામાં આવી.

ટ્રસ્ટીઓ : લાલા બાબુરામ વકીલ ઝીરા (પંજાબ); શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા, જયપૂર; શ્રી ગુલાબચંદ આણંદજી, ભાવનગર; શ્રી દલીચંદ વીરચંદ શ્રૉફ, સુરત; શ્રી હેમચંદ મોહનલાલ, પાટણ: શ્રી સકરચંદ મોતીલાલ, રાધનપુર; શ્રી અમરતલાલ કાલીદાસ, અમદાવાદ; શ્રી મોતીચંદ ગિ. કાપડીઆ, મુંબઇ; શ્રી મણીલાલ બાલાભાઈ નાણાવટી, વડોદરા; શ્રી ડાહ્યાભાઇ નગીનદાસ, પાલણપુર અને શ્રી પુરણચંદ્ર નહાર, કલકત્તા. કામકાજ અને વ્યવસ્થા અંગે ઠરાવ્યું કે 'સ્વ. આચાર્ય શ્રી વિજયાનંદ સૂરિજી-આત્મારામજી મહારાજના ગ્રંથો ભિન્ન ભાષાઓમાં પ્રકાશિત કરાવવું તથા તેમનું વિશિષ્ઠ જીવનચરિત્ર લખાવવું અને અન્ય ઉપયોગી જૈન સાહિત્ય સ્મારક સમિતિના નામથી પ્રકાશિત કરવું, બને ત્યાંસુધી ઓછી કિંમતે ફેલાવો કરવા વ્યવસ્થા કરવી. આ કાર્ય પૂજ્ય આ. શ્રી વિજયવલ્લભ સુરિજીના કહેવા અનુસાર કરવું અને તે માટે ફંડના વ્યાજ ઉપરાંત મૂળ રકમમાંથી પણ ખર્ચ કરવા ટ્રસ્ટીઓને સત્તા આપવામાં આવે છે, ટ્રસ્ટીઓનાં મંત્રી તરીકે શ્રી મોતીચંદ ગિ. કાપડીઆની નિમણુંક કરવામાં આવી અને સન્ ૧૯૩૬ ના એપ્રિલની આખર સુધીમાં ટ્રસ્ટીઓનાં કામકાજ અંગેના નિયમો તૈયાર કરી લેવા તથા ચાર ટ્રસ્ટીઓનું કોરમ રાખવા ઠરાવવામાં આવ્યું. વિશેષમાં વ્યવસ્થાપક સમિતિએ કરેલ કાર્ય બદલ આભાર માનતાં ટ્રસ્ટી મંડળને સમિતિના મંત્રીએ ચાર્જ આપી દેવા અને તેવી રીતે ચાર્જ અપાયા બાદ વ્ય. સમિતિ વિસર્જન થએલી ગણવા ઠરાવો થયા હતા.

પાટણમાં પૂજ્ય પ્રવર્તકજી મ. શ્રી કાંતિવિજયજી મ. ના પ્રમુખપણાં હેઠળ શતાબ્દિ ઉજવવામાં આવી હતી. ભાવનગર, સુરત, મોરબી, ઉંઝા, રાંદેર સાદડી, રામનગર, ધુલીઆ, છત્રાસા, શીનોર, ધોરાજી, વઢવાણ શહેર. પૂના, ખંભાત, બગવાડા, પાલીતાણા, કરાંચી, જુન્નેર, માલેગાંવ જામનગર, આગ્રા, સોનગઢ, ધોળકા, રોહીડા, પાલણપૂર, પાલી, અમદાવાદ અને મુંબઇ આદિ સ્થળોઓ પણ યોગ્ય રીતે એ મહાત્માની શતાબ્દિ ઉજવાઇ હતી.

## શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ પાલીતાણા :

વાર્ષિક સામાન્ય સભા મુંબઈમાં તા. ૧૫-૧-૩૬ ના રોજ શ્રી દેવચંદ કલ્યાણજીના પ્રમુખસ્થાને મળી હતી જે વખતે સં. ૧૯૯૦ ની સાલનો હિસાબ તથા રિપોર્ટ રજુ થતાં તે પસાર કરવામાં આવ્યો. પ્રમુખે સંસ્થાના ગત વર્ષોના ખોટના આંકડાઓ રજુ કરી સ્વામિવાત્સલ્ય ફંડ વા અયંબિલ ફંડમાં નામો નોંધાવા ધ્યાન ખેંચ્યું હતું. મેનેજીંગ કમીટીના સભ્યો તથા ઑડિટરની નિમણુંક કરવામાં આવી.

## જૈન આરોગ્ય ભુવન

વલસાડમાં તિથલ રોડ ઉપર શ્રી નગીનદાસ વીરચંદ ઝવેરી તથા મગનલાલભાઈ તરફથી બંધાવવામાં આવેલ આરોગ્ય ભુવન ખુલ્લું મૂકવાની ક્રિયા ગત તા. ૨૭-૨-૩૬ ના રોજ ધરમપુરના ના. મહારાણા સાહેબના હસ્તે કરવામાં આવી હતી. સાત બ્લોકમાં રહેનારાઓ માટે બિછાનાં, વાસણ, ફર્નિચરની સગવડ રખાયેલી છે.

## સાહિત્ય સભાના મંત્રી

વડોદરા સા. સ. ના મંત્રી તરીકે રા. નાગકુમાર ના. મકાતી તથા બાલુભાઇ દેશાઇ ચુંટાયા છે.

## જૈન કન્યા ગુરૂકુલ—

નીમચ (માળવા) માં સ્થાપના કરવામાં આવી છે. જૈનોનાં ત્રણે ફિરકાની કન્યાઓને આમાં દાખલ કરવામાં આવશે.

## શ્રી મહાવીર જયંતની રજા

કાયમ રીતે પાળવાનો કોટા રાજ્ય (રજપુતાના) તરફથી હુકમ બહાર પાડવામાં આવ્યો છે. અન્ય દેશી રાજ્યો પણ આ રજા પાળવા હુકમ બહાર પાડે એ ઇચ્છનીય છે.

* * * *

શેઠ કસ્તુરભાઇ લાલભાઇ, અમદાવાદ-રિઝર્વ બેંક ઑફ ઇંડિયાના પશ્ચિમ વિભાગના સ્થાનિક ડિરેક્ટર તરીકે અને અમદાવાદ મીલ માલેકોની મંડળીના પ્રમુખ તરીકે ચુંટાયા છે. રાવબહાદુર ફુલચંદ મોઘા (શ્વે. જૈન) બ્રિટિશ ગવર્મેન્ટના લીગલ રિમેમ્બ્રન્સર અને જ્યુડિશિયલ સેક્રેટરી નિમાયા છે.

* * * *

